# હિંદ તત્વજ્ઞાનનો ઇતિહાસ.

—: પૂર્વાર્ધ :—

કર્તા,

નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ.

કિંમત એક રૂપિયો.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

THE UNIVERSITY LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda
Call No. B
130·7
·M3-1
BK-3097

શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રંથમાળા નં. ૪૧

# હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ.

—: પૂર્વાર્ધ :—

કર્તા,
નર્મદાશંકર દેવશંકર મહેતા, બી. એ.,
અમદાવાદ.

પ્રકાશક,
ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી,
હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,
આસિ. સેક્રેટરી, અમદાવાદ.

પહેલી આવૃત્તિ     પ્રત ૧૫૦૦

સંવત્ ૧૯૮૦     સન ૧૯૨૪

કીમત રૂપિયો એક.

મુદ્રણસ્થાનઃ આદિત્યમુદ્રણાલય, રાયખડરોડ, અમદાવાદ.
મુદ્રકઃ પ્રાણજીવન વિશ્વનાથ પાઠક.

Gift
BK-3097
B
130.7
113-1

## હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રંથમાળાનો

# ઉપોદ્ઘાત

સુરતના વતની અને ધંધાર્થે મુંબાઇ નિવાસી સ્વર્ગવાસી શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસે તા. ૧૬ સપ્ટેમ્બર સને ૧૮૭૭ને રોજ વીલ કર્યું છે, તે અન્વયે પ્રથમ સને ૧૮૮૦ માં રૂ. ૨૦૦૦) સોસાઇટીને મળ્યા, એવી શરતથી કે તેના વ્યાજમાંથી સામાજીક સુધારો થાય એવાં પુસ્તકો તૈયાર કરી છપાવવાં.

સદરહુ વીલથી શેઠ હરિવલ્લભદાસે અમુક પ્રસંગ બન્યા પછી બાકી રહેલી તમામ મિલકત, પુસ્તક પ્રચારને માટે સોસાઇટીને અર્પણ કરેલી છે. તે અન્વયે ૧૮૯૪ માં રૂ. ૧૮૦૦૦) ની સરકારી નોટો સોસાઇટીને મળી છે. આ રીતે કુલ રૂ. ૨૦૦૦૦) ની નોટો પુસ્તક તૈયાર કરાવવા તથા તે પ્રસિદ્ધ કરાવવા માટે સદરહુ વિદ્યાવિલાસી અને પરોપકારી ઉદાર ગૃહસ્થ તરફથી મળી છે. તેમાંથી આજ પર્યંત નીચેનાં પુસ્તક "શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રંથમાળા" તરીકે પ્રસિદ્ધ થયાં છેઃ—

(૧) કયી કયી ન્યાતો કન્યાની અછતથી નાની થતી જાય છે, તેનાં કારણો તથા સુધારો કરવાના ઉપાય નિબંધ.
(૨) માને શિખામણ ૦—૬—૦
(૩) નીતિ મંદિર ૦—૧૨—૦
(૪) બાળલગ્નથી થતી હાનિ ૦—૬—૦
(૫) પુનર્વિવાહ પક્ષની પુરેપુરી સોળેસોળ આના ફજેતી ૦—૫—૦
(૬) ભોજન વ્યવહાર ત્યાં કન્યા વ્યવહાર ૦—૪—૦
(૭) ધાર્મિક પુરૂષો ૦—૪—૦
(૮) ઉદ્યોગી પુરૂષો ૦—૪—૦
(૯) બેન્જામીન ફ્રાન્કલીન ૨—૦—૦
(૧૦) બોધક ચરિત્ર ૦—૪
(૧૧) સદ્વર્તન ૦—

| | | |
|---|---|---|
| ( ૧૨ ) | રઘુવંશ કાવ્ય | ૧—૮—૦ |
| ( ૧૩ ) | જાદવજી ચોધરીનું જીવન ચરિત્ર | ૦—૨—૦ |
| ( ૧૪ ) | ગુજરાતનો પ્રાચીન ઇતિહસ ભા. ૧ લો | ૧—૦—૦ |
| ( ૧૫ ) | ,, અર્વાચીન ,, ,, ૨ જો | ૧—૮—૦ |
| ( ૧૬ ) | નીતિ સિદ્ધાંત | ૧—૦—૦ |
| ( ૧૭ ) | ફ્રાન્સિસ એકનનું જીવન ચરિત્ર | ૧—૪—૦ |
| ( ૧૮ ) | શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસનું જીવન ચરિત્ર | ૦—૬—૦ |
| ( ૧૯ ) | પરોપકાર | ૦-૧૨—૦ |
| ( ૨૦ ) | ઢોરનું ખાતર | ૦—૪—૦ |
| ( ૨૧ ) | જગતનો અર્વાચીન ઇતિહાસ | ૨—૦—૦ |
| ( ૨૨ ) | કિરાતાર્જુનીય કાવ્યનું મૂળ સાથે ગુજરાતી ભાષાન્તર | ૧—૦—૦ |
| ( ૨૩ ) | વિવિધ પ્રકારના હુન્નરોપયોગી તેજાબો | ૦-૧૨—૦ |
| ( ૨૪ ) | વાર્નિશ | ૧—૦—૦ |
| ( ૨૫ ) | જીવનનો આદર્શ | ૦-૧૨—૦ |
| ( ૨૬ ) | કીર્તિકૌમુદી | ૦-૧૨—૦ |
| ( ૨૭ ) | શિશુપાળવધ-પૂર્વાર્ધ ( સર્ગ ૧ થી ૧૦ ) | ૧—૮—૦ |
| ( ૨૮ ) | હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યનો ઉદય | ૦—૬—૦ |
| ( ૨૯ ) | રસાયન શાસ્ત્ર | ૦-૧૨—૦ |
| ( ૩૦ ) | બ્રિટિશ હિંદુસ્તાનનો આર્થિક ઇતિહાસ ભા. ૨ જો | ૦-૧૨—૦ |
| ( ૩૧ ) | જાપાનની કેળવણીની પદ્ધતિ | ૦-૧૨—૦ |
| ( ૩૨ ) | શિશુપાળ વધ-ઉત્તરાર્ધ ( સર્ગ ૧૧ થી ૨૦ ) | ૧—૦—૦ |
| ( ૩૩ ) | લેન્ડોરના કાલ્પનિક સંવાદો, ભા. ૧ લો | ૦-૧૨—૦ |
| ( ૩૪ ) | ખગોળ વિદ્યા | ૦-૧૨—૦ |
| ( ૩૫ ) | લેન્ડોરના કાલ્પનિક સંવાદો ભા. ૨ જો | ૦-૧૨—૦ |
| ( ૩૬ ) | માનસ શાસ્ત્ર | ૧—૦—૦ |
| ( ૩૭ ) | શિક્ષિત આર્ય સંતાનોનું આરોગ્ય | ૧—૦—૦ |
| ( ૩૮ ) | સહકાર પ્રવૃત્ત | ૦-૧૨—૦ |
| ( ૩૯ ) | ઇંગ્રેજી રાજ્ય બંધારણ | ૧—૦—૦ |
| ( ૪૦ ) | ઉદાર મતવાદ | ૦-૧૨—૦ |

# આમુખવાક્ય.

प्रज्ञाविवेकं लभते भिन्नैरागमदर्शनैः
क्रियद्वा शक्यमुन्नेतुं स्वतर्कमनुधावता ।
तत्तदुत्प्रेक्षमाणानां पुराणैरागमैर्विना
अनुपासितवृद्धानां विद्या नातिप्रसीदति ॥

( वाक्यपदीय )

# પ્રસ્તાવના.

"હિંદતત્ત્વજ્ઞાનનો" ઇતિહાસ ગુજરાતી ભાષામાં લખવાનો આ પ્રથમ જ પ્રયાસ છે. ગુજરાતી ભાષામાં આપણા તત્ત્વજ્ઞાનના સિદ્ધાન્તનું સરલ **પ્રાચીન પદ્ધતિથી** પ્રતિપાદન પરમાત્મા શ્રીમન્નૃસિંહાચાર્યજી પ્રણીત "સિદ્ધાન્ત સિન્ધુ" ગ્રંથમાં છે. આ ગ્રન્થ ચૌદરત્નમાં બહાર પડવાનો હતો, પરંતુ તે મહાત્માશ્રીના હાથે બે "રત્નો" સિન્ધુમાંથી બહાર આવ્યાં, અને પછી તેઓશ્રી સ્વરૂપસ્થ થવાથી અન્ય કોઇએ તે પદ્ધતિથી ઉંડી ડૂબકી મારી રત્ન બહાર લાવવા પ્રયત્ન કર્યો નથી.

**અર્વાચીન** વિવેચક પદ્ધતિથી બ્રહ્મનિષ્ઠ શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીનો "સિદ્ધાન્તસાર" ગુજરાતી ભાષાના વિચારમય સાહિત્યગગનમાં ચન્દ્રવત્ અદ્યાપિ પ્રકાશે છે. તે વિદ્વદ્વરના કૈવલ્ય પછી આપણી ભાષામાં તત્ત્વજ્ઞાન સંબંધી મનનવાળા લેખો શ્રી મહાકાલમાં બ્રહ્મનિષ્ઠ પ્રોફેસર જેઠીસનદાસભાઇ કણીઆ, શ્રીમન્ છોટાલાલ 'માસ્તર' વિગેરે વિદ્વાનોની કલમથી પ્રકટ થયેલા છે; અને ગુજરાતના વિદ્યમાન સાક્ષર શિરોમણિ પ્રોફેસર શ્રી આનંદશંકરભાઇના અપૂર્વ જ્ઞાનગંભીર લેખોવડે "વસંત"નાં શાખાવૃક્ષો સારી રીતે પલ્લવિત થયાં છે.

જ્ઞાનવૃદ્ધ અને વયોવૃદ્ધ ગુરુજનોના ઉપરના પ્રયત્નનાં ફલો ગુજરાતીમાં પ્રકટ થયા છતાં હિંદતત્ત્વજ્ઞાનનો ઇતિહાસ લખવાનું સાહસ મેં કેમ વહોર્યું, તે સ્વાભાવિક પ્રશ્ન થાય તેમ છે. આનું ઉત્તર પણ તેજ ગુરુજનોના સંકલ્પને વશ વર્તી:—

**સ્વાધ્યાય પ્રવચનાભ્યાં ન પ્રમદિતવ્યમ્ ।**

સ્વાધ્યાય અને પ્રવચનમાં પ્રમાદ સેવવો નહિ—એ આદેશ સૂત્રમાં રહ્યું છે.

સંવત્ ૧૯૬૯ ના માઘ માસના વસંતમાં પ્રોફેસર આનંદશંકરભાઈ ધ્રુવ એક ઇંગ્રેજી તત્ત્વજ્ઞાનના ઇતિહાસનું વિવેચન કરતાં લખે છેઃ—

" મને લાગે છે કે આપણા દર્શનોને મૂલ આન્તરવિચારના સંબંધથી સારી રીતે સાંકળી શકાય તેમ છે. (જુઓ 'વસંત' માર્ગશીર્ષ ૧૯૭૦. "આપણો ધર્મ" પૃ. ૩૨૫) પરંતુ અહીંના તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ ઇતિહાસ એ રીતે સાંકળી શકાતો નથી એમ જે દેખાય છે તેનું કારણ એ છે કે **સાંકળની કડીઓ** ઓળખવામાં ભૂલ થાય છે. અત્રે સમસ્ત તત્ત્વજ્ઞાનની એક સાંકળ નથી પણ વિવિધ દર્શનોના જૂદા જૂદા પ્રવાહ છે, એજ જો કે પ્રત્યેક દર્શનનો ઇતિહાસ હેગલે માનેલા કલ્પિત ચોકઠામાં ગોઠવાતો નથી, તોપણ પ્રત્યેક દર્શનના ઇતિહાસમાં એક અખંડધારા જોઈ શકાય છે. તેમાં ઇતિહાસકારની એ ફરજ છે કે પ્રત્યેક ગ્રન્થકારનો તેના પૂર્વજ સાથે સંબંધ બતાવવો. અને તત્તત્કાલીન દર્શાનાંતરના પ્રતિપાદનથી એના પર થયેલા સ્વીકાર યા વિરોધરૂપ અસર પણ નજરે પડે તો તે પણ પ્રકટ કરવી. આ કર્ત્તવ્ય કરવામા આવે તોજ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ **વર્ણનાત્મક** થઈ ન રહેતાં **ચિન્તનાત્મક** થાય. ભવિષ્યનો કોઇ ઇતિહાસકાર આ દૃષ્ટિ બિન્દુથી ઇતિહાસ લખશે તો તે એક મોટી સેવા ગણાશે."

મારો આ પ્રયત્ન વર્ણન અને ચિંતન એવા મિશ્ર પ્રકારનો છે. વર્ણન વિનાનું ચિંતન ધ્યેયને સિદ્ધ કરી શકતું નથી.

હિન્દના તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં પશ્ચિમના તત્ત્વજ્ઞાનના ઇતિહાસ કરતાં વિલક્ષણતા એ છે કે પશ્ચિમમાં તત્ત્વજ્ઞાનની શ્રેણીનો પ્રવાહ ચાલતો ચાલતો શમી જાય ત્યારે એક મહા વિચારકના શ્રમથી પુનઃ બાહ્ય પ્રવાહરૂપે નવા દેહમાં નીકળી આવે; પુનઃ તે આગળ ચાલતાં લોપ પામે, અને નવા વિચારકના બલથી વળી નવા દેહમાં જાગે–એમ સરસ્વતીનો લુપ્ત–અલુપ્ત પ્રવાહ હિમાલયથી માંડી પશ્ચિમ મહાસમુદ્રમાં ભળે. હિંદુસ્તાનનો તત્ત્વ જ્ઞાનનો પ્રવાહ ગંગા નદી જેવો પૂર્વગામી છે, અને તે અનંત નાની મોટી નદીઓના પ્રવાહોથી મિશ્રિત થયેલો સમૃદ્ધ બની પૂર્વ સાગરમાં ભળે છે. તે ગંગાનદીના પ્રયાગાદિ સંધિસ્થાનોમાં તે તે નાની મોટી નદીના પ્રવાહના તરંગો આછા આછા ઓળખાય છે. તે તે નદીઓ ગંગામાં મળતા પહેલાં પોતપોતાના ભિન્ન અસ્તિત્વ અને તેની ભવ્યતા અથવા



રમ્યતાને ત્યજતી નથી. તત્ત્વજ્ઞાનની આ ભિન્ન પ્રસ્થાનશ્રેણીઓ ગંગા, યમુના અને સરસ્વતી વડે ઉત્પન્ન થયેલી ત્રિવેણી જેવી છેઃ—

(૧) બ્રાહ્મણ દર્શનની શ્રેણી, (૨) બૌદ્ધ દર્શનની શ્રેણી, (૩) આર્હત દર્શનની શ્રેણી. આ ત્રણ, ભિન્ન પ્રવાહવાળી નદીઓ છતાં, ભારતવર્ષના ઉંચા નીચા સર્વ પ્રદેશોને પાવન કરતી અદ્યાપિ ચાલે છે. જેવી રીતે સુંદર સ્ત્રીની વેણી ત્રણ વળથી ગુંથાય છે ત્યારે તેના મસ્તકને શોભા આપે છે, અને છૂટાં લટીઆં સૌન્દર્યને લજાવે છે તેમ બ્રાહ્મણોના, બૌદ્ધોના અને જૈનોના વિચારોનો જેઓ સમન્વય કરી જાણતા નથી તેને મારી અલ્પ મતિ તત્ત્વજ્ઞ કહી શકતી નથી; **પરંતુ ધર્માન્ધ** કહે છે.

સંસ્કૃત ભાષામાં તત્ત્વજ્ઞાનનો રૂઢ શબ્દ **દર્શન** છે. તે શબ્દ સાથે શાસ્ત્ર શબ્દ જોડી "દર્શનશાસ્ત્ર"–એવો પારિભાષિક શબ્દ–"ફીલસુફી"નો વાચક મનાય છે. શાસ્ત્રશબ્દની વ્યુત્પત્તિ કરતાં એક આગમ ગ્રન્થ કહે છે કેઃ—

**शासनाच्छंसनाच्छास्त्रं शास्त्रमित्यभिधीयते**
**शासनं द्विविधं प्रोक्तं शास्त्रलक्षणवेदिभिः ।**
**शंसनं भूतवस्त्वेकविषयं न क्रियापरम् ॥**

શાસ્=આજ્ઞા કરવી અને શંસ્=પ્રકટ કરવું, વર્ણન કરવું. એ બે ધાતુમાંથી શાસ્ત્ર શબ્દ વ્યુત્પન્ન થયો છે. શાસન કરનાર શાસ્ત્ર બે પ્રકારનું છે (૧) વિધિરૂપ, (૨) નિષેધરૂપ એટલે અમુક કર્તવ્ય છે અમુક અકર્તવ્ય છે અથવા ત્યાજ્ય છે એવી આજ્ઞા કરે છે. શાસ્ત્ર લક્ષણના ભેદ જાણનારા એવા બે ભાગ શાસનશાસ્ત્રના પાડે છે. શંસનશાસ્ત્ર એટલે બોધકશાસ્ત્ર એક વસ્તુના વાસ્તવ સ્વરૂપને જણાવનાર હોવાથી તેનું તાત્પર્ય ક્રિયામાં નથી પરંતુ જ્ઞાનમાં છે.

આથી જે શાસ્ત્ર વિધિ–નિષેધ વડે શાસન કરે તે કર્મશાસ્ત્ર; અને જે શાસ્ત્ર યથાભૂત વસ્તુનું ભાન કરાવે તે જ્ઞાનશાસ્ત્ર. કર્મશાસ્ત્ર–ધર્મનું પ્રતિપાદન કરે; જ્ઞાનશાસ્ત્ર–વસ્તુનું પ્રતિપાદન કરે. વસ્તુસ્વરૂપનું પ્રતિપાદક શાસ્ત્ર તે **દર્શન**શાસ્ત્ર કહેવાય છે, અને તે **વસ્તુતન્ત્ર** છે. એટલે કે

પ્રમાણુ વડે જે વસ્તુ સ્વરૂપ જણાય તેવું દર્શન થાય. પછી તે ગમે વા ન ગમે. આ કારણથી દર્શનશાસ્ત્ર વિદ્યાત્મક કહેવાય છે. ધર્મ પ્રતિપાદક-શાસ્ત્ર જેવો વ્યવહાર છે તેવો માની લઇ ક્રિયા અને ફલના સંબંધ અને ઉપાયોનું પ્રતિપાદન કરે છે, અને તે શાસ્ત્ર **પુરુષપરતન્ત્ર** છે. એટલે કે અમુક કર્મનું અમુક ફળ એવો બોધ થયા પછી તે કર્મમાં પ્રવૃત્ત થવું, કે નિવૃત્ત થવું, કે અન્યથા કરવું એમાં કર્તા પુરુષનું સ્વાતંત્ર્ય છે, અને તેમાં કર્તાના ચિત્તની રાગદ્વેષાદિ વાસનાઓ પ્રેરક થયા છતાં પુરુષ પોતાના સ્વાતંત્ર્યની છાયાને ધારણ કરી રાખે છે. સારૂં અથવા ખોટું કર્મ કરનાર અંદરથી કંઇક સમજે છે કે ક્રિયા શુભ છે કે અશુભ છે, પરંતુ પ્રત્યક્ષ ઇષ્ટ ફળની વાસનાથી પ્રેરાઇ તે પ્રસંગે શુભ ફળને ઇચ્છતો છતાં અશુભકર્મ કરે છે; અને પ્રસંગે અશુભ ફળને નહિ ઇચ્છતો છતાં અથવા ત્યાગ કરવા માગે છે તેમ છતાં શુભ કર્મ કરી શકતો નથી. વ્યાસ ભગવાન કહે છે કે 'હું હાથ ઉચા કરી કહું છું કે પુણ્ય કર્મ સુખને લાવે છે, અને પાપ-કર્મ દુઃખને લાવે છે. તો પણ મનુષ્યો પુણ્ય કર્મ કરતા નથી અને પાપ-કર્મ પ્રયત્નપૂર્વક કરે છે.' ઉપદેષ્ટા આ પ્રમાણે શાસન કરતા છતાં જેને ઉપદેશ કરવામાં આવે તે જ્યારે જ્ઞાન થયા છતાં પરવશપણે શુભાશુભ કર્મ કરે છે ત્યારે **केनापि देवेन हृदिस्थितेन यथा प्रयुक्तोऽस्मि तथा करोमि**—એમ કોઇ પણ હૃદયસ્થ અન્તરાત્માથી જે પ્રકારે પ્રેરણા થાય છે તેમ હું કરૂં છું-એવું વાક્ય જાણ્યે અજાણ્યે બોલે છે. ક્રિયાતન્ત્ર આ પ્રમાણે પુરૂષ પરતન્ત્ર હોવાથી અને પુરુષ સદોષ ઘણે ભાગે હોવાથી તે શાસ્ત્રને પ્રાચીનો અવિદ્યા કહે છે.

દર્શનશાસ્ત્ર જો કે વસ્તુતન્ત્ર છે એટલે પ્રમાણ અને પ્રમેયનો સંબંધ થતાં વસ્તુ સ્વરૂપ પ્રકટ થાય છે; પરંતુ દૃષ્ટિમાં અથવા દૃષ્ટામાં દોષ હોય તો વસ્તુસ્વરૂપ કાંતો નથી એમ અથવા અવળું દેખાય છે. વસ્તુ સ્વરૂપનું જેવું છે તેવું સ્પષ્ટ ભાન થવું તે સમ્યક્‌દર્શન; તેનું અભાવરૂપે ભાન થવું તે અ-જ્ઞાન; તેનું અન્યરૂપે ભાન થવું તે ભ્રમ અથવા વિપર્યય. દર્શનશાસ્ત્રથી પ્રકટ થતી સત્યદષ્ટિનું નામ "વિદ્યા" અથવા પ્રમાણ વૃત્તિ છે-અને



તેના પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ, ઉપમાન, અર્થાપત્તિ, અનુપલબ્ધિ-એવા ક્રમશઃ એકથી છ સુધીના વિભાગ પડે છે.

અસત્ય દૃષ્ટિ અથવા "અવિદ્યા"-આ હશે કે તે હશે એવી દોલાયમાન મનની સ્થિતિ અથવા સંશયરૂપ હોય છે; પ્રસંગે અવળું જ ગ્રહણ કરનારી વિપર્યયરૂપ હોય છે, પ્રસંગે મનોરાજ્ય અથવા સ્વપ્ન જેવી ભ્રમરૂપ હોય છે, પ્રસંગે અસદ્ગ્રહ એટલે જાણ્યા છતાં ખોટાને વળગી રહેવાના દુરાગ્રહરૂપ પણ હોય છે,

દર્શનશાસ્ત્રના ત્રણ વિભાગ પડી શકેઃ-(૧) દૃષ્ટિના સ્વરૂપ, તથા તેના ઉદય, અસ્ત વિગેરેના નિયમોનું ભાન કરાવનાર (Epistemology or Theory of Knowledge) (૨) દૃશ્ય સ્વરૂપનો નિર્ણય કરનાર (Ontology or Theory of Being); (૩) દ્રષ્ટ્ર સ્વરૂપનો નિર્ણય કરનાર (Theology or Theory of Spirit). આ પ્રમાણે દૃષ્ટિ, દૃશ્ય અને દૃષ્ટા-જ્ઞાન, જ્ઞેય જ્ઞાતા એ ત્રણ વ્યૂહમાં દર્શનશાસ્ત્ર વહેંચાય છે, પરંતુ જ્યારે ભૌતિક-શાસ્ત્ર (Physics) માત્ર અનુભવાતા દૃશ્યના ઉદય તથા અસ્તનું સ્વરૂપ અને તેમાં પ્રવર્તતા નિયમો વર્ણવે છે, ત્યારે આ દર્શનશાસ્ત્ર (Metaphysics) એ ત્રણ પ્રતીતિઓનું (Phenomena) એટલે કે દૃષ્ટા, દૃશ્ય અને દૃષ્ટિ,-જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્રિપુટીનું વસ્તુતઃ કેવા પ્રકારનું **સ્વરૂપ** (Noumenon) છે તે સમજાવવા પ્રયત્ન કરે છે.

સામાન્ય લૌકિક બુદ્ધિ દૃષ્ટા, દૃશ્ય અને દૃષ્ટિ અથવા જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્રિપુટી સ્વતંત્ર અસ્તિત્વવાળા પદાર્થો છે એમ સ્વીકારી પ્રવૃત્ત થાય છે; ત્યારે વિચારકદૃષ્ટિ તેનો પ્રાતીતિક સદ્ભાવ (Phenomenal existence) સ્વીકારી પ્રવૃત્ત થાય છે. એ ત્રણ પદાર્થો સ્વતઃસિદ્ધ સત્ય (Real) કે પ્રતીતિરૂપ સત્ય (Ideal) છે એ સંબંધમાં દર્શનશાસ્ત્રોની સંભાવનાઓ જૂદી જૂદી હોય છે. આર્યાવર્તનાં દર્શનશાસ્ત્રોની વિચાર શ્રેણીઓના બે મુખ્ય વિભાગ પાડવામાં આવે છેઃ-(૧) આસ્તિક દર્શનો એટલે વેદશાસ્ત્રને પ્રમાણભૂત માની પ્રવૃત્ત થનારાં દર્શનો

અને (૨) નાસ્તિક દર્શનો એટલે વેદશાસ્ત્રને પ્રમાણભૂત ન માની પ્રવૃત્ત થનારાં દર્શનો. પ્રથમ વિભાગમાં–(૧–૨) સાંખ્ય અને યોગ, (૩–૪) ન્યાય અને વૈશેષિક, (૫–૬) પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા; અને બીજા વિભાગમાં:—(૧–૪) ચાર બૌદ્ધ મત. સૌત્રાન્તિક, વૈભાષિક, યોગાચાર અને માધ્યમિક, (૫) જૈન અને (૬) લોકાયતિક ( ચાર્વાક ). પરંતુ આ બે વિભાગની વ્યવસ્થા બ્રાહ્મણોએ ઉભી કરેલી છે, કારણ કે તે વેદના પ્રામાણ્ય અને અપ્રામાણ્ય ઉપર ઘડાયલી છે. કાલક્રમથી જોતાં દર્શનોની વિભક્ત શ્રેણીઓ બાદરાયણનાં બ્રહ્મસૂત્ર, જે ઈ. સ.ના બીજા સૈકામાં રચાયાનું અનુમાન છે, તેમાં નીચે પ્રમાણે સ્પષ્ટ થયેલી જણાય છે:—(૧) જૈમિનીય ( પૂર્વમીમાંસા ), (૨) સાંખ્ય ( કાપિલ ), (૩) યોગ ( પાતંજલ ), (૪) વૈશેષિક ( કાણાદ ) (૫) બૌદ્ધ જેમાં સર્વાસ્તિવાદી વિજ્ઞાનવાદી અને શૂન્યવાદીના અવાન્તર ભેદો સમાય છે, (૬) જૈન ( આર્હત ) (૭) પાશુપત ( શૈવ ) અને (૮) પાંચરાત્ર ( ભાગવત અથવા વૈષ્ણવ ) (૯) ચાર્વાક ( લોકાયતિક ) આટલી વિચાર શ્રેણીઓ વેદાન્તની અથવા ઔપનિષદ દર્શનની ન્યૂનાધિક અંશે પ્રતિપક્ષી જણાવવામાં આવે છે.

પરન્તુ બ્રહ્મસૂત્ર અથવા ઉત્તરમીમાંસા જેના ઉપર ઘડાયું છે તે ત્રયી દર્શન અથવા શ્રૌત દર્શન ભગવાન્ ગૌતમબુદ્ધ અને ભગવાન્ મહાવીર સ્વામી ( જૈન )ના પહેલાં અસ્તિત્વમાં આવી ગયું હતું એમ બૌદ્ધ અને જૈન સાહિત્ય જોતાં સ્પષ્ટ થાય છે. તે ઉપરાંત સાંખ્ય અને યોગનું અમુક પ્રકારનું રૂપ પણ તે બે મહાપુરૂષોના ધર્મપ્રવર્તન પહેલાં ઘડાઇ ચૂક્યું હતું એમ નિર્વિવાદ સાબીત થાય છે. તે બે મહાપુરૂષોએ બ્રાહ્મણોને પોતાના ધર્મ વિચારમાં લાવવાના જે પ્રયત્નો કર્યા છે તેની અન્તઃપરીક્ષા કરતાં સમજાય છે કે ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં નીચેના વિષયો ઉપર પ્રાચીન કાલમાં ભિન્ન ભિન્ન સંભાવનાઓ ઉભી થઇ હતી.—(૧) જીવ સંબંધમાં, (૨) કર્મ સંબંધમાં, (૩) શરીર સંબંધમાં, (૪) પંચભૂત સંબંધમાં, (૫) સદ્દશ ઉત્પત્તિ સંબંધમાં, (૬) બંધ–મોક્ષ સંબંધમાં, (૭) દેવસૃષ્ટિ સંબંધમાં, (૮) નરક સૃષ્ટિ સંબંધમાં, (૯) પુણ્ય–અપુણ્ય સંબંધમાં (૧૦) પરલોક



સંબંધમાં અને (૧૧) નિર્વાણ સંબંધમાં.+ જૈનોના આવશ્યક નિર્યુક્તિના છઠ્ઠા ભાગની ગાથાઓમાં ગણધર નામનો વિષય આવે છે, તેમાં અગીઆર વિદ્વાન બ્રાહ્મણોએ પાવાનામના સ્થાનમાં સોમિલે આરંભેલા યજ્ઞમાં ભાગ લીધો હતો, અને તેમનું સમાધાન શ્રી મહાવીરે કરેલું, અને તેઓએ જૈન ધર્મ સ્વીકાર્યો એવું લખાણ છે. આ અગીઆર ગણધરોનાં સંશયસ્થાનોનાં અવતરણ જોતા સમજાય છે કે (૧) લોકાયતિક અથવા ચાર્વાકમત, (૨) ઉપનિષદ્ વાદીનો બ્રહ્માત્મમત, (૩) કપિલાગમનો સાંખ્યમત, (૪) વેદના ક્રિયાકાંડનો સંસારી આત્મમત અને (૫) સુગતનો ક્ષણિક વિજ્ઞાનાત્મમત એ શ્રીમહાવીરના પહેલાં પ્રચલિત હતા. તે વિચારોની શ્રેણીઓનું વિશિષ્ટ શાસ્ત્રનું રૂપ તે સમયમાં ઘડાયું ન હતું, પરંતુ વિચાર શ્રેણીઓ તો હતી જ.

દર્શનશાસ્ત્રોની ઘટનાનો કાલક્રમ વિચારતાં સમજાય છે કે ઇ. સ. ના બીજા સૈકામાં, ચોથા સૈકામાં, આઠમાં સૈકામાં, અને તેરમાં સૈકામાં પ્રસિદ્ધ દર્શનો નીચે પ્રમાણે હતાં:—

| ઈ. સ. ના બીજા સૈકામાં. ( બાદરાયણ બ્રહ્મસૂત્રઉપરથી ) | ચોથા સૈકામાં. ( હરિભદ્રસૂરિના ષડ્દર્શન સમુચ્ચય ઉપરથી ) | આઠમા સૈકામાં. ( શ્રી શંકરાચાર્યના નામે આરોપાયલા 'સર્વ વેદાન્ત સંગ્રહ' ઉપરથી ) | તેરમા સૈકામાં. ( શ્રી માધવાચાર્યના સર્વદર્શનસંગ્રહ ઉપરથી ) |
|---|---|---|---|
| ૧ લોકાયતિક ( ચાર્વાક અનાત્મવાદી | ૧ બૌદ્ધ | ૧ લોકાયતિક | ૧ ચાર્વાક } નિરીશ્વર વાદી. |
| ૨ જૈમિનીય (કર્મ કારણવાદી) | ૨ નૈયાયિક | ૨ આર્હત | ૨ બૌદ્ધ |
| | ૩ સાંખ્ય | ૩ બૌદ્ધ ચાર પેટા મત સાથે | ૩ આર્હત |

+ જુઓ " પ્રોફેસર લ્યુમેન અને આવશ્યક સૂત્ર "–આ વિષય ઉપર જૈન સંશોધક ખંડ ૨ અંક ૧ પૃ. ૮૧–૯૧ માં છપાયેલો લેખ.

| | | | | |
|---|---|---|---|---|
| ૩ સાંખ્ય<br>૪ યોગ } કેવળ પ્રકૃતિ કારણવાદી અને અજડ છતાં અકર્તૃ આત્મવાદી | ૪ જૈન<br>૫ વૈશેષિક | ૪ વૈશેષિક<br>૫ નૈયાયિક | ૪ રામાનુજ<br>૫ પૂર્ણપ્રજ્ઞ | વૈષ્ણવ મત. |
| ૫ વૈશેષિક ( અર્ધવૈનાશિક આત્મવાદી ) | ૬ જૈમિનીય | ૬ પ્રભાકર (પૂર્વ મીમાંસા) | ૬ નકુલીશ પાશુપત | શૈવ મત અથવા સેશ્વર વાદી |
| ૬ બૌદ્ધ (પૂર્ણ વૈનાશિક) | | ૭ ભટ્ટાચાર્ય ( કીત્તો ) | ૭ શૈવ | |
| ૭ આર્હત (અનેકાન્તવાદી) | ચૌદમા સૈકાના જનસૂરિરાજશેખર આ દર્શનો તે નીચે પ્રમાણે અનુક્રમમાં ગોઠવે છેઃ- | ૮ સાંખ્ય | ૮ પ્રત્યભિજ્ઞા | |
| ૮ પાશુપત (નિમિત્તકારણ ઇશ્વરવાદી ) | | ૯ પતંજલિ | ૯ રસેશ્વર | |
| ૯ ભાગવત ( પ્રકૃતિ કારણ ઇશ્વરવાદી ) | | ૧૦ વેદવ્યાસ | ૧૦ ઔલૂક્ય | |
| ૧૦ વેદાન્ત ( ઔપનિષદ ) | ૧ જૈન | ૧૧ વેદાન્ત | ૧૧ અક્ષપાદ | |
| ( અભિન્ન નિમિત્તોપાદન ઇશ્વરાત્મવાદી ) | ૨ સાંખ્ય | | ૧૨ પાણિનિ | શબ્દ બ્રહ્મવાદી |
| | ૩ જૈમિનીય<br>૪ યોગ | | ૧૩ સાંખ્ય<br>૧૪ પાતંજલ | નિરીશ્વર<br>સેશ્વર |
| | ૫ વૈશેષિક<br>૬ સૌગત (બૌદ્ધ) | | ૧૫ શાંકર ( વેદાન્ત ) | બ્રહ્માદ્વૈતવાદી |



ઉપરનાં વર્ગીકરણોમાં વિભાજક નિમિત્ત જૂદાંજૂદાં જણાય છે. બાદરાયણે જગત્કારણ સર્વજ્ઞ બ્રહ્મ છે કે અન્ય કંઈ છે તે ઉપર બીજાં તંત્રોનો ક્રમ લઈ વર્ગીકરણ કર્યું છે. તેમાં લોકાયતિકમત જેમાં સ્વતંત્ર આત્મરૂપ પદાર્થ નથી અને જડ ભૂતોના સંયોગના ફલરૂપે આત્મચેતન પ્રકટે છે—એ સ્થૂલ વિચારને સામાન્ય લોકમતરૂપે સ્વીકારવામાં આવ્યો છે, તેને ગણી સ્વતંત્ર પ્રતિપક્ષી તરીકે ઉભો કર્યો નથી, પરંતુ જીવાત્માના સ્વરૂપનિર્ણયના પ્રસંગમાં અવાન્તર રીતે તેનું ખંડન કર્યું છે. જૈમિનિના મતમાં સંસારી આત્માનો સ્વીકાર છતાં જગત્કારણ કેવલ અપૂર્વ (કર્મ) છે, અને નિત્યસિદ્ધ ઇશ્વરાત્મા નથી તેથી પૂર્વપક્ષ રૂપે ઉભો કર્યો છે; સાંખ્ય મત બલવાન્ પ્રતિપક્ષી ગણી ખંડન કર્યું છે તેમાં જો કે આત્માનું શુદ્ધત્વ સ્વીકાર્યું છે તોપણ તેનું અનેકત્વ માન્યું છે તેથી, અને જડ પ્રધાનનું સ્વતંત્ર કર્તૃત્વ માન્યું છે તેથી, બ્રહ્માત્મૈક્ય અને બ્રહ્મકર્તૃત્વનુ પ્રતિપક્ષી ગણાયું છે. યોગનો સાધન તરીકે સ્વીકાર છતાં પ્રધાન-પ્રકૃતિ-કારણવાદને લીધે તેનું પ્રતિપક્ષીપણું ગણાયું છે. વૈશેષિકમત પરમાણુકારણવાદને લીધે અને અર્ધવૈનાશિક છે તેથી પ્રતિપક્ષી ગણ્યો છે; બૌદ્ધમત પૂર્ણ વૈનાશિક અને અનાત્મવાદી ગણી પ્રતિપક્ષી થયો છે; આર્હત મત અનેકાન્તવાદને લીધે અને આત્માના દેહસમા પરિણામવાદને લીધે પ્રતિપક્ષી ગણાયો છે; પાશુપત મત પરમેશ્વર કેવલ જગતનું નિમિત્ત કારણ છે એવા સ્વીકારને લીધે પ્રતિપક્ષી બન્યો છે; ભાગવતમત અથવા પાંચરાત્રમત વાસુદેવ ( પરમેશ્વર ) ઉપાદાન કારણ છતાં જીવની ઉત્પત્તિના સ્વીકારને લીધે પ્રતિપક્ષી બન્યો છે; અને સિદ્ધાન્તનો સમન્વય પરમાત્મા અથવા પરમેશ્વર એકજ સર્વભૂતનો સત્ય આત્મા છે; અને તે આ જગતનું નિમિત્ત તથા ઉપાદાન કારણ છે– એ રીતે કરવામાં આવ્યો છે. સારાંશ બાદરાયણનું વર્ગીકરણ જગત્ કારણત્વ ઉપર બંધાયેલું છે.

હરિભદ્રસૂરિ તથા રાજશેખરના સમુચ્ચયોમાં આચાર, વિચાર, અને નિમિત્ત ભેદને લઇ વર્ગીકરણ થયું છે. તેમાં ઐતિહાસિક પ્રકાશ એ પડે છે કે મીમાંસા દર્શન તે વિચારકોના અભિપ્રાય પ્રમાણે ભિન્ન નહતું, પણ

એકતન્ત્રરૂપ હતું. અને તેનું ભિન્નત્વ શ્રીશંકરાચાર્યના સમયમાં પ્રગટ થયું જણાય છે. વસ્તુવિચારથી પૂર્વમીમાંસા એ સ્વતંત્ર તત્ત્વદર્શન નથી પરન્તુ વેદવાક્ય ઉપર બંધાયેલા દર્શનના તાત્પર્યનિર્ણયની, કર્મમીમાંસકોએ ઘડેલી ન્યાયપ્રતિપાદક શ્રેણી છે; અને તે તાત્પર્યનિર્ણયપદ્ધતિ બ્રહ્મમીમાંસકોને સ્વીકૃત હોવાથી તે સમયમાં મીમાંસાદર્શન વિષયના ભેદવાળું છતાં ન્યાયનિર્ણયમાં એક ગણાતું હશે.

સર્વસિદ્ધાન્તસંગ્રહમાં વેદવ્યાસમત અને વેદાન્તમત જુદા દર્શાવ્યા છે તે ઉપરથી વેદવ્યાસ અને બાદરાયણ ભિન્ન વિચારકો હતા અને એક વ્યક્તિ નહતી તે સ્પષ્ટ થાય છે.

દર્શનશાસ્ત્રોનું વિપુલ વર્ગીકરણ શ્રી માધવાચાર્યે (ઇ. સ. ૧૩૩૧-૧૩૭૧) સર્વદર્શનસંગ્રહમાં કર્યું છે. તેમાં દર્શનોની ગણના ઐતિહાસિક રીતે નથી, તેમ આચાર-વિચારોના ભેદને અવલંબીને પણ નથી, પરંતુ તત્ત્વ વિચારમાં સ્થૂલસૂક્ષ્મતાના તારતમ્ય ઉપર ઘડાયેલી છે. તેમનો ગ્રન્થ ચાર્વાકમતથી માંડી કેવલ બ્રહ્માત્મૈક્ય પ્રતિપાદક શાંકરમત ઉપર વળતો જાય છે, અને શાંકરમત પોતાને સિદ્ધાન્તરૂપે ઇષ્ટ હોવાથી, પૂર્વ વિચાર શ્રેણીને ઉત્તર ઉત્તર વિચારશ્રેણી ખંડિત કરતી ચાલે છે, અને છેવટના મંડન રૂપે તે શાંકરમતને મૂકે છે. તે ઉપરાન્ત જાણ્યે અજાણ્યે પણ નિરીશ્વર અને સેશ્વર વિચારોના ક્રમ ઉપર પણ દર્શનવ્યવસ્થા કરી જણાય છે. ચાર્વાક, બૌદ્ધ અને આર્હત-એ ત્રણ નિરીશ્વરવાદી છે; રામાનુજ અને પૂર્ણપ્રજ્ઞ વિષ્ણુસંજ્ઞાવાળા ઇશ્વરવાદી છે; પાશુપત, શૈવ, પ્રત્યભિજ્ઞા રસેશ્વર, ઔલૂક્ય (વૈશેષિક) અને અક્ષપાદ (ન્યાય)-એ સર્વ શિવસંજ્ઞાવાળા ઇશ્વરવાદી છે; જૈમિનિ અને પાણિનિનાં દર્શન અપૌરુષેય શબ્દબ્રહ્મવાદી છે; સાંખ્ય-યોગ ક્રમશઃ વ્યવસ્થાપક અને નિત્યસિદ્ધ ઇશ્વરવાદી છે (નોટઃ--સાંખ્ય દર્શન કેવળ **નિરીશ્વરવાદી** મૂળમાં નથી એ તે દર્શનનું પ્રકરણ જોવાથી સમજાશે); અને શાંકર દર્શન (વેદાન્ત) અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ રૂપે પરમાત્માનો સદ્‌ભાવ સ્વીકારનાર હોવાથી પરમેશ્વરવાદી છે.

હિન્દુસ્થાનનાં તત્ત્વ દર્શનો-બ્રાહ્મણ ધર્મ ( વેદ ધર્મ ), બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મને ક્રમશઃ આચાર શ્રેણીમાં સ્પર્શ કરાવનારાં છે. તેથી વિચારશ્રેણી સ્વતંત્ર છતાં આચારમાં તે તે ધર્મને અનુસરતાં રહે છે. તે ઉપરાન્ત



વિલક્ષણતા એ છે કે કલિયુગના પહેલાં **બ્રાહ્મણોએ** ત્રયીદર્શન પ્રકટાવ્યું હશે, વેદવ્યાસાદિ મહર્ષિઓએ તેનું વેદસંહિતા, ઇતિહાસ, પુરાણોમાં તેને અપૂર્વ ગુથ્યું હશે, તોપણ આ ત્રણ ધર્મની વિચાર શ્રેણી ત્રણ ઐતિહાસિક ક્ષત્રિય વીરો વડે અંકિત થયેલી છે. બ્રાહ્મણ ધર્મ અને વિચાર શ્રેણી શ્રી કૃષ્ણચન્દ્ર સાથે જોડાયેલાં છે; બૌદ્ધ ધર્મ અને તેની વિચાર શ્રેણી રાજપુત્ર ગૌતમ બુદ્ધ સાથે જોડાયેલાં છે, જૈન ધર્મ અને વિચાર શ્રેણી રાજપુત્ર મહાવીર સાથે જોડાયેલાં છે. બ્રાહ્મણોના ધર્મનાં અને તત્ત્વનાં રહસ્યો વેદદ્વારા **શ્રુત** થયા છતાં તે શ્રુતિના અનન્ત સ્વરો હાલ સંભળાતા નથી, પરંતુ શ્રી કૃષ્ણ ભગવાનથી ગવાયેલી ગીતા **સ્મૃતિ**ની વીણાવડે તે લુપ્ત સ્વરો આપણે સ્મરણમાં લાવી શકીએ છીએ. તેવીજ રીતે ભગવાન્ ગૌતમ બુદ્ધનો લોકભાષામાં અપાયેલો ઉપદેશ, અને શ્રી મહાવીર સ્વામિનો ઉપદેશ તેમના વચનામૃતનાં સંગ્રહદ્વારથી સ્મૃતિપટમાં ઉકેલી શકીએ છીએ. સારાંશ તત્ત્વજ્ઞાનના વૃક્ષને ઉ રવામાં બ્રાહ્મણ જાતિએ જેવો શ્રમ લીધો છે, તેવો જ શ્રમ, તે વૃક્ષનું બીજ યોગ્ય દેશકાલમાં રોપવામાં, ક્ષત્રિય જાતિના મહાપુરૂષોએ સેવ્યો છે. ભારતવર્ષની ત્રણ નદીઓ ખરી રીતે શ્રીકૃષ્ણચંદ્ર, શ્રીગૌતમ અને શ્રી મહાવીર એ ત્રણ મૂલસ્થાનમાંથી જાગી છે અને ત્યાં સુધીજ આપણી માનુષી અથવા પૌરુષેય ઇતિહાસદૃષ્ટિ પહોંચે છે. તે પહેલાંની આપણી દૃષ્ટિ **ઇતિહાસ રૂપ** નથી, પરંતુ અપૌરુષેય "શબ્દબ્રહ્મ" ની ઝાંખી છે. સ્પષ્ટ તત્ત્વદૃષ્ટિ આ ત્રણ રાજર્ષિઓથી ઉઘડી છે, અસ્પષ્ટ દૃષ્ટિ બ્રહ્મર્ષિઓથી ઉઘડી છે એમ કહેવામાં આપાતતઃ વિરોધ જણાશે, પણ વસ્તુસ્થિતિથી વધાવી લેવા જેવો નિર્ણય છે. જ્યારે શ્રીકૃષ્ણના કુટિલ રાજ્ય વ્યવહારવાળા જીવનમાં તેમની સત્ય જ્ઞાન દૃષ્ટિ અનાવૃત રહી હતી, ત્યારે શ્રીગૌતમની અને શ્રીમહાવીરની તત્ત્વદૃષ્ટિ વૈરાગ્ય અને ત્યાગ ઉપર ભાર મૂકનારી છે. નિવૃત્તિના સ્વરૂપના રહસ્યજ્ઞાન સાથેની પ્રવૃત્તિ ઉપર શ્રીકૃષ્ણનો ધર્મોપદેશ છે; ત્યારે નિવૃત્તિપર થવું એવો શ્રીગૌતમ અને શ્રીમહાવીરનો ધર્મોપદેશ છે. ઇતિહાસકાલના બ્રાહ્મણધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મ પ્રવર્તક રાજર્ષિઓ હતા એટલુંજ નહિ પરંતુ સાધનશ્રેણી પણ ત્રણેમાં લગભગ મળતી છે; બ્રાહ્મણ ધર્મ-કર્મ ઉપાસના અને જ્ઞાન અથવા કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગને સાધન રૂપે લે છે; બૌદ્ધ ધર્મ-શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો સાધન રૂપે સ્વીકાર કરે છે; અને જૈન ધર્મ-

જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્યને સાધન રૂપે સ્વીકારે છે, ટુંકામાં આચાર ઉચ્ચાર અને વિચારનો સમન્વય કરવાથી એટલે કે–“વાણી, રહેણી ને કરણી વડે પાર ઉતરણી” એ એક લક્ષ્ય સિદ્ધ કરવાથી આ ત્રણે ધર્મો મોક્ષ સિદ્ધ કરાવવા મથે છે.

વર્નાક્યુલર સોસાયટીએ આ ગ્રન્થ લખવાની મને સૂચના કરી ત્યારે ૩૦૦ પૃષ્ઠનો લેખ લખવાનું જણાવ્યું હતું. પરંતુ વિષયમર્યાદા હિન્દ તત્વચિંતનની એટલી વિપુલ જણાઇ કે આ ગ્રન્થ બે વિભાગમાં વહેંચવાની અગત્ય મને લાગી છે. પૂર્વાર્ધમાં (૧) ત્રયીદર્શન અથવા શ્રૌત દર્શન, (૨) સાંખ્ય–યોગ દર્શન, (૩) બૌદ્ધ દર્શન, (૪) જૈન દર્શન, અને (૫) ન્યાય–વૈશેષિક દર્શન એટલાનો સમાસ કરવામાં આવ્યો છે. ઉત્તરાર્ધમાંઃ—[૧] પાશુપત અથવા શૈવ દર્શનો. [૨] તન્ત્રાગમ અથવા શાક્તદર્શન [૩] ભાગવત (સાત્વત) અથવા વૈષ્ણવ દર્શનો (૪) કર્મમીમાંસા અને (૫) બ્રહ્મમીમાંસા.

પાશ્ચાત્ય તત્ત્વવિદ્યાનાં પ્રસ્થાનો સાથે આપણા હિન્દના તત્ત્વજ્ઞાનનાં પ્રસ્થાનોની સરખામણી કરી અમુક સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવું એ ઇતિહાસનું લક્ષ્ય હોઇ શકે નહિ, પરંતુ તે તે પ્રકરણોમાં અને ગ્રન્થના અવધિએ પશ્ચિમની અને પૂર્વની તત્ત્વદૃષ્ટિમાં સાધર્મ્ય વૈધર્મ્ય ક્યાં આવે છે તેનો યથામતિ પ્રકાશ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

ગ્રન્થની રચનામાં મેં ઇંગ્રેજી પુસ્તકોનો આશ્રય ઘણે ભાગે લીધો છે, પરંતુ બને ત્યાં સુધી મૂલ સંસ્કૃત સાહિત્યનું અવલોકન કરી સારસંગ્રહ કર્યો છે. ઉત્તરાર્ધના અવધિએ સંદર્ભ ગ્રન્થ ( Bibliography ) તે તે પ્રકરણોને લગતો આપવામાં આવશે; જેથી અધિક અભ્યાસકને સ્વતંત્ર અધ્યયનનાં દ્વાર ઉઘાડાં થશે.

પુસ્તકની આદર્શ પ્રત કરવામાં મારા મિત્ર શ્રી ગોવિંદરામ ગણપતરામ બી. એ. અને શ્રી રમણલાલ ગાંધી બી. એ. એમણે ઘણો શ્રમ લીધો છે; અને વર્નાક્યુલર સોસાઇટીના આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ, બી. એ; એમણે પ્રુફ તપાસણીમાં અને પ્રેસને સૂચનાઓ આપવામાં ઘણી સાહાય્ય આપી છે. હું મારા સરકારી કામના વ્યવસાય સાથે જે આ સાહિત્ય સેવા કરી શક્યો છું તેનું માન આ ત્રણ વિદ્વાનોને જ ઘટે છે; અને હું તેઓનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

અમદાવાદ,
શાહીબાગ.
તા. ૨૨–૨–૨૪.

નર્મદાશંકર દેવશંકર મહેતા.



# વિષયાનુક્રમણી.

ગ્રંથમાલાનો ઉપોદ્ઘાત. પૃ. ૧–૪

ગ્રંથ પ્રસ્તાવના. પૃ. ૫–૧૮

## પ્રકરણ ૧.

### ત્રયીદર્શન અથવા શ્રૌતદર્શન-

વેદસંહિતાનાં અવ્યક્તચિંતનો–ચિંતનોના ત્રણ પ્રકાર, અધિભૂત અધિદૈવ અને અધ્યાત્મ, તેનાં ઉદાહરણો–ઉપનિષદ્ ગ્રંથોનો ઉદય–ઉપનિષદોનું વર્ગીકરણ–તત્ત્વપ્રધાન, યોગપ્રધાન, સંન્યાસપ્રધાન, દેવતાપ્રધાન ઉપનિષદો–તાંત્રિક ઉપનિષદો–શ્રૌતસમયના મુખ્ય અધિભૂત ચિંતકો, અધિદૈવચિંતકો, અધ્યાત્મચિંતકો–ત્રણ દૃષ્ટિબિંદુવાળા ચિંતનની સમાલોચના–શ્રૌત તત્ત્વવિચારકો–યાજ્ઞવલ્કય મહર્ષિ પરમ અધ્યાત્મચિંતક–યાજ્ઞવલ્કયના કુલસંબંધી ચર્ચા–મહર્ષિ યાજ્ઞવલ્કયના તત્ત્વજ્ઞાન સબંધમાં ત્રણ સ્વતંત્ર વિચારો–સૂત્રકાલીન તત્ત્વદર્શન … … પૃષ્ઠ ૧ થી ૩૫

## પ્રકરણ ૨.

### સાંખ્ય–યોગ.

શ્રૌતકાલનો સાંખ્યયોગ–સાંખ્ય સિદ્ધાન્તનાં તત્ત્વોનાં શ્રુતિમાં સમાયેલાં મૂલ સ્થાનો–બૌદ્ધકાલીન સાંખ્યયોગ–બુદ્ધના જન્મ પૂર્વભાવિ સાંખ્ય વિચારો–બુદ્ધ ઉપર સાંખ્ય વિચારોની છાયા–બૌદ્ધ ધર્મની દુઃખનિદાનમાલા–બૌદ્ધનાં ચાર આર્યસત્યો સાથે સાંખ્યના હેય (દુઃખ), હેયહેતુ (અવિદ્યા), હાન અને હાનોપાયની સરખામણી–ચોવીસ તત્ત્વસમૂહવાળું સાંખ્ય; પચ્ચીસતત્ત્વસમૂહવાળું સાંખ્ય; છીત્રસતત્ત્વસમૂહવાળું સાંખ્ય–આયુર્વેદની

ચરકસંહિતામાં સમાયેલું સાંખ્યદર્શન–અત્રિમુનિના પ્રાચીન સાંખ્યવિચારો–સાંખ્ય તથા યોગદર્શનના સિદ્ધાન્તોનું વર્ણન–વિવેકખ્યાતિપૂરતું સાંખ્ય; વૃત્તિનિરોધરૂપ યોગ–વૃત્તિઓનાં સ્વરૂપ–યોગનાં દૃષ્ટફલ તથા અદૃષ્ટફલ–ગ્રાહ્યવિષયને લગતો યોગ; ગ્રહીતૃને લગતો યોગ, ગ્રહણને લગતો યોગ–પરપુરુષ અથવા પરમેશ્વરને લગતો યોગ–સમાપત્તિનું લક્ષણ–સવિતર્ક અને નિર્વિતર્ક સમાપત્તિ–સવિચાર અને નિર્વિચાર સમાપત્તિ, સાસ્મિતા સમાપત્તિ–સાનંદા સમાપત્તિ–આ સર્વ સમાપત્તિઓનો સબીજ સમાધિ અથવા સંપ્રજ્ઞાત યોગમાં અંતર્ભાવ–તે સમાધિના વિષયો, ભૂમિકા અને ફલનું વર્ગીકરણ–અપરવૈરાગ્ય અને તેના ચાર વિભાગ–પરવૈરાગ્ય–ભૂતજય, કાયસંપત્તિ, ઇન્દ્રિયજય, અવાંતરપ્રકૃતિજય, ઋતંભરાપ્રજ્ઞાનો ઉદય; મૂલ પ્રકૃતિજય, વિવેકખ્યાતિ અને તેનાં સર્વજ્ઞત્વાદિ ફલો–મધુમતીભૂમિકા–મધુપ્રતીકા ભૂમિકા, પ્રજ્ઞાજ્યોતિભૂમિકા, વિશોકા જ્યોતિષ્મતી ભૂમિકા, અતિક્રાન્તભાવનીય ભૂમિકા, નિર્બીજસમાધિ અથવા અસંપ્રજ્ઞાત સમાધ–મૌલિકસાંખ્ય સેશ્વર હોવાનાં કારણો–પુરુષસામાન્ય, પુરુષવિશેષ–ઇશ્વરસ્વરૂપ લક્ષણ–પ્રણિધાનયોગ–ક્લેશોનું વર્ગીકરણ અને તેની અવસ્થાઓ–કર્મસ્વરૂપ–કર્માશય અથવા કર્મકોશ–કર્મના ફલપ્રસવના નિયમો–કર્મવિપાક અને જન્મમરણાદિ પરિણામો–દૈવ, માનુષ અને તિર્યગ્યોનિનો સર્ગ–આઠપ્રકારનો દૈવસર્ગ એક પ્રકારનો માનુષસર્ગ અને પાંચ પ્રકારનો તિર્યગ્યોનિનો સર્ગ–નારકિવર્ગ અને સ્થાવરાંત યોનિ–જન્મ, આયુષ્ અને ભોગવાળા ત્રિવિપાક કર્માશયો–દૃષ્ટજન્મમાં ભોગવાતા (વેદનીય) કર્માશયો, અદૃષ્ટ જન્મમાં ભોગવવા લાયક કર્માશયો, નિયતવિપાક કર્માશય, અનિયતવિપાક કર્માશય–અવિપક્વ કર્માશયોની ત્રણ પ્રકારની ગતિ નાશ, આવાપગમન, અને મુક્તિ–યુક્તપુરુષના કર્માશયોની ફલવ્યવસ્થા–સુખદુઃખ સ્વરૂપ–



દુઃખપ્રધાન સંસાર–દુઃખના પ્રકારો, પરિણામદુઃખ, તાપદુઃખ, સંસ્કારદુઃખ, ક્ષણભંગુરતાદુઃખ–સાંખ્યયોગ વિચારકો–મહર્ષિ કપિલમુનિ–કપિલ કલ્પિત હિરણ્યગર્ભ કે ઐતિહાસિક વ્યક્તિ તે સંબંધી મીમાંસા–આસુરિ–પંચશિખ–"ષષ્ટિતંત્ર" પ્રણેતા કોણ–લોપ પામેલા ષષ્ટિતંત્રમાં શું સમાયેલું હતું–બત્રીસ પ્રકૃતિમંડલ, અઠ્ઠાવીસ વિકૃતિમંડલ–ઇશ્વરકૃષ્ણ સાંખ્ય કારિકા ગૌડપાદ–વાચસ્પતિમિશ્ર–વિજ્ઞાનભિક્ષુ—વાચસ્પતિમિશ્ર અને વિજ્ઞાનભિક્ષુના સ્વતંત્ર વિચારો યોગનું અત્યંત પ્રાચીનત્વ–યોગનું મૂલ શાસન દ્વૈતાનુસારી હિરણ્યગર્ભનું, અદ્વૈતાનુસારી મહેશ્વરનું—દ્વૈતપ્રમાણે અનુશાસન કરનાર પતંજલિ, અદ્વૈતપ્રમાણે અનુશાસન કરનાર યોગીશ્વર યાજ્ઞવલક્ય–લુપ્તમાહેશ્વર યોગશાસ્ત્ર–તેમાં સમાયેલા આઠ કાંડો–યોગસૂત્રકાર પતંજલિ તેજ વ્યાકરણ ભાષ્યકાર કે અન્ય વ્યકિત–"વાર્ષગણ્ય"નું રચેલું યોગસંબંધી સાહિત્ય લોપ પામ્યું ગણાય છે–લુપ્ત યોગશાસ્ત્રમાં ચાર કર્મયોગનાં, અને બારનિરોધયોગનાં તંત્રો હતાં–બ્રહ્મવાદી યોગીઓ જેમાંના અસિતદેવલ ભગવાન્ ગૌતમબુદ્ધના જન્મ સમયે જીવતા હતા ... ... ... ... ... પૃ. ૩૬–૬૫

## પ્રકરણ ૩ જું.

### બૌદ્ધદર્શન.

તત્ત્વજ્ઞાનનાં પ્રસ્થાનો–વેદને પ્રમાણ માની પ્રવૃત્ત થનારાં–વેદ વિના સ્વતંત્ર અનુભવ અથવા તર્ક ઉપર બંધાયેલાં–પ્રથમનાં પ્રસ્થાનોની આસ્તિકમાં ગણના બીજાની નાસ્તિકમાં ગણના–પશ્ચિમનાં અને પૂર્વનાં (હિંદનાં) તત્ત્વજ્ઞાનના પ્રસ્થાનમાં સ્વરૂપમાં તથા પ્રયોજનમાં ભેદ–પશ્ચિમમાં આપ્તવાક્યનું પ્રામાણ્ય નથી, પૂર્વમાં અનુભવીના વાક્યનું પ્રામાણ્ય સ્વીકારાય છે–આસ્તિક દર્શનોમાં

વેદનું પ્રામાણ્ય, અને નાસ્તિકદર્શનોમાં પણ શ્રીબુદ્ધનું, શ્રી મહાવીરનું બોધિવાળું અથવા અનુભવવાળું વચનનું પ્રામાણ્ય-પશ્ચિમમાં કેવલ બુદ્ધિવિલાસ અર્થે તત્ત્વચિંતન, પૂર્વમાં પુરુષાર્થની સિદ્ધિ અર્થે તત્ત્વદર્શન-તે તે દર્શનોની ગુરુશિષ્ય પરંપરા અને અધ્યયન-અધ્યાપન શ્રેણી-સર્વ તંત્રોના સમાન સિદ્ધાન્તો-કર્મસિદ્ધાન્ત અને જન્માંતર સિદ્ધાન્ત-સંસારીના અસ્તિત્વનો સ્વીકાર-અસંસારી સ્થિતિ (મોક્ષ)નો સ્વીકાર-તે મોક્ષસ્થિતિના સાધનરૂપે તત્ત્વજ્ઞાનનો સ્વીકાર-મહાત્મા ગૌતમબુદ્ધના પૂર્વભાવિ સમાજની અને વિચારશ્રેણીઓની સ્થિતિ-ગૌતમબુદ્ધનું જીવનવૃત્ત-પ્રાચીન બૌદ્ધદર્શનનું વાઙ્મય-સૂત્ર વિનય અને અભિધર્મ ગ્રંથો-શીલ, સમાધિ અને પ્રજ્ઞારૂપ તે ધર્મસાહિત્યના વિષયો-થેરાવાદ-દ્વાદશાંગ ભવચક્ર અથવા દ્વાદશનિદાનમાલા-ગૌતમબુદ્ધનું બોધિ પ્રાપ્ત કર્યા પછીનું અનુભવવાક્ય-નિદાનમાલાના અંશોનું વિવેચન-તેની ત્રણ કાંડમાં ગોઠવણ-પંચસ્કંધો અવિદ્યા અને તેના આસ્રવો-અવિદ્યાનિવૃત્તિ અને નિર્વાણના ઉપાયો-શીલ સમાધિ અને પ્રજ્ઞાનાં સ્વરૂપો-બ્રહ્મવિહારની ભાવનાઓ-સતૃષ્ણ કર્મ અને વિતૃષ્ણકર્મ-નિર્વાણસ્વરૂપ-ઔપનિષદદર્શન અને પ્રાચીન સાંખ્ય-યોગ સાથે થેરાવાદની સરખામણી-આઠ મુદ્દામાં વિચારભેદ-ભગવાન્ ગૌતમબુદ્ધનો ધર્મ, નીતિ અને તત્ત્વજ્ઞાન ઉપર ઉપકાર-બૌદ્ધદર્શનની બે શાખાઓ-હીનયાન અને મહાયાનનાં પૂર્વભાવિ બીજો-સર્વાસ્તિવાદી ( હીનયાન ) વિચારકો-તેમનું સાહિત્ય-તેમના સિદ્ધાન્તો-મહાયાન-તેના વિચારકો-તેનું સાહિત્ય-વિજ્ઞાનવાદ-અશ્વઘોષનું તથાગતદર્શન-યોગાચારના પ્રકાશકો-અસંગ અને વસુબંધુ-તેમના વિચારો-યોગાચારમતનું આલય વિજ્ઞાન-ચિત્ત અને ચૈત્યધર્મોનું વર્ગીકરણ-માધ્યમિકમત-નાગાર્જુન અને આર્યકાણદેવ-તેમનું સાહિત્ય-ગૌતમબુદ્ધનો વિષ્ણુના અવતાર તરીકે કરેલો બ્રાહ્મણોએ સ્વીકાર ... પૃ. ૧૧૫-૧૮૬



## પ્રકરણ ૪ થું

## જૈનદર્શન.

જૈનધર્મ બૌદ્ધધર્મથી પૃથક્ છે-જૈનોના, બૌદ્ધોના અને વૈદિકોના ત્યાગીઓના આચારનું સામ્ય-જૈનોના પ્રાચીન તીર્થંકરો શ્રીપાર્શ્વનાથ ( ઈ. સ. પૂ. ૮૦૦ )-ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ( ઈ. સ. પૂ. ૪૨૮ )-તેમનું જીવનવૃત્ત અને ધર્મ પ્રચારણ-જૈનધર્મ અને બૌદ્ધધર્મના ભેદવાળા સિદ્ધાન્તો —જૈનો આત્મવાદી છે, અને તેથી વૈદિકોને મળતા છે, બૌદ્ધો અનાત્મવાદી છે-બૌદ્ધ મતમાં દેહદમન ગૌણ છે, જૈનોમાં તે મુખ્ય છે-બૌદ્ધોમાં દયાધર્મનો સ્વીકાર છે, પરંતુ અહિંસાનો જૈન જેવો સિદ્ધાન્ત નથી-બૌદ્ધો અને જૈનોનો સમકાલીન વિચારભેદ-જૈન સંઘના શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયનો ઇતિહાસ-જૈનોની વિચાર અને આચારની પ્રણાલિકામાં અદ્યાપિ ફેર પડ્યો નથી-બૌદ્ધધર્મે મહાયાનમાં વિકાસનું રૂપ પકડ્યું છે-શ્વેતાંબર અને દિગંબરના મતભેદ—જૈનદર્શનનું પ્રમાણ સાહિત્ય-તેમનાં અંગો, ઉપાંગો, સૂત્રો-ઐતિહાસિકક્રમથી ઉદય પામેલું સાહિત્ય અને વિચારકો-જૈનદર્શનનાં ત્રણ રત્નો-જ્ઞાન, શ્રદ્ધા, અને ચારિત્ર્ય-જૈનોનું તત્ત્વજ્ઞાન-જીવતત્ત્વ, અજીવતત્ત્વ ચૌદ પ્રકારનાં જીવસ્થાનો-અવ્યવહારિક જીવો (નિગોદ), પ્રત્યક્ષપતિત જીવો (માર્ગણ)-તેમનાં ચૌદ ગુણસ્થાનો-અજીવતત્ત્વના વિભાગ-ધર્મ, અધર્મ આકાશ, કાલ, પુદ્ગલ-તેમનાં સ્વરૂપ-આસ્રવ (બંધહેતુ) સંવર-નિર્જર (મોક્ષહેતુ)-બંધતત્ત્વ, મોક્ષતત્ત્વ-જૈન આગમનું બીજું રત્ન શ્રદ્ધા-ત્રીજું રત્ન ચારિત્ર્ય ચારિત્ર્ય રચનાર-મહાવ્રતો, ગુણવ્રતો, અણુવ્રતો-જૈનોનો અનેકાન્તવાદ અથવા સપ્તભંગી સ્યાદ્વાદ-બ્રાહ્મણો અને જૈનોની એકવાક્યતા પૃ. ૧૮૭-૨૧૯

## પ્રકરણ ૫ મું.
### ન્યાય-વૈશેષિક દર્શન.

ત્રયીદર્શન અને બૌદ્ધ તથા આર્હત દર્શન વચ્ચે ન્યાયવૈશેષિકનું સ્થાન-ત્રયીદર્શન સાથે પ્રાચીન આન્વીક્ષિકી વિદ્યાનો સંબંધ-મીમાંસા સાથે ન્યાયસંબંધ-ન્યાયવૈશેષિકના આદ્યપ્રવર્તકો ગૌતમ અને કણાદમુનિ-વૈશેષિકસૂત્રના પ્રતિપાદ્ય વિષયો-ન્યાયસૂત્રના પ્રતિપાદ્ય વિષયો-સૂત્ર પછીના પ્રાચીન નૈયાયિકો-પ્રશસ્તપાદ, વાત્સાયન, ઉદ્યોતકર, વાચસ્પતિમિશ્ર, ભાસર્વજ્ઞ, ઉદયનાચાર્ય, વ્યોમશિવ, શ્રીધર, જયંત ભટ્ટ અને તેઓનું સાહિત્ય નવ્યનૈયાયિકો ગંગેશ, વર્ધમાન, હરિમિશ્ર, વાસુદેવસાર્વભૌમ, રઘુનાથ, મથુરાનાથ હરિહર, શંકરમિશ્ર વિગેરે-પ્રાચીન અને નવ્ય ન્યાયનોયોગ-ન્યાયવૈશેષિકનું મિશ્રસાહિત્ય-સપ્તપદાર્થી, તર્કભાષા, તર્કકૌમુદી, તર્કામૃત, તર્કસંગ્રહ, સામાન્ય પદાર્થનું વિજ્ઞાન-દ્રવ્યાદ પદાર્થોનું સ્પષ્ટીકરણ-પરમાણુકારણવાદ-ઇશ્વરનો સૃષ્ટિ સંહારમાં સંબંધ-પરમાણુ કારણવાદનાં ઐતિહાસિક કારણો-પ્રશસ્તપાદ ઉપર યોગાચારમતની છાયા-માહેશ્વરમતનો સંબંધ-ન્યાયવૈશેષિકમાં આકાશનું સ્વરૂપ-વસ્તુત્વવાદ અને વિજ્ઞાનવાદ-જીવાત્મસ્વરૂપ-સાંખ્યયોગના પુરુષમાં અને ન્યાયવૈશેષિકના જીવાત્મામાં ફેર-પરમાત્મ સ્વરૂપ-પરમેશ્વરના અસ્તિત્વનાં ત્રણ અનુમાનો-કાર્યલિંગક અનુમાન જ્ઞાનલિંગક અનુમાન, ફલ લિંગક અનુમાન-આત્મદષ્ટિનો ભેદ-ન્યાયવૈશેષિકદષ્ટિ, સાંખ્ય-યોગદૃષ્ટિ, ઔપનિષદદષ્ટિ-પશ્ચિમની ત્રણદૃષ્ટિના વિચારકો જ્ઞાનના અધિકરણરૂપે આત્મભાવના, જ્ઞાનના સંતાનરૂપે આત્મભાવના વિજ્ઞાનરૂપ આત્મભાવના-જ્ઞાનનું ઉત્પત્તિ પ્રકરણ-જ્ઞાનના પ્રકારો-વિદ્યા અથવા સત્યજ્ઞાનના પ્રત્યક્ષ, અનુમાન, અને આર્ષ નામના ભેદ-અવિદ્યા અથવા મિથ્યાજ્ઞાનના સંશય, વિપર્યય, અનધ્યવસાય અને સ્વપ્ન નામના ભેદો ... ... પૃ. ૨૨૦-૨૫૮

# હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ.

## પ્રકરણ ૧.

### ત્રયીદર્શન અથવા શ્રૌતતત્ત્વદર્શન.

**ऋतं च सत्यं चाभीद्धात्तपसोऽध्यजायत ॥ ( ऋग्वेद )**

### (૧) મંત્રબ્રાહ્મણકાલ ( ઈ. સ. પૂ. ૧૨૦૦ થી ઈ. સ. પૂ. ૬૦૦)

**વેદસંહિતાનાં અવ્યક્તચિંતનો.**

વેદધર્મના કર્મકાંડ અને જ્ઞાનકાંડ જ્યારે વિવિક્ત થયા ન હતા તેવા શ્રૌત સમયમાં તત્ત્વનાં ચિંતનો થતાં હતાં. યજ્ઞક્રિયાઓ પ્રચલિત હોવાથી ચિંતનો યજ્ઞના અંગો ઉપર ઘડાયેલાં હતાં. પરમેશ્વર બ્રહ્માંડપુરમાં એટલે શરીરમાં શરીરી તરીકે વસે છે, અને તેથી "પુરૂષ" સંજ્ઞાથી ઓળખવામાં આવતા. જગતનું સર્જન આ સંસાર યજ્ઞના પ્રસારણરૂપે ગણાતું, અને આદ્યસ્રષ્ટા હિરણ્યગર્ભ, વૈશ્વાનર અગ્નિરૂપે આ વિશ્વમાં અધ્યક્ષ સ્થાને રહે છે, અને તે અગ્નિદ્વારા મનુષ્યો સ્વર્લોકમાં જાય છે એવી ભાવના સમાજમાં પ્રસરેલી હતી. આ ભૂલોકમાં યજન કરવાનું અગ્નિ-એ પ્રતીક મનાતું. અને નિત્ય અગ્નિહોત્ર,, અથવા નૈમિત્તિક યજ્ઞોમાં અગ્નિનું યજન બુદ્ધિના પ્રસાદનું નિમિત્ત મનાતું. આ યજ્ઞકાંડમાંથી **બ્રાહ્મણ** અને **આરણ્યકો**માં અગ્નિરહસ્યનું પ્રકરણ પ્રવેશ પામ્યું; અને તેમાંથી અંતર્યામી ઇશ્વરની ભાવના ઉભી થઇ હતી. વેદકાળમાં ઘણા દેવોની ભાવના પ્રચલિત છતાં પ્રત્યેક દેવ એક સદ્વસ્તુનાં અનંત રૂપો પૈકીનું એકરૂપ છે એ ભાવના

ઋષિઓના અંતઃકરણમાં સત્વર જાગી ઉઠી હતી. શ્રૌતસંહિતાકાલમાં તત્ત્વ-ચિંતન ત્રણ પદાર્થોને સ્પર્શ કરતું ચાલતું હતું:—

**ચિંતનોના ત્રણ પ્રકાર— આધિભૂત, અધિદૈવ, અધ્યાત્મ—તેનાં ઉદાહરણો.**

(૧) અધિભૂત—એટલે પંચભૂતથી ઘડાયેલા વિશ્વ અથવા જગત્ સંબંધી.

(૨) અધિદૈવ—આ વિશ્વને આત્મા સાથે સંબંધ કરાવનાર ઇન્દ્રિયાદિ જ્ઞાનસાધન ઉપર ઉપકાર કરનાર અધિકારી દેવો સબંધી.

(૩) અધ્યાત્મ—અનુભવ કરનાર આત્મા સંબંધી.

જગત, ઇશ્વર અને જીવ—એ ભવિષ્યમાં વિવિક્ત થનારી ત્રિપુટીના ત્રણ અંશો આડાઅવળા તાણાવાણા તરીકે વેદસૂકતમાં પ્રવેશ પામેલા આપણા જોવામાં આવે છે. સુપ્રસિદ્ધ "પુરૂષસૂક્ત" માં આ ત્રણે ભાવનાઓ વડે એક સુંદર પટ ગુંથાયેલું જણાય છે.

નીચેનાં ત્રણ સૂક્તના અનુવાદ અધિભૂત, અધિદૈવ અને અધ્યાત્મ ભાવને પ્રધાનપણે પ્રકાશ આપનાર ઉદાહરણો છે:—

### અધિભૂતભાવના પ્રાધાન્યવાળું

## નાસદીય સૂક્ત*

ન્હોતું "અસત્ નવ હતું સત્ કંઇ સમે, તે,
ના અંતરિક્ષ, નવ વ્યોમ, હતું પરે કે;
શું આવરે, કવણ કોણ તણા સુખાર્થે,
ને શું હતું ગહન પાણી ગભીર આ કે. ૧

* આ અનુવાદ "અભ્યાસી" નો તા. ૧૩-૧૦-૧૧ નો "વસંતમાં" પ્રસિદ્ધ થયેલો લીધો છે. **નાસદાસીત્**—એ આરંભના શબ્દ ઉપરથી આ સૂત્રનું નામ **નાસદીય** પડયું છે.



ન્હોતું વળી મરણ ને અમૃતે નહોતું,
ના રાત કે દિવસ કાંઈ કળાય એવું;
ને શ્વાસ લેતું નિજ શક્તિથી વાયુ વીણ,
તે એકલું, અવર તેથી ન કાંઇ ભિન્ન. ૨
આરંભમાં તમ હતું તમથી નિગૂઢ,
કહેવાનું ભેદ વિણ જે જળ માત્ર સર્વ;
તે માત્ર "આભુ" વળી છાદિત તુચ્છથી જે,
તે તત્વ એક પ્રકટયું તપના પ્રભાવે. ૩
તેનું હતું પ્રથમ જે મન કેરૂં રેત,
આરંભમાં સબળ તે થયું કાર્યરૂપ;
તે ક્રાન્તદર્શી કવિઓ નિજ બુદ્ધિ યોગે,
મધ્યે "અસત્" તણી રહ્યું "સત્" એમ જાણે. ૪.
તે બીજનાં કિરણ જે પથરાયલાં તે,
આડા તળે ઉપર ને પણ જે હતાં તે;
તેમાંથી કો ઑજ રૂપે થઇ કોઈ ઉગ્યાં,
શક્તિ રહી અહીં અને પ્રભુતા ગઇ ત્યાં. ૫
કો જાણનાર નહિ કો સમજાવનાર,
કયાંથી જગત્ પ્રકટ વિસ્તૃત કયાંથી થાય;
દેવો થયા પણ હતા, પ્રકટયા પછી આ,
કયાંથી થયું, કવણ તો પછી જાણનારા. ૬
આ સૃષ્ટિ સર્વ વિવિધ પ્રકટી જ જેથી,
તે ધારનાર અથવા ધરનાર નાહીં;
અધ્યક્ષ જે પરમ વ્યોમ વિષે વિરાજ્યા,
તે જાણતા કદી હશે નવ જાણતા વા. ૭

(ऋ. मं. १० अ. ११, सू. १३०)

## અધિદૈવભાવપ્રધાન વૈશ્વાનર.

### વૈશ્વાનર અગ્નિની જ્યોત.

આ વેદરાશિથી ભરેલ ધૂમી રહ્યાં છે,
વીંટાયલાં દિવસ રાત્રિ તણા પટેથી;
દ્યાવાપૃથિવી ઝળકે કંઇ શુભ્ર રંગે.
ને ગુપ્ત થાય ઘન અંજન રંગ ધારી. ૧

તેમાં સ્ફુરે સકલમંડલમાં વસેલા,
રાજર્ષિ અગ્નિ પ્રકટી વળી દિવ્ય જ્યોતે;
"વૈશ્વાનરેતિ" સુરહસ્ય ભર્યાં જ નામે,
નીવારતા ઘન તિમિર તણી છટાને. ૨

આડાં અને વળી ઉભાં પખરાયલાં શાં,
સંસારના વિકટ વિગ્રહમાં ગુંથેલાં;

(૧) વૈશ્વાનર—સઘળા વિશ્વાભિમાનીઓના સમૂહમાં મુખ્યાભિમાની તરીકે વ્યાપી રહેલો ચિદ્દ અગ્નિ તેનું બાહ્ય અગ્નિ પ્રતીક છે.

દ્યાવાપૃથિવી—તેનું શરીર છે અને તેમાં રહેલો સઘળો "વેદરાશિ" તેનાં અવયવો છે.

અહોરાત્ર—ધોળાં તથા કાળાં તેનાં વસ્ત્રો છે. તે વડે દ્યાવાપૃથિવી ઢંકાયેલાં છે.

(૨) શરીરીનું નામ વૈશ્વાનર છે. વ્યુત્પત્તિ રહસ્યનામની ઉપર આપી છે. પ્રત્યેક "વિશ્વ" અભિમાનીના સ્થૂલ જગતનું અજ્ઞાન ઇન્દ્રિય વિજ્ઞાન વડે તે દૂર કરે છે.



જ્યોતિતણાં અતિ મનોહર અંશુજાળો,
શી રીતથી દુઃખદ સંસૃતિમાં જ પેઠાં? ૩
આ મર્મને સમજી લે જગમાં જ કોઇ,
તે પુત્ર હોય તદપિ જ ગણાય પૂજ્ય;
પિતૃપદે વિહરતા જ ગણાય પુત્ર,
જો મર્મહીન રહીને વય માત્ર ધારે. ૪

આડી અને વળી ઉભી કિરણાવલિને,
તે **બાલ** સદ્ય ગ્રાહને સમજાવતો શો?
સત્યાર્થથી છલકતા મધુ! વાક્ પ્રવાહે,
રક્ષી રહ્યો અમૃતકુંભ જ એ પરાર્થે. ૫
મોટા! લજાઓ જડ ભાવથી છો ભરેલા,
પ્રત્યક્ષ ચિદ્દ્યુતિ છતાં ન ગ્રહી શકો છો;
બાલપ્રબોધથી પરોક્ષ જ ઝાંખી સાધો,
નીચે રહી અગમ ભૂમિની વાત જાણો. ૬

(૩) વૈશ્વાનર—અગ્નિનાં—વિરાટ અભિમાનીના—વિજ્ઞાનનાં કિરણજાલો સ્થૂલ સૂક્ષ્મ જગત્માં વિસ્તરી રહેલાં છે. સંસાર અનર્થનું કારણ છતાં તે પુરુષાર્થના હેતુભૂત હોવાથી સમજવા યોગ્ય છે.

(૪) વિરાટ શરીરમાં સર્વત્ર સૂત્રાત્મારૂપે પ્રસરેલાં ચૈતન્યમય કિરણજાલો જેઓ પકડી સમજે છે, તે વયે નાનો હોય તો પણ પિતારૂપ છે, અને ન સમજનાર પિતા હોય તો પણ બાલક જેવો છે.

(૫) "ધ્રુવ" જેવો બાલક અંતર્મુખ થઇ આ કિરણજાલોને પકડે છે; સમજે છે.

(૬) અને અન્યને જ્ઞાનગર્ભ વાણીમાં સમજાવે છે. જગતના મોટા જડ હોવાથી ચિતિ જ્યોતિને દેખી શકતા નથી; માત્ર તત્વજ્ઞ બાલકના બોધથી કંઇક પરોક્ષ જ્ઞાન મેળવે છે; અને અગમ ભૂમિની વાતો નીચે રહી કર્યા કરે છે.

આ જાણનાર વળી માનસપુત્ર પ્હેલો,
દીક્ષા ધરી **ધ્રુવ** પદે જ રમી રહેલો;
દેખી રહ્યો અમર જ્યોતિ સદાય મર્ત્યે,
તેનું તનું અમરભાવથી વૃદ્ધિ પામે. ૭
એ જ્યોતિ ધ્રુવપદમાં વિરમી રહેલું,
દોડી જતું મનથી પાર અગમ્ય વેગે;
હૃત્પદ્મમાં વિલસતું અતિ અંતરાલે,
જો જો સુભાગિ સુખકંદથી તે ઉઠેલું, ૮
તે એક યજ્ઞ કરીને સુસમિધ્ ધરીને,
દેવો સમસ્ત શમતા મનના નિરોધે;
જે દિવ્ય જ્યોતિ પ્રભુનું હૃદયે મુકેલું,
કર્ણો સુણો મમ પ્રતાપ જ દિવ્ય તેનો. ૯
નેત્રો સદા નિરખજો નવરૂપ તેનું,
ને મારું ચિત્ત ફરતું સ્થિર ભાવ પામો;
શું શું જણાવું અનુભૂતિ તણા જ મર્મ,
કેવી રીતે મનનથી પકડું હું સર્વ ? ૧૦

(૭) સંસાર યજ્ઞમાં પ્રથમ દીક્ષા ધરનાર હોતા તે બાલક છે. બ્રહ્માના માનસપુત્ર જેવો તે "વૈશ્વાનર"ના અંતર્ જ્યોતિ મનથી પણ આગળ દોડે છે. છતાં હૃદયમાં અત્યંત નજીક છે. ત્યાં તે સ્થિર પ્રકાશે છે અને "સુખકંદ" પરમાત્મામાંથી તે જ્યોતિ ઉભી થયેલી લાગે છે.

(૮) આ વિરાટ શરીરના "પુરુષયજ્ઞ" માં "વિશ્વેદેવા" પોતપોતાનાં નિયત કર્મો કરવા રૂપ સમિધ્ હોમે છે, અને ચિત્તનિરોધ વડે તેના સ્વરૂપને ઝંખે છે; ઋષિ ઇચ્છે (૯) છે કે મારાં નેત્ર, કર્ણઅને મન તે જ્યોતિને-ગ્રહણ કર્યાં કરો.

(૧૦) ઋષિ અનુભૂતિના મર્મને સમજાવવાની અશક્તિ દર્શાવે છે.



અગ્રે ઉભેલ તિમિરાંશુકને ધરીને,
**અગ્ને** પ્રભો ! નમન આ તમને કરે છે;
દેવો સમસ્ત ભયભીત થઈ રહેલા,
રક્ષા કરો અમર આ જગના જનોની. ૧૧

( ऋ. मं. ६. सू. ९ )

**અધ્યાત્મભાવવાળું વાક્સૂક્ત.**

"હું વિશ્વદેવ બનીને જગમાં રમું છું,
આદિત્ય[1] રુદ્ર[2] વળી હું વસુ[3] રૂપ જામું;

(૧૧) વૈશ્વાનર અગ્નિના **બાહ્ય** પ્રતીક અગ્નિની સ્તુતિ કરે છે. તે અગ્નિ અંધારાનું વસ્ત્ર પહેરી ઉભા છે. બાહ્ય અગ્નિ ધૂમથી વીંટાયલો હોય છે તેથી અજ્ઞાનતિમિર તેનું વસ્ત્ર છે. તે વસ્ત્રને લીધે-અજ્ઞાનના આચ્છાદનને લીધે-વિશ્વેદેવા તેનાથી બ્હીએ છે, જો કે આત્મા છે તોપણ સંસારિજનોની અંતઃપ્રજ્ઞા ઉઘાડનાર અગ્નિદેવ છે. તે અજ્ઞાનથી રક્ષણ કરો અને જ્ઞાનનેત્ર ઉઘાડો એ છેવટની પ્રાર્થના છે.

આ સૂક્ત ભરદ્વાજ ઋષિનું છે.

ટિપ્પણ. ૧-૨-૩. દ્વાદશ આદિત્ય, એકાદશ રુદ્ર, અને અષ્ટ વસુ, ઇંદ્ર અને પ્રજાપતિ મળી ૩૩ દેવ કોટિ અર્થાત્ વર્ગ ગણાય છે. કોટિનો કરોડ અર્થ થઈ તેત્રીસ કરોડ દેવની પ્રથા લોકમાં ચાલે છે.

નાશ ન પામે તેવી **अदिति** ના બાર માસમાં નવા નવા ભાવથી પ્રકટ થતા બાર પુત્રો સૂર્યો અથવા આદિત્યો ગણાય છે. અને તેના પ્રતીકો દ્વાદશ માસનાં સૂર્યબિંબો છે. માનુષ શરીરમાં દશ પ્રાણ અને અગીઆરમું મન મળી એકાદશ રુદ્ર છે. તેમના ઉત્ક્રમણ સમયે લોકો મરણના નિમિત્તે રડે છે માટે રુદ્ર કહેવાય છે. પૃથિવી અને તેના દેવ અગ્નિ; અંતરિક્ષ અને તેના દેવ વાયુ; દ્યૌઃ અને તેના દેવ સૂર્ય; નક્ષત્ર મંડળ અને તેના દેવ ચંદ્ર—મળી આઠ વસુ ગણાય છે, કેમકે તેમાં ચૈતન્ય શક્તિ વાસ કરી રહેલી છે; અને સઘળો નિધિ પણ તેમાં રહેલો છે.

હું મિત્રને[૪] વરુણને[૫] ભરીને રહી છું,
ઇન્દ્રાગ્નિને જગવું છું વળી અશ્વિનોને. ૧
જે રાજધાની વસુની ચિતિ જ્યોતિવાળી,
યજ્ઞોવડે પ્રથમ સંગમની[૬] ગણાતી;
દેવો પ્રવેશી બહુ પૌરજનો ગણાતા,
તે દિવ્યરૂપ મુજનું ઝળકાવતા આ. ૨
હું સ્પષ્ટ વાણી વદું છું અનુભૂતિની આ,
દેવો તથા મનુજના હિતની ગણાતી;
જેનો પ્રકર્ષ કરવા મનમાં હું ધારૂં,
તેને બનાવું ઋષિ હું વળી આદ્યદ્રષ્ટા. ૩

---

અંતરિક્ષમાં વિદ્યુત્ શક્તિથી ભરપુર દૈવી બલ–ઇન્દ્રનું છે; અને પૃથ્વીમાં ધર્મપ્રવર્તાવનાર યજ્ઞ નારાયણ પ્રજાપતિ છે. ઇન્દ્ર–પ્રજાપતિનો પરસ્પર યોગ છે. પ્રજાપતિ પાસે ઇન્દ્રે બ્રહ્મવિદ્યા મેળવી હતી એવી આખ્યાયિકા છે અર્થાત્ ધર્મદ્વારાજ બ્રહ્મજ્ઞાન થાય છે એ રહસ્ય છે.

૪–૫. આ બે દેવોનું વેદમાં જોડકા તરીકે વારંવાર વર્ણન છે. પુરાણ અને આગમમાં પરમેશ્વરના ઉત્પત્તિ, સ્થિતિ અને લય ઉપરાંત અથવા ત્રિગુણ મૂર્તિ ઉપરાંત અનુગ્રહ અને તિરોધાન કરવાના બે ગુણોનું વર્ણન આવે છે. **मित्र** નામથી પરમેશ્વરની અનુગ્રહ કરનારી સત્તા; અને કર્મની ગહનવાસનાજાલમાં આપણાં પાપ–પુણ્યને ઢાંકી ( **वृ**=ઢાંકવું ) વર્તમાન પુરૂષાર્થમાં પ્રેરનાર સત્તા વરૂણની છે. **मित्र**નો સૂર્ય સાથે અભેદારોપ; અને **वरुण**નો સમુદ્ર સાથે અધ્યારોપ તેમના ગુણસામ્યથી થયો છે.

૬ સંગમની—નામ વસુની રાજધાનીનું છે. ઉપર જણાવેલા અષ્ટ વસુનો સુશ્લિષ્ટ સંઘાત ( organic whole )–સંગમની શબ્દથી વિવક્ષિત છે. તેમાં દેવનો અધિવાસ છે.



શ્રદ્ધા તમારી શ્રુતિ [૭]વાક્ય મહી વસે જો,
તો હું વદું શ્રુતિમુખે શ્રવણે ધરો આ,
જે શ્વાસ ધારી જીવ આ મુજ બીજ[૮] મંત્રે,
મારા રહસ્ય સ્વરને સુણતાં રહે છે. ૪

જેઓ વિચારરત થઇ મનમાં જુએ છે,
તે જાણતા મુજ બળે ભુવનો ટકે છે;
જેઓ બહિર્મુખ બની ભમતા ફરે છે,
તે ક્ષીણ થાય બલયોગ વિના સુકાતા. ૫

હું રુદ્રને[૯] ધનુષ અર્પું અમોઘ વીર્ય,
બ્રહ્મદ્વિષો ઝટ હણાય શર પ્રહારે;

---

૭ વાસ્તવ "શ્રુતિ" કોને કહેવી તેનો મર્મ આ વાક્યમાં છે. બ્રહ્માત્મૈક્યનો અનુભવ જેને જાગૃત્ થયો છે તેની ઉક્તિ નૈસર્ગિક શ્રુતિ છે.

૮ **हूँ–एँ**—એ વાગબીજ છે. તંત્રમાં આ અક્ષરનો મહિમા બહુ વર્ણવ્યો છે. વેદમાં માત્ર हूँ નિપાત છે. પણ સ્વાનુભવની ખાત્રી કરવામાં જેમ ગુજરાતીમાં "હું" એટલે ખરૂં એવા ભાવવાળા શબ્દનો ઉચ્ચાર કરીએ છીએ તેમ વેદવાણીમાં हूँ–નિપાત અનુભવના સત્યપણાને જણવનાર છે. તેથી સત્યાર્થ ગ્રહન કરનાર તરીકે પાછળથી તેનો બીજમંત્ર તરીકે ઉપયોગ થયેલો લાગે છે.

૯ વેદાર્થનું જેઓ હનન કરે છે અર્થાત્ જેઓ ધર્મ અને બ્રહ્મનો તિરસ્કાર કરે છે તેઓ **ब्रह्मद्विष्** કહેવાય છે. તેઓ વિશ્વતંત્રના વિરોધી થવાથી ઈશ્વરના સંકેતના અનુકૂલ નથી, અને તેથી રુદ્ર તેને હણે છે અર્થાત્ દેહાન્તર પરિણામ પમાડે છે. બ્રહ્માને પણ પોતાની દીકરી ઉપર વિકારી દૃષ્ટિ કરતાં રુદ્રે મસ્તક છેદ કર્યાની પૌરાણિક કથા આ ભાવનું પ્રતિપાદન કરે છે.

અંતર્ પ્રવેશી કરૂં છું જનને સુમસ્ત,
દ્યાવાપૃથિવી ધરીને રહૂં છું સમર્થ. ૬
હું સોમની વિકલતા હણીને બનાવું
પૂર્ણેન્દુ રૂપ વળી મંડલ[૧૦] સૂર્યનાને;—
ત્વષ્ટા બનાવું વળી પૂષણ નામ આપું,
તેના વિનાશી બલથી ભગનામ આપું. ૭
જે અર્પતાં હવિષ્‌ને રસ સોમ કાઢી,
તેને ઘણું દ્રવિણ અર્પું જગે અગાધ;
ચૈતન્ય વર્ષણ કરી પિતૃને[૧૧] પ્રબોધું,
અંતઃ સમુદ્ર[૧૨]જલમાં મુજ યોનિ રાખું. ૮
ત્યાંથી સચેત કરૂં છું ભુવનો અનંત,
વિશ્વાત્મ રૂપ ધરીને પ્રતિઅંડ યોગી;
વાયુની યુક્તિ ધરીને સઘળે ફરૂં છું,
વિશ્વે અનંત ભુવનો મહિં હું રમું છું. ૯
આલોકથી પર અને પૃથિવીથી પાર,
મારા અખંડ માહમા સમજો રસાળ—"
(ऋ. मं. १०. १२६.)

૧૦ સૂર્યનાં **ત્વષ્ટા**, **પૂષણ** અને **ભગ** એ ત્રણ નામ ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાના ધર્મને અવલંબી ઘડાયાં છે. પાછળથી તે ત્રિમૂર્તિમાં બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્રમાં સમાઈ ગયા છે.

૧૧ "હું પિતાને પણ જન્મ આપું છું"—એવો શબ્દાર્થ છે. જીવચેતન થી પર ઇશચેતન છે અને તે વસ્તુતઃ પિતૃસ્થાને છે. તે સગુણ ઈશ્વર પણ મારા સ્વયં જ્યોતિ સ્વરૂપના વર્ષણથી પ્રકટે છે.

૧૨ બ્રહ્માંડમાં માયારૂપ યોનિમાં, અને પિંડમાં બુદ્ધિરૂપ યોનિમાં ચૈતન્યનું વીર્ય-બલ પડવાથી સઘળાં ભુવનો સચેતન થાય છે.



આ સૂક્ત રમ્ય અનુભૂતિતણું વિશાલ,
વાઙ્નામ[૧૩] ધારી મુનિ અંભૃણની કુમારી;
તેના વિશુદ્ધ હૃદયે સ્ફુટ ભાવ પામી,
આ ગુર્જરી મહિં સ્ફુરે કિરણાવલિથી.

આ સૂક્તોના મંત્રદ્રષ્ટાઓના ઐહિક જીવન સંબંધી કંઈ માહિતી આપણને મળી આવતી નથી, માત્ર ઋષિનાં નામો પરંપરાથી ચાલ્યાં આવે છે તે પણ ક્રમશઃ લોપ થવા પામ્યાં છે.

**नासदीयसूक्त**—પરમાત્માને નામે આરોપાયું છે. ઋષિના નામનો લોપ થયો છે.

**वैश्वानरसूक्त**—ભરદ્વાજ ઋષિની દૃષ્ટિમાં ઝળક્યું જણાય છે.

**वाक्‌सूक्त**—અંભૃણ મુનિની દુહિતા વાક્ નામની બ્રહ્મ વિદુષી હતી એટલું આપણે જાણીએ છીએ. મંત્રદ્રષ્ટ્રીનું નામ વાક્–સરસ્વતી સાથે ભેળસેળ થવાથી પાછળથી આ સૂક્ત સરસ્વતી દેવીનું મનાવા લાગ્યું છે.

**બ્રાહ્મણ ગ્રંથોમાં તત્વદર્શનની અભિવ્યક્તિ.**

યજ્ઞકાંડના આ સંહિતા વિભાગનાં અસ્તવ્યસ્ત ચિંતનોએ બ્રાહ્મણ વિભાગમાં કંઈક વ્યવસ્થા ધારણ કરી, અને પાછળના દર્શનકાળની સિદ્ધાન્ત પદ્ધતિરૂપે નહિ, પણ અમુક ઋષિનું ચોક્કસ શું મન્તવ્ય છે તેનું ભાન બ્રાહ્મણ વિભાગમાં થવા લાગ્યું. જેમ નીહારિકામાંથી અવ્યક્ત જગત્ વ્યક્તાકાર પરિણામને પામે છે તેમ સંહિતા કાળનાં અવ્યક્ત ચિંતનોના તંતુઓમાંથી બ્રાહ્મણ કાળનાં તત્ત્વવિદ્યાને લગતાં વસ્ત્રો વણાવા

૧૩. મૂલ સૂક્ત-**अंभृण** મુનિની કન્યા બ્રહ્મવિદુષી **वाक्** નામની હતી તેના દર્શનનું છે. પાછળથી વર્ણમાલાના આદ્ય અને અંત અક્ષરોના સંપુટમાં **अ+हम्**માં વાક્‌શક્તિનો સમાસ કરી સરસ્વતી સૂક્ત તરીકે આનો ઉપયોગ થાય છે. પ્રત્યેક મંત્રનું આદ્યપદ **अहम्** છે.

લાગ્યાં, તેમાં જાત ભાતનો વિવેક થયો, પરંતુ સ્વતંત્ર ઓઢવા પાથરવા લાયક હજુ તે વસ્ત્રો નહતાં. ચિંતનોની કસોટી યજ્ઞને લગતી પરિષદોમાં* (ધર્મની સામાજિક બેઠકોમાં) થતી હતી, પરંતુ તેને આચરણમાં મૂકવાની કુંચી ઋષિઓ પોતાના શિષ્યોને ગુપ્ત બેઠકમાં–ઉપનિષદોમાં+ આપતા–પાસે બેસી રહસ્ય વિદ્યાનો બોધ આપવાના ક્રમ ઉપરથી એકાન્ત બેઠકનો વાચક ઉપનિષદ્ શબ્દ રહસ્ય ગ્રંથોનો વાચક થયો. અને અવિદ્યાનો નાશ કરવાના તેના બીજા ધાત્વર્થ ઉપરથી તે બ્રહ્મવિદ્યાનો બોધક થયો.

**ઉપનિષદ્ ગ્રંથોનો ઉદ્દય.**

તત્વ વિદ્યાના રહસ્ય ગ્રંથો ( ઉપનિષદો ) ને વેદના જ્ઞાનકાંડનું નામ આપવામાં આવે છે. આ ગ્રંથો સંહિતા, બ્રાહ્મણ અને તેના અંતર્ગત આરણ્યક ખંડમાં ગોઠવાયલા છે; અથર્વવેદનાં ઘણાં ઉપનિષદો જેનું સંહિતા અથવા બ્રાહ્મણમાં કયાં સ્થાન છે તે હાલ પકડી શકાતું નથી તે બાતલ કરવામાં આવે તો આ ગ્રંથો પોતાના મૂલ સંદર્ભના પૂર્વાપર સંબંધથી અધિક સ્પષ્ટ અર્થનું ભાન કરાવે તેવા છે.

## (૨) ઉપનિષદ્ કાલ.

**ઉપનિષદોનો બે પ્રકારનો સમુચ્ચય. શબ્દરચનાનુસાર વેદાનુસાર અને વિષયાનુસાર ઉપનિષદોનું વર્ગીકરણ.**

યજ્ઞકાંડના કર્મ વિભાગમાંથી જ્ઞાનકાંડના ચિંતન વિભાગના આ ઉપનિષદ્ નામના ગ્રંથોની પાછળથી સંહિતા અથવા સમુચ્ચય થયો છે. આ સમુચ્ચયના બે પ્રકાર છે. (૧) ઉત્તર ભારત વર્ષમાં ગોઠવાએલો; અને (૨) બીજો દક્ષિણાપથમાં ગોઠવાયેલો. પ્રથમના સમુચ્ચયમાં ૫૨ ઉપનિષદ્ આવે છે, અને બીજામાં ૧૦૮ આવે છે. પહેલા સમુચ્ચયના ઉપર શ્રીનારાયણની દીપિકાઓ છે; અને ગોઠવણ પણ નારાયણે રચેલી હોય એવું અનુમાન થાય છે. બીજો સમુચ્ચય પાછળથી થયેલો જણાય છે.

---

* પરિષદ્= **परि+सद्** =સર્વત્ર બેસવું–મોટી પ્રસિદ્ધ બેઠક.

\+ ઉપનિષદ્=**उप+नि+सद्**=(૧) ઘણું નજીક બેસવું (ગુપ્ત વિદ્યા સમજવા સારૂ) (૨) નિઃશેષ અવિદ્યાનું કાપવું.



શ્રી શંકરાચાર્યના સમયમાં ઉપનિષદ્ તરીકે સ્વીકારાયેલા ગ્રંથો કેટલા હશે તેનો નિર્ણય થઇ શકે તેમ નથી તોપણ તેમના ગ્રંથોની પરીક્ષા ઉપરથી સમજાય છે કે તેઓ ચૌદ ઉપનિષદોનો આશ્રય લે છેઃ—(૧) છાન્દોગ્ય., (૨) બૃહદારણ્યક., (૩) તૈત્તિરીય, (૪) મુંડક., (૫) કાઠક., (૬) કૌષીતકી., (૭) શ્વેતાશ્વતર (૮) પ્રશ્ન., (૯) ઐતરેય., (૧૦) જાબાલ., (૧૧) મહાનારાયણ., (૧૨) ઈશાવાસ્ય., (૧૩) પૈંગી., (૧૪) કેન. આ ઉપરાંત માંડૂક્ય ઉપરની ગૌડપાદકારિકા સાથેના ગ્રંથને પ્રકરણ ગણવામાં આવતું, અને કેવલ ઉપનિષદ્ તરીકે ગણાતો ભાગ તે પ્રકરણ ગ્રંથનો આગમ ભાગ ગણાતો.

રચના ઉપરથી પ્રસિદ્ધ ઉપનિષદો નીચે પ્રમાણે ગોઠવાય છેઃ—

| (अ) પ્રાચીન ગદ્ય ઉપનિષદો. | (ब) વચલા સમયમાં પદ્યાત્મક ઉપનિષદો. | (क) શ્રૌતકાલના અંતભાગનાં ગદ્યાત્મક ઉપનિષદો. |
|---|---|---|
| બૃહદારણ્યક | કાઠક | ... |
| તૈત્તિરીય | ઇશ | પ્રશ્ન |
| ઐતરેય | ... | ... |
| કૌષીતકિ | શ્વેતાશ્વતર | મૈત્રાયણી |
| કેન | મુંડક | ... |
| છાન્દોગ્ય | મહાનારાયણ | માંડૂક્ય |

શાંકર વિચારનાં વિષયભૂત થનારાં ચૌદ ( અને માંડૂક્ય સાથે પંદર ) ઉપનિષદો વેદશાખા પ્રમાણે નીચેના વર્ગીકરણમાં આવે છેઃ—

| ઋગ્વેદનાં | યજુર્વેદનાં | સામવેદનાં | અથર્વવેદનાં |
|---|---|---|---|
| (૧) ઐતરેય (આરણ્યકમાંથી) | (૧) તૈત્તિરીય (કૃષ્ણ અથર્વવેદ) | (૧) છાન્દોગ્ય (તાણ્ડ્ય શાખા) | (૧) મુંડક |
| (૨) કૌષીતકી | (૨) મૈત્રાયણી (શુક્લ યજુઃશાખા) | (૨) તલવકાર અથવા કેન (જૈમિનીય શાખા) | (૨) પ્રશ્ન |

(૩) કાઠક ( યજુઃશાખા હાલ લુપ્ત થયેલી ) (૩) નૃસિંહ-તાપનીય.

(૪) શ્વેતાશ્વર ( યજુઃશાખા હાલ લુપ્ત થયેલી ) (૪) માંડૂક્ય.

(૫) બૃહદારણ્યક ( કાણ્વ શાખા ]

(૬) ઇશાવાસ્ય ( શુકલ યજુર્વેદ સંહિતા વાજસનેયિ શાખા. )

(૭) મહાનારાયણ ( કૃષ્ણ યજુઃ શાખા તૈત્તિરીયોની )

અથર્વવેદનાં નારાયણની દીપિકાવાળાં ૩૮ ઉપનિષદોનું વિષયાનુસાર વર્ગીકરણ નીચે મુજબ છેઃ—

| (૧) તત્વપ્રધાન. | (૨) યોગપ્રધાન. | (૩) સન્યાસ પ્રધાન. | (૪) દેવતાપ્રધાન. | |
|---|---|---|---|---|
| મુંડક | બ્રહ્મવિદ્યા | બ્રહ્મ | | |
| પ્રશ્ન | ક્ષુરિકા | સન્યાસ | અથર્વશિરસ | શૈવમતનાં |
| માંડૂક્ય | ચુલિકા | આરૂણેય | અથર્વશિખા | |
| ગર્ભ | નાદબિંદુ | કથાશ્રુતિ | નીલરૂદ્ર | |
| પ્રાણાગ્નિહોત્ર | બ્રહ્મબિંદુ | પરમહંસ | કાલાગ્નિરૂદ્ર | |
| પિંડ | અમૃતબિંદુ | જાબાલ | કૈવલ્ય | |
| આત્મા | ધ્યાનબિંદુ | આશ્રમ | મહાનારાયણ | વૈષ્ણવમતનાં |
| સર્વોપનિષદ્સાર | તેજોબિંદુ | | આત્મબોધ | |
| ગારૂડ | યોગશિખા | | નૃસિંહપૂર્વતા-પનીય. | |
| | યોગતત્ત્વ | | નૃસિંહઉત્તર-તાપનીય | |
| | હંસ | | રામપૂર્વભાવ-નીય | |
| | | | રામઉત્તર-તાપનીય. | |



શ્રૌતકાળ પછી તે મુસલમાનોના અર્વાચીન રાજ્ય સમય સુધીમાં ઉપનિષદોનો વિસ્તાર ઘણો થયેલો લાગે છે. **અલ્લોપનિષદ્** પણ પેઠું છે. **વજ્રસૂચિ** ઉપનિષદ્ બૌદ્ધમાર્ગની છાયાનું પણ **તાંત્રિક ઉપનિષદો** પેઠું છે. તથા શાક્ત આગમના **ત્રિપુરા, કાલી, અન્નપુર્ણા, ભાવના, દેવી**, ઇત્યાદિ ઘણાં ઉપનિષદો પ્રવેશ થયાં છે. આ સર્વને કોઇપણ વેદશાખાની સંહિતા અથવા બ્રાહ્મણ ગ્રંથમાં સ્થાન સપ્રમાણ દર્શાવી આપવામાં ન આવે ત્યાં સુધી તે ગ્રંથો શ્રૌત ગણાવા જોઇએ નહિ.

કેટલાક વિદ્વાનો તરફથી હાલ એવું પ્રસિદ્ધ થાય છે કે અથર્વવેદનો એક સૌભાગ્ય કાંડ હતો, અને તેમાં ઘણાં ઉપનિષદો શાક્તમાર્ગનાં હતાં; આ કાંડ જ્યાં સુધી પ્રસિદ્ધ ન થાય તથા તેની પ્રતોની પરીક્ષા ન થાય ત્યાં સુધી આ ઉપનિષદો વેદમાર્ગનાં નહિ પણ તંત્રમાર્ગનાં ગણાવાં ઘટે છે. વેદમાર્ગ અને તંત્રમાર્ગ નિગમ અને આગમની, રહસ્ય ધર્મની પ્રણાલિકાઓ સમાંતર લીટીઓની પેઠે ચાલી આવે છે, અને તેથી તંત્રમાર્ગનાં ઉપનિષદો હોય તેમાં કંઇ આશ્ચર્ય નથી. પરંતુ બન્નેની વિચારશ્રેણી મૂળથીજ જૂદી ચાલતી આવી છે. વેદમાર્ગની રહસ્ય વિચાર શ્રેણી પ્રસિદ્ધ યજ્ઞ ધર્મમાંથી વિકાસ પામી છે; ત્યારે તંત્રમાર્ગની રહસ્યવિચારશ્રેણી ગોપ્ય ગૃહધર્મ, કુલધર્મ અને આચારધર્મમાંથી પ્રકટેલી છે.

જેવી રીતે અશ્રૌત ઉપનિષદો શ્રૌત ઉપનિષદ્સમૂહમાં પેઠાં છે; તેવી રીતે કેટલાંક વાસ્તવિક શ્રૌત ઉપનિષદો શાખાના અધ્યયનના અભાવે વિદ્વાનો અને વિચારકોની દૃષ્ટિમર્યાદા બહાર ગયાં છે. અને તંત્ર જેવાં ગણાય છે. ઉદાહરણ તરીકેઃ—

| | |
|---|---|
| તૈત્તિરીય આરણ્યકનું. | **आरुणोपनिषद्** |
| ઐતરેય આરણ્યકનું | **प्राणोपनिषद्.** |
| અથર્વવેદના ગોપથ બ્રાહ્મણનું | **प्रणवोपनिषद्.** |
| અથર્વવેદના ગોપથ બ્રાહ્મણનું | **गायत्र्युपनिषद्.** |

## (૩) શ્રૌતસમયના મુખ્ય અધિભૂત ચિંતકોઃ—

શ્રૌતગ્રંથોનું અવલોકન કરતાં **સમજાય** છે કે પ્રથમ ચિંતન તત્વવિદ્યાના સંબંધમાં **અધિભૂત** દષ્ટિબિંદુથી થતું હતું. જગત્‌નાં આદિકારણનાં અનંત નામો આપવામાં આવતાં. પ્રસંગે તેને **અસત્** કહેવામાં આવતું, પરંતુ એ અભાવના **અર્થ**માં નહિ, પણ જેના ભીતરમાં સમાયેલાં ભાવિ પ્રાણીપદાર્થોનાં નામરૂપ વ્યક્ત **નથી** થયાં એવા દ્રવ્યને તેઓ **અસત્** કહેતા. તેમનો તે મર્મ સમજાય તેટલા સારૂ પ્રસંગે તેને તેઓ **સત્** કહેતા; તેમનું તે નામ વધારે પાછળથી પસંદગીમાં પડયું લાગે છે. **અવ્યક્ત** નામરૂપવાળા દ્રવ્યને **ઋત** કહેતા અને વ્યક્ત થવાના ક્રમમાં પડેલા દ્રવ્યને **સત્ય** કહેતા. આ આદિકારણ સ્વયંભૂ અને અવિનાશિ છે એ જણાવવા તેને **અક્ષર** પણ કહેતા. આ જગદ્‌ધાતુ-અસત્, સત્, ઋત, સત્ય, અક્ષર ઇત્યાદિ ઘણાં નામથી ઓળખાતું, અને તે મોટામાં મોટું સઘળા વિશ્વને પ્રકટ કરવાના સામર્થ્યવાળું બ્રહ્મ-શબ્દથી છેવટે રૂઢ થયું. બ્રહ્મતત્વ બે ભાવથી ઓળખાતુંઃ—(૧) વિશ્વથી પર અથવા વિશ્વોત્તીર્ણ જેને પરબ્રહ્મ નામ અપાયું. અને (૨) વિશ્વનું અંતર્ગત અથવા વિશ્વમય જેને અપરબ્રહ્મનામ અપાયું.

અધિભૂત ચિંતકો બ્રહ્મના પરત્વ ઉપર જેટલો ભાર મૂકતા તેના કરતાં બ્રહ્મના અપરત્વ ઉપર વધારે વિચાર કરતા હતા. કેમકે તે અપર બ્રહ્મજ ચિંતનના, અથવા શ્રૌત પરિભાષામાં કહીએ તો ઉપાસનાના, વિષયરૂપ થઇ શકે છે.

શ્રૌતકાલમાં અધિભૂત ચિંતકોમાં **શાંડિલ્ય** અને શ્વેતકેતુના પિતા **ઉદ્દાલક** આરૂણિ પોતાના સ્વતંત્ર વિચારોને જણવે છેઃ-

શાંડિલ્ય મહર્ષિના નામે એક સ્વતંત્ર વિદ્યાનું વિધાન છાન્દોગ્ય ઉપનિષદ્‌માં કરવામાં આવે છે. તે મહર્ષિએ પોતાના વિચારો નીચેની વાણીમાં દર્શાવ્યા છેઃ—



બ્રહ્મ, ભૂતસૃષ્ટિમાં ખરૂં—વિરાટ્ શરીરમાં વ્યાપી રહેલું ખરૂં; વળી તે પ્રાણસૃષ્ટિમાં ભૂતસૃષ્ટિના ચાલક રૂપે—સૂત્રાત્મા અથવા હિરણ્યગર્ભરૂપે પ્રવર્તતું ખરૂં. પરંતુ તે બંને રૂપો ભૂતાત્મક અને પ્રાણાત્મક ( સ્થૂલ અને સૂક્ષ્મ સૃષ્ટિરૂપ ) વિકારી અને છાયારૂપ છે. પરંતુ તે જે અધિકરણમાં વિકાર રૂપે જણાય છે, જેની વડે છાયારૂપે તરવરે છે, તે અધિકરણનાં તેઓ બાહ્ય રૂપો છે. અધિભૂત સૃષ્ટિના અધિદેવ પ્રાણો નાડીરૂપ-જીવનરૂપ ખરા. તે પ્રાણોવડેજ સ્થૂલ જગત્‌ની ચેષ્ટા અને જીવન, અને **તેથી** તેઓ **સત્ય** ખરા; પરંતુ **सत्यस्य सत्यम्** એવું એક આત્મતત્વ તે બ્રહ્મનું પરમ સત્યરૂપ છે. ઋષિઓની પરિભાષામાં કહીએ તો “ પૃથ્વી, જલ અને તેજ—એ બ્રહ્મનાં અધિભૂત મૂર્ત-રૂપો, અને વાયુ, તથા આકાશ એ અમૂર્ત રૂપો છે ”

મૂર્તના પરિણામો મર્ત્ય; અને અમૂર્તના પરિણામો ઘણો સમય રહેનારાં તેથી અમર્ત્ય. મૂર્ત બ્રહ્મના પરિણામો જ્યારે સ્થિર અથવા સ્થાવર; ત્યારે અમૂર્તના પરિણામો ચલ અથવા જંગમ.

મૂર્ત પરિણામો જગત્‌ની દૃષ્ટિથી સત્ અથવા ખરાં ( Real ); ત્યારે અમૂર્ત પરિણામો ત્યત્—એટલે વધારે ખરાં ( Ideal ). મૂર્ત—પરિણામોમાં—“ આ ” પણાનું અભિમાન બંધાય; મમ-મારા-એવું અભિમાન બંધાય, ત્યારે અમૂર્તમાં “ હું ” પણાનું અભિમાન જાગે; મૂર્તસમૂહ તે સ્થૂલપ્રપંચ; અને અમૂર્તસમૂહ તે વાસનાપ્રપંચ.

પરંતુ આ વિસ્તાર અથવા પ્રપંચ **सत्यस्य सत्यम्** એવું આત્મભાવે ઓળખાતા બ્રહ્મનો મહિમા. તે મહિમામાં-તે વિભૂતિમાં-ભૂમા (બ્રહ્મ) બેઠેલું; અને તેમાં તેની પ્રતિષ્ઠા.”

આ અધ્યાત્મ દર્શન પિંડસ્થ મર્યાદિત આત્માનું નહિ, પરંતુ બ્રહ્માંડસ્થ અમર્યાદિત આત્માનું. તેથી આત્માનું અનેકપણું શ્રૌતકાલના અધ્યાત્મચિંતકોએ સ્વીકાર્યું નથી. **योऽसावादित्ये सोऽसावहम्**-એ સઘળાં પ્રાચીન મુખ્ય ઉપનિષદોનું તાત્પર્ય સ્વતંત્ર અભ્યાસકોને સ્ફુરી આવે **તેમ છે. ભૂતાત્મ** દર્શન કરનાર કૃપણ-શોચનીય; **પ્રાણાત્મ** દર્શન કરનાર

વધારે ઐહિક અને પારલૌકિક સુખ મેળવે, પરંતુ **બ્રહ્માત્મ** દર્શન કરનાર અહીંજ જીવતો અમૃતભાવ ભોગવે અને તેજ બ્રાહ્મણ, ભૂતાત્મા, અને પ્રાણાત્મા કરતાં ચઢીઆતો પુરુષ–સંસાર શરીરમાં વાસ કરી રહેલો–તેનીજ શોધ તત્ત્વચિંતકોએ કરવાની છે–એ રહસ્ય ઉપર યાજ્ઞવલ્કયકાંડમાં છેવટે શાકલ્યના સઘળા પ્રશ્નોના ઉત્તર આપ્યા પછી પ્રતિબંદી સામો પ્રશ્ન–યાજ્ઞવલ્કયે પૂછયોઃ–

**तं त्वौपनिषदं पुरुषं पृच्छामि**–"હું તને તે ઉપનિષદ્–ગમ્ય પુરુષનું સ્વરૂપ પૂછું છું" તેનું ઉત્તર શાકલ્ય આપી શકયો નહિ, અને તે હાર્યો–ઉપનિષદ્ ભાષામાં મરણ પામ્યો. યાજ્ઞવલ્કય મર્મ વાકયોથી છેવટે સઘળાઓને નમસ્કાર કરી કહે છેઃ—

'મોટા વૃક્ષ જેવો આ પુરુષ છે. જેવાં વૃક્ષનાં પર્ણો તેવાં પુરુષનાં લોમ; જેવી વૃક્ષની છાલ તેવી પુરુષની ત્વચા; જેવી રીતે છાલના ભેદથી રસ ઝરે તેમ પુરુષની ત્વચાના ભેદથી રુધિર નીકળે; વૃક્ષની ગ્રંથિઓ તેવી પુરુષની માંસલ પેશીઓ; વૃક્ષના લાકડાની અંદરની શિરાઓ તેવા પુરુષના સ્નાયુઓ; વૃક્ષનો સખત ભાગ તેવાં પુરુષનાં હાડકાં; વૃક્ષનાં પલ્લવો છેદાય તોપણ તે નવાં નવાં વધે. તેવા પુરુષનાં મર્ત્ય અણુઓ છેદાય–નાશ–પામે તોપણ તે વધે. કયા મૂલમાંથી આ પુરુષ જીવનબલ મેળવે છે? વીર્યમાંથી આ પુરુષ ઉગે છે અથવા નવ જીવન મેળવે છે એવું કહેવાનું સાહસ કરશો નહિ, તે વીર્ય તો **જીવતા** પુરુષમાંથી પ્રકટે છે, અને તેથી પુરુષનું મૂલ શી રીતે કહેવાય ? એકવાર જન્મ્યા પછી પુનઃ શી રીતે જન્મે? આ પુરુષનું મૂલ ચિન્મય અને આનંદમય બ્રહ્મ છે; જેઓ એ બ્રહ્મની "લ્હાણી" કરે છે તેઓ બ્રહ્મમૂલમાં વસે છે અને પોતે જાણી જીવે છે, અને અન્યને જીવાડે છે."

ભવિષ્યમાં થનારાં દર્શનશાસ્ત્રોનો પાયો આ ત્રણ પ્રકારના શ્રૌતચિંતનોમાં છે.

### (૯) ત્રણ દૃષ્ટિબિંદુની સમાલોચના.

શ્રૌતચિંતનો ત્રણ દૃષ્ટિબિંદુથી જે તાત્પર્યનિર્ણય ઉપર ગયાં છે તે આપણે વિચારી જોયું. પરંતુ ત્રણ દૃષ્ટિબિંદુવડે

**ત્રણ દૃષ્ટિબિંદુથી જગત જીવ અને ઈશ્વર સંબંધી ભિન્ન ભાવનાઓ.**

જગત્ જીવ અને ઈશ્વરની સંભાવનાઓ ભિન્ન ભિન્ન બંધાઈ, અને ભવિષ્યનાં દર્શનશાસ્ત્રોનો પાયો આ ચિંતનોમાં નંખાયો. નીચેના કોષ્ટકથી તે સ્પષ્ટ થશે.



| | **अधिभूत** દૃષ્ટિબિંદુ. | **अधिदैव** દૃષ્ટિબિંદુ. | **अध्यात्म** દૃષ્ટિબિંદુ. |
|---|---|---|---|
| ૧ | જગદ્બીજ-સદ્ અથવા બ્રહ્મ ભૂતરૂપે પરિણમે છે તેમાં વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. અને પોતે વિશ્વમય બને છે. | જગદ્બીજ વિશ્વમય બને તે, ખરૂં પરંતુ તેના મૂર્ત તથા અમૂર્ત મર્ત્ય–અમર્ત્ય, સત્ તથા ત્યત્–એવા વિભાગ પડે છે, અને પ્રાણસૃષ્ટિ ચાલક આત્મા છે. ભોગ્ય તથા ભોક્તારૂપ સૃષ્ટિનો વિવેક છે. | મૂર્ત અમૂર્તાત્મક બ્રહ્મ તે અપર; અને તેવા ભાવથી રહિત પરબ્રહ્મનું સ્વરૂપ છે. આથી વિશ્વમય છતાં વિશ્વોત્તીર્ણ બ્રહ્મ ખરૂં વિશ્વમય બ્રહ્મ સત્ય; પરંતુ વિશ્વોત્તીર્ણ તો **सत्यस्य सत्यम्**. |
| ૨ | પરિણામ પામેલું જગત્ વિશેષ રચના અને શોભા વાળું **વિરાટ્** છે. | પરિણામ પામેલા જગત્ના વિરાટ્ શરીરનો ચાલક આત્મો **હિરણ્યગર્ભ** (પ્રાણશરીર મનોમય ઈત્યાદિ સંજ્ઞાવાળો) ચાલક છે. | મૂર્ત તથા અમૂર્તથી ચઢીઆતું, જગદંકુરનું મૂલકારણ **नासदीय सूक्तमां** જણાવેલું, " તમથીનિગૂઢ " છતાં અવિદ્યા કામ કર્મના સંસ્કારથી ભરેલું જગદાકાર થવાના બલવાળું, ચેતોમુખ, ઈશ્વરનામના અભિમાનીની સત્તાનું ખરૂં. |
| ૩ | જેમઅગ્નિમાંથી વિસ્ફુલિંગો પ્રકટે તેમ ભાવોની (જીવોની) ઉત્પત્તિ છે, | જીવોની વાસ્તવ ઉત્પત્તિ નથી, પણ જીવ ભાવે ભોગ્ય સૃષ્ટિમાં બ્રહ્મ પ્રવેશે છે. જેમ નાળીએરમાં જળ પ્રવેશે છે | જીવોની વાસ્તવિક ઉત્પત્તિ બ્રહ્મમાંથી નથી. જીવો પોતે અવિકૃત બ્રહ્મજ. ઈશ્વરાત્મા એકજ સાચો આત્મા |

| | | |
|---|---|---|
| | તેમ, એટલે પોતાનું શરીર ઘડવાની સાથે પોતે તેમાં પ્રવેશે છે, બહારથીઆવતો નથી તેમ બહારથી કોઇ ઘાલતું નથી. | છે; અને જેમ એક સૂર્યનું કિરણ ઝુમરના પાસાઓમાં પ્રવેશી અનંતાકાર દેખાય તેમ એક જ ઇશ્વિરાત્મા અનંતરૂપે ભાસે છે. |
| ૪ જીવો અણુ અને જન્માંતર પરિણામ પામનાર ભોક્તાઓ છે. તે ભોક્તાઓ ક્રતુમય–યજ્ઞમય–ક્રિયામય છે. કર્માનુસાર તેની ઉન્નતિ અવનતિ છે. | જગત્ કારણ એક રીતે **વિશ્વમય** અને તેથી નાના જીવ રૂપે પ્રકટ થાય તે ખરૂં, પણ તે સાથે બ્રહ્માંડના મુખ્ય શરીરમાં, ચઢીઆતી ઉપાધિમાં-આદિત્યાદિ મંડલમાં, સવિશેષ પ્રકાશે છે, અને વિશ્વના **અંતર્યામી** રૂપે પણ રહે છે. અને તે નાના જીવનું પ્રેરક છે. તેથી તે જીવોનો ઉપાસ્ય છે. યજ્ઞકર્મ આ વિદ્યા સાથે થાય તો વધારે ઉચું ફલ આપે છે. | જીવોની વાસ્તવિક ઉત્પત્તિ નહિ તેથી અણુભવવાળા, વિકારી, જન્માંતર પરિણામ પામનાર—ઇત્યાદિ ભાવનાઓ અવિદ્યામય છે. વસ્તુસ્થિતિ તેવં **સૃષ્ટ** નથી, પણ વસ્તુ તેવી **દૃષ્ટ** થાય છે. ભાવનાનુસાર સૃષ્ટિ જણાય છે; જીવત્વની રૂઢ ભાવના જો અળપાય તો બ્રહ્મત્વની ભાવના ઉદય થાય, પરંતુ બ્રહ્મભાવ ઉદય થવો તે કંઇ ઉપાસનાનું અથવા ધ્યાનનું ફલ નથી, પરંતુ શ્રવણ મનન અને નિદિધ્યાસનથી જન્ય જ્ઞાનનું ફલ છે. આ ફલ ઉપાસનાના પરિણામની પેઠે પારલૌકિક નથી, પણ |



"આ સર્વ વિશ્વ ખરેખર બ્રહ્મ છે. તે બ્રહ્મને સમજવા **तज्जलान्**–એ રહસ્ય મંત્રવડે શાંત થઇ તેની ઉપાસના કરવી. 'જે તત્ત્વમાંથી જગત્ જન્મે છે તે **तज्ज**: જેમાં તે જીવે છે અથવા જેમાં રહી પ્રાણ ધારણ કરે છે તે **तदन्**; અને જેમાં લય પામે છે તે **तल्ल**. આ ત્રણેનો સમન્વય **तज्जलान्** એ સમસ્ત પદથી વર્ણવ્યો છે.' આ પુરુષ યજ્ઞમય છે. જેવો યજ્ઞ અથવા જેવા કર્મવાળો આ લોકમાં પુરુષ હોય તેવો તે મરણ પછી થાય છે. તેથી પુરુષે કર્મનિષ્ઠ થવું જોઇએ. આ પુરુષ સ્વભાવે મનોમય છે, પ્રાણમય શરીરવાળો છે, જ્યોતિરૂપ છે, સત્યસંકલ્પ છે, આકાશાત્મા છે, સર્વ કર્મ કરનાર, સર્વ કામને સિદ્ધ કરનાર, સર્વગંધ સર્વરસ–અને ટુંકામાં આ બાહ્ય જગત્માં પ્રવેશી રહેલો છે; તે અક્ષુબ્ધ છે, અને વાગાદિ ઇન્દ્રિયોથી પર છે. આવો મારો આત્મા હૃદયની અંદર છે. તે ડાંગર, યવ, સર્ષવ, ચોખા વિગેરેના દાણા કરતાં પણ નાનો છે; તે હૃદયની અંદર વાસ કરી રહેલો છતાં પૃથ્વીથી મોટો, અંતરિક્ષથી મોટો, સ્વર્લોકથી પણ મોટો, અને સર્વ લોકોથી પણ મોટો છે. સર્વકર્મા, સર્વકામ સર્વગંધ, સર્વરસ, અને ટુંકામાં આ વિશ્વરૂપ જે આત્મા કહ્યો; અને જે અક્ષુબ્ધ તથા વાગાદિશૂન્ય છે, તે હૃદયવાસી આત્મા તેજ આ બ્રહ્મ છે, અને તે બ્રહ્મરૂપ હુ આ દેહ છોડ્યા પછી થઇશ એવો નિશ્ચય જેને થાય તે સત્યનિષ્ઠ છે. તેમાં શંકા ધરવાનો સંભવ નથી એ પ્રકારે શાંડિલ્યનું કહેવું છે.'

આ અવતરણથી સ્પષ્ટ સમજાય છે કે શાંડિલ્યાદિ મહર્ષિઓ જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ બ્રહ્મને માને છે, અને તે પુરુષ વસ્તુતઃ જગત્ કારણ બ્રહ્મથી અભિન્ન છે અને તેમાં સર્વ સામર્થ્ય રહેલાં છે.

શ્વેતકેતુના પિતા ઉદ્દાલક આરુણિએ પોતાના પુત્રને આરંભમાં સમજણ એવી આપી છે કે જગત્ કારણ **सत्**=બ્રહ્મ જે એક અને અદ્વિતીય છે તેણે જગદાકાર થવાનો સંકલ્પ કર્યો. અને તે પ્રથમ તેજરૂપ, પછી જલરૂપ અને છેવટે પૃથિવી (**अन्न**) રૂપ થયું. આ ત્રણમાં મૂલ વસ્તુ જીવાત્મારૂપે પ્રવેશ પામી અને બ્રહ્માંડમાં અને પિંડમાં તે ત્રણ તત્ત્વોના વિકારો

વ્યાપી રહેલા છે. અગ્નિમાં, સૂર્યમાં, ચંદ્રમાં તથા વિદ્યુત્‌માં જે લોહિતરૂપ છે તે તેજસ્‌નું છે, શુકલરૂપ છે તે જલનું છે, અને કૃષ્ણરૂપ છે તે અન્નનું (પૃથિવીનું) છે; તેવી રીતે પિંડમાં લીધેલા અન્નનો સ્થૂલ ભાગ મલ બને છે; સૂક્ષ્મ ભાગ માંસ બને છે, અને કારણ ભાગ મન બને છે; પીધેલા જલનો સ્થૂલ ભાગ મૂત્ર બને છે, સૂક્ષ્મભાગ રક્ત બને છે, અને કારણ ભાગ પ્રાણ બને છે; પિંડમાં ગયેલા તેજસ્ તત્ત્વનો સ્થૂલ ભાગ અસ્થિ બને છે, સૂક્ષ્મ ભાગ મજ્જા બને છે, અને કારણ ભાગ વાણી બને છે. આ પ્રમાણે સ્થાવર જંગમ સર્વ પદાર્થ પૃથિવી જલ અને તેજના વિકારો છે, અને જૂદાં નામ અને રૂપો છે. અને સત્ય વસ્તુ તે તત્વો છે. વળી તે ત્રણ તત્વો સદ્‌બ્રહ્મરૂપ છે. અને ભિન્ન નામરૂપવાળાં છે. સદ્‌બ્રહ્મ સર્વના આત્મા છે, પરમસત્ છે, અને તે સદ્‌બ્રહ્મ—આત્મા—એ તારૂં સાચું સ્વરૂપ છે–એ પ્રકારનો આદેશ શ્વેતકેતુને થયેલો છે.

આ ઉપદેશમાં બ્રહ્મતત્ત્વમાંથી આવિર્ભાવ અને તે વડે સ્થાવર જંગમ પદાર્થોની ઉત્પત્તિ બતાવી પિંડસ્થ આત્માને બ્રહ્માંડના આત્મા સાથે એકપણાનું ભાન કરાવ્યું છે.

બંને મહર્ષિઓના ચિંતનનો આરંભ **અધિભૂત** છે અર્થાત્ બાહ્ય જગત્‌ના અવલોકનથી જાગેલો છે; અને **અધ્યાત્મ** દર્શનમાં પરિણમે છે. સૃષ્ટિનો સ્વીકાર છે અને તેવડે દૃષ્ટિનો ઉદય માન્યો છે. અધિભૂત-સૃષ્ટિના સમૂહને—વિરાટ્—એવું નામ આપવામાં આવે છે.

## (૪) अधिदैवचिंतको.

**અધિદૈવ** ચિંતકોના ચિંતનનો આરંભ દેવતાથી થાય છે. શ્રૌત વાઙ્‌મયમાં દેવતા શબ્દ મન, બુદ્ધિ અને પ્રાણ તથા તેના સર્વ વિસ્તારનો વાચક છે. સ્થૂલ શરીરનો ચાલક આત્મા સઘળી ઇન્દ્રિયોનો સમૂહ છે; અને તે તે ઇન્દ્રિયોના ઉપકારક સામગ્રી બ્રહ્માંડના તે તે ઇન્દ્રિયોનાં પ્રેરક તત્ત્વોમાંથી મળે છે. યાજ્ઞવલ્કય કાંડમાં પ્રાણબ્રહ્મવાદીના લક્ષ્યબિંદુથી યાજ્ઞવલ્કયે દેવતાનાં વર્ગીકરણ કર્યાં છેઃ—



| તેત્રીસ દેવતા | છ દેવતા | ત્રણ દેવતા | બે દેવતા | એક દેવતા |
|---|---|---|---|---|
| ૮ અગ્નિ, પૃથ્વી,<br>વાયુ, અંતરિક્ષ,<br>આદિત્ય દ્યુલોક<br>ચંદ્રમા, નક્ષત્રો.<br>વસુશબ્દ વાચ્ય.<br>કેમકે તેમાં સર્વ મૂલ્યવાળી વસ્તુઓ રહેલી છે.<br>૧૧ પાંચ જ્ઞાનેન્દ્રિયો.<br>પાંચ કર્મેન્દ્રિયો અને મન. મળી રુદ્રશબ્દવાચ્ય.<br>કેમકે તે ઉઠે છે ત્યારે મૃત્યુથી સંસારીને રોવડાવે છે.<br>૧૨. દ્વાદશ માસાત્મક.<br>આદિત્ય શબ્દવાચ્ય.<br>કેમકે તેઓ સર્વ કર્મને સંસ્કારરૂપે લઇ સંગ્રહ કરી ફલ આપે છે.<br>૧ ઇન્દ્ર—પર્જન્યદેવ.<br>૧ પ્રજાપતિ—"યજ્ઞ" જેવડે પ્રજાનો વિસ્તાર થાય છે.<br>૩૩ | અગ્નિ-પૃથિવી,<br>વાયુ-અંતરિક્ષ.<br>આદિત્યદ્યુલોક<br>૬ | ભૂ<br>ભુવર્<br>સ્વર્<br>(ત્રિલોકી)<br>૩ | અન્ન (ભોગ્ય સૃષ્ટિ)<br>પ્રાણ (ભોક્તૃ સૃષ્ટિ)<br>૨ | પ્રાણ<br>(ભોક્તૃ ચેતન)<br>૧ |

આને તેત્રીસ કોટિ એટલે તેત્રીસ વર્ગના દેવ કહે છે.

આ સઘળા દેવોમાં તેત્રીસ છમાં અંતર્ભાવ પામે, છ ત્રણમાં પામે, ત્રણ બેમાં પામે, અને બે એકમાં અંતર્ભાવ પામે. આ પ્રાણદેવતા મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારના સ્વીકારવામાં આવે છે. ગૌણ પ્રાણો ઇન્દ્રિયો છે, અને મુખ્ય પ્રાણ જીવન આપનાર તત્ત્વ છે, અને તે ગૌણ પ્રાણોને

ટકાવે છે. શ્વાસ પ્રશ્વાસ તે મુખ્ય પ્રાણની પ્રકટ કરનારી ક્રિયા (function) છે, પરંતુ તે ક્રિયાનું પ્રેરક તો એક સ્વતંત્ર તત્ત્વ છે.

જ્યારે ગૌણપ્રાણો (ઇન્દ્રિયો) પાપવડે હણાય છે ત્યારે મુખ્ય પ્રાણ પાપથી સ્પર્શ પામતો નથી. પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો અને અંતઃકરણ—એ અગીઆર પ્રાણો અથવા રુદ્રો શુભ અને અશુભ વિષયોથી સંબંધ પામી શુભ અને અશુભ બને છે; પરંતુ મુખ્ય પ્રાણ શુભ અશુભ ધર્મથી પર રહે છે અને તેથી તેને સૂત્રાત્મા એવું નામ આપી અધિદૈવ ચિંતકો તેને સ્તવે છે—પિપ્પલાદ મુનિના છ શિષ્યોને આપેલા પ્રશ્નોપનિષદ્‌ના સરલ ઉપદેશમાં અને પંડિતમન્ય શાકલ્યના યાજ્ઞવલ્કય સાથેના વિવાદના સારમાં અધિદૈવ બ્રહ્મવાદના મર્મો પ્રકટ કરવામાં આવ્યા છે.

સ્થૂલ સૃષ્ટિને જીવન આપનાર પ્રાણ—બ્રહ્મની અભિવ્યક્તિનાં બે સ્થાનો, પિંડ અને બ્રહ્માંડમાં અધિદૈવ ચિંતકો સ્વીકારે છે. પિંડમાં, હૃદયમાં અને બ્રહ્માંડમાં આદિત્ય મંડલમાં પ્રાણની વિશેષ કલા તેઓ સ્વીકારે છે. જ્યારે પ્રાણીના હૃદયમાં અને બ્રહ્માંડશરીરના આદિત્યમંડલમાં પ્રાણ જ્યોતિર્મય એટલે સવિશેષ જાગતો જણાય છે; ત્યારે બીજી અધિભૂત સૃષ્ટિમાં તે કેવલ સુષુપ્ત ગણાય છે. પરંતુ સૃષ્ટિનો કોઈપણ સ્થાવર જંગમ પદાર્થ પ્રાણના સ્પર્શ વિનાનો નથી. આથી તેને **હિરણ્યગર્ભ**—એવું નામ પાછળથી આપવામાં આવ્યું છે.

વેદનો સઘળો ઉપાસનાકાંડ આ અધિદૈવ ખંડ સાથે સંબંધ ધરાવે છે.

## (૪) અધ્યાત્મ ચિંતકો.

પરંતુ શ્રૌતચિંતકો ક્રમશઃ અધિભૂત અને અધિદૈવ ખંડમાંથી અધ્યાત્મ ખંડમાં પોતાના પરમ મંતવ્યને જોતા થયા છે, અને તેથી ઉપનિષદોમાં ભૂતસૃષ્ટિ, અને પ્રાણસૃષ્ટિનાં જો કે ચિંતનો છે, અને તેમાં ભવિષ્યનાં દર્શનશાસ્ત્રોનાં બીજ તેમણે નાંખ્યાં છે, તોપણ તેમનાં ચિંતનના પરિણામમાં અધ્યાત્મદર્શન ઉદય પામ્યું જણાય છે.



પતંજલિ ઇસવિસન પૂર્વે ત્રીજા સૈકામાં; તેના પહેલાં પાણિનિ; પાણિનિ પહેલાં શાકટાયન અને યાસ્ક;* તેમના પહેલાં પારસ્કર, અને શ્રૌત સૂત્રકાર કાત્યાયન; કાત્યાયનના ગુરુ યાજ્ઞવલ્કય.

વળી મહાભારતના સભાપર્વ—અધ્યાય ૩૩ ઉપરથી જણાય છે કે યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં વ્યાસ બ્રહ્મા હતા, સુસમ ઉદ્‌ગાતા હતા, પૈલ હોતા હતા, અને યાજ્ઞવલ્કય અધ્વર્યુ હતા. વળી હરિવંશ—અધ્યાય—૧૪૨ ઉપરથી જણાય છે કે યાજ્ઞવલ્કયના શિષ્ય બ્રહ્મદત્ત શ્રી કૃષ્ણના પિતા વાસુદેવના પુરોહિત અને મિત્ર હતા; અને વાસુદેવના અશ્વમેધ યજ્ઞમાં વ્યાસ, યાજ્ઞવલ્કય, સુમંતુ, બ્રહ્મદત્ત, જાબાલ, અને દેવલ હાજર હતા. આથી મહાભારતના યુદ્ધ પહેલાં યાજ્ઞવલ્કયનું જીવન હતું.

યાજ્ઞવલ્કયે પંદર શાખામાં યજુર્વેદનો પ્રસાર કર્યો હતો. તેમાં કણ્વ મુનિની એક કાણ્વી શાખા છે. આ કણ્વ શકુંતલાના રક્ષક પિતા કે અન્ય તે ચોક્કસ કહી શકાય તેમ નથી. પરંતુ શ્રૌત વાઙ્મયમાં અગ્રપદ ભોગવતા યાજ્ઞવલ્કયથી રચાયેલા શતપથ બ્રાહ્મણમાં શકુંતલાની આખ્યાયિકાનું સવિસ્તર પહેલુંજ વર્ણન છે.

ઉપર પ્રમાણે મહાભારતના યુદ્ધ પહેલાં વાસુદેવકૃષ્ણ, બ્રહ્મદત્ત, અને યુધિષ્ઠિરના સમકાલમાં યાજ્ઞવલ્કયને મૂકવાની રા. બા. પી. બી. જોશીની સંભાવના પ્રમાણભૂત માનતા પહેલાં બાહ્ય પ્રમાણની વિશેષ અપેક્ષા રહે છે. નીચેના મુદ્દાઓ તે સંભાવના સ્વીકારતા પહેલાં વિચારવા યોગ્ય છેઃ—

(૧) જનક વૈદેહનો ઉલ્લેખ શતપથ બ્રાહ્મણના બૃહદારણ્યકમાં આવે છે. આ જનક વૈદેહ સીતાના પિતા નહિ પણ બીજા હતા તે શા આધારે માનવું? એ વાત ખરી છે કે સીતાના પિતા જનકના પૂર્વજોમાં પણ જનક નામવાળા રાજા થયા છે. રામાયણમાં પ્રથમ જનકનો ઉલ્લેખ છે.

*યાસ્કાચાર્ય ઈ. સ. પૂ. ૫૦૯ પહેલાં થઇ ગયા. જુઓ Introduction to Nirukta by L. Sarup, page 54.

આપણા કવિજનોના સંપ્રદાયમાં સીતાના જનકવૈદેહને યાજ્ઞવલ્કય સાથે સંબંધ થયેલો એવું મનાતું ચાલ્યું છે. ભવભૂતિ વીરચરિતમાં કહે છે કેઃ—

**स एव राजा जनको मनीषी**
**पुरोहितेनांगिरसेन गुप्तः ।**
**आदित्यशिष्यः किल याज्ञवल्क्ये ।**
**यस्मै मुनिर्बह्य परं विवव्रे ॥**

આ શ્લોકમાં બૃહદારણ્યકના યાજ્ઞવલ્કયકાંડની સ્પષ્ટ સ્મૃતિ છે. કદાચ રા. બા. જોશીની સંભાવના સ્વીકારીએ તો બૃહદારણ્યકના જનક તે સીરધ્વજ અથવા કુશધ્વજ જનક નહિ, પણ બહુલાશ્વજનક હોય, પરંતુ તે અનુમાનને ટેકો આપનાર બાહ્ય પ્રમાણ નથી.

(૨) બીજું શતપથ બ્રાહ્મણમાં "અશ્વમેધયાજી પારીક્ષિતો કયાં વસે છે" એવો પ્રશ્ન મદ્ર દેશની (Country betweeen Rabi and Chinab Capital—Sakala) ગંધર્વગૃહીત પતંજલ કાપ્યની દીકરીને ભુજ્યુ લાહ્યાયનિએ ભૂતકાલમાં પ્રશ્ન પૂછેલો તેનો અનુવાદ કરી યાજ્ઞવલ્કયને પ્રશ્ન કરવામાં આવ્યો છે. આ ગંધર્વગૃહીત સ્ત્રીનો ઉલ્લેખ યાજ્ઞવલ્કયકાંડમાં ઉદ્દાલક આરુણિના મુખમાં પણ થયો છે. આ પારીક્ષિતો કોણ? સામાન્ય બુદ્ધિથી પાંડવોના વંશજો માનીએ તો યુધિષ્ઠિર સમકાલીન યાજ્ઞવલ્કય હતા તેવી રા. બા. જોશીની સંભાવના કદી બંધ બેસે નહિ. આ પ્રશ્નનો પ્રસંગ સ્પષ્ટ જણવે છે કે પારીક્ષિતો અશ્વમેધયાજી હતા, અને તેઓનો કયા લોકમાં વાસ છે એ પ્રશ્ન ભારતયુદ્ધને કેટલોક સમય વીત્યા પછીનો બંધ બેસે છે. આ પ્રશ્ન યાજ્ઞવલ્કયને પૂછવામાં આવેલો તેમાં ભૂતસ્મૃતિ છે. એટલે પારીક્ષિત પછી યાજ્ઞવલ્કયનો જીવનકાલ આવે. કદાચ એમ કહેવામાં આવે કે જેવા ચંદ્રવંશી પારીક્ષિતો છે તેવા સૂર્યવંશી પણ પારીક્ષિતો છે. જો તે સૂર્યવંશી પારીક્ષિતોનો ઉલ્લેખ આ પ્રશ્નમાં ગણીએ તો સીતાના જનકવૈદેહ સાથે યાજ્ઞવલ્કયના સંબંધનું પરંપરાગત મંતવ્ય કદાચ ખરું પણ ગણાય.



(૩) ત્રીજું મહાભારતના સભાપર્વ અને હરિવંશને કાલનિર્ણયમાં બહુ પ્રમાણભૂત માની શકાય તેમ નથી. હરિવંશ મૂલ ભારતનો ભાગજ નથી.

(૪) ચોથું શતપથ બ્રાહ્મણની અને છાન્દોગ્યની અંતઃપરીક્ષા ઉપરથી સમજાય છે કે છાન્દોગ્યઉપનિષદ વધારે પ્રાચીન છે. તે છાન્દોગ્યમાં પ્રતિષ્ઠા પામેલા ઉદ્દાલક આરુણિ શ્વેતકેતુના પિતા થાય; અને તે યાજ્ઞવલ્કયના વિદ્યા ગુરુ થાય છે. બૃહદારણ્યકના છેવટના ભાગમાં યાજ્ઞવલ્કય ઉદ્દાલક આરુણિના અંતેવાસી હતા એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ ઉદ્દાલક અને તેના પુત્ર શ્વેતકેતુ વિદ્યાના ઘણા વ્યાસંગી હતા. તેઓ જ્યાં ત્યાંથી નવી વિદ્યા મેળવવા કાળજી ધરાવતા હતા. આ પિતાપુત્ર પ્રવાહણ જૈબલિ પાસે પંચાગ્નિ વિદ્યા શીખ્યા હતા. અને અશ્વપતિ કૈકેય પાસે વૈશ્વાનર વિદ્યા શીખ્યા હતા. આ પૈકી પ્રવાહણ જૈબલિ રાજપુત્ર હતા, અને અશ્વપતિ રાજકર્તા હતા. પ્રવાહણના કહેવા ઉપરથી સમજાય છે કે બ્રાહ્મણોને પંચાગ્નિવિદ્યા પહેલવહેલી ક્ષત્રિયવંશમાંથી તેની મારફત મળે છે. આ પંચાગ્નિવિદ્યાનું પ્રકરણ શતપથ બ્રાહ્મણમાં એટલે યાજ્ઞવલ્કયના પોતાના ગ્રંથમાં છે. તેથી અશ્વપતિ કૈકેયના રાજ્યસમયમાં ઉદ્દાલક આરુણિ અને તેમના અંતેવાસી યાજ્ઞવલ્કય હતા તે નિર્વિવાદ છે, જો અશ્વપતિ કૈકેયનો કાલનિર્ણય થાય તો યાજ્ઞવલ્કયનો થાય.

સારાંશ યુધિષ્ટિરના કાલમાં યાજ્ઞવલ્કય થયાનાં વાકયો ભારતાદિમાંથી મળે છે તેવાં રામચંદ્રના સમયમાં થયાનાં પણ વાકયો પણ મળે છે. તેથી જ્યાં સુધી બહારનાં વિશેષ ઐતિહાસિક પ્રમાણો મળે નહિ ત્યાં સુધી યાજ્ઞવલ્કયનો કાલનિર્ણય રા. બા. પી. બી. જોશીના અભિપ્રાયને અનુસાર કરવો તે સાહસ માત્ર છે. તોપણ તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં એટલું તો ચોક્કસ છે કે આ યાજ્ઞવલ્કય કંઇ કલ્પિત મૂર્તિ નથી, પરંતુ ઐતિહાસિક માનુષી વ્યક્તિ છે, અને તે પાણિનિ પહેલાંની ઘણા સૈકા ઉપરની છે.

## (૭) મહર્ષિ યાજ્ઞવલ્કયના તત્ત્વજ્ઞાનના સંબંધમાં ત્રણ સ્વતંત્ર વિચારો

શ્રૌત સાહિત્યમાંથી યાજ્ઞવલ્કયના સ્વતંત્ર નિર્ણયો તારવી શકાય તેવા છે; કારણ કે એમના વિચારો બૃહદારણ્યક ઉપનિષદ્‌માં તેમના પોતાના મુખવડેજ વર્ણવાયા છે:—

(૧) યાજ્ઞવલ્કયના પહેલાં જગત્ કારણ સંબંધી નિર્ણયો અધિભૂત અને અધિદૈવ દૃષ્ટિથી થતા હતા. વિશ્વના કારણ રૂપે અથવા વિશ્વના નિયંતા ઇશ્વરરૂપે બ્રહ્મ તત્ત્વ સમજવામાં આવતું. પરંતુ તે વિશ્વનું કારણ, અને વિશ્વનો નિયંતા એ પણ સર્વનો આત્મા જ છે, અને અન્ય પદાર્થ અથવા તત્ત્વ નથી એવો નિશ્ચય સ્વતંત્ર તર્કવડે જેવો યાજ્ઞવલ્કયે કર્યો છે તેવો અન્ય કોઇ ઋષિએ કર્યો નથી. યાજ્ઞવલ્કયની વાણીમાં કહીએ તો:—

"આ લોકપ્રસિદ્ધ આત્માજ બ્રહ્મ છે. તે આત્મા વિજ્ઞાનની ઉપાધિથી વિજ્ઞાનમય, મનની ઉપાધિથી મનોમય, ચક્ષુની ઉપાધિથી ચક્ષુર્મય, શ્રોત્રની ઉપાધિથી શ્રોત્રમય, પૃથ્વિની ઉપાધિથી પૃથ્વીમય, જલની ઉપાધિથી જલમય, વાયુની ઉપાધિથી વાયુમય, તેજની ઉપાધિથી તેજોમય, આકાશની ઉપાધિથી આકાશમય, કામની ઉપાધિથી કામમય, વૈરાગ્યની ઉપાધિથી અકામમય, ક્રોધની ઉપાધિથી ક્રોધમય, શાંતિની ઉપાધિથી શાંત, ધર્મની ઉપાધિથી ધર્મમય, અધર્મની ઉપાધિથી અધર્મમય,–સ્વલ્પમાં જે જે ઉપાધિથી તે જોડાય તે તે ઉપાધિમય જણાય છે. તેજ આત્મા સ્વેચ્છાચારી છે, અને તેજ આત્મા સાધુ આચરણવાળો છે; તેજ આત્મા પાપકર્મવડે પાપી, અને પુણ્યકર્મવડે પુણ્યવાન્ ગણાય છે. વિદ્વાનો કહે છે કે જેવો જેનો કામ અથવા સંકલ્પ તેવો તેનો આત્મા અથવા પુરુષ. જેવી કામનાવાળો પુરુષ તેવી તેની કર્મવાસના, અને તે કર્મવાસનાને અનુસરતાં તેનાં નવાં પ્રત્યક્ષ કર્મો, અને જેવાં કર્મ તેવી તેની ગતિ. જે જે આસક્તિથી બંધાયેલો જે જે કર્મ કરે તે તે કર્મના સંસ્કારને અનુસાર કર્મ ફલ ભોગવે છે. કર્મના અવસાન સમયે તે તે ફલ ભોગવી તે લોકમાંથી આ લોકમાં પુનઃ કર્મ કરવા આસક્તિથી રંગાયેલું લિંગ આવે છે. આ પ્રકારે સંસારનું મૂલ કામ



વર્તમાન જન્મમાં અનુભવાય તેવું ઐહિક છે.

જ્યાં સુધી આ અજાતિવાદની—પ્રૌઢદૃષ્ટિ–પારમાર્થિકી ઉદય ન થાય ત્યાં સુધી અધિદૈવચિંતકોનો, અંતર્યામી ઇશ્વરની ઉપાસનાનો માર્ગ, તથા અધિભૂત ચિંતકોનો યજ્ઞમાર્ગ વ્યાવહારિક ખરો; દૃષ્ટિસૃષ્ટિવાદ અને સૃષ્ટિદૃષ્ટિવાદ ઉપયોગી સંભાવનારૂપે ખરો, પણ તેણે અજાતિવાદનું સ્થાન લઇ શકાય નહિ. ઉદાહરણ તરીકે હાલના વિજ્ઞાનમાં પરમાણુ કારણવાદ કરતાં "ઇલેક્ટ્રોન" ની સંભાવના ચઢીઆતી મનાય છે, છતાં આપણા વ્યવહારની સઘળી ભૂમિકા પરમાણુકારણવાદ ઉપર રચાયેલી ચાલ્યા કરે છે. અર્થક્રિયા અથવા વ્યવહાર સિદ્ધિ પ્રતીતિનું વાસ્તવિકપણું સાબીત કરતી નથી આ અધ્યાત્મદર્શીઓનું ખાસ મંતવ્ય છે.

## ( ૬ ) श्रौततत्त्वविचारको

**શ્રૌતકાલના સ્વતંત્ર વિચારકો.**

શ્રૌતકાલના ચિંતકો ઘણે ભાગે નામમાત્રાવશેષ રહ્યા છે. અમુક વિદ્યાના અમુક દ્રષ્ટા અથવા ઋષિ એટલું આપણે હાલ જાણી શકીએ છીએ. અધિભૂત ચિંતકોમાં શાંડિલ્ય, પ્રવાહણ જૈબલિ, અને ઉદ્દાલક આરુણિનાં નામો ઇતિહાસ સમુદ્રમાં તરતાં કાંઠા ઉપર આવી પડ્યાં છે; અધિદૈવ ચિંતકોમાં પિપ્પલાદ મહર્ષિ અગ્રપદ ભોગવે છે, અને બાલાકિ તથા શાકલ્ય પાંડિત્યમાં પ્રકાશે છે, પરંતુ નિષ્ઠામાં નહિ; અધ્યાત્મ ચિંતકોમાં મહર્ષિ યાજ્ઞવલ્કય અગ્રેસર પદ ભોગવે છે. શંકરાચાર્યની પહેલાં જો કોઇ પણ અધ્યાત્મ-વિદ્યામાં **સ્વતંત્ર** શ્રૌત વિચારક થયા હોય તો તે યોગીશ્વર યાજ્ઞવલ્કય જ છે. તેમના વિચારના સ્વાતંત્ર્ય-વડે, મન ઉપરના અદ્ભુત સંયમ બલવડે, નિરીક્ષણશક્તિના પ્રભાવવડે, અને સંસારના પૂર્ણ અનુભવવડે, તેઓ શ્રૌત વિચારકોમાં સૂર્ય જેવા પ્રકાશે છે.

**યાજ્ઞવલ્કય મહર્ષિ પરમ અધ્યાત્મ ચિંતક.**

મિથિલાનગરીમાં દેવરાત નામનો એક બ્રાહ્મણ હતો. તે અન્નદાન કરવામાં પ્રસિદ્ધ હતો તેથી તેની ખ્યાતિ "વાજસનિ"—(અન્ન આપનાર) તરીકે પ્રસરેલી હતી. ઘણા યજ્ઞો કર્યા પછી તેને એક પુત્ર થયો અને તેથી તેનું નામ યાજ્ઞવલ્કય પાડ્યું, યજ્ઞોપવીત સંસ્કાર મળ્યા પછી યાજ્ઞવલ્કયે ઋગ્વેદનો અભ્યાસ બાષ્કલ પાસે કર્યો, યજુર્વેદ પોતાના કાકા વૈશંપાયન પાસે શીખ્યા; અને સામવેદ તથા અથર્વવેદ જૈમિનિ તથા આરુણિ (ઉદ્દાલક) પાસે શીખ્યા. વિદ્યાભ્યાસના સમયમાં વૈશંપાયનને હાથે અજાણ્યે હિંસા થઇ તેનું પ્રાયશ્ચિત્ત આપવાની કોઇને હિંમત ચાલી નહિ, અને યાજ્ઞવલ્કયે પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું; અને આથી ગુરુ સાથે વિગ્રહ થયો, અને પરિણામ એવું આવ્યું કે યજુઃ-શાખાના અધ્યયનમાંથી તેમને બાતલ કરવામાં આવ્યા.



તેઓ હિમાલયમાં ગયા, અને સૂર્ય ભગવાનનું તપ કર્યું. તે તપના પ્રભાવથી તેમણે યજુર્વેદની સ્વતંત્ર શાખા પ્રવર્તાવી. તેમની શાખાને યજુર્વેદની વાજસનેયિ શાખા કહે છે. તેમની શાખામાં મંત્રભાગ અને બ્રાહ્મણ વિવિક્ત એટલે તદ્દન નિરાળા હોવાથી તે વેદને શુકલ યજુર્વેદ કહે છે; અને પ્રાચીન યજુર્વેદ મંત્ર-બ્રાહ્મણના મિશ્રણવાળો હોવાથી "કૃષ્ણ" સંજ્ઞાને પામ્યો છે. આ મિશ્રણને લીધે તે વેદ તિત્તિરિશાખાનો કહેવાય છે. તેતર પક્ષીની પાંખો મિશ્ર રંગવાળી હોય છે તે ઉપરથી આ સંજ્ઞા પડી હશે એવું અનુમાન જાય છે. યાજ્ઞવલ્કયે મૂળ ભણેલો યજુર્વેદ ઓકી નાંખ્યો, અને તે વેદને તિત્તિર પક્ષીનું રૂપ ધરી બ્રાહ્મણો લઇ ગયા અને તેથી તેઓ **तैत्तिरीय** કહેવાયા એવી વાતમાં વાજસનેયિ બ્રાહ્મણોએ પાછળના બ્રાહ્મણો કરતાં પોતાની મહત્તા વર્ણવવાની અતિશયોક્તિ કરી જણાય છે.

યાજ્ઞવલ્કયને મૈત્રેયી અને કાત્યાયની નામની બે પત્નીઓ હતી. તેમાં મૈત્રેયી બ્રહ્મવાદિની હતી. તેણે પોતાના પતિના સંન્યાસ લેવાના પ્રસંગે તેમની પાસેથી બ્રહ્મવિદ્યા મેળવી પ્રવ્રજ્યા ધારણ કરી હતી. કાત્યાયની વ્યવહારમાં ઘણી કુશલ હતી. તેને ચંદ્રકાન્ત, મહામેઘ, અને વિજય નામના ત્રણ પુત્રો હતા તે સર્વને માથે સંસારયજ્ઞનો ભાર મૂકી યાજ્ઞવલ્કય વિદ્વત્સંન્યાસી થયા હતા.

તેમના શ્રૌત ગ્રંથોમાં શુકલ યજુર્વેદની મંત્રસંહિતા ચાલીસ અધ્યાયની છે; તથા શતપથ નામનું મોટું બ્રાહ્મણ છે. તે બ્રાહ્મણના આરણ્યક વિભાગમાં છેવટે મોટું ઉપનિષદ્ આવે છે, અને તેનું નામ **बृहदारण्यक** ઉપનિષદ્ છે. આ ઉપનિષદ્ જેવું વિસ્તૃત અને ગંભીર ઉપનિષદ્ બીજું નથી. શતપથ બ્રાહ્મણના અંતમાં **शुक्लानि यजूँषि याज्ञवल्क्येन आख्यायन्ते** આવું સ્પષ્ટ વાકય છે. તેથી સમજાય છે કે તે બ્રાહ્મણ ગ્રંથની રચના યાજ્ઞવલ્કયેજ કરેલી છે. વળી શ્રૌતવાઙ્મયના અંગ તરીકે **याज्ञवल्क्यशिक्षा** અને **प्रतिज्ञासूत्र** નામના વેદાંગના ગ્રંથો પણ યાજ્ઞવલ્કયના છે.

યાજ્ઞવલ્કયે સ્વતંત્ર યોગશાસ્ત્ર રચ્યું હતું, અને તેઓ સમર્થ યોગી

હતા. તેઓ સ્મૃતિકાર પણ હતા અને હાલની ઉપલબ્ધ **યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ** જેના ઉપર મિતાક્ષરા નામની ટીકા છે તે જો કે મૂલ ગ્રંથ નથી, તોપણ યાજ્ઞવલ્ક્યના મૂલ ધર્મસૂત્રોને અવલંબી આ સ્મૃતિ ઘડાયેલી છે. યાજ્ઞવલ્ક્ય ઉપનિષદ્ નામનો ગ્રંથ યોગશાસ્ત્ર તરીકે રજુ થાય છે, પરંતુ તે આધુનિક જણાય છે.

**યાજ્ઞવલ્ક્યના કાલની ચર્ચા**

યાજ્ઞવલ્ક્ય કાંડમાં જનકવૈદેહ અને યાજ્ઞવલ્ક્યનો સંબંધ દર્શાવ્યો છે તેથી તેઓ રામરાજ્યમાં થયા એવું અનુમાન પ્રવેશ થવા પામ્યું છે. પરંતુ રા. બા. પી. બી. જોશી એવા અનુમાન ઉપર આવ્યા છે કે યાજ્ઞવલ્ક્ય યુધિષ્ઠિરના સમકાલીન હતા. તેઓ જણાવે છે કે ધર્મસૂત્રકાર મનુ. વસિષ્ઠ પછી થયા છે, વસિષ્ઠના ધર્મસૂત્રોમાંથી મનુએ અવતરણો લીધાં છે; યાજ્ઞવલ્ક્ય મનુ પછીના છે. રામચંદ્રજીના કુલ ગુરુ વસિષ્ઠ હતા તેથી યાજ્ઞવલ્ક્ય રામચંદ્રના સમયમાં થયાનું અનુમાન પાયા વિનાનું છે, વળી પાણિનિનાં વ્યાકરણ સૂત્ર ઉપર મહાભાષ્યકાર પતંજલિ ઇસવી સન પૂર્વે ત્રીજા સૈકામાં થઇ ગયાનો સર્વમાન્ય નિશ્ચય છે. તેથી પાણિનિ ઇસવી સન પૂર્વે ચોથા સૈકાથી ઓછા પ્રાચીન તો નથી. પાણિનિ પહેલાં યાસ્ક થઇ ગયા. અને યાસ્કના પહેલાં વીસ નિરુક્તકારો થઇ ગયા છે. આ નિરુક્તકારોમાં શાકટાયન અને શાકલ્યનાં નામ આવે છે. તેમાં શાકલ્ય યાજ્ઞવલ્ક્યનો પ્રતિસ્પર્ધિ હતો તે બૃહદારણ્યક ઉપનિષદ્થી સ્પષ્ટ સમજાય છે.

પાણિનિ વળી પારસ્કરનો નિર્દેશ કરે છે, અને યાસ્ક પણ પારસ્કરનો નિર્દેશ કરે છે, કાત્યાયન અને પારસ્કર મિત્રો હતા. શ્રૌત–સંપ્રદાયમાં એવી વાત ચાલે છે કે કાત્યાયનની દેખરેખ નીચે પારસ્કરે શ્રૌત અને ગૃહ્ય સૂત્રો રચ્યાં હતાં. શુક્લ યજુર્વેદના પ્રાતિશાખ્યના ટીકાકાર કાત્યાયનનો બહુ માનથી ઉલ્લેખ કરે છે, અને તેને યાજ્ઞવલ્ક્યના પ્રસિદ્ધ શિષ્ય તરીકે વર્ણવે છે. ( આ શ્રૌત સૂત્રકાર કાત્યાયન પાણિનિના વ્યાકરણ સૂત્રના વાર્તિકકાર કરતાં જુદા છે ). આ ઉપરથી કાલ પરંપરા નીચે પ્રમાણે આવે છે:—



અથવા તૃષ્ણા છે. જેઓ નિર્વાસન છે તેઓ નિષ્કામ છે. તેમની સઘળી કામનાઓ સિદ્ધ હોવાથી તેઓ આપ્તકામ છે. તેઓ આપ્તકામ એવા કારણથી ગણાય છે કે આત્મા વિના અન્ય કોઈપણ પદાર્થમાં તેમની કામના હોતી નથી એટલે આત્મકામ હોવાથી તેઓ આપ્તકામ ગણાય છે; વળી તેઓ આત્મકામ એવા કારણથી હોય છે કે આત્માથી જૂદી કોઈપણ વસ્તુ તેને સત્ય અનુભવાતી નથી. આ પ્રમાણે આત્મકામ હોઇ આપ્તકામ થાય છે, આપ્તકામ થઇ નિષ્કામ બને છે; અને નિષ્કામ થવાથી કોઈપણ વિષયની તાણમાં તણાતા નથી. તેમના પ્રાણ લોકલોકાંતરમાં અથવા દેહાન્તર પરિણામ સારૂ ઉડીને ગતિ કરતા નથી. પરંતુ આ લોકમાં પૂર્ણબ્રહ્મરૂપ છતાં દેહભાવથી અબ્રહ્મ જેવા જણાતા હોય છે. તે દેહના અવસાને સત્ય પૂર્ણ બ્રહ્મરૂપ થાય છે. અનુભવીઓ કહે છે કેઃ—આ ઘણો ઝીણો સનાતન જ્ઞાનમાર્ગ મને ઉઘડેલો છે, એટલુંજ નહિ પણ મારી તેમાં નિષ્ઠા બંધાઇ છે. આજ માર્ગે ધીર બ્રહ્મવિદ્ પુરુષો મુક્તાવસ્થાવાળા છતાં દેહ પડયા પછી સ્વર્ગલોકને મેળવે છે ".

યાજ્ઞવલ્ક્યના અભિપ્રાય પ્રમાણે કામનાવાળો પુરૂષ સંસારી જીવ, અને કામના વિનાનો અસંસારી મુક્ત બ્રહ્મ.

( ૨ ) આ શુદ્ધ અસંસારી બ્રહ્માત્મા સ્વતઃ આનંદ રૂપ છે. એના સંબંધવડે સ્ત્રી પુત્ર શરીર વિગેરે પ્રિય લાગે છે; અને તે પોતે સ્વતઃ પ્રિયરૂપ છે—આ નિશ્ચય ઘણા મહત્વનો યાજ્ઞવલ્ક્યનો પોતાનોજ છે, અને તેનો પ્રબોધ પોતાની પત્ની મૈત્રેયી પ્રતિ કરેલો છે.

( ૩ ) વળી આ આત્મા સ્વયંજ્યોતિ વિજ્ઞાનઘન છે--એ ત્રીજો નિશ્ચય પણ યાજ્ઞવલ્ક્યનો પોતાનો છે.

## ( ૮ ) સૂત્રકાલીન તત્ત્વદર્શન

( ઈ. સ. પૂ. ૬૦૦ થી ઇ. સ. પૂ. ૫૦ )

સંહિતા અને બ્રાહ્મણના સમય પછી લગભગ ૮૦૦ વર્ષનો કાળ ઈ. સ. પૂ. ૬૦૦ થી તે ઇ. સ. પછીના બીજા સૈકા સુધીનો બૌદ્ધ સમય સાથે સંમિશ્ર થયેલો છે. પરંતુ ગૌતમબુદ્ધના જન્મ પહેલાં ( એટલે કે ઇ. સ. પૂ. ૫૬૩ પહેલાં ) બ્રાહ્મણોના કેટલાક પ્રસિદ્ધ સૂત્રકારો થઈ ગયા છે. તેમને કાલક્રમમાં ગોઠવતાં ગૌતમ, બૌધાયન, વસિષ્ઠ, અને આપસ્તંબ એમ આવે છે. તે ધર્મસૂત્રકારો પૈકી બૌધાયન મહર્ષિ બાદરાયણના બ્રહ્મસૂત્રના ભાષ્યકાર હતા એમ રામાનુજાચાર્યના વિશિષ્ટ અદ્વૈતના ભાષ્યના ઉલ્લેખથી સમજાય છે. તેમના ભાષ્યની અથવા વૃત્તિની ઉપલબ્ધિ થઈ નથી. પરંતુ આપસ્તંબ મુનિના ધર્મસૂત્રના પ્રાયશ્ચિત્ત પ્રકરણમાં તત્ત્વવિદ્યાનું નિરૂપણ છે અને તે ખંડને અધ્યાત્મપટલ કહે છે.

હિંદુસ્થાનમાં આ સૂત્ર સમયના ઉત્તર ભાગમાં સાર્વભૌમ રાજ્ય મૌર્યવંશનું સ્થપાયું હતું. એલેકઝાન્ડરે ( ઇ. સ. પૂ. ૩૩૬–૩૨૩ ) ચઢાઇ કરી પૌરસને હરાવી તેને પંજાબમાં યવન રાજ્યના આશ્રિત રાજા તરીકે પુનઃ ગાદીએ બેસાડ્યો, તે અરસામાં મગધમાં ચંદ્રગુપ્ત ( ઇ. સ. પૂ. ૩૨૫ ૨૯૭ ) સાર્વભૌમ સત્તાનું બીજ નાંખતા હતા, અને અશોક મહારાજા ( ઇ. સ. પૂ. ૨૭૪–૨૩૭ ) ના સમયમાં બુદ્ધધર્મ જે માત્ર પ્રાંતધર્મ હતો તે સાર્વભૌમધર્મ તરીકે વિસ્તાર પામ્યો હતો.

આ સૂત્ર સમયમાં નવીન તત્ત્વવિદ્યાનો જન્મ થયો જણાતો નથી. પરંતુ ઉપનિષદ્‌ના દર્શનને બ્રહ્માત્મવાદનું રૂપ અપાયું હતું. આપસ્તંબ* મુનિ જેઓ ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં આંધ્રદેશમાં થયા જણાય છે

* ડૉ. બ્યુલરના અભિપ્રાય પ્રમાણે આપસ્તંબ ધર્મસૂત્ર ઇ. સ. પૂ. ૩૦૦ થી ૫૦૦ સુધીમાં મૂકી શકાય તેમ છે. ( જુઓ S. B. E. Series V. XIV. P. XLII )



તેમણે વેદના તત્ત્વજ્ઞાનનો અધ્યાત્મપટલમાં સંક્ષેપ કર્યો છે. આ સંક્ષેપનાં ૭ સૂત્રો આ પ્રમાણે છેઃ—

( ૧ ) આત્મલાભ કરતાં બીજો કોઈ ચઢીઆતો લાભ નથી.

( ૨ ) આત્મા એટલે દેહાદિ મર્યાદામાં પ્રકટ થતું ચેતન નહિ, પરંતુ સર્વ સચેતન પ્રાણીઓ જેનું શરીર છે, જે તે પ્રાણીઓની બુદ્ધિરૂપ ગુહામાં ગુપ્ત થઇ ગુહાશય બને છે, જે હણાતો નથી, જે ધર્માધર્માદિના એટલે અપૂર્વના પરિણામોથી લેપાતો નથી, જે સ્વયં અચલ છતાં ચલબુદ્ધિમાં નિવાસ કરે છે તેજ સત્ય પદાર્થ છે. તેને પર આત્મા કહે છે.

( ૩ ) આ સર્વ પ્રાણીઓના અદ્વય આત્મામાં હું પોતે છું એવો અનુભવ જાગવો તેનું નામ આત્મલાભ છે.

( ૪ ) સર્વભૂત પ્રાણીમાં આ નિત્ય, જ્ઞાનવાન્, અનંગ, અશબ્દ, અશરીર, અસ્પર્શ, અત્યંત પવિત્ર આત્મા પ્રત્યેક વિભક્ત શરીરમાં અવિભક્તભાવે પ્રકાશે છે એવો અનુભવ જાગવો એ પરમ પુરુષાર્થ છે.

( ૫ ) આ જગત્ કારણ પરમેશ્વરનો આત્મરૂપે લાભ પ્રાપ્ત કરવામાં પ્રતિબંધ કરનાર ભૂતદાહી દોષો છે, અને તે ક્રોધ વિગેરે છે. તેનો નાશ કરવો જોઇએ.

( ૬ ) આ ભૂતદહન કરનાર દોષોનો નાશ કરવાનો ઉપાય તે યોગ છે. તે વડે સર્વગામિત્વ અને સર્વાનુભવ થાય છે.

આપસ્તંબ મુનિ આ ૭ સૂત્રોમાં ૭ અધ્યાત્મ સિદ્ધાન્તો દર્શાવે છેઃ— ( ૧ ) પ્રાપ્તવ્યનો નિર્દેશ, ( ૨ ) પ્રાપ્તવ્યનું લક્ષણ, ( ૩ ) પ્રાપ્તિનું સ્વરૂપ, ( ૪ ) પ્રાપ્તિનું લક્ષણ, ( ૫ ) અપ્રાપ્તિનો હેતુ, અને ( ૬ ) અપ્રાપ્તિનું નિવારણ. આ અધ્યાત્મપટલ ઉપર આદ્ય શંકરાચાર્યનું ભાષ્ય ઉપલબ્ધ થયું છે.

## પ્રકરણ ૨ જું

### सांख्य योग.

**यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरविगम्यते**
**एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति**
**( भ. गीता. )**

### ( ૧ ) શ્રૌતકાલનો સાંખ્ય-યોગ.

શ્રૌત તત્વવિચારોના આપણે ત્રણ ખંડ પાડયા છે. (૧) અધિભૂત, (૨) અધિદૈવ અને (૩) અધ્યાત્મ. યોગીશ્વર યાજ્ઞવલ્ક્યના સ્વતંત્ર અધ્યાત્મવિચારોના તારાઓથી શ્રૌતકાલનું દિવ્ય અંબર ઝળકે છે. પરંતુ તે ગગન કૃષ્ણપક્ષની રાત્રિ જેવું છે, તેમાં હજુ સૂર્યબિંબનો અથવા ચંદ્રબિંબનો પ્રકાશ થયો જણાતો નથી. અધિભૂત, અધિદૈવ અને અધ્યાત્મવિચારોના તારાઓએ આકાશ-ગંગાનો પટ પ્રકટ કર્યો છે; પરંતુ આ આકાશગંગા શંકરની જટામાં ગુંચાઇ રહેલી છે; તેનો પ્રપાત ઝીલી ભૂમંડલ ઉપર લાવવાનો ભગીરથ જેવો-આદિ પ્રયાસ કરવાનું માન ભગવાન્ કપિલાચાર્યને છે. આ કપિલમુનિ કોઇ ઐતિહાસિક વ્યક્તિ હતી કે આદિ પુરૂષનું અગ્નિદેવનું-પિંગલ જટાવાળું શ્રૌતરૂપક છે તે સંબંધી વિવેચન આપણે આગળ કરીશું. હાલ તો સાંખ્ય અને યોગ એ નામના યુગ્મ દર્શનનો આવિર્ભાવ કેવા ક્રમથી થયો તે વિચારીએ. તત્વોની સંખ્યાના નિરૂપણવડે, અથવા સમ્યક્ખ્યાતિવર્ણન-બુદ્ધિનું પ્રકટ કરનાર હોવાથી **सांख्य** એ નામ પડેલું જણાય છે; અને તે સિદ્ધાન્તનો મોક્ષરૂપ પુરુષાર્થસિદ્ધિમાં શો ઉપયોગ કરવો તેનું નિરૂપણ કરનાર દર્શન તે **योग** ગણાય છે. સાંખ્યયોગને પૃથક્ માનનાર બાલકો છે.—એવું ગીતા વાક્ય ઘણા પુરાતન નિશ્ચયને જણાવે છે. સાંખ્ય એ સિદ્ધાન્તોનું શાસ્ત્ર છે, ત્યારે યોગ તેની ઉપયોગી સાધનપદ્ધતિ છે. એક જ્ઞાનમય છે; બીજું ક્રિયામય છે. પ્રત્યેક દર્શન પરસ્પરની પૂર્તિ કરે છે. તેઓ ભિન્ન દર્શનરૂપ નથી. બે આંખથી જેમ



એકજ વસ્તુનો અનુભવ થાય છે તેમ સાંખ્ય-યોગથી એકજ દુઃખાન્તરૂપ પુરુષાર્થની સિદ્ધિ થાય છે.

મંત્રસંહિતા કાલમાં જગતનાં આવિર્ભાવોને લગતાં ચિંતનોમાં સાંખ્યનાં બીજકો આપણે તારવી કાઢી શકીએ. ઋગ્વેદના **नासदीय** સૂત્રમાં **तमसा गूढं तम आसीत्**—અંધારાથી ઢંકાયેલું તમસ્ હતું-એ વાક્યમાં જગત્નું આદિકારણ દ્રવ્ય કેવલ અવ્યક્ત દશામાં હતું. તે **अग्रे प्रकेतं सलिलम्** આગળ પડતા અને ચળકતા પ્રવાહાત્મક જલ જેવું થયું, તથા **तपस्तन्महिना एकमजायत**—અને તે જ્યોતિર્મય જળ તપના મહિમાથી એક આકારવાળું થયું અને **कामस्तदग्रे समवर्तत**—તે એકત્રિત જ્યોતિર્મય જલમાં 'કામ' અથવા સંકલ્પનો વેગ જાગ્યો; અને તે વડે વિચિત્ર સૃષ્ટિ-**विसृष्टि** થઈ. આ વિગેરે ગહન વાણીમાં આપણે સાંખ્ય સિદ્ધાંતના અનુક્રમે (૧) પ્રધાન અથવા પ્રકૃતિનાં, ( ૨ ) મહત્ નામના બુદ્ધિતત્ત્વનાં, ( ૩ ) તેજોમય અહંકારતત્ત્વનાં, અને ( ૪ ) તેની ત્રણ શાખાઓ વૈકારિક, તૈજસ્ અને ભૂતાદિનાં બીજકો દાણા જેવાં આપણને જણાય છે.

જેવી રીતે પ્રકૃતિનાં " અવ્યક્ત " અને " વ્યક્ત" એવાં પૂર્વભાવિ નામો સંહિતામાં છે, તેવું સાંખ્યનું પરિભાષિક ચેતનને લગતું નામ 'પુરુષ' પણ આપણને **पुरुषसूक्त**માં સ્પષ્ટ જણાય છે.

તાંડ્ય અને વાજસનેયિ શાખાના બ્રાહ્મણોમાં જગત્કારણનું નામ **सत्** અને **असत्** એવું આપવામાં આવે છે. ત્યાં **असत्** શબ્દ વડે અવ્યક્ત દશાવાળું કારણ દ્રવ્ય, અથવા સાંખ્યની મૂલ પ્રકૃતિનો બોધ થાય છે; અને **सत्** વડે વ્યક્ત દશાવાળાં અહંકાર અથવા અભિમાન તત્વનો બોધ થાય છે; જો કે શ્રૌતભાષામાં આ શબ્દો કેવલ અચેતન કારણના વાચક નથી પરંતુ અંતર્ગત ચેતનથી સ્પંદ પામતા કારણના વાચક છે. **असत्** **अव्यक्त, अव्याकृत, सत् व्यक्त व्याकृत** ઇત્યાદિ શ્રૌતનામોમાં ભાવિ સાંખ્યશાસ્ત્રના **प्रधान, प्रकृति** અને તેની **प्रकृति-विकृति** રૂપ **महत्** અને **अहंकार**ની આરંભભાવનાઓ ઉકેલી શકીએ તેમ છે. જો તેવી

ભાવનાઓ, આ **શ્રૌત** શબ્દોમાં ગુંથાયેલી ન હોત તો તે તે શબ્દોના અર્થનિરૂપણમાં બ્રહ્મસૂત્રકાર, બ્રહ્મ અથવા પરમેશ્વરમાં તે શબ્દોનું તાત્પર્ય છે એવું પ્રતિપાદન કરવા શ્રમ લેત નહિ. પરંતુ તે શબ્દો ઉપર સાંખ્યના પ્રધાન અથવા પ્રકૃતિના અર્થનો દાવો ઉભો થઈ શકે તેમ હોવાથી, અને પાછળથી તેવો થયેલો જણાયાથી જ બ્રહ્મસૂત્રકાર અને તે સૂત્રના ભાષ્યકારોને તે મતનું ખંડન કરવાની જરૂર જણાઈ છે.

સાંખ્યની મૂળપ્રકૃતિ ત્રણ ગુણમયી છે એવી ભાવના પણ શ્રૌત વિચારોમાં ગુંથાયેલી આપણને સમજાય છે. આરંભનું **तमस्** "**तमथी गूढ**" હતું, અને તે સમયે **रजस्** ન હતું; અને તે **तमस्**થી એકાગ્ર થઇ **काम**રૂપ થયું—એ **नासदीयसूक्त**ની ભાવનામાં ભાવિ વેદાન્તશાસ્ત્રના અવિદ્યા ( અવ્યાકૃત ), કામ અને કર્મ પદાર્થોની જેવી છાયા છે, તેવી ભાવિ સાંખ્યશાસ્ત્રની **तमस्**, **रजस्** અને **सत्व**ની છાયા છે. "જગત કારણ જે **तमस्** એટલે અત્યંત અવ્યક્ત હતું, તે અંતઃપ્રેરણાથી વિષમતાને પામ્યું, અને તે **रजस्** થયું, અને તે **रजस्**નો ક્ષોભ ચાલુ રહેવાથી **सत्व** થયું, અને તે **सत्व**ના ચેતનમય અંશથી સંકલ્પ, નિશ્ચય અને અભિમાનવાળાં ત્રણ રૂપો ( મન, બુદ્ધિ અને અહંકાર ) જાગ્યાં, " આવી સ્પષ્ટ વાણીમાં **मैत्रायणी** ઉપનિષદ્ સાંખ્યશાસ્ત્રના ત્રણ ગુણોનો પાયો નાખે છે.

**सन्मूला सौम्य इमाः प्रजाः**—" હે શ્વેતકેતુ ! આ પ્રજાનાં મૂલ **सत्**માં છે." એવી રીતે છાન્દોગ્ય ઉપનિષદ્માં જે નામવાચક **सत्** છે તેમાં ગુણવાચક **सत्व**ની ભાવના ગુંથાયેલી જોઈ શકાય એમ છે. જ્ઞાન અને વિજ્ઞાનનો ભાવ **सत्वमां**, ક્રિયા અને કર્મનો ભાવ **रजस्**માં, અને ઇચ્છા અને સંકલ્પનો ભાવ તપયુક્ત આદ્ય **तमस्**માં ગુંથાયેલો છે. આ ત્રણ ભાવો જ્યારે એક તંત્રમાં ગુંથાય, જ્યારે તેનાં કિરણો આડાં અવળાં વણાઇ, એક પટ જેવા દ્રવ્યરૂપ થાય, ત્યારે તે **प्रधान** થાય, અથવા **नासदीयसूक्त**ની પરિભાષામાં **स्वधा** ( પોતાના રૂપમાં ગોઠવાયેલું ) નામની શક્તિ બને, જે વડે નીચેનું જગત્ જાગે. કૌષીતકી ઉપનિષદ્માં ભૂતમાત્રા પ્રજ્ઞામાત્રામાં



શમાયેલી છે—એવા વર્ણનમાં ભૂતોત્પત્તિ પહેલાં પ્રજ્ઞાનાં તત્ત્વો જાગે છે એ સાંખ્યની છાયા છે.

**अव्यक्त-असत्** શબ્દવાચ્ય જગત્કારણ જ્યારે **तमस् रजस्** અને **सत्व**ના અંતર્ગત ક્ષોભથી **व्यक्त** અથવા **सत्** થાય ત્યારે જે દ્રવ્ય પ્રકટે તેને મુંડક અને કાઠક ઉપનિષદ્માં **महान् आत्मा** એવા નામથી ઓળખવામાં આવ્યું છે.

**महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः**
**पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः**

એ કાઠક ઉપનિષદ્વાક્યમાં મહત્થી અવ્યક્ત પર છે, અને અવ્યક્તથી પુરુષ પર છે, અને પુરુષ એ છેવટની મર્યાદા છે, અને તે પરાગતિ છે એવું કહી સાંખ્યશાસ્ત્રનાં સંહિતાકાળનાં બીજકો આપણે પલ્લવિત થયેલાં જોઇ શકીએ છીએ.

જ્યારે ઉપનિષદ્ગ્રંથોની એક વિચારશ્રેણી જગત્કારણ બ્રહ્મને આત્મવસ્તુરૂપે ઓળખાવવા પ્રતિ વળે છે, અને તેમાંથી સ્વતંત્ર વેદાન્તદર્શન ઉદ્ભવે છે, ત્યારે જગત્કારણ અવ્યક્તને ( પ્રકૃતિને ) પુરુષથી (આત્માથી) પૃથક્પણાનું ભાન કરાવનારી બીજી વિચારશ્રેણીમાંથી સાંખ્યદર્શન ઉદ્ભવે છે. એક વિચારશ્રેણી બ્રહ્મના અને આત્માના અદ્વૈતસાક્ષાત્કારમાં પુરુષાર્થ જુએ છે, ત્યારે બીજી વિચારશ્રેણી પ્રધાન અને પુરુષના અત્યંત વિવેકસાક્ષાત્કારમાં પુરુષાર્થ જુએ છે. કાઠકઉપનિષદ્ની વિચારશ્રેણી ભાવિસાંખ્યનાં તત્ત્વોનો નામવડે નિર્દેશ કરે છે, પરંતુ તેમાં આત્મશબ્દ જોડે રાખી તે તત્ત્વોનો પરાવધિ સાંખ્યની પેઠે પ્રકૃતિમાં લાવી મૂકવામાં આવતો નથી; પરંતુ ચિન્મય પરમાત્મામાં લાવી મૂકે છે. કાઠક ઉપનિષદ્ અભિમાનીને વિજ્ઞાનાત્મા, સાક્ષીઆત્માને મહાન્ આત્મા, અને પરપુરુષને શાન્ત આત્મા એવા નામથી ઓળખાવે છે; અને તેથી અહંકાર, મહત્ અને પ્રકૃતિ એ ત્રણ તત્ત્વોનાં નામો તે પરિભાષામાં આભાસરૂપે ઝળકે છે. સાંખ્યના પારિ-

ભાષિક અર્થમાં તે વપરાયા નથી. પરંતુ જ્ઞાનાત્મા, મહાન્ આત્મા, અને અને શાંત આત્માની જ્ઞાન, મહત્ અને શાન્તિ–એ ત્રણ ઉપાધિમાં સાંખ્ય-શાસ્ત્રના આદિનાં ત્રણ તત્ત્વોની સંખ્યા તો ઓળખાઇ આવે તેવી છે.

વળી મૂલપ્રકૃતિનું નામ એ જ ઉપનિષદ્‌માં " દેવતામયી અદિતિ " એવું આપવામાં આવ્યું છે. પ્રકૃતિથી પર દેવતાનો સ્વીકાર નહિ, પરંતુ પ્રકૃતિની અંતર્યામી દેવતા ઉપર ભાર મૂકવામાં આવે છે.

વાજસનેયી સંહિતોપનિષદ્ એટલે **ઈશાવાસ્ય ઉપનિષદ્**માં સંભૂતિ અને અસંભૂતિ શબ્દોમાં આપણે વિકૃતિ અને પ્રકૃતિના પર્યાય શબ્દો પેઠેલા જોઇએ છીએ. અને શ્વેતાશ્વતરોના મંત્રોપનિષદ્‌માં તો સાંખ્ય–શાસ્ત્રનાં તત્ત્વો ઔપનિષદ ભાષામાં રૂઢ થયેલાં જણાય છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં જગત્કારણ શું એ પ્રશ્નના ઉત્તરમાં " સ્વગુણોથી નિગૂઢ દેવાત્મશક્તિ " વર્ણવવામાં આવી છે; બ્રહ્મચક્રના વર્ણનમાં સઘળા સાંખ્ય-દર્શનનાં તત્ત્વો તે ચક્રના ત્રણ વૃત્તમાં, સોળ છેડામાં, પચાસ આરામાં, અને વીસ અવાન્તર આરામાં ગુંથ્યાં જણાય છે; વળી ક્ષર અને અક્ષર, વ્યક્ત અને અવ્યક્ત તત્ત્વો, ક્ષર તે પ્રધાન, અને અમૃતાક્ષર તે હર; લોહિત, શુકલ અને કૃષ્ણ વર્ણવાળી અજા ( પ્રકૃતિ ) તેમાં પુરુષ ( જીવ ) લોભાય છે; સ્થૂલરૂપો, સૂક્ષ્મરૂપો, ગુણોનાં વેષ્ટન ભાવસૃષ્ટિ–ઈત્યાદિ શબ્દપરંપરામાં સાંખ્યદર્શન જાણે, આદિ વિદ્વાન્ કપિલના સૂત્રમાં ઉભું જ થઇ ગયું ના હોય એવું જણાય છે. આ ઉપનિષદ્ સાંપ્રદાયિક પદ્ધતિમાં અગીઆરમા આંકે આવે છે, અને તેની રચના ઉપરથી તે છાન્દોગ્યાદિ જેવું પ્રાચીન નથી તો પણ તે યજુઃશાખાનું મંત્રોપનિષદ્ છે. એટલે બ્રાહ્મણના કેટલાક ભાગ કરતાં તથા અથર્વવેદનાં ઉપનિષદો કરતાં તો પ્રાચીન છે તેમાં કંઈ વિવાદ નથી. આ ઉપનિષદ્‌ની પદાર્થ સિદ્ધાન્તની પ્રક્રિયા સાંખ્યાનુસારિ જણાય છે, પરંતુ તે ચોખ્ખું સેશ્વરવાદનું પ્રતિપાદન કરે છે. તેમાં પતંજલિના " યોગાનુશાસન " ના પૂર્વભાવી " હિરણ્યગર્ભ "ના શાસનની ઇશ્વરવિષયક છાયા છે, અને તે સાથે " પાશુપત યોગ " ને વધારે મળતું છે.



શ્વેતાશ્વતર ઉપનિષદ્ પછીનાં ઉપનિષદો ઘણે ભાગે બૌદ્ધ કાલ અને મધ્યકાલની ઘટનાવાળાં જણાય છે, અને તેથી તેમાં સાંખ્યશાસ્ત્રની પરિભાષા આવે તો કંઇ આશ્ચર્ય જેવું નથી, પરંતુ ગૌતમબુદ્ધ પહેલાં જે શ્રૌત વાઙ્મય વિદ્યમાન હતું તેની અંતઃપરીક્ષા કરતાં આપણને સમજાય છે કે સાંખ્યદર્શન વેદાન્તદર્શનની અત્યંત નજીકનું દર્શન છે, એટલું જ નહિ પણ તેનાં તત્ત્વોનો આવિર્ભાવ ઋષિ જનોને શ્રૌત સમયમાં સારી રીતે થયો હતો.

દુઃખાન્તની અથવા મોક્ષની સિદ્ધિમાં જેવું તત્ત્વજ્ઞાન ઉપયોગી છે, તેવો યોગ પણ જરૂરનો છે, અને વિશ્વમાયાની નિવૃત્તિ " અભિધ્યાન " " યોજન " ( યોગ ) અને " તત્ત્વભાવ " થી થાય છે એવું સ્પષ્ટ પ્રતિપાદન શ્વેતાશ્વતરમાં છે. અને તે " અભિધ્યાન " અને " યોજન " (યોગ) ના પ્રકારોનું પણ સવિસ્તર વર્ણન, કાઠક, શ્વેતાશ્વતર, મુંડકાદિ ઉપનિષદોમાં છે.

શ્રૌત ગ્રંથોના ઉપરના પર્યાલોચનથી નીચેના નિર્ણયો ઉપર આવી શકાય તેમ છેઃ—

(૧) ગૌતમબુદ્ધના જન્મ પહેલાં સાંખ્યદર્શનનું એકરૂપ ભારતવર્ષમાં ઉત્પન્ન થયું હતું.

(૨) તેમાં સાંખ્યનાં તત્વોનાં બીજકો નંખાયાં હતાં, અને સાંખ્યની પરિભાષા જો કે રૂઢ થઇ નહતી તો પણ તત્વોની ઓળખ ઘણાં નામોથી થતી હતી.

(૩) તેમાં નિરીશ્વરતાની છાયા ન હતી, પરંતુ અંતર્ગત દેવતાની ભાવના હતી.

(૪) તે અંતર્ગત દેવતાનો યોગવડે સાક્ષાત્કાર કરવો અને તેથી જ મોક્ષ થાય એવું દૃઢ મંતવ્ય રચાયું હતું.

## (૨) બૌદ્ધકાલીન સાંખ્ય—યોગ.

શ્રૌતસાંખ્ય સેશ્વરવાદવાળું છે એ આપણે સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદોની પર્યાલોચનાથી જોઇ ગયા. આ સેશ્વરસાંખ્ય જેમાં "પ્રધાનપતિ" અને " ક્ષેત્રજ્ઞપતિ " એટલે જગત્કારણ પ્રકૃતિ અને જીવચેતનના અધ્યક્ષ

તરીકે ઇશ્વરનું રૂપ સ્વીકારવામાં આવે છે, તે બૌદ્ધધર્મના ઉદય પહેલાં અસ્તિત્વમાં હતું.

ગૌતમબુદ્ધના પોતાના સિદ્ધાન્તો ઉપર જાણ્યે અજાણ્યે સાંખ્ય વિચારોનો પાશ લાગ્યો છે. અશ્વઘોષના બુદ્ધચરિત ઉપરથી સમજાય છે કે શ્રીગૌતમના પૂર્વાવસ્થાના ગુરુ અરાદના વિચારો ઘણે ભાગે સાંખ્યાનુસારી હતા. અરાદના વિચારોમાં ગુણમયી પ્રકૃતિની છાયા નથી, પરંતુ તેના વિચારો, ચિદ્ અને અચિદ્‌થી વિશિષ્ટ પરમેશ્વરના સિદ્ધાન્તને એટલે વિશિષ્ટ અદ્વૈતને મળતા છે.

અરાદ અને ગૌતમબુદ્ધના સંવાદના પ્રસંગ ઉપરાંત બીજું બળવાન્ કારણ બૌદ્ધધર્મમાં સાંખ્યવિચારોની છાયા પેઠાનું એ છે કે તે ધર્મના સિદ્ધાન્તો સાંખ્ય-સિદ્ધાંત સાથે કેટલાક અંશમાં બહુ મળતા છે.

(૧) બૌદ્ધધર્મ આ સંસારચક્રના હેતુરૂપે એક કાર્યકારણની માળા સ્વીકારે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અવિદ્યા, | સંસ્કાર, | વિજ્ઞાન, | નામરૂપ, | ષડાયતન, | સ્પર્શ | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | | |
| વેદના, | તૃષ્ણા, | ઉપાદાન, | ભવ, | જાતિ, | જરામરણ, | શોક, | પરિદેવના, |
| ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| દુઃખ, | દુર્મનસ્ત્વ. | | | | | | |
| ૧૫ | ૧૬ | | | | | | |

આ સોળ પદાર્થો લોકયાત્રાના નિર્વાહ કરનારા બૌદ્ધ શાસનમાં સ્વીકારવામાં આવે છે. આ ધારામાં સંસારના આદિકારણ રૂપે અવિદ્યા, અને અંતમા દુર્મનસ્ત્વ અથવા ક્લેશ–એ ભાવનામાં સાંખ્યનો નિર્વેદ ઉઘાડો ઝળકે છે. જેમ આયુર્વેદ અથવા વૈદકશાસ્ત્ર, રોગ, રોગનું નિદાન, આરોગ્ય અને ભૈષજ્ય—એ ચારનું પ્રતિપાદન કરે છે, તેમ સાંખ્ય પણ હેય, હેયહેતુ, હાન, હાનહેતુનું પ્રતિપાદન કરે છે. તેમાં હેય ત્યજવા યોગ્ય અથવા જેમાંથી છુટકારો થવાની અગત્ય છે તે "અનાગત દુઃખ"—એટલે ભાવિ દુઃખ છે; અને તેનું કારણ અવિદ્યા એટલે પુરુષ પ્રકૃતિનો અવિવેક છે. આ બે વસ્તુઓ બૌદ્ધચક્રની સાંકળની બે જોડાજોડની કડીઓ છે. એટલે કે અવિદ્યાવડે ક્રમશઃ પંદર પરિણામો પ્રકટ થઇ દુર્મનસ્તા થાય અને તે દુર્મનસ્ત્વયુક્ત



અવિદ્યા વડે પુનઃસંસ્કારાનુસાર ભવચક્ર ચાલે, આ સંસારચક્રની સાંકળની ઘણીખરી કડીઓ તો ઔપનિષદ સાહિત્યમાંથી જ ગૌતમબુદ્ધે લીધી જણાય છે. અવિદ્યા તો ઉપનિષદ્‌માં જગતના કારણ તરીકે જ પ્રતિપાદન થયેલી છે; અને તે જગત્કારણરૂપે અવ્યક્ત, પ્રધાન પ્રકૃતિ—એ નામથી વ્યવહારાય છે. સંસ્કાર—એ શબ્દ રૂઢ થયેલો નથી, પરંતુ **विद्या कर्मणी समान्वारभे पूर्वप्रज्ञा च**–એ બૃહદારણ્યક વાક્યમાં મરનાર પ્રાણીની સાથે ઉપાસના અને ક્રિયાની વાસના. અને પૂર્વજન્મની બુદ્ધિ વળગેલી જાય છે એ સિદ્ધાન્તમાં જન્માન્તરપરિણામમાં નિમિત્તકારણસંસ્કારનો ઉઘાડો સ્વીકાર છે. સાંખ્યપરિભાષામાં તે સંસ્કાર શબ્દ રૂઢ છે. જ્યારે બદ્ધ પુરૂષને ક્લેશ, કર્મ, વિપાક અને આશયો વળગેલા છે ત્યારે તેના સંસ્કારોનો મુક્ત પુરુષને અને નિત્યસિદ્ધ ( યોગ દર્શાનાનુસારી પુરુષવિશેષ ) ઇશ્વરને સ્પશ નથી એવું યોગદર્શનમાં સ્પષ્ટ પ્રતિપાદન છે, "નામરૂપ" શબ્દ ઉપનિષદોમાં જાણીતો છે, અવિદ્યામાં 'નામરૂપ' ઢંકાયેલાં તે સૃષ્ટિના આરંભમાં વ્યક્ત થાય છે. એવું બૃહદારણ્યમાં અવિદ્યાસૂત્રને લગતા પ્રકરણમાં નિરૂપણ છે, 'ષડાયતન"–પાંચ ઇંદ્રિયો અને છઠું મન. આ છ ઇદ્રિન્યો અને તેના વિષયોનો સંબંધ તે "સ્પર્શ",. આ શબ્દ ઉપનિષદોમાં રૂઢ નથી. તોપણ શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં જન્મનાં કારણોની પરંપરામાં **संकल्पन स्पर्शनदृष्टिमोहैः ग्रासांबुवृष्टयात्मविवृद्धजन्म**—એ વાક્યમાં ઇન્દ્રિયો અને તેના અર્થના સંનિકર્ષ અથવા સંબંધને **स्पर्शन** શબ્દવડે ઓળખાવવામાં આવ્યું છે. ત્યાર પછી સુખદુઃખનું ભાન અથવા 'વેદના' એ પણ શ્રૌત વિચાર છે.

આ સંસારચક્રની સાંકળના, પ્રોફેસર ડ્યુસન ત્રણ ખંડ માને છે, પહેલા ખંડમાં અવિદ્યા મૂકે છે, બીજા ખંડમાં સંસ્કારથી વેદનાપર્યંતની કડીઓ આવે છે, અને ત્રીજા ખંડમાં તૃષ્ણાથી દુર્મનસ્તાસુધીની કડીઓ આવે છે.

તેમાં સંસારના આદિકારણ તરીકે અવિદ્યાનો સ્વીકાર કરવામાં બૌદ્ધ-ધર્મે જાણ્યે અજાણ્યે ઉપનિષદ્‌નો સિદ્ધાંત સ્વીકાર્યો છે; સંસ્કારથી વેદના પર્યંતની ધારામાં સાંખ્યની લિંગસૃષ્ટિ અને ભાવસૃષ્ટિની છાયા છે; અને ત્યાર પછી તૃષ્ણાથી દુર્મનસ્તા સુધીમાં ગૌતમ બુદ્ધે પોતાની સ્વતંત્ર નિર્વેદમયી માળા ગોઠવી છે.

આ સંસાર માલાના મણકા એક ભવની કાર્યકારણપરંપરા જણવે છે કે અનેક ભવનું રૂપ વર્ણવે છે, તે સંબંધમાં બૌદ્ધ વિચારકોમાં મતભેદ છે પરંતુ એટલું તો સ્પષ્ટ છે કે ગૌતમબુદ્ધને સંસારના ક્લેશનું કારણ અવિદ્યા છે અને તેની નિવૃત્તિ અથવા નિર્વાણ એ પુરુષાર્થ છે એ દૃઢ ઠસ્યું હતું. આ નિશ્ચય પાયામાં સાંખ્યનો છે, વેદાન્તનો નથી એ સહજ સમજાય એમ છે. તેથી બૌદ્ધ દર્શન સાંખ્ય તરફ વધારે વળતું છે, વેદાન્તદર્શનથી તે આઘું જાય છે.

ગૌતમબુદ્ધના સમયપહેલાનું અને વેદકાલ પછીનું આપણું સાહિત્ય હજુ સર્વાંશ ખેડાયેલું નથી. તેથી ઉપરના નિર્ણયો કરતાં વધારે ખાત્રીલાયક નિશ્ચયો સાંખ્ય-યોગના ઇતિહાસમાંથી હાલ તારવી શકાય તેમ નથી.

પરંતુ એટલું તો અર્વાચીન શોધથી આપણને જણાયું છે કે ઇશ્વર-કૃષ્ણની સાંખ્યકારિકા ( ઇ. સ. ૧૦૦ ) માં જે સાંખ્ય સિદ્ધાંતનું ચિત્ર છે તે કરતાં કંઈક જૂદા પ્રકારનું પ્રાચીન સાંખ્યદર્શન હતું. આ દર્શન સેશ્વરવાદવાળું હતું. ગુણરત્ન ( ઇ. સ. ૧૪૦૦) ષડ્દર્શનસમુચ્ચયની તર્ક-રહસ્યદીપિકામાં મૌલિકય એટલે મૂલભૂત અને ઉત્તર એટલે પાછળના સાંખ્યનો ઉલ્લેખ કરે છે. વળી મહાભારતમાં સાંખ્યદર્શનની ત્રણ શાખાઓ ચિતરેલી જણાય છે. (૧) ચોવીસ તત્ત્વનું નિરૂપણ કરનારી (૨) પચ્ચીસ તત્ત્વનું નિરૂપણ કરનારી અને (૩) છવીસ તત્ત્વનું નિરૂપણ કરનારી.

તેમાં આદ્ય શાખા ચોવીસ તત્ત્વને નિરૂપણ કરનારી હતી અને તેનું ચિત્ર આપણને આયુર્વેદના ચરકસહિંતાના શારીર—સ્થાનમાંથી મળી આવે છે. આ ગ્રંથ વૈદ્યકનો હોવાથી તેમાં સમાએલા સાંખ્ય સિદ્ધાન્તપ્રતિ ઘણા થોડા વિચારકોનું ધ્યાન ખેંચાયું છે.



ચરકમુનિ ( ઇ. સ. ૭૮ ) જે ચિત્ર શારીરસ્થાનમાં આપે છે તેમાં અત્રિમુનિ ( ગુરુ ) અને અગ્નિવેશ ( શિષ્ય ) નો સંવાદ છે. ગુણરત્નના કહેવા પ્રમાણે માથરભાષ્ય અને આત્રેયતંત્ર નામના સાંખ્યદર્શનનાં બે ગ્રંથો હતા. તેમાં માથરભાષ્ય હાલ જ ઉપલબ્ધ થયું છે. આત્રેયતંત્ર જાણવામાં આવ્યું નથી; પરંતુ ચરકસંહિતા ઉપરથી અત્રિમુનિના સાંખ્યનિયમો આપણે તારવી શકીએ એમ છે. ગૌતમબુદ્ધના જીવનસમયમાં જે સાંખ્ય પ્રચલિત હતું તેને ઘણે ભાગે મળતું આ સાંખ્યદર્શનનું રૂપ છે.

શારીરસ્થાનમાં અગ્નિવેશે તેવીસ પ્રશ્નો આત્રેયભગવાનને પૂછ્યા છે, અને તેના ઉત્તરમાં સાંખ્યદર્શનને અનુસરતું સમાધાન છે. તે પ્રશ્નોત્તરી સંક્ષેપમાં વિચારી શકાય તેવા રૂપમાં નીચે પ્રમાણે છે.

પ્રશ્નઃ ૧—આ પુરુષ ધાતુભેદવડે કેટલા પ્રકારનો થાય છે?

ઉત્તરઃ—પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ ધાતુ, અને ચેતના ધાતુ મળી છ ધાતુઓ છે. તેમાં ચેતનાધાતુ તે પુરુષ સંજ્ઞાવાળો છે. વળી આ પુરુષ ચોવીસ ધાતુઓના ભેદવડે ચોવીસ તત્ત્વાત્મક મનાય છે. આ ધાતુઓ (૫) જ્ઞાનેન્દ્રિયો, (૫) કર્મેન્દ્રિયો (૧) મન, (૫) શબ્દાદિ અર્થો, અને (૮) પંચભૂત, અહંકાર, મહત્ ( બુદ્ધિ ) અને અવ્યક્ત મળી, આઠ પ્રકૃતિ મળી ચોવીસ ગણાય છે.

ચોવીસ ધાતુઓના રાશિરૂપ પુરુષ રજસ્ અને તમસ્‌ના યોગથી અનંત પ્રકારનો થાય છે. પરંતુ તે બે ગુણવિનાની સત્વબુદ્ધિવડે તેનો ભેદ શમે છે. આ પુરુષમાં કર્મફલ અને જ્ઞાન પ્રતિષ્ટા પામેલું છે. સુખ, દુઃખ અને મોહ, જીવન અને મરણ તે પણ પુરુષમાં પ્રતિષ્ઠિત છે. આવું જાણનાર તત્ત્વવિદ્ પ્રલય અને ઉદયને સમજે છે.

પ્રશ્નઃ ૨—શા કારણથી પુરુષને જગદ્‌કારણ કહેવામાં આવે છે?

ઉત્તરઃ—જો પુરુષ જ્ઞાતા નહોત તો લોક પરંપરાનું જ્ઞાન, ચિકિત્સા-જ્ઞાન, આ સઘળું જ્ઞેયજગત્, જ્ઞાનપ્રકાશ, અજ્ઞાનનો અંધકાર, શુભાશુભ

કર્મ, કર્તા, જ્ઞાતા ઇત્યાદિ વ્યવસ્થા શી રીતે થાય? વળી આવા પુરુષના સદ્‌ભાવવિના આશ્રય, સુખ, દુઃખ, ગતિ, આગતિ, વાક્યજ્ઞાન, વિજ્ઞાન, શાસ્ત્ર, જન્મ, મરણ, બંધ, મોક્ષ વગેરે વ્યવસ્થા બની શકે જ નહિ. પૃથ્વી આદિ જે સ્વભાવથી જડ છે તે આત્માની કારણતા વિના પ્રકટ થાત નહિં એટલું જ નહિ પણ તેમાં જ્ઞાનનો સંભવ નથી, તેઓ નિષ્પ્રયોજન ઉભાં થયાં મનાત. જેમ માત્ર દંડ ચક્ર વગેરે નિમિત્ત સામગ્રીવડે કુંભારવિના ઘડો થતો નથી; વળી જેમ માટી ઇંટોમાત્રથી ગૃહ રચનાર કારીગરવિના ઘર થતું નથી તેમ આ અનંત ધાતુઓની વિશિષ્ટ રચનાવાળો દેહ પણ એકલા જડ પરમાણુઓના સમૂહમાત્રથી ઉત્પન્ન થઇ શકતો નથી. જે કર્તાની અપેક્ષા રાખે છે તે કર્તા તે પુરુષ છે. સર્વ પ્રમાણોવડે અને આગમવડે આ પુરુષની સિદ્ધિ થાય છે.

કેટલાક એમ માને છે કે ભાવો અથવા પદાર્થો પરંપરાથી સમાન આકારવાળા ઉત્પન્ન થાય છે, અને સાદૃશ્યવડે તેના તે જ પુરુષો એમ કહેવાય છે. આવા ભાવો અથવા પુરૂષોનો ઉદય સત્વસંજ્ઞાવાળો થાય છે અને તે ઇશ્વરવિનાનો સંભવે છે. અને કર્તા ભોક્તા--એવો કોઇ પુરુષ નથી. આવું માનનારા જેઓ આત્માનો ઉપદેશ કરતા નથી, અથવા અનીશ્વરવાદી છે તેમના મત પ્રમાણે અમુક ભાવસમૂહે એટલે નરે કરેલાં કર્મો અન્યભાવસમૂહ જે મૂલના સદૃશ છે તેને ફલે છે એવું માન્યા વિના ચાલે નહિ. એટલે કે એક વ્યક્તિ કર્મ કરે અને તેને સદૃશ વ્યક્તિ તેનું ફલ ભોગવે—આ વિચિત્ર પરિણામ પ્રકટ થાય. પરંતુ કર્તા તેનાં તે જ કારણો વડે સર્વ કર્મનું કારણ બને છે. ભાવો કાળે કરીને બદલાય છે, અને ભગ્ન ભાવો નવા ભાવને, નવા રૂપને અથવા જન્મને ધારણ કરે છે. આવી રીતે બદલાતા ભાવોમાં કરણવડે કર્તા થનારો તે જ ક્રિયાના ઉપભોગને ભોગવે છે અને તે શાશ્વત પુરુષ છે એવું તત્વવિદોનું માનવું છે. આવા સ્થિર કારણરૂપ પુરુષવિના અહંકૃતિ, ફલ, કર્મ, દેહાન્તર ગતિ, સ્મૃતિ, વગેરે એક દેહમાં અનુભવાય નહિ.



પ્રશ્નઃ ૩—પુરુષની ઉત્પત્તિ એટલે શું?

ઉત્તરઃ—આવો પુરુષ જે પરમાત્મ શબ્દવડે ઓળખાય છે તેનો પ્રભવ અથવા ઉત્પત્તિ નથી; પરંતુ ધાતુના સમૂહ અથવા પ્રકટ રાશિરૂપ પુરુષ, મોહ, ઇચ્છા, દ્વેષ અને કર્મવડે જન્મે છે એટલે પ્રકટ થાય છે.

પ્રશ્નઃ ૪—૫ પુરુષ જ્ઞાનવાન છે કે અજ્ઞ છે?

ઉત્તરઃ—આત્મા સ્વયં જ્ઞાનવાન્ છે; પરંતુ કારણોના સંબંધ વડે તેનું જ્ઞાન પ્રકટ થાય છે, કરણોની મલિનતાથી અથવા કરણોનો યોગ ન થવાથી તે અસ્પષ્ટ જ્ઞાનવાળો અથવા અજ્ઞાની દેખાય છે. જેમ સ્વયં દેખનાર પુરૂષનું પ્રતિબિંબ મેલા જળમાં જોવા છતાં દેખાતું નથી, તેમ જેમનું ચિત્ત દૂષિત છે તેમને પુરુષનું શુદ્ધ દ્રષ્ટારૂપ, તે દેખતો છતાં દેખાતું નથી. મન, બુદ્ધિ, જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો તે કરણ છે. કર્તા—પુરુષની સાથે આ સંબંધમાં આવે છે ત્યારે કર્મ ઉત્પન્ન થાય છે, અને વેદનાનું ભાન પણ ભોગરૂપે થાય છે. કરણ સંબંધવિનાનો આ ભૂતાત્મા (ધાતુઓના રાશિરૂપ પુરુષ) પ્રવૃત્તિ કરતો નથી, તેમ ફલ પણ ભોગવતો નથી. કરણોના સંબંધવડે જ સર્વ પ્રવૃત્તિ અને સર્વ ફલ પ્રકટ થાય છે.

કોઇ પણ ભાવ—પદાર્થ—એકલો હોતો નથી. તેમ કારણ વિનાનો પણ હોતો નથી; તે શીઘ્ર ગતિમાં રહેલો હોવાથી પોતાના સ્વભાવથી ભ્રષ્ટ પણ થતો નથી. (એટલે કે એક ઉંબાડીયું શીઘ્ર ગતિમાં મૂકવાથી વર્તુલાકાર દેખાય તેમાં તેનું અગ્નિત્વ નિવૃત્ત થતું નથી તેમ ભાવ સદૃશ ચાલ્યાં કરે છે. પરંતુ પુરુષ છાયાવિના રહેતા નથી.)

પ્રશ્નઃ ૬—૭ તે પુરુષ નિત્ય છે કે અનિત્ય છે?

ઉત્તરઃ જે અનાદિ પુરુષ છે તે નિત્ય છે. જે કારણોવડે પ્રકટ થાય છે તે અનિત્ય છે. જે કારણરહિત છે તે નિત્ય છે; જે કરણવાળો છે તે અનિત્ય છે. જે નિત્ય છે તે કોઇ પણ ભાવથી અગ્રાહ્ય નથી. અર્થાત્ સર્વ વસ્તુ તેના વડે સમજાય છે.—સર્વમાં તે પેઠેલો છે. જે ભાવવડે—સત્તાવડે સમજાય છે તે અવ્યક્ત અને અચિંત્ય છે. જે અચિન્ત્ય છે

એટલે ભાવ ઉપરાંત બીજા ગુણધર્મવડે સમજાય છે તે વ્યક્ત છે. આ પ્રમાણે જે અવ્યક્ત એટલે માત્ર ભાવગ્રાહ્ય આત્મા છે તે ક્ષેત્રજ્ઞ કહેવાય છે. તે નિત્ય, વિભુ અને નિર્વિકારી છે. તેથી જૂદો તે વ્યક્ત છે. જે વ્યક્ત આત્મા છે તે ઇન્દ્રિયગ્રાહ્ય છે એટલે ઐન્દ્રિયક છે; જે અવ્યક્ત છે તે માત્ર લિંગ-ગ્રાહ્ય છે અને અનિન્દ્રિય છે.

પ્રશ્ન—૮-૯ પ્રકૃતિ એટલે શું? વિકૃતિ એટલે શું?

ઉત્તર—ભૂતપ્રકૃતિ આઠ પ્રકારની છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, બુદ્ધિ, અને અવ્યક્ત, એ આઠ ભૂત પ્રકૃતિ છે; અને સોળ વિકારો અથવા વિકૃતિ છે. તે સોળ વિકૃતિ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, મન અને શબ્દાદિ પાંચ અર્થો છે. અવ્યકત વિનાનાં તેવીસ તત્ત્વો-એ ક્ષેત્ર છે; અવ્યકત તે ક્ષેત્રજ્ઞ છે.

પ્રશ્ન—૧૦. પુરુષના અસ્તિત્વનાં શાં લિંગ અથવા ચિન્હો છે?

ઉત્તર—અવ્યક્તથી બુદ્ધિ પ્રકટે છે, બુદ્ધિવડે હું છું એ પ્રકારનું અભિમાન જાગે છે; અને અહંકારથી આકાશાદિ પંચભૂત પ્રકટ થાય છે; આઠ પ્રકૃતિનું ઉપાદાન અથવા ગ્રહણ કરનાર પુરુષ સર્વાંગ ઉત્પન્ન થયેલો મનાય છે, પ્રલયકાળે આ પુરુષ દૃષ્ટભાવોથી છૂટો પડે છે, અવ્યક્તમાંથી તે વ્યક્ત થાય છે, વ્યક્ત દશામાંથી તે અવ્યક્ત દશામાં જાય છે. રજસ્ અને તમસ્‌વડે આ વ્યક્ત અવ્યક્ત દશામાં તે ચક્રવત્ ભ્રમણ કરે છે. એટલે જન્મ મરણાદિ દેહાન્તરપરિણામ પામે છે; જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ વગેરે અવસ્થાન્તરપરિણામ પામે છે. જેઓ આ પ્રકૃતિ અને વિકૃતિમાં આસકત છે અર્થાત્ અહંભાવવાળા છે, તેમની ઉત્પત્તિ અને લય છે; જેઓ તેવા અહંભાવવાળા નથી, તેમને ઉત્પત્તિ નથી, તેમ લય પણ નથી. તેઓ મુકત છે. પ્રાણાપાનગતિ; ઉન્મેષનિમેષ, જીવન, મનની ગતિ, મનનું બીજી ઇદ્રિયોમાં પેસવું, પ્રેરણા કરવી, દેશાંતર ગતિ સ્વપ્નમાં કરવી, તથા મરણનું ભાન કરવું, જમણી આંખે જોયેલી ચીજને ડાબી આંખે એકપણાથી જોવી, ઇચ્છા, દ્વેષ, સુખ દુઃખ, પ્રયત્ન, ચેતના, ધૃતિ, બુદ્ધિ, સ્મૃતિ, અહંકાર-



વગેરે અવ્યક્ત આત્માને ઓળખવાનાં લિંગો છે. આ સર્વ જીવતા પુરુષમાં જણાય છે, મૃત શરીરમાં જણાતાં નથી. આથી તેને “ આત્માંનાં ચિહ્ન ” મહર્ષિઓ કહે છે.

પ્રશ્ન—૧૧-૧૨-૧૩ આત્મજ્ઞો જ્યારે આત્માને નિષ્ક્રિય[૧૧], સ્વતંત્ર[૧૨], ૧૪-૧૫-૧૬ ૧૭ વશી[૧૩], સર્વવ્યાપક[૧૪], વિભુ[૧૫], ક્ષેત્રજ્ઞ[૧૬], અને સાક્ષી[૧૭] એવો વર્ણવે છે, ત્યારે નિષ્ક્રિય પુરુષની ક્રિયા શી રીતે થાય છે? સ્વતંત્ર છે તો અનિષ્ટ યોનિમાં કેમ જન્મે છે? વશી છે તો દુઃખભાવથી કેમ દબાય છે? સર્વવ્યાપક છે તો સર્વ વેદનાઓનો ભોગ તેને કેમ થતો નથી? જો વિભુ છે તો પર્વત ભીંત વગેરેથી ઢંકાયેલા પદાર્થોને કેમ અનુભવી શકતો નથી? જો ક્ષેત્રજ્ઞ છે તો ક્ષેત્ર તેની પહેલાંનું છે કે કેમ? ક્ષેત્ર પ્રથમથી ન હોય તો તે ક્ષેત્રજ્ઞ શી રીતે કહેવાય? અને ક્ષેત્ર પ્રથમ હોય તો ક્ષેત્રજ્ઞ અનિત્ય જ કહેવાય, અને સાક્ષીરૂપ હોય તો તેના વિના અન્ય કર્તા નહિ હોવાથી તે કોનો સાક્ષી કહેવાય?

ઉત્તરઃ—મન પોતે અચેતન છે અને ક્રિયાવાળું છે; અને આત્મા ચેતન છે. જ્યારે ક્રિયાવાળા મનનો યોગ આત્મા સાથે થાય છે ત્યારે આત્મા ક્રિયાવાળો થાય છે. ચેતન આત્માનું હોવાથી કર્તૃત્વ તેમાં આરોપાય છે, મન ક્રિયાવાળું એટલે ક્રિયાના આશ્રયવાળું છતાં ક્રિયાનું પ્રેરક નહિ હોવાથી કર્તા ગણાતું નથી. આત્મા સ્વતંત્ર છે, કારણ કે સર્વ મનને સર્વયોનિમાં પ્રાણોવડે તે બાંધે છે, તે અન્યથી પ્રેરાયેલો બંધાતો નથી.

તે વશી છે કારણ કે કર્મ સ્વેચ્છાથી કરી ફલ ભોગવે છે. સ્વેચ્છાથી મનને વશ વર્તાવે છે, અને સ્વેચ્છાથી કર્મત્યાગ કરે છે.

સર્વવ્યાપક છતાં તે તે ઇન્દ્રિયોનો આશ્રય લેઇ તે તે વેદનાનો અનુ-ભવ કરે છે. ઇન્દ્રિયો પ્રતિશરીરમાં જુદી છે. તેથી સર્વ વેદનાનો એકી વખતે અનુભવ કરતો નથી.

તે વિભુ આત્મા મનને સમાધિમાં લાવે છે તો પર્વતાદિથી ઢંકાયેલી વસ્તુને જોઈ શકે છે. વળી તે તે દેહના કર્મને અનુસાર ચાલતા મનના રૂપ સાથે અનુબંધ કરવામાં આવે તો એક યોનિમાં જન્મ્યા છતાં અનન્ત યોનિના વૃત્તાન્તને જાણી શકે છે. આત્મા અનાદિ છે. તેમ ક્ષેત્ર પણ પરંપરાથી અનાદિ છે તેથી કોણ પ્રથમ અને કોણ પછી એ પ્રશ્ન યોગ્ય નથી.

જે જાણનાર છે તે સાક્ષી છે; ન જાણનાર સાક્ષી બંને નહિ. સર્વ પ્રાણીઓની સર્વ વાતોને આત્મા જાણે છે માટે સાક્ષી છે.

પ્રશ્ન: ૧૮—જો પુરુષ નિર્વિકાર છે તો વેદનાજન્યવિશેષ અથવા વિકાર તેને શાથી થાય છે?

ઉત્તર:—જે એક કેવલ આત્મા છે, અને જે ઇન્દ્રિયગ્રાહ્ય નથી તેમાં વેદનાજન્ય વિકાર છે જ નહિ: પરંતુ જે સંયોગજ પુરુષ છે એટલે રાશિમય અભિમાની છે તેનામાં વેદનાજન્ય વિશેષ થાય છે.

પ્રશ્ન: ૧૯—આર્ત અથવા રોગી પુરુષની ભૂત, વર્તમાન અને ભવિષ્યવેદનાપૈકી કોની ચિકિત્સા વૈદ્યે કરવી? ભવિષ્યવેદના દેખાતી નથી; અતીતવેદના પાછી આવતી નથી; અને વર્તમાન વેદનાને તો પુરુષના લક્ષણનો વિચાર કરતાં સ્થાન નથી તેથી આ પ્રશ્ન ઉભો થાય છે.

ઉત્તર:—ફરી તે જ માથાની પીડા આવી, ફરી તે જ તાવ આવ્યો, ફરી તે જ બળવાન ખાંસી થઇ, ફરી તેજ ઉલટી આવી—આવાં વચનોથી વ્યતીત વેદનાનું પાછું આગમન મનાય છે. આવી વેદનાને અતીત સમયનો ઉદ્દેશ કરી ભૂતવેદનાની ચિકિત્સા થાય છે. વળી જે જળવડે ખેતી પ્રથમ નાશ પામે તે જ જળ ફરી આવશે એમ માની જળને રોકવા પાળો બંધાય છે. તેમ રોગોના પૂર્વરૂપને જોઇ ભવિષ્યવેદનાની ચિકિત્સા થાય છે. જેવી રીતે સુખાકારી આચરણોથી પરંપરાગત દુ:ખ અટકે છે, અને સુખની પ્રવૃત્તિ થાય છે તેમ સમ ધાતુઓ સામ્યને પ્રકટ કરે છે; વિષમ ધાતુઓ વૈષમ્યને પ્રકટ કરે છે. આ નિયમને લક્ષ્યમાં રાખી નિષ્કપટ ભાવથી વૈદ્યો નૈષ્ઠિકી ચિકિત્સા કરે છે.



પ્રશ્ન: ૨૦—વેદનાનું કારણ શું?

ઉત્તર:—આત્માને ઉપાધિ લાગવો, તે જ દુ:ખ અને દુ:ખના આશ્રયનું કારણ છે. સર્વ ઉપાધિનો ત્યાગ થાય તો સર્વ દુ:ખનો નાશ થાય. જેમ રેશમનો કીડો પોતાની જાતે તંતુઓ ઉત્પન્ન કરી પોતાના વધના કારણને ઉભું કરે છે તેવી રીતે અજ્ઞાની પુરુષ વિષયોમાં તૃષ્ણાને વધારે છે, અને દુ:ખી થાય છે. જેઓ અગ્નિના સરખા વિષયોને જાણી તેથી અળગા રહે છે તેઓ સંસર્ગના અનારંભને લીધે દુ:ખને ભોગવતા નથી.

દુ:ખના હેતુઓ, બુદ્ધિભ્રંશ, ધૈર્યભ્રંશ, સ્મૃતિભ્રંશ, કાલ અને કર્મની વિષમતા, અને અયોગ્ય વસ્તુઓનું સેવન કરવું, એટલા છે. નિત્યમાં અનિત્યભાવ બાંધવો, હિતમાં અહિતબુદ્ધિ બાંધવી, અને અનિત્ય તથા અહિતમાં નિત્ય તથા હિતબુદ્ધિ બાંધવી એનું નામ બુદ્ધિભ્રંશ છે. સમતા એ બુદ્ધિનું શુદ્ધ લક્ષણ છે; વિપર્યય એ બુદ્ધિનો ભ્રંશ છે. વિષયમાં દોડતું ચિત્ત ન રોકી શકવું એનું નામ ધૃતિભ્રંશ છે. નિયમમાં રહેવું એનું નામ ધૃતિ; નિયમબ્હાર જવું એ ધૃતિનો લોપ છે; રજસ્ અને મોહને લેઈ તત્વજ્ઞાનમાંથી ભ્રષ્ટ થવું એ સ્મૃતિભ્રંશ છે. સ્મૃતિ એ તત્ત્વમાં સ્થિતિ છે. આ બુદ્ધિ, ધૃતિ અને સ્મૃતિના ભ્રંશથી જે અશુભ કર્મ થાય તેનું નામ પ્રજ્ઞાપરાધ છે અને તે સર્વ દોષોને બહેકાવે છે.

ઉપસ્થિત નહિ થયેલાં મલમૂત્રને વેગથી હઠપૂર્વક દૂર કરવા, ઉપસ્થિત થયેલા વેગોને રોકવા: સાહસમાં પ્રવૃત્ત થવું, અતિ મૈથુન કરવું, સમયસર કાર્ય ન કરવું, નિરર્થક કામ કરવું, વિનય અને સદાચારનો ત્યાગ કરવો, પૂજ્યોનો અનાદર કરવો, અહિત પદાર્થોને જાણ્યા છતાં સેવન કરવું, ઉન્માદના હેતુઓનું સેવન કરવું, ખરાબ દેશમાં તથા સમયમાં ફરવું, દુષ્ટો સાથે મૈત્રી કરવી, ઈર્ષ્યા, માન, મદ, ક્રોધ વગેરે દોષોથી ઉત્પન્ન થયેલાં કર્મ, દૈહિક ક્લેશ આપનાર કર્મ, રજોગુણ અને તમોગુણથી ઉત્પન્ન થયેલાં કર્મ,—આ સર્વ પ્રજ્ઞાપરાધજન્ય વ્યાધિનાં કારણો છે.

પ્રશ્નઃ ૨૧. વેદનાનું અધિષ્ઠાન શું ?

ઉત્તરઃ—કેશ, રૂવાં, નખનો અગ્રભાગ, અન્ન, મલ, દ્રવ, તથા ગુણ-વિનાનો ઇન્દ્રિય તથા મનયુક્ત દેહ, વેદનાનું અધિષ્ઠાન છે.

પ્રશ્નઃ ૨૨. કઇ રીતે સર્વ વેદના આત્યંતિક નિવૃત્ત થાય ?

ઉત્તરઃ—સુખનું કારણ કેવલ સમયોગ છે. મિથ્યાયોગ, અતિયોગ અને હીનયોગ, વેદનાનાં કારણો છે. ઇન્દ્રિયો તથા અર્થ, સુખદુઃખનાં કારણો નથી. પરંતુ આ ચાર પ્રકારનો યોગ સુખદુઃખનું કારણ છે. વળી આત્મા, મન બુદ્ધિ અને ઇંદ્રિયમાં કર્મવિના સુખઃદુખ થતાં નથી. આ શી રીતે થાય છે તેનો ક્રમ આ પ્રમાણે છેઃ-વિષય સાથે ઇંદ્રિયસ્પર્શ અને માનસ સ્પર્શ-થાય છે. તે સુખદુઃખાદિ વેદનાનો પ્રવર્તક છે, સુખદુ;ખની વેદના જાગ્યા પછી સુખની તૃષ્ણા અને દુઃખત્યાગનો વેગ જાગે છે. અને તે તૃષ્ણા સુખ-દુઃખનું પુનઃ કારણ બને છે. તે તૃષ્ણાવડે વેદનાનાં આશ્રયભૂત ભાવોને પુરુષ પકડે છે એટલે તેનું ઉપાદાન કરે છે. આ ઉપાદાનવડે માનસસ્પર્શ થાય છે. જેઓ વિષયોનું ઉપાદાન કરતા નથી, તેને સ્પર્શ નથી, અને તેમને સુખદુઃખનો ઉદય નથી.

પ્રશ્નઃ ૨૩—સર્વ સંયોગથી રહિત, સર્વવિત્ સંન્યાસી અને પ્રશાન્ત પુરુષ કયાં લક્ષણોથી ઓળખી શકાય ?

ઉત્તરઃ—યોગમાં અને મોક્ષમાં સર્વ વેદનાઓનો અભાવ થાય છે. યોગ મોક્ષને પ્રવર્તાવે છે, અને મોક્ષ દુઃખની નિઃશેષ નિવૃત્તિ કરે છે. આત્મા, મન, ઇંદ્રિયો અને અર્થોનો સંબંધ થતાં સુખ દુઃખ પ્રકટ થાય છે. જ્યારે આત્મામાંજ મન સ્થિર થાય છે ત્યારે પ્રવૃત્તિના અનારંભને લીધે સુખ અને દુઃખ બન્ને નિવૃત્ત થાય છે, અને વશિત્વ પ્રાપ્ત થાય છે. સશરીર પુરુષને આવું વશિત્વ ઉત્પન્ન થવું તેને ઋષિઓ યોગ કહે છે. આ યોગવડે નીચેના આઠ પ્રકારનું ઐશ્વર્ય મળે છે. ચિત્તનો ઇચ્છામાં આવે તે વિષયમાં આવેશ ઉત્પન્ન કરી શકાય છે; અર્થોનું સર્વાંશ જ્ઞાન



મેળવી શકાય છે; સ્વચ્છંદ ક્રિયા કરી શકાય છે; દિવ્ય દૃષ્ટિ, દિવ્ય શ્રવણ; દિવ્ય સ્મૃતિ, દિવ્ય કાન્તિ, અને સ્વેચ્છાથી અદૃષ્ટ થવાનું બલ મળે છે. રજોગુણ ને તમોગુણનો અભાવ થવાથી અને બલવાન પ્રતિબંધક કર્મનો નાશ થવાથી, અને ભાવિકર્મના સંયોગનો ઉચ્છેદ થવાથી ફરીથી ઉદય ન થવાની સ્થિતિ અર્થાત્ મોક્ષ ઉદય થાય છે.

સજ્જનોની સેવા દુર્જનોનો ત્યાગ, વ્રતચર્યા, ઉપવાસ, નિયમોનું પાલન, ધર્મશાસ્ત્રનો અભ્યાસ, વિજ્ઞાન, એકાન્તવાસમાં પ્રીતિ, વિષયોમાં વૈરાગ્ય, મોક્ષપ્રાપ્તિનો ઉદ્યોગ, અત્યંત ધૈર્ય, નવાં કર્મોનો અનારંભ, કૃત-કર્મોનો નાશ, ભાવિકર્મના લેપથી રહિત થવું, અહંકારરહિત થવું, સંયો-ગથી ડરવું, મન અને બુદ્ધિનું સમાધિસ્થ થવું, અર્થના તત્ત્વનું પરીક્ષણ કરવું,-આ ઉપાયોવડે કરીને તત્ત્વની સ્મૃતિ જાગે છે, અને તેવડે સંસારના દુઃખથી છૂટાય છે.

આ તત્ત્વસ્મૃતિ નીચેના આઠ ઉપાયોવડે ઉત્પન્ન થાય છે.

(૧) નિમિત્તોના રૂપનું ગ્રહણ કરવાથી; (૨) સાદૃશ્ય ભાવથી; (૩) વિસદૃશ ભાવ ઉભો કરવાથી; (૪) સત્વમાં મનને જોડી રાખવાથી; (૫) અભ્યાસથી; (૬) જ્ઞાનયોગથી; (૭) વારંવાર શ્રવણ કરવાથી; (૮) પૂર્વે સાંભળેલા, જોયેલા, તથા અનુભવેલા નિશ્ચયોને સ્મરણમાં લાવવાથી સ્મૃ-તિલંભ થાય છેઃ

જેઓ વસ્તુસ્મૃતિવાળા છે તેઓનો મોક્ષ છે, જેઓ તત્ત્વસ્મૃતિ વિનાના છે તેઓ પુનર્જન્મને પામે છે. યોગિઓએ આને યોગનો માર્ગ કહ્યો છે. અને સાંખ્યવેત્તાઓએ આને મોક્ષમાર્ગ કહ્યો છે. સઘળું કાર્ય દુઃખમય છે, અનિત્ય છે, અને તે મારૂં રૂપ નથી; જેને કાર્ય છે તે આત્મા નથી-આવી સત્યબુદ્ધિ-અહં મમત્વભાવવિનાની જેને ઉત્પન્ન થાય છે તે જ્ઞાની પુરુષ સર્વથી છુટે છે. આ અંતિમ ત્યાગવડે સર્વ વેદનાઓ સમૂલ નાશ પામે છે, અને જ્ઞાન તથા વિજ્ઞાનવડે તે અશેષ નિવૃત્તિને મેળવે છે. આવું

દશ્યમાં આત્મ-બુદ્ધિ બાંધવાના મૂલદોષને અવિદ્યા કહે છે. આ અવિદ્યાવડે કર્તૃત્વાદિ મર્યાદાવાળું અભિમાન જાગે છે, તેવડે રાગ અને દ્વેશ થાય છે; તેથી ઇષ્ટ પદાર્થોને મેળવવા અને અનિષ્ટનો નાશ અથવા ત્યાગ કરવા મનુષ્ય પ્રવૃત્ત થાય છે; મનુષ્યની આ પ્રવૃત્તિ ધર્મ અને અધર્મને અથવા પુણ્ય અને પાપને પ્રકટ કરે છે; તે શુભાશુભ કર્મવડે જન્મ, આયુ્ અને ભોગરૂપ વિપાકો થાય છે, અને આ પ્રમાણે એક ભવમાંથી બીજા ભવમાં, બીજામાંથી ત્રીજામાં,—એમ ઘટિયંત્રવત્ સંસારી પુરુષનું ભ્રમણ થાય છે. જો પુરુષ કેવળ ચૈતન્યરૂપે સ્વપ્રતિષ્ઠિત અને પ્રકૃતિ પોતાના વિકારોવાળી પુરુષની સાથેના અવિદ્યામય સંબંધથી વિખૂટી પડે તો અવિદ્યારૂપ મૂળનો ઉચ્છેદ થવાથી ભવચક્ર અટકે. ત્યારે એવાં કયાં તત્ત્વો છે કે જેમાં આત્મબુદ્ધિ બાંધવારૂપ અવિદ્યાવડે પુરુષ બદ્ધ થાય છે, અને જેમાં અનાત્મબુદ્ધિ ઉત્પન્ન કરી તેનાથી પૃથક્ પડી પુરુષ મુક્ત થાય છે તેનો વિચાર કરવાનો પ્રાપ્ત થાય છે.

આ તત્ત્વો કેટલાંક પ્રકૃતિરૂપ એટલે કારણરૂપ છે, કેટલાંક પ્રકૃતિ-વિકૃતિરૂપ છે એટલે કારણરૂપ છે અને તે સાથે કાર્યરૂપ પણ છે; કેટલાંક કેવળ વિકૃતિરૂપ છે એટલે કાર્યરૂપ છે અને એક પુરુષ જ એવું તત્ત્વ છે કે જે પ્રકૃતિ પણ નથી, તેમ વિકૃતિ પણ નથી. આ પુરુષરૂપ કાર્યકારણથી પરતત્ત્વનો કાર્યકારણાત્મક જગતથી પૃથક્ અનુભવ કરવામાં સાંખ્યાચાર્યો ચોવીસ તત્ત્વોનો ઉપદેશ કરે છે.

તેમાં આદિકારણ મૂલ પ્રકૃતિતત્ત્વ સ્વયંભૂ છે. સાક્ષાત્ અથવા પરંપરાએ સઘળા વિકારોના ઉપાદાન કારણરૂપે તે રહે છે, અને તે સર્વોત્તમ કૃતિ અથવા પરિણામને પ્રકટ કરી, પુરુષના ભોગ અને મોક્ષ એ પુરુષાર્થને સાધે છે, માટે તેને **પ્રકૃતિ** એવું નામ આપવામાં આવે છે. તેનાં બીજાં નામ શક્તિ, અજા, પ્રધાન, અવ્યક્ત, તમસ્, માયા, અવિદ્યા વગેરે છે. સર્વ બલ તેમાં શમાયલાં છે તેથી તે શક્તિ કહેવાય છે; તે કોઇમાંથી જન્મેલી નથી તેથી અજા કહેવાય છે; સઘળું જગત્ તેમાં અંતર્ગત એટલે



શમાઈ રહેલું છે તેથી પ્રધાન કહેવાય છે; વળી પુરુષ જે પ્રભુસ્થાને છે તેની મંત્રશક્તિ આમાં રહેલી હોવાથી તે પ્રધાન કહેવાય છે; સામાન્ય જનોને તે સ્પષ્ટ થતી નથી તેથી અવ્યક્ત કહેવાય છે, અંધારા જેવી અને સર્વનું આવરણ કરનારી હોવાથી તે તમસ્ કહેવાય છે; સર્વનું માપ કાઢે છે, તથા સર્વને ભ્રમમાં નાંખે છે તેથી તે માયા કહેવાય છે. પુરુષને પોતામય બનાવી સંસારભ્રમમાં લાવી મૂકે છે તેથી અવિદ્યા કહેવાય છે.

આ આદિકારણ સત્વ, રજસ્ અને તમસ્—આ ત્રણ દ્રવ્યોની સામ્યાવસ્થાવાળી સ્થિતિ છે. જેમ એક વસ્ત્ર સર્વ બાજુથી સરખું ખેંચાયેલું તંગ અવસ્થામાં સમ રહે છે, તેમ આ ત્રણ દ્રવ્યો એકતંત્ર થઇ સામ્યભાવ પ્રકટ કરે છે, ત્યારે તે પ્રકૃતિ એ નામથી ઓળખાય છે. સારાંશ પ્રકૃતિ એ સત્વ રજસ્ અને તમસ્‌ની અમુક પ્રકારની સામ્ય અવસ્થા છે.

સંસ્કૃત ભાષામાં ગુણ શબ્દ ત્રણ અર્થમાં વપરાય છે. (૧) દોરી અથવા સૂત્ર, (૨) ધર્મ, (૩) મુખ્ય નહિ તેવું. પુરુષને બંધનમાં લાવી મૂકે છે એટલે પાશરૂપે વર્તે છે તેથી સત્વાદિ ગુણ કહેવાય છે. વળી સુખ દુઃખ, મોહ વગેરે ધર્મોને પ્રકટ કરે છે માટે સત્વાદિ ગુણ કહેવાય છે, અને પુરુષના અર્થે તેમનું અસ્તિત્વ છે એટલે કે તેઓ પરાર્થે છે, સ્વાર્થે નથી, તેથી સત્વાદિ ગૌણ એટલે પુરુષથી બીજી પંક્તિના અમુખ્ય ગણાય છે.

વિજ્ઞાનભિક્ષુના અભિપ્રાય પ્રમાણે ( અને સાંખ્યાચાર્યોમાં વિજ્ઞાનભિક્ષુ જેવા સ્વતંત્ર સૂક્ષ્મ વિચારક બીજા ભાગ્યે જ મળી આવે છે ) સત્વાદિ જે ગુણ શબ્દથી ઓળખાય છે, તે કેવળ ધર્મ નથી, પરંતુ ધર્મી અથવા દ્રવ્ય છે. પુરુષ ઉપર કેવા પ્રકારની દ્રવ્ય અસર કરે છે તે પ્રકાર ઉપરથી સાંખ્યાચાર્યોએ તે તે દ્રવ્યને ગુણપ્રધાન નામ આપ્યાં છે, સત્ એટલે હોવાપણું, અથવા શુભભાવ પુરુષને પ્રતીત કરાવે તે દ્રવ્ય ઉત્તમ અથવા ઉત્કૃષ્ટ હોવાથી **સત્વ** એવા નામવાળું ગણવામાં આવે છે; પુરુષને રાગવડે રંગે તે મધ્યમ દ્રવ્યને **રજસ્** ગણવામાં આવે છે; અને પુરુષને અંધારામાં લાવી મૂકે તે **તમસ્** અથવા અધમ દ્રવ્ય ગણાય છે. પ્રત્યેક પુરુષને અથવા

અભિમાનીને આ બાહ્યદ્રવ્ય અનંતભાવે અનુભવાય છે તેથી સત્વાદિ દ્રવ્ય અનંત વ્યક્તિ અથવા અણુઓનો સમુદાય કહેવાય છે. આ અનંત પરમાણુઓ અથવા વ્યક્તિઓના સમૂહરૂપ દ્રવ્ય ત્રણ પ્રધાનધર્મને લેઇ ત્રણ પ્રકારનું-સત્વ, રજસ્, તમસ્ એમ કહેવાય છે. જ્યારે આ ત્રણ ભાવો સામ્ય અવસ્થામાં હોય ત્યારે પ્રકૃતિતત્ત્વ, જ્યારે તે વૈષમ્યને પામે ત્યારે વિકૃતિતત્ત્વ જાગે. આ દ્રવ્ય ધર્મવિનાનું કદી હોતું નથી તેથી ન્યાય વૈશેષિકમતનાં પરમાણુઓ કરતાં જૂદા પ્રકારનું છે. તે સમરસ બની વિભુ થાય; વિષમતાને પામી અણુપરિણામવાળું થાય અથવા મધ્યમ પરિમાણવાળું પણ થાય. સુખ દુઃખ અને મોહવાળા પદાર્થો અનુભવાય છે તેથી તે ધર્મવાળું મૂલ કારણ હોવું જોઈએ. પુરુષને તે પ્રકારનો અનુભવ થાય છે, અને તેથી ચિત્તના સત્વાદિ પ્રકારો છે, બાહ્ય અર્થના તે ધર્મો નથીઃ- એવી શંકાને સ્થાન નથી, કારણ કે સાંખ્યદર્શનમાં ચિત્ત અને અર્થ આદિકારણ દ્રવ્યનાં જ પરિણામો છે, અને પૃથક્ પદાર્થો નથી.

અસંખ્ય વ્યક્તિવાળાં સત્વાદિ દ્રવ્યો જ્યારે સામ્યભાવમાં આવે ત્યારે પ્રકૃતિ કહેવાય. આ પ્રકૃતિ જો કે અનંત ભેદો અથવા વ્યક્તિઓથી ભરપૂર છે તોપણ કારણદ્રવ્યત્વને લીધે **અપરિચ્છિન્ન** એટલે અમર્યાદિત કહેવાય છે. અનંત પુરુષો અથવા ભોક્તાઓના સંબંધમાં આવતા છતાં, તથા અનેક સર્ગોમાં પરિણામો થવા છતાં તે કારણદ્રવ્ય પોતાના મૂળ શક્તિસહિત એકંદર ન્યૂનાધિક થતું નથી તેથી એક કહેવાય છે, અને નિશ્ચય, અભિમાન વગેરે ક્રિયાનો તેમાં ઉદય નથી તેથી તે **અક્રિય** કહેવાય છે.

આ પ્રકૃતિમાંથી, જેમ દુધમાંથી પ્રથમ તર ગરમી લાગવાથી નીકળે તેમ, વૈષમ્ય થતાં જે પ્રથમ તત્ત્વ જાગે છે તેનું નામ બુદ્ધિ અથવા મહત્ છે. સાંખ્યના શ્રૌતસમયના રૂપમાં તેમાં ચૈતન્યધર્મ છે તે જણવવા " મહાન્ આત્મા " એવા શબ્દથી આ તત્ત્વનો વ્યવહાર થયો છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય વગેરે સર્વોત્તમ ગુણો તેમાં શમાયેલા હોવાથી આ દ્રવ્યને **મહત્**-મોટું-એવું નામ આપવામાં આવ્યું છે. સાંખ્યાચાર્યો નિત્ય-



સિદ્ધ ઇશ્વર નથી માનતા, પરંતુ વ્યવસ્થાપક ઇશ્વિરનું રૂપ માને છે, અને તે સર્ગારંભે પ્રકટ થાય છે. આ ઇશ્વરનો ઉપાધિ તે આ મહત્ તત્ત્વ છે. તેમાંથી ગુણમૂર્તિઓ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર ઊભી થાય છે. પરંતુ સમગ્ર ઐશ્વર્યનું અધિષ્ઠાન આ મહત્ તત્ત્વ છે એ લક્ષબહાર જવું જોઇએ નહિ. આ મહત્ જે સ્વતઃ શુદ્ધ સત્વરૂપ છે, તેમાં રજસ્ અને તમસ્નાં અંશો-વડે વિકૃતિ થાય ત્યારે તે વ્યષ્ટિ જીવ અથવા પુરુષનો ઉપાધિ બને છે. જેમ સ્વચ્છ સુવર્ણ ધાતુમાં તાંબુ મિશ્ર થવાથી સુવર્ણ ઉતરતી પંક્તિનું થાય છે તેમ આ મહત્ મલિન સત્વ બની પુરુષની બુદ્ધિ નામની પ્રથમ ઉપાધિ બને છે. તેમાં અધર્મ અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય, રજસ્ તમસ્ અંશના મિશ્રણથી પ્રવેશ પામે છે.

આ શુદ્ધસત્વ અથવા મલિન સત્વવાળા મહત્ તત્ત્વનો સ્વભાવ, નિર્ણય કરવાનો-અધ્યવસાય કરવાનો-હોય છે. એટલે જે જે પદાર્થના સંબંધમાં તે આવે તે તે પદાર્થને યથાર્થ રૂપમાં પુરુષને તે દર્શાવે છે.

આ મહત્ના એકદેશમાં હુંપણાનું પ્રથમ ભાન જાગે છે. આ મર્યાદિત ભાન અથવા અભિમાનવાળા દ્રવ્યને સાંખ્યદર્શનમાં અહંકાર કહે છે. જ્યારે મહત્ બીજસ્થાને છે ત્યારે અહંકાર અંકુરસ્થાને છે; અને પ્રકૃતિ મૂલક્ષેત્ર છે.

આ અહંકાર દ્રવ્યની ત્રણ શાખા થાય છે; એક શાખા જેમાં સત્વગુણનો પ્રભાવ હોય છે તેનું નામ **વૈકારિક**; બીજી શાખા જેનાં રજોગુણનો પ્રભાવ હોય છે તેનું નામ **તૈજસ્**; અને ત્રીજી શાખા જેમાં તમોગુણનું પ્રાધાન્ય હોય છે તેનું નામ **ભૂતાદિ**. આથી ભાવિષ્યના પ્રત્યેક વિકારમાં અહંકારદ્રવ્યનો સદ્ભાવ હોવાથી વિશ્વમાત્ર ચૈતન્યથી ભરપૂર છે; પ્રત્યેક અણુમાં અહંકારદ્રવ્ય પ્રકટ અથવા અપ્રકટ રૂપમાં વિદ્યમાન હોય છે.

વૈકારિક અહંકારદ્રવ્યમાંથી દશ ઇંદ્રિયોની ઉપકારક દેવતાઓ; તૈજસ્માંથી જ્ઞાન અને કર્મ ઇન્દ્રિયોનું સહાયક મન તથા છૂટી પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થાય છે. અને ભૂતાદિમાંથી પાંચ શબ્દાદિ તન્માત્રાઓ પ્રકટ થાય છે.

મહત્, અહંકાર અને પંચતન્માત્રાઓ પોતે નવાં કાર્યોને પ્રકટ કરે છે, અને પોતે અન્યના કાર્યરૂપ છે તેથી પ્રકૃતિ–વિકૃતિરૂપ ગણાય છે.

પંચ તન્માત્રાઓ ક્રમશઃ પંચ મહાભૂતને ઉત્પન્ન કરે છે. ભૂતાદિ અહંકાર પ્રથમ શબ્દતન્માત્રાને જન્મ આપે છે; અને તેમાંથી એક શબ્દ-ધર્મવાળું આકાશ પ્રકટે છે; આકાશદ્રવ્યના ભીતરમાં રહેલા ભૂતાદિના બલથી સ્પર્શતન્માત્રા જાગે છે; અને તેમાંથી બે ગુણવાળો વાયુ ઉત્પન્ન થાય છે; વાયુના અંતર્ગત ભૂતાદિ અહંકારની પુનઃવિકૃતિથી રૂપતન્માત્રા જાગે છે, અને તેમાંથી ત્રણ ગુણવાળું તેજસ્ ઉત્પન્ન થાય છે; તેજસ્‌ના અંતર્ગત ભૂતાદિ અહંકારના અધિક ક્ષોભથી રસતન્માત્રા જાગે છે અને તેમાંથી ચાર ગુણવાળું જલતત્ત્વ પ્રકટે છે; જલના અંતર્ગત ભૂતાદિના પુનઃક્ષોભથી ગંધતન્માત્રા જાગે છે, અને તેમાંથી પાંચ ગુણવાળી પૃથિવી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ભૂતાદિ અહંકાર તન્માત્રાદ્વારા પંચભૂતને ઉત્પન્ન કરે છે.

અગીઆર ઇંદ્રિયો અને પંચભૂત એ નવાં તત્ત્વને પ્રકટ કરતાં નથી તેથી પ્રકૃતિરૂપ નથી, પરંતુ કેવળ વિકૃતિરૂપ છે.

પ્રકૃતિ, મહત્, એકાદશ ઇંદ્રિયો, પંચતન્માત્રા, અને પંચભૂત મળી, ચોવીસ તત્ત્વોમાં પ્રકૃતિ અનાદિ છે, અને મહદાદિ ત્રેવિસ તત્ત્વો આદિ છે. આ ત્રેવિસ તત્ત્વોમાં મહત્, અહંકાર, અને મન–એ ત્રણ અંતઃકરણ છે; અને દશ ઇંદ્રિયો બહિઃકરણ છે. પંચભૂત બાદ કરી, અને અહંકારને મહત્‌માં અંતર્ગત કરી, ત્રેવિસમાંથી છ તત્ત્વો કમી કરી, સત્તર તત્ત્વો પુરુષની અભિવ્યક્તિ કરાવનાર હોવાથી લિંગ શરીર કહેવાય છે.

સાંખ્યદર્શનમાં પ્રાણને સ્વતંત્ર તત્ત્વ માન્યું નથી પણ તેનો બુદ્ધિમાં સમાસ કર્યો છે.

સત્તર તત્ત્વોની રચનાવાળું લિંગશરીર સર્ગના આદિમાં ઉત્પન્ન થઇ પ્રત્યેક પુરૂષની સ્વત્વોપાધિ બને છે, અને તે પ્રાકૃત પ્રલયપર્યંત ટકે છે, અને મોક્ષ થાય તો મૂલકારણમાં શમે છે.



જેમ ભીંત અથવા કેન્વાસ વિના ચિત્ર આલેખી શકાતું નથી, તેમ સૂક્ષ્મ પંચભૂતની પીઠ અથવા ભિંતવિના લિંગ શરીર વ્યાપાર કરી શકતું નથી, તથા લોકલોકાન્તરમાં જન્માદિ પરિણામોને પ્રકટ કરી શકતું નથી.

આ આદિ વ્યવસ્થાપક ઇશ્વર અથવા સ્વયંભૂના આંતર ઉપાધિ તરીકે સત્તર તત્ત્વોના સારભૂત લિંગશરીર મુખ્ય એક અભિમાનીના વિષયરૂપ પ્રકટ થાય છે, અને તે શરીરના અંશભૂત તત્વોમાંથી વ્યષ્ટિજીવોનાં ઉપાધિ-ભૂત વ્યષ્ટિરૂપ લિંગ શરીરો છૂટાં પડે છે. જેમ પિતાના સ્થૂલ શરીરમાંથી માતાના ગર્ભદ્વારના વિપાકવડે પુત્રનું સ્થૂલ શરીર પૃથક્ વ્યવહાર કરતું જન્મે છે, તેમ વ્યષ્ટિલિંગ શરીર પણ પિતામહના લિંગશરીરના અંશભૂત પ્રકટ થઇ તે તે શરીરીને પ્રાપ્ત થાય છે.

મહત્ તત્ત્વના દશમા ભાગમાં અહંકારદ્રવ્ય, અહંકારના દશમા ભાગમાં આકાશ, આકાશ તત્ત્વના દશમા ભાગમાં વાયુ, વાયુના દશમા ભાગમાં તેજ તેજના દશમા ભાગમાં જલ, જલના દશમા ભાગમાં પૃથિવી રહે છે. આ પ્રમાણે અનંત મર્યાદાવાળા પ્રકૃતિપ્રદેશના અંતરાલમાં આવરણોના પટપટાં-તરમાં પૃથિવી તત્ત્વરૂપ બીજમાં, પ્રાચીનતત્ત્વોનાં સર્વ અંશો ગુપ્ત થઇ સ્થૂલ શરીરનું ઉપાદાનકારણ ઘડાય છે, અને તે અંડાકાર પરિણામ પામે છે, અને તેની આગળ પાછળ દશગુણ પૃથિવી તત્ત્વનું આવરણ વિદ્યમાન રહે છે. આમાં ચતુર્દશ ભુવનવાળું સ્વયંભૂનું સ્થૂલ શરીર સંકલ્પબલથી ઉત્પન્ન થાય છે, અને તે શરીરના ધારણ કરવાવડે, સ્વયંભૂ નારાયણ શબ્દથી વ્યવહરાય છે, કારણ કે તેમાં ભાવિ નરો અથવા જીવોના સારભૂત દ્રવનું પરમ ગંતવ્ય અથવા પ્રાપ્તવ્યપદઅયન સમાયેલું છે. તેના વિરાટ્ શરીરના અંશોમાંથી આપણ સર્વ સ્થૂલ શરીરાભિમાનીનાં શરીરો ગુણકર્માનુસાર ઉત્પન્ન થાય છે.

આ સૃષ્ટિક્રમમાં જે જે દ્રવ્ય વિકાર પામી તત્ત્વાન્તર પરિણામ પામે છે અને તેમાંથી અવસ્થાન્તરપરિણામ થાય છે, તે તે દ્રવ્ય પોતાના ઉપરના કારણદ્રવ્યમાંથી વિકૃતઅંશની ખોટ પુરી કરતું જાય છે. એટલે સૃષ્ટિનો સર્વાંશ

વિકાસ થાય ત્યારે પણ તે તે પ્રકૃતિવિકૃતિરૂપ તત્ત્વો પોતાના મૂલ બલથી ભરપૂર રહે છે, અને પ્રત્યેક વિકૃતિ પોતાની પ્રકૃતિના આવરણમાંથી પરિણામ બલ મેળવતી જાય છે. આથી સંહારક્રમ શરૂ થાય ત્યારે તે તે પરિણામો અને વિકારો પોતપોતાની નિયત પ્રકૃતિના આવરણમાં શમી પછી લીન થતા જાય છે. સ્થિતિસમયે પણ પરિણામો અથવા વિકારો સૃષ્ટિના વ્યક્ત આવરણમાંથી યોગ્ય બલ મેળવતા રહે છે. આ પ્રકારે સૃષ્ટિ, સ્થિતિ અને સંહાર પિંડના તેમ બ્રહ્માંડનાં ચાલ્યાં જ કરે છે.

આ સ્થૂલ પરિણામો અને પ્રતિક્ષણ થતા સૂક્ષ્મ પરિણામોમાં પુરુષ સ્વતઃ અવિકૃત કૂટસ્થ રહે છે. આ પ્રમાણે સર્વદૃશ્ય જગત્ પરમાર્થતઃ સર્વદા અસદ્ છે. કારણ કે તે પ્રતિક્ષણ લયક્રમમાં હોય છે અને તેથી આ સ્થૂલ અને સૂક્ષ્મ પ્રકૃતિનો પરિણામિક્રમ વિવેકીને વૈરાગ્યના સાધનરૂપ થાય છે.

આ પ્રકારે પ્રકૃતિ અને તેના ત્રેવિસ પરિણામોમાંથી પુરુષને પૃથક્ પાડવો અને તેની સ્પષ્ટ વિવેકબુદ્ધિ ઉદય થવી તેને સાંખ્યો વિવેકખ્યાતિ કહે છે. પુરુષનુ સ્વરૂપ સાંખ્યના અભિપ્રાય પ્રમાણે ચિતિરૂપ છે. ઉપનિષદ્‌માં પુરુષ શબ્દ પુરમાં-દેહનગરમાં-સૂનારો થાય છે. અને તેની વિભુતાને લક્ષમાં લઇ તે પૂર્ણ હોવાથી પુરૂષ એવી પણ વ્યુત્પત્તિ થાય છે.

જ્યારે ન્યાય અને વૈશેષિક દેહીને કર્ત્તા અને ભોક્તાતરીકે વર્ણવે છે, ત્યારે સાંખ્યમાં દેહી અથવા પુરુષને ભોક્તા તથા દૃષ્ટાતરીકે ચિતરે છે. જે જેને અનુભવે તે તેનાથી જૂદો—આ ન્યાયને અનુસાર જેવી રીતે ઘડાને જોનાર નેત્રઇંદ્રિય નેત્રથી જૂદી, તેવી રીતે દેહ, ઇંદ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિના વ્યાપાર અને ચેષ્ટાને જોનાર પુરુષ દેહાદિથી જૂદો. બાહ્ય-અર્થથી પુરુષનું પૃથક્‌પણું સામાન્ય બુદ્ધિને પણ સમજાય છે; તેમ ઇન્દ્રિયોથી પર પ્રાણોથી પણ પર, અને સંકલ્પ-વિકલ્પાત્મક મનથી પણ પર આપણું જૂદાપણું સમજી શકાય છે. પરંતુ મહત્—બુદ્ધિના પરિણામોથી પુરુષની પરતા સમજવી ઘણી કઠિન છે. આથી સાંખ્યાચાર્યો પોતાના વિવેકજ્ઞાનને માત્ર ભેદજ્ઞાન અથવા જડચૈતન્યનો વિવેક એવું નામ નહિ આપતાં,



"સત્વપુરુષ અન્યતાખ્યાતિ" એટલે સત્વ એટલે બુદ્ધિતત્ત્વ અને પુરુષ એ એના ભેદનું સ્પષ્ટ ભાન એવું પારિભાષિક નામ આપે છે.

આપણું જ્ઞાન ઉદય અને અસ્તવાળું આપણે અનુભવીએ છીએ, અને આપણે તે જ્ઞાનની ધારામાં એટલા તો તન્મય થઇએ છીએ કે તે ધારા જે પીઠઉપર ચાલે છે તેનું ભાન ભૂલીએ છીએ. આપણે બાહ્ય ઘટાદિ અર્થોને ખરી રીતે આપણા બુદ્ધિના વૃત્તિરૂપ વેષ્ટનવિના મૂળરૂપમાં—નગ્નભાવે-કદી અનુભવી શકતા નથી. આપણી બુદ્ધિના આકારમાં જ આપણે બાહ્યાર્થનું ભાન કરીએ છીએ. વળી આપણા આંતરવેદ્ય-જેવાં કે સુખદુઃખ, રાગદ્વેષ ઇત્યાદિ સર્વ ભાવચિત્રો પણ બુદ્ધિના પરિણામો છે, અને તેની આકૃતિ અને ગુણભેદને લઇ આપણે તેને અમુક ભાવ એવું નામ આપીએ છીએ. આથી બુદ્ધિદ્રવ્યની વૃત્તિઓ અથવા સાકાર પરિણામોની પરંપરા અથવા ધારા એને આપણે સચેતન અવસ્થા કહીએ છીએ. બૌદ્ધોનું એમ માનવું છે કે આ બુદ્ધિવૃત્તિની-વિજ્ઞાનની ધારા અથવા સંતાનને જ વૈદિકો અને બીજા વિચારકો આત્મા-પુરૂષ એવો સ્થિર પદાર્થ માને છે, પણ વસ્તુતઃ એવો સ્થિર વિજ્ઞાનમય પુરૂષ અથવા આત્મા નથી. જૈનદર્શનમાં જીવરૂપ પદાર્થ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અને અનંત વીર્યવાળો સ્વીકાર્યો છે, પરંતુ તે કર્મના દોષથી મર્યાદાવાળા જ્ઞાનાદિ ધર્મવાળો, અને દેહમર્યાદા-વાળો-સંકોચવિકાસવાળો થઇ જાય છે. સાંખ્યાચાર્યોનું એમ કહેવું છે કે આ બન્ને મંતવ્યો ખોટાં છે. બુદ્ધિવૃત્તિ અને પુરુષના સ્વરૂપનું સાચું જ્ઞાન નહિ થવાથી આ ભ્રમરૂપ નિશ્ચયો થયા છે.

વાત ખરી છે કે આપણે બુદ્ધિવૃત્તિના મિશ્રણવાળુંજ જગત્ અનુભવીએ છીએ. પરંતુ બુદ્ધિ સ્વયંપ્રકાશ નથી. આપણે અંતઃકરણના વ્યાપારોને તેના ઉદય, સ્થિતિ અને લયને જાણીએ છીએ. જેમ વિચિત્ર રંગથી ચિતરેલું કેનવાસ ક્રમશઃ પ્રકાશમાં મૂકીએ તો આપણને નેત્રદ્વારા ક્રમરૂપે ચિત્રોનું ભાન થાય છે. તેમ બુદ્ધિના મર્યાદિત થતા ગુણકર્માનુસાર આકારો પુરુષના

સ્થિર પ્રકાશની છાયાથી રંગાયેલા સચેતન થયેલા વેદ્યરૂપે અનુભવાય છે. વેદ્યના અભાવે અથવા વેદ્યના ભાવે પ્રકાશનો અભાવ અથવા ભાવ થતો નથી. જેમ રંગભૂમિઉપર મૂકેલો દીપક પાત્રો, પ્રેક્ષક અને જડ સામગ્રીમાત્રને પ્રકાશે છે, અને તે ખસતા જાય તો પણ સ્વયંકાશ શેષ રહે છે, તેમ પુરુષનો ચિતિપ્રકાશ, જડ બાહ્યાર્થ, આંતર વેદ્યરૂપ પાત્રો, અને અહંકારના ભાનવાળો પ્રેક્ષકભાવ–આ સર્વને પ્રકાશે છે, અને તે ખસી જાય તો પણ શેષ રહે છે. તેથી જેમ વિભુ સૂર્યાદિનો પ્રકાશ તે તે પ્રકાશ્ય અર્થસાથે સંબંધમાં આવતાં તે તે અર્થાકાર ભાસે છે, તેમ ચિતિરૂપ પુરુષનો પ્રકાશ વૃત્તિરૂપ વેદ્યોમાં સાક્ષાત્ રીતે અને બાહ્યાર્થરૂપ વેદ્યમાં વૃત્તિદ્વારા પ્રવેશ પામી તે તે આકારમય ભાસે છે. વળી સૂર્યપ્રકાશ દર્પણમાં પ્રતિબિંબિત થઇ સ્ફુરત્ પ્રકાશવાળા બિંબને જણાવે છે, અને દર્પણવિના બીજા પદાર્થોમાં ગુંચાઇ મંદ, મધ્યમ, અને ઉત્તમ છાયાવાળો થાય છે, પણ સ્ફુરતરૂપ ધારણ કરતો નથી; તેમ બુદ્ધિરૂપ દર્પણમાં પુરૂષ સ્ફુરત્ પ્રભારૂપે પ્રતિબિંબિત થાય છે. અને બુદ્ધિવૃત્તિવિનાનાં બીજાં દ્રવ્યોનાં બુદ્ધિવૃત્તિના ગુણધર્માનુસાર વ્યક્ત થાય છે.

જેમ ધગધગતા લોહપિંડમાં અગ્નિનો વ્યવહાર થાય છે તેમ પુરુષના પ્રકાશના પ્રતિભાસને ધારણ કરનારો આપણો બુદ્ધિ–દ્રવ્યનો પિંડ અને તેના ચણમારારૂપી વૃત્તિઓ ચૈતન્યરૂપ છે એવો વ્યવહાર અથવા ભાસ થાય છે. વસ્તુતઃ અગ્નિ લોહપિંડથી પૃથક્ છે, તેમ પુરુષનો ચિતિપ્રકાશ બુદ્ધિપિંડથી પૃથક્ છે. વળી જેમ અંગારામાં અગ્નિવિવેક વહેલો થાય છે, અને કાષ્ઠાદિમાં અગ્નિવિવે સામાન્ય બુદ્ધિથી થઇ શકતો નથી, તેમ વૃત્તિરૂપ અંગારામાં પુરુષના પ્રકાશનો વિવેક કરી શકાય છે, અને બુદ્ધિવૃત્તિવિનાનાં બીજા સઘળા પરિણામોનાં પુરુષના પ્રકાશનું ભાન ઉદય થવું કઠિન છે. પરંતુ બુદ્ધિવૃત્તિ વેદ્યમાત્રથી છૂટી પડેલી હોય તોજ પુરુઝનો પ્રબોધ કરે છે. કોઇ પણ વેદ્યથી રંગાયેલી હોય ત્યારે જેમ ભરસાડમાં દબાયલો અંગારો રાખોડીના આવરણથી અગ્નિનું ભાન કરાવી શકતો નથી તેમ પુરુષનું ભાન



કરાવી શકતી નથી. સારાંશ બુદ્ધિવૃત્તિ બીજા સર્વ વેદ્યથી વિરક્ત થઇ પોતાનો સામો એટલે બહિર્મુખ વેગ બંધ કરે, અને પોતાના પ્રભુ–પુરુષના પ્રતિ પાછું વળી જુએ એટલે અંતર્મુખ થાય ત્યારે પુરુષના સ્વયંભૂ પ્રકાશનો ઉન્મેષ કરે છે. આથી બાહ્યાર્થના સાક્ષાત્કારમાં અને પુરુષન. સાક્ષાત્કારમાં વૃત્તિસારૂપ્ય જરૂરનું છે. પરંતુ બાહ્યાર્થના ભાનમાં વૃત્તિ અને પુરૂષના પ્રકાશ બંનેની જરૂર છે, તેમ પુરૂષના ભાનમાં–પુરૂષની છાયા–પુરૂષના સ્વત્વની વૃત્તિજ માત્ર જરૂરની છે; ફલપ્રકાશની જરૂર નથી. બુદ્ધિસત્ત્વ અને પુરૂષનો પરસ્પર ઉપરાગ અથવા પ્રતિબિંબ અધ્યાસ થાય છે. બુદ્ધિની વૃત્તિનું પુરૂષના વ્યાપક ચિતિપ્રકાશમાં પ્રતિબિંબ; અને પુરૂષના પ્રકાશનો વૃત્તિમાં આભાસ,–આ બેના યોગથી પુરૂષપ્રકાશ જાણે પડદે રહેતો હોય અને વૃત્તિસ્થ આભાસ જાણે સચેતન વસ્તુ હોય એવો ભ્રમ થાય છે. સૂર્યપ્રકાશ જેમ સરોવરના જલમાં પ્રતિભાસ આપી તે જલસામે મૂકેલા દર્પણમાં સરોવરના કાંઠાની તથા અંદરની સઘળી છાયાને ચકચકિતભાવે વ્યક્ત કરે છે તેમ પુરુષનો સ્વયંભૂ, વિભુ, પ્રકાશ બુદ્ધિદ્રવ્યના દ્રવમાં પ્રતિભાસ પામી, વૃત્તિરૂપે ઊભા થયેલા દર્પણમાં બુદ્ધિદ્રવ્યથી વેષ્ટિત સર્વ વેદ્યોની છાયાને સ્પષ્ટ પ્રકટ કરે છે. સરોવર શમે, દર્પણ શમે, અને તેની સાથે સરોવરના કાંઠાના અને અંદરના પદાર્થો લીન થાય તોપણ સૂર્ય વસ્તુતઃ પોતાના મૂલરૂપે વિદ્યમાન રહે છે, તેમ બુદ્ધિદ્રવ્ય અને તેના પરીણામરૂપી વૃત્તિ શમે અને બુદ્ધિમાં પડતા વેદ્યના રંગો પણ શમે, તોપણ પુરુષ વસ્તુતઃ કૂટસ્થરૂપે પ્રકાશતો રહે છે. દર્પણના અભાવે પ્રત્યક્ષ સૂર્યપ્રતિ અલક્ષ્ય રહે તો સૂર્ય વિદ્યમાન છતાં નથી, અથવા સૂર્ય ઢંકાયા છે એમ કહીએ, તેવી રીતે બુદ્ધિ અને વૃત્તિના અભાવે પુરુષ વિદ્યમાન છતાં પુરુષ નથી, પુરુષ પ્રકાશતો નથી એમ વ્યવહાર થાય છે.

સત્ત્વ અને પુરુષનો યથાર્થ વિવેક નહી કરનારા આ કૂટસ્થ નિત્ય પુરુષના પ્રકાશને જાણે શૂન્ય હોય એમ માની સ્વરૂપે અવસ્થિતિ એ નિર્વાણ –ઓલવાવું—એવું સમજે છે, પરંતુ સાંખ્યાચાર્યો જણાવે છે કે બુદ્ધિસત્ત્વ જ્યારે બહિર્મુખ ચેષ્ટા કરી પુરુષનો વિષયોના અનુભવરૂપ ભોગ સિદ્ધ કરી

અંતર્મુખ થાય છે અને પુરુષના સ્વાભાવિક પ્રકાશને પોતામાં વ્યક્ત કરે છે ત્યારે પુરુષના સ્વયંભૂ ચૈતન્યાત્મક સ્વભાવને ઉઘાડો કરે છે એટલે અપવર્ગ સિદ્ધ કરે છે. પુરુષમાં ચિતિશિવાય બીજા કયા ગુણ ધર્મો છે તે સંબંધમાં સાંખ્યાચાર્યો કરતાં, યોગાચાર્યોએ વધારે વિચાર કર્યો છે, અને વિજ્ઞાનભિક્ષુ આદિ વિચારકોએ પુરુષમાં કેવળ ચિતિઉપરાંત, સત્તા અને આનંદનો સદ્ભાવ સ્વીકાર્યો છે. પ્રસિદ્ધ સાંખ્યસિદ્ધાન્ત પ્રમાણે તો દુઃખાભાવને જ અપવર્ગ અથવા મોક્ષ માનવામાં આવે છે.

જ્યારે સાંખ્યદર્શન સત્ત્વપુરુષના ભેદજ્ઞાનને અથવા વિવેકજ્ઞાનને મોક્ષનું કારણ માને છે, ત્યારે યોગદર્શન તે ઉપર વિશેષ વિચાર કરી જણાવે છે કે બુદ્ધિસત્ત્વ અને પુરુષ અત્યંત નિરાળા સ્વતંત્ર પદાર્થ છે; પરંતુ જ્યાં સુધી બુદ્ધિસત્ત્વ અને પુરુષનો સંબંધ વિદ્યમાન રહે ત્યાં સુધી પરસ્પરની છાયાપત્તિ રહેવાની અને દુઃખનો આત્યંતિક અભાવ થવાનો નહિ. આથી પુરુષ જે ચિતિરૂપ છે તે સ્વરૂપે પ્રતિષ્ઠિત થાય એટલે તે બુદ્ધિસત્ત્વના પરિણામોની છાયાને અથવા પ્રતિબિંબને ધારણ કરે નહિ ત્યારે તે કૈવલ્યને પામે. સાંખ્યના મહત્ અથવા બુદ્ધિસત્ત્વનું યોગમાં પારિભાષિક નામ ચિત્ત—એવું આપ્યું છે, કારણ કે તેમાં ચિતિ કેન્દ્રભાવને પામી વ્યક્ત થાય છે. આ ચિત્તની પાંચ ભૂમિકાઓ છે. જ્યારે તમો ગુણ વડે નિદ્રા, આલસ્યમાં ડુબે ત્યારે મૂઢ; જ્યારે રજોગુણ વડે વિષયોમાં રોકાય ત્યારે તે ક્ષિપ્ત; જ્યારે રજસ્ અને તમસ્ વડે યુક્ત સત્ત્વના પ્રભાવથી કોઇ કોઇ ક્ષણોમાં ધ્યાનાદિવાળું થાય ત્યારે વિક્ષિપ્ત. જ્યારે રજસ્ અને તમસ્‌ના રંગો દૂર થતાં એ લક્ષ્ય તરફ વળતું થઇ જાય ત્યારે એકાગ્ર; અને જ્યારે તેની સઘળી વૃત્તિઓ અંતર શમી જાય ત્યારે નિરુદ્ધ. જે ચિત્ત મૂઢ, ક્ષિપ્ત અને વિક્ષિપ્ત ભૂમિકાનું હોય તે યોગને લાયક નથી; પરંતુ એકાગ્ર ચિત્ત સમાધિને લાયક છે; ચિત્તનો સમાધિપરિણામ બે પ્રકારનો થાય છે; એકમાં જે વિષયને લગતી સમાધિ હોય તેનું સામાન્ય પ્રમાણથી ન જણાય તેવું સર્વ વિશેષોવાળું જ્ઞાન ઉત્પન્ન કરે તે સંપ્રજ્ઞાત; અને જેમાં વૃત્તિમાત્ર શમી જઈ નિરિન્ધન અગ્નિની પેઠે ચિત્ત ચેતન્યગર્ભશેષ ઝળકયાં કરે તે અસંપ્રજ્ઞાત. ચિત્તદ્રવ્યનો



એવો સ્વભાવ છે કે તે પોતામાંથી, જેમ અગ્નિની જ્વાલાઓ નીકળે તેમ સતત પ્રવાહરૂપી શિખાઓ કાઢે છે. આ ચિત્તની શિખાઓ અથવા પરિણામોને વૃત્તિ-એવું નામ આપવામાં આવે છે. આ વૃત્તિઓ અનંત પ્રકારની થાય છે તો પણ તેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે, અને તે પાંચ વર્ગમાં પડી શકે છે. સત્યજ્ઞાન ઉત્પન્ન કરનારી વૃત્તિઓ તે પ્રમાણ; દોષવડે જે મિથ્યાજ્ઞાન થવું તે વિપર્યય; શબ્દજ્ઞાનને અનુસરતો ચિત્તનો પરિણામ થાય પરંતુ વસ્તુના અભાવે પાછો પડે, જ્યાં સુધી શબ્દપ્રવૃત્તિ હોય ત્યાં સુધી વ્યવહારની ઉકેલ કરાવી શકે તે વિકલ્પ; જેમકે પુરુષનું ચૈતન્ય એ વાકયમાં પુરુષ અને ચૈતન્ય નિરાળાં તત્ત્વો નથી, એકજ છે, છતાં છઠ્ઠી વિભક્તિવડે જુદાં હોય તેવું ભાન થાય છે તે વિકલ્પ. સુષુપ્તિસમયે લીનભાવને પામી જે વૃત્તિ ઉત્થાનસમયે હું સુખે સૂતે હતો એવી સ્મૃતિના આધારભૂત અનુભવરૂપા હોય તે નિદ્રા; અને સંસ્કારમાત્રથી ઉત્પન્ન થનારી વૃત્તિ તે સ્મૃતિ.

પ્રમાણવૃત્તિ પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એમ ત્રણ પેટા પ્રકારવાળી હોય છે. ઇન્દ્રિયોદ્વારા બુદ્ધિ, જેવો અર્થ છે તેવું ભાન કરે, તે પ્રત્યક્ષ પ્રમાણવૃત્તિ—જેવું કે આપણું લૌકિક ચાક્ષુષજ્ઞાન; જ્યારે કોઈ લિંગવડે લિંગીનું ભાન થાય, જેમકે પર્વત વહ્નિમાન્ છે કેમકે તેમાં ધૂમ જણાય છે એ વાકયમાં ધૂમરૂપ ચિહ્નવડે અગ્નિરૂપ લિંગીનું ભાન સત્ય ઉદય થાય છે તે અનુમાનપ્રમાણ; આપ્ત વાકયથી ઉત્પન્ન થનારૂં સત્યજ્ઞાન તે આગમપ્રમાણ.

આ વૃત્તિઓ પુરુષમાં પ્રતિબિંબિત થાય છે, અને પુરૂષની છાયા વૃત્તિમાં પડે છે જેથી પુરૂષમાં વૃત્તિજન્ય ફલ ઉત્પન્ન થાય છે. જ્યારે પ્રમાણવૃત્તિ પુરૂષમાં પ્રતિબિંબિત થઇ જે અર્થનું રૂપ અર્પણ કરે છે તે પ્રમાણનું ફલ પ્રમા—સત્યજ્ઞાન—કહેવાય છે.

ચિત્તના આ સતત ચાલતા પરિણામો અથવા વૃત્તિઓ નિરૂદ્ધ કરવી એનું નામ યોગ કહે છે. આમાં ખરી રીતે પુરુષને સર્વ ક્લેશમાંથી છૂટો કરવામાં આવે છે તેથા ખરી રીતે સર્વ દુઃખનો વિયોગ કરનાર સાધન છતાં વિરોધી લક્ષણાથી તેને યોગ એવું નામ આપે છે.

આ વૃત્તિનિરોધ—એટલે શું? ચિત્તના પરિણામોનો નાશ કરવો

અથવા અભાવ કરવો એ અર્થ આ શાસ્ત્રમાં ઇષ્ટ માન્યો નથી. પરંતુ ચિત્તની પ્રવૃત્તિ અને નિવૃત્તિ એટલે પાછું હઠવું-એવી બન્ને ભાવવાળી દશા તે ચિત્તવૃત્તિનિરોધ એમ સમજવાનું છે. જેવી રીતે પુરુષના પ્રયત્નથી દેહની ગતિ અને આગતિ થાય તેમ ચિત્તની બહિર્મુખ પ્રવૃત્તિ તે વૃત્તિ અને અંતર્મુખ પ્રવૃત્તિ તે નિરોધ. જેમ સળગતો અગ્નિ બાહ્ય કાષ્ઠ વગેરે બાળવા જ્વાલાઓ કાઢે તે સ્થિતિ; અને સળગેલો કોલસો બીજાને બાળવાની જ્વાલાઓ કાઢવાને બદલે પોતાના ભીતરને સર્વાંશ અગ્નિવત્ કરવાને મથે અને અંગારાનું રૂપ પકડે એ સ્થિતિ ક્રમશઃ વૃત્તિ અને નિરોધનું કંઇક ભાન કરાવી શકશે. આથી વૃત્તિના બહિર્મુખ વેગથી જેવા વ્યુત્થાનના સંસ્કાર ચિત્તમાં પડે છે તેમ અંતર્મુખ વેગથી સમાધિના અથવા નિરોધના સંસ્કાર પડે છે.

ઉપર કહી ગયા તે પ્રમાણે એકાગ્રતા ભૂમિકા પછી થનારો નિરોધ પરિણામ જેને યોગ એવું સામાન્ય નામ આપવામાં આવે છે તેના સંપ્રજ્ઞાત-અને અસંપ્રજ્ઞાત એવા બે પ્રકાર હોય છે.

સંપ્રજ્ઞાત યોગની સામાન્ય પ્રમાણવૃત્તિ કરતાં મહત્તા એટલા સારૂ સ્વીકારી છે કે તેમાં ધ્યેય વસ્તુથી ભિન્ન કોઈ પણ વિષયને પ્રકટ કરનાર વૃત્તિ હોતી નથી. તેથી ધ્યેયના અશેષવિશેષો હાથમાં આંબળા જેવા સ્પષ્ટ અનુભવાય છે; વળી સામાન્ય એકાગ્રતાજન્ય સ્થિતિ, અથવા પ્રસંગે પ્રસંગે થતી ધારણા ધ્યાન અને સમાધિનો એકકાલીન અને એક વિષયક અભ્યાસની સ્થિતિ કરતાં આ સંપ્રજ્ઞાત યોગમાં એક વિલક્ષણતા છે. સામાન્ય એકાગ્રતા અથવા ધારણાદિ ત્રણ સાધનોના અભ્યાસ સમયે વિષયાન્તર વાસનાનો પ્રતિબંધ હોય છે, તથા યોગજ ધર્મવડે જ નિવૃત્તિને પામે એવા અધર્મવડે પ્રતિબંધ હોય છે: આ વાસનાપ્રતિબંધ અને અધર્મપ્રતિબંધ સંપ્રજ્ઞાત યોગમાં હોતા નથી: તેથી ધ્યેયનું સર્વાંશ પૂર્ણ જ્ઞાન થાય છે. આ મર્મ લૌકિક ચાક્ષુષજ્ઞાનના ઉદાહરણથી સમજાશે. આપણી ચક્ષુરિન્દ્રિય આ પુસ્તકને અવધાન સાથે સંબંધ કરે ત્યારે પુસ્તકનું જ્ઞાન થાય છે. આ પ્રમાણ છે એટલે સત્યજ્ઞાન છે. પરંતુ ટુંકી દૃષ્ટિનો દોષ હોય તો પ્રમાના ઉદયસમયે



પણ પુસ્તકનો આકાર જેવો જોઇએ તેવો સ્પષ્ટ થતો નથી. ટુંકી દૃષ્ટિ એ પ્રતિબંધક છે, અને તેથી યોગ્ય ચસ્માં વડે તે પ્રતિબંધ દૂર થતાં નિર્દોષ દૃષ્ટિવાળાના જેવું જ્ઞાન આપણને થાય છે. આમાં અમુક જ પ્રકારના દોષનિવર્તક ચસ્માં જોઇએ; તેમ એકાગ્રતા હોય અથવા અવધાન હોય તો પણ વાસના અને અધર્મના પ્રતિબંધો યોગજ ધર્મવડે જ નિવૃત્ત થાય છે. જેવો ચસ્માંનો ટુંકી દૃષ્ટિવાળાને ચાક્ષુષજ્ઞાનમાં ઉપકાર છે, તેમ સંપ્રજ્ઞાત યોગમાં યોગજ ધર્મ અથવા વિલક્ષણ પુણ્યનો ધ્યેયસાક્ષાત્કારમાં ઉપકાર હોય છે.

વૃત્તિમાત્રનો નિરોધ થવો તેને અસંપ્રજ્ઞાત કહે છે. તેમાં ચિત્તસંસ્કારમાત્ર શેષ રહે છે. જેમ સળગતો અંગારો જ્વાલાવિના અને ધૂમવિના શેષ રહે તેમ ચિત્ત સ્વયંભૂ પ્રકાશવાળું શેષ રહે છે.

આ બન્ને પ્રકારના યોગનાં દૃષ્ટ અને અદૃષ્ટ એવાં બે પ્રકારનાં ફલ હોય છે. વૃત્તિના નિરોધવડે વૃત્તિથી ઉત્પન્ન થનાર દુઃખભોગનો નાશ થવો આ સાધારણ દૃષ્ટ ફળ છે, વેદનાનો અભાવ કરવાનું યોગસમાન બીજું કોઈ પણ સાધન નથી. ઇન્દ્રિયોને ઉપચારોથી બહેરી કરવાવડે જે દુઃખનો ભોગ અટકે છે, તેના કરતાં આ બાહ્ય ઉપચારોની પરવશતાવિનાનું, દુઃખભોગનો વૃત્તિ નિરોધવડે લય કરવાનું, અમોઘ સાધન કોણ ન ઇચ્છે? જેમ કુશલ વૈદ્યના અભાવે ક્લોરોફોર્મ લેવાય નહિ; તેમ કુશલ અનુભવી યોગિના ઉપદેશવિના આ સાધન સેવાય નહિ.

સંપ્રજ્ઞાતનું અદૃષ્ટફળ ધ્યેયસાક્ષાત્કાર છે; તે સાક્ષાત્કારવડે ધ્યેયસંબંધી અવિદ્યા દૂર થતાં તેના પરિણામરૂપ રાગદ્વેષાદિ ક્લેશની નિવૃત્તિ થાય છે; જો ધ્યેય પુરુષ શિવાય અન્ય હોય, અને તે સંબંધમાં કામના શેષ હોય તો સંપ્રજ્ઞાતવડે ભૂતજય, ઇંદ્રિયજય અને પ્રકૃતિજય પ્રાપ્ત થાય, અને સ્વેચ્છાથી ગતિ થાય, અને મરણના ધક્કાથી પ્રાણત્યાગ નહિ, પરંતુ સ્વેચ્છાથી પ્રાણત્યાગ અને ઇષ્ટલોકની પ્રાપ્તિ થાય.

અસંપ્રજ્ઞાતનું અદૃષ્ટફળ એ છે કે તત્ત્વજ્ઞાન થયા છતાં જે સંસ્કારો રહી શકે તેનો તથા પ્રારબ્ધકર્મનો સ્વેચ્છાથી સત્વર દાહ કરી ઉતાવળથી

મોક્ષસિદ્ધિ થાય. કેવલ તત્ત્વજ્ઞાનથી જ્ઞાનસંસ્કાર અને પ્રારબ્ધકર્મ નષ્ટ થઇ શકતું નથી, કેમકે તે સંસ્કાર અને પ્રારબ્ધકર્મ તત્ત્વજ્ઞાનનાં વિરોધી નથી, બલકે તેનાં ઉદય અને સ્થિતિનાં સહાયક છે. અસંપ્રજ્ઞાત યોગ, જ્ઞાનસંસ્કાર અને પ્રારબ્ધકર્મ–એ ઉભયનો વિરોધી છે. તેથી નિર્બીજ સમાધિ સત્વર મોક્ષની સિદ્ધિ કરાવવામાં તત્ત્વજ્ઞાનનો ઉપકારક થાય છે.

યોગરૂપ નિરોધનું સામાન્ય લક્ષણ, તેના બે પ્રકાર અને તેનાં દૃષ્ટ, અદૃષ્ટ ફલ વિચાર્યાં પછી યોગના વિષય વિચારવાના રહે છે. સાંખ્યશાસ્ત્રનાં પ્રમેયો યોગને ઇષ્ટ હોવાથી યોગશાસ્ત્ર યોગના વિષયરૂપે પચીસ તત્ત્વોને તથા છવીસમા ઇશ્વરરૂપ પુરુષવિશેષને લે છે. આ તત્ત્વો ચાર વ્યૂહમાં પડી શકે છેઃ—(૧) ગ્રાહ્ય એટલે ગ્રહણકરવા યોગ્ય અર્થ (૨) ગ્રહણ એટલે જ્ઞાન-સાધન ઇંદ્રિયો. (૩) ગ્રહિતૃ–એટલે જ્ઞાન ગ્રહણ કરનાર અભિમાની, અને (૪) પરપુરૂષ અથવા ઇશ્વરપ્રમાતા.

ગ્રાહ્યઅર્થોઃ—સ્થૂલ એટલે પંચભૂતનાં વિશિષ્ટ અનુભવાતાં રૂપો અથવા આકૃતિઓ; તે સ્થૂલનાં કેવલ શબ્દાદિ સ્વરૂપો, તે પંચસ્વરૂપોનાં કારણભૂત પંચતન્માત્રાઓ; તે પંચતન્માત્રાઓની પીઠમાં રહેલાં અને તેમાં ઓતપ્રોત થયેલાં–અન્વય પામેલાં–સત્ત્વાદિ દ્રવ્યના પરમાણુઓનું પુરુષને જે ભોગ અને અપવર્ગ આપવાનું સામર્થ્ય અથવા તેમનું અર્થવત્વ.

ગ્રહણવર્ગઃ—જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, અને મન–એ ઇન્દ્રિયવ્યૂહ; તેનો શબ્દાદિ પ્રકાશ કરવાનો ધર્મ તે તેનું સ્વરૂપ; તે સ્વરૂપના કારણભૂત અસ્મિતા અથવા અભિમાનદ્રવ્ય; તે અભિમાન દ્રવ્યનાં ઘટક મહત્ તત્ત્વના અન્વિત પરમાણુઓ; અને પુરુષના ભોગ અને અપવર્ગને આપવાનું તે પરમાણુ પુંજોનું સામર્થ્ય.

ગ્રહિતૃઃ—આ ગ્રહિતા–દેહ ઇંદ્રિયોનો અભિમાની મિશ્ર રૂપમાં અને દેહ અને ઇંદ્રિયોના ભોગસંબંધથી પૃથક્ પડેલા સાક્ષીરૂપમાં એમ બે પ્રકારે અનુભવાય છે એટલે ભોક્તારૂપે અને દ્રષ્ટારૂપે.

પરપુરુષઃ—ઇશ્વરચેતન–જે નિત્યસિદ્ધ પ્રત્યેક જીવપ્રમાતા અથવા પ્રત્યેક ગ્રહિતૃ પુરુષની સર્વ ચેષ્ટાઓને જોઇ શકે છે, અને જે સદા સર્વદા,



ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી રહિત છે તેવા નિત્ય મુક્ત મહાપુરુષ, આ ચેતનને–છવીસમું તત્ત્વ પણ કહે છે. ગ્રાહ્યવર્ગના સ્થૂલ અર્થો એટલે કે ઘટાદિ જડ પદાર્થો અને શરીરાદિ સચેતન પદાર્થો પ્રત્યેક છવીસ તત્ત્વોના સ્પર્શવાળા છે. ગ્રહણવર્ગની એકાદશ ઇંદ્રિયો પણ દેહમાં અંતર્ગત થાય છે. આથી નિરિન્દ્રિય સ્થૂલો તે ઘટાદિ, સેન્દ્રિય સ્થૂલો તે શરીર. આ બે પ્રકારનાં સ્થૂલો પૈકી ગમે તે એક સ્થૂલને આલંબન રૂપે લેઇ તેના સંબંધમાં ચિત્તનો તદાકાર પરિણામ કરવો તેને **સમાપત્તિ** કહે છે. જેમ સુવર્ણના રસને મુસમાં નાખી, મુસના સમાનાકાર કરી, પછી સુવર્ણને પૃથક્ પદાર્થ તરીકે લગડીના રૂપમાં આપણે અનુભવીએ છીએ, તેમ ચિત્તના રસને સ્થૂલ આલંબનમાં તન્મય કરી જે ચૈત્ય ઉભું કરીએ, તે સંપ્રજ્ઞાત યોગની પહેલી ભૂમિકા છે, અને તેનું પારિભાષિક નામ **સવિતર્ક** છે. આપણા સામાન્ય પ્રત્યક્ષવડે જે જે સ્થૂલના વિશેષો એટલે આકૃતિ અને ગુણો સમજાય છે, તે ઉપરથી શાસ્ત્રના અથવા ગુરુવાક્યના બોધને અનુસાર જે આકૃતિ અથવા ગુણોનો ઉત્કર્ષ બુદ્ધિ સત્ત્વમાં ઊભો કરી (વિતર્ક) તે તે આલંબનના આકૃતિ અને ગુણોમાં તન્મય થઇ તેના અતીત, વર્તમાન અને ભવિષ્યના પરિણામોને સ્પષ્ટ અંતઃકરણમાં અનુભવવા તેનું નામ "**સવિતર્ક સંમાપત્તિ**" કહે છે. આ સ્થૂલ સાક્ષાત્કાર શબ્દજ્ઞાનના સહકારિ બલવડે ઉત્પન્ન થાય ત્યારે વિકલ્પવૃત્તિને અનુસાર ઉત્પન્ન થતો હોવાથી તે સવિતર્ક કહેવાય છે; અને જ્યારે શબ્દજ્ઞાનનો આશ્રય લેવો ન પડે ત્યારે નિર્વિતર્ક કહેવાય. ઉદાહરણ તરીકે હરિ એ શબ્દ; હરિ–એ અર્થ, અને હરિ–એ જ્ઞાન, એ ત્રણ હરિ શબ્દથી વ્યહરાય છે. તેવા શબ્દના ઉચ્ચારવડે આપણે શબ્દ, અર્થ અને જ્ઞાન–એ ત્રણેનું સંયુક્ત રૂપે ગ્રહણ કરીએ છીએ. સામાન્ય પ્રત્યક્ષવડે આ શબ્દના ઉચ્ચારથી આપણે એક ચતુર્ભુજ ઘનશ્યામ વિષ્ણુ દેવતાની મૂર્તિનું ગ્રહણ કરીએ છીએ. આ આપણું પ્રત્યક્ષ લૌકિક મૂર્તિને લગતું હોય છે. પરંતુ આ શબ્દ કોઇ મંત્રરૂપે પ્રાપ્ત થતાં તે શબ્દના જપવડે અથવા મંત્રની વાચકશક્તિવડે વાચ્ય જે વિષ્ણુદેવતા તેની સત્ય આકૃતિ, અને દૈવી વાત્સલ્યાદિ ગુણો, તેના દિવ્ય અવતાર, અને

પરાક્રમો-ભૂતકાલનાં, વર્તમાનકાલનાં અને ભવિષ્યકાલનાં ક્રમશઃ ઉકેલાતાં જાય એવો સ્થૂલ આલંબનના સ્પર્શવડે જે સાક્ષાત્કાર થાય તે **સવિતર્ક સમાપત્તિ** કહેવાય- આ પ્રકારના અનુભવને યોગમાં **અપર પ્રત્યક્ષ** કહે છે. હવે વિષ્ણુદેવતાની સ્થૂલ આકૃતિ, અવતાર, પરાક્રમ ઇત્યાદિનો અનુભવ હરિ-શબ્દના ઉલ્લેખવિના થઇ શકે ત્યારે તે "નિર્વિતર્ક સમાપત્તિ" કહેવાય. આનું બીજું નામ પરપ્રત્યક્ષ છે. અપરપ્રત્યક્ષમાં શબ્દજ્ઞાનની વિકલ્પવૃત્તિ જે સ્વતઃ બ્રહ્મરૂપ છે તેનો આશ્રય લેવાય છે; જ્યારે પરપ્રત્યક્ષ માં વિકલ્પરૂપા અવિદ્યાવૃત્તિનો લેશમાત્ર હોતો નથી. આ બંને પ્રત્યક્ષ યોગજ ધર્મના ફલરૂપે હોય છે, તેથી લૌકિક પ્રત્યક્ષથી ભિન્ન પડે છે, જો કે આલંબન એક જ હોય છે. વળી આ સવિતર્ક અથવા નિર્વિતર્ક સમાપત્તિ નામનું અપર અને પરપ્રત્યક્ષ જે સંપ્રજ્ઞાત યોગના પરિણામમાં પ્રકટે છે, તે તપ આદિ સાધનોવડે પ્રસન્ન થયેલા દેવતાના અનુગ્રહજન્ય પ્રત્યક્ષથી પણ જૂદા પ્રકારનું છે. તપ આદિ સાધનથી પ્રસન્ન થયેલા દેવ સ્વયં નિર્માણકાયને રચી ભક્તઆગળ પ્રકટ થઇ તેની સાથે વરદાનાદિ વ્યવહાર કરે છે; અને આ યોગજપ્રત્યક્ષવડે તો યોગિનું ચિત્ત જ દેવતાનાં સ્થૂલ લોક, સ્થૂલરૂપ, અને તેના આભ્યંતર ગુણદોષો તે તે સ્થાનમાં પ્રવિષ્ટ થઈ અનુભવી શકે છે.

ઉપર પ્રમાણે સવિતર્ક અને નિર્વિતર્ક સમાપત્તિ એટલે અપર અને પર પ્રત્યક્ષ સ્થૂલ આકૃતિ, જન્મ, કર્મ, ઇત્યાદિનું થયા પછી ગ્રાહ્યવર્ગની પંચતન્માત્રાઓ, ગ્રહણવર્ગની અસ્મિતા અને મહત્તત્ત્વ—એમ સાત પ્રકૃતિ-વર્ગના વિપયોસબંધી સાક્ષાત્કાર કરવાનો ચિત્તનો વેગ પ્રકટે છે. પરંતુ આ વેગ એકજ આલંબનને લગતો હોવો જોઇએ. સ્થૂલ આલંબનમાં થયેલા અપર પ્રત્યક્ષ અને પરપ્રત્યક્ષવડે જે સવિશેષ અનુભવ થયો હોય તેને અનુ-સરતા શાસ્ત્રવડે શ્રુત થયેલા વિશેષો, અને નિર્મલબુદ્ધિવડે મનન થયેલા વિશેષોનું ધારાવાહિ ચિંતન કરવું તેનું નામ "સવિચાર સમાપત્તિ" એટલે સૂક્ષ્મ સાક્ષાત્કાર. તેમાં દેશ, કાલ અને નિમિત્તની મર્યાદાના અનુભવસાથે



જે સાક્ષાત્કાર થવો તે "સવિચાર" અનેદેશકાલાદિની મર્યાદાના ઉલ્લેખવિના અનુભવ થવો તે "નિર્વિચાર."

એકજ આલંબનમાં લૌકિકપ્રત્યક્ષની સરણીએ શબ્દજ્ઞાનને અનુસરતા ચિત્તના સવિતર્ક સ્થૂલ સાક્ષાત્કાર ( અપર પ્રત્યક્ષ ) પછી, નિર્વિતર્ક સ્થૂલ સાક્ષાત્કાર ( પરપ્રત્યક્ષ ) થયા પછી, તે સ્થૂલની આકૃતિનું ભાન કર્યાવિના તેની સૂક્ષ્મ આકૃતિનું દેશકાળની મર્યાદાના ભાનવાળું સવિચારપ્રત્યક્ષ કરી, અને તે જ સૂક્ષ્મ આકૃતિનું દેશકાલાદિ મર્યાદાના ભાનવિનાનું, નિર્વિચાર પ્રત્યક્ષ કરી યોગિનું ચિત્ત મૂલ પ્રકૃતિરૂપ ચોવીસમા તત્ત્વને ઉકેલવા સમર્થ થાય છે. આ મૂલ પ્રકૃતિ અથવા ચોવીસમા તત્ત્વને યોગશાસ્ત્રમાં આનંદસંજ્ઞા આપવામાં આવે છે. જો કે મૂલ પ્રકૃતિ સત્ત્વ ઉપરાંત રજસ્ અને તમસ્ દ્રવ્યયુક્ત છે, અને તેથી સુખઉપરાંત દુઃખ અને મોહ તેમાં અંતર્ગત છે તોપણ સુખની તૃષ્ણા પરવૈરાગ્યવિના દૂર થતી નથી. તેથી ભોગનો પરાવધિ પ્રકૃતિલીન ચિત્તને થાય છે. જે આલંબનમાં સવિતર્ક, નિર્વિતર્ક સાક્ષાત્કાર કર્યો; તે જ આલંબનમાં સવિચાર, નિર્વિચાર સાક્ષાત્કાર કરી; તેના ચોવી-સમા તત્ત્વમંડળમાં જે ચિત્તની તદાકારતા કરવી તેનું નામ **સાનંદ સમા-પત્તિ** કહે છે. આ સમાપત્તિવડે જેઆલંબનમાં સ્થૂલ અને સૂક્ષ્મ તત્ત્વોનું પ્રત્યક્ષ થવું તેના જ આનંદનો સાક્ષાત્કાર થાય છે. એટલે કે જો વિષ્ણુ દેવતાને લગતો યોગક્રમ સાધ્યો હોય તો તે દેવતાને જેટલો અને જેવો આનંદ અનુભવાય તેટલો અને તેવો આનંદ સાયુજ્ય ભાવે મળે છે. આ સાનંદસમાપત્તિમાં સવિશેષ આનંદનો અનુભવ હોય છે, અને તેનું પ્રયોજન તેમાં પણ દોષદર્શનવડે, દુઃખદષ્ટિવડે પરવૈરાગ્ય સિદ્ધ કરવો એ જ હોય છે. તેથી આ સાનંદસમાપત્તિમાં જેઓ લીન થઈ પરવૈરાગ્યવડે ઉત્થાન પામતા નથી તેઓ ભવમાં પુનઃ પુનઃ આવે છે અને તેથી તેઓનો યોગ **ભવપ્રત્યય** ( ભવ છે કારણ જેનું તેવો ) કહેવાય છે. આ આનંદના સવિશેષ રસાસ્વાદથી જેઓ છુટે છે તેઓ શુદ્ધ ગ્રહિતૃની સમાપત્તિ કરી શકે છે અને તેથી તેમનો યોગ **ઉપાયપ્રત્યય** ( ઉપાયો છે કારણ જેનું તેવો ) કહેવાય છે.

આલંબનના સ્થૂલ રૂપમાં, સૂક્ષ્મ રૂપમાં, અને કારણ રૂપમાં અથવા વિતર્ક, વિચાર અને આનંદરૂપ મૂર્તિમાં તદાકાર થઇ શકતું યોગિનું ચિત્તસત્ત્વ તે તે રૂપમાં અને મૂર્તિમાં સવિશેષ ગુણોસાથે સવિશેષ દોષો પણ જોઇ શકે છે; અને તેથી સામાન્ય જન જેવા મોહમાં ડૂબે છે તેવા મોહમાં જો વિવેકપ્રજ્ઞા કેળવી હોય છે તો ડૂબતો નથી, અને "હું—આ સર્વ, તર્ક, વિતર્ક, વિચાર અને આનંદભાવથી જૂદો છું; હું સ્થૂલ, સૂક્ષ્મ અને કારણરૂપ નથી; હું સ્થૂલ, સૂક્ષ્મ અને કારણના પરિણામરૂપ પણ નથી પરંતુ હું તે સર્વેના ગુણ અને દોષનો વ્યાપક અખંડ સાક્ષી ચેતનરૂપ છું"—આ પ્રકારનો શુદ્ધ અસ્મિતાનો—અભિમાનીના શુદ્ધ પુરુષભાવનો સાક્ષાત્કાર થવો તેને "સાસ્મિતા સમાપત્તિ" કહે છે.

જ્યારે યોગિજન ચોવીસ તત્ત્વની મૂર્તિઓ, અને પચીસમા પુરુષનો સાક્ષાત્કાર કરી શકે છે ત્યારે આ પચીસ તત્ત્વના વિવેકવડે કેવલ છવીસમા ઇશ્વર નામના પરપુરુષ અથવા પરપ્રમાતાને અનુકૂલ દર્શન કરી શકે છે. જ્યારે સાસ્મિતયોગમાં આત્મવસ્તુના સામાન્યનું પ્રત્યક્ષ થાય છે, ત્યારે ઇશ્વર વસ્તુને લગતા યોગમાં આત્મ વસ્તુના અશેષ વિશેષનું પ્રત્યક્ષ થાય છે.

જીવાત્મા અથવા અપર પુરુષનું પ્રત્યક્ષ "સત્ત્વ પુરુષ અન્યતાખ્યાતિ" એ નામથી ઓળખાય છે, અને સાંખ્યદર્શન તેમાં જ પરિસમાપ્ત થાય છે, ત્યારે પરમાત્માનું અથવા પરપુરુષનું પ્રત્યક્ષ કરવાનું વિધાન—**ઈશ્વરપ્રણિધાનદ્વા** ત્યાંથી આરંભી **तत्प्रतिषेधार्थमेक तत्वाभ्यासः**—તે સૂત્રપર્યંતનાં નવસૂત્રમાં યોગદર્શનમાં કરવામાં આવ્યું છે.

ચોવીસ તત્ત્વ અને તેની મૂર્તિઓમાં સમાપત્તિ કરનારા સંપ્રજ્ઞાત યોગી ભૌતિકયોગી કહેવાય છે; પચીસમા કૂટસ્થ ચિત્સામાન્ય—પુરુષની ભાવના સિદ્ધ કરનાર યોગિ સાંખ્ય કહેવાય છે. અને પારમેશ્વરી ભાવના એટલે સવિશેષ પરપુરુષ અથવા પરપ્રમાતાના સ્વરૂપનો અનુભવ કરનાર અંત્યાશ્રમી યોગી કહેવાય છે.

સંપ્રજ્ઞાત યોગ અથવા સબીજ સમાધિના અવાન્તર પ્રકારો, તેના વિષયો, તે સમાધિ સિદ્ધ કરનાર યોગીની સંજ્ઞા, અને ફલનું સારસંગ્રહ કરનાર નીચેનું કોષ્ટક ઉપયોગી જણાશે:—

## સંપ્રજ્ઞાત યોગ અથવા સબીજ સમાધિ.

સવિતર્ક — નિર્વિતર્ક — સવિચાર — નિર્વિચાર — સાનંદ — સાસ્મિતા

(બીજા પાને)

### સવિતર્ક

| વિષયો | યોગભૂમિકાનું નામ. | ફલ. |
|---|---|---|
| સોળવિકારોનાં સ્થૂળ રૂપો; પાંચ શબ્દાદિ ભૂતના વિકારો અને અગીઆર ઇન્દ્રિયો. આ સોળ વિકારનાં સ્થૂલરૂપોનું શબ્દ જ્ઞાનને અનુસરતું વિકલ્પ વૃત્તિવાળું ચિંતન. જ્યારે તે આલંબનમાં તન્મય (સમાપન્ન) થાય ત્યારે સ્થૂલ સાક્ષાત્કાર અશેષ વિશેષોનો તથા ત્રણે કાલનો થાય. આને અપરપ્રત્યક્ષ કહે છે. | પ્રથમકલ્પિક અથવામધુમતિ પ્રજ્ઞાવાળો. | (૧)યતમાન વૈરાગ્યસિદ્ધિ એટલેઆજગત્માંસાર શું અને અસાર શું તે જાણવાનો ગુરુશાસ્ત્રસંબંધી ઉત્કટ વેગ. (૨)ભૂતજય એટલેઅણિમાદિ અષ્ટ સિદ્ધિ. (૩)કાયસંપત્ એટલે રૂપ, લાવણ્ય, બલ, વજ્રવત્ પ્રભાવ વગેરે. (૪)ભૂતધર્મવડેહણાયનહિ અથવા દબાય નહિ. |

### નિર્વિતર્ક

| વિષયો | યોગભૂમિકા, ફલ. |
|---|---|
| સવિતર્કનાજમાત્ર વિકલ્પ વૃત્તિવિના સ્થૂલ સાક્ષાત્કાર. | મધુમતી. |
| (૧) વ્યકિતરેક વૈરાગ્યસિદ્ધિ. આટલામારાચિત્તનાદોષો પાકયા અનેઆટલાબાકી રહ્યાતેવું વિવેચન સ્થૂલના ગુણદોષ દર્શનથી થાય છે. (૨)ઇંદ્રિયજય-એટલેદૂરશ્રવણ દૂરદર્શન,ઇત્યાદિશક્તિતથા દેહવિના જ્યાં ત્યાં ઇન્દ્રિયોને પ્રવેશ પમાડી શકવું; ( વિકરણભાવ ) ધાર્યા પ્રમાણે સદેહભાવ દેખાવું (મનોજવિત્વ) | |

### સવિચાર

| વિષયો | યોગભૂમિકા | ફલ. |
|---|---|---|
| પંચતન્માત્રા. અહંકાર અને મહત અને તેના પરિણામો દેશકાળ અને નિમિત્તની મર્યાદા સાથેના. | મધુપ્રતિકા | (૧ એકેંદ્રિય વૈરાગ્ય એટલેમનવિનાબીજા કોઇ વિષયમાં તૃષ્ણાથી તણાવું નહિ. (૨) અવાંતરપ્રકૃતિજય. |

### નિર્વિચાર

| વિષયો | યોગભૂમિકા | ફળ |
|---|---|---|
| સવિચારના જ પરંતુ દેશકાળ, નિમિત્ત, મર્યાદા વિનાના | પ્રજ્ઞા–જ્યોતિ | (૧) વશીકાર વૈરાગ્ય એટલે પદાર્થમાત્રમાં વૈરાગ્ય અને માત્ર મૂલ પ્રકૃતિમાં મોહ<br>(૨) અધ્યાત્મપ્રસાદ.<br>(૩) ઋતંભરા પ્રજ્ઞા એટલે શુદ્ધ સત્વને જણાવનારી બુદ્ધિ. |

### સાનંદ

| વિષય | યોગભૂમિકા | ફલ. |
|---|---|---|
| સત્વપ્રધાના સુખમયી મૂલ પ્રકૃતિ | વિશોકા જ્યોતિષ્મતી એટલે શોકવિનાની સર્વ વસ્તુને ગ્રહણ કરનારી બુદ્ધિ. | (૧) વશીકાર વૈરાગ્યની પરાકાષ્ઠા<br>(૨) પ્રધાનએટલેમૂલ પ્રકૃતિનોજય |

### સાસ્મિતા

| વિષય | યોગભૂમિકા | ફલ. |
|---|---|---|
| જીવચેતન અને ઇશ્વરચેતન | અતિક્રાન્ત ભાવનીય,એટલે જેનાધ્યાનના વિષયો શેષ રહ્યા નથી તેવો. | (૧) પર વૈરાગ્ય.<br>(૨) સત્વ પુરૂષ અન્યતાખ્યાતિ<br>(૩) સર્વનું અધિષ્ઠાતૃત્વ.<br>(૪) સર્વજ્ઞાતૃત્વ<br>(૫) સર્વાનુગ્રહકારિત્વ અથવા ધર્મમેઘસમાધિ. |



આ પ્રમાણે સબીજયોગ અથવા સંપ્રજ્ઞાતયોગનો સર્વોત્તમ પ્રકાર "સાસ્મિતા સમાપત્તિ"—એ પુરુષના સાક્ષાત્કારને લગતો છે. શાસ્ત્રીયક્રમ સબીજ યોગનો ઉપર વર્ણવ્યા પ્રમાણેનો છે. તો પણ યોગભાષ્યકાર વ્યાસમુનિના અભિપ્રાય પ્રમાણે આ પ્રત્યેક યોગ પ્રકારનું મુખ્ય પ્રધાન ફળ વૈરાગ્ય છે, અને અવાન્તરફલ તે તે સિદ્ધિઓ છે. તેથી ઇશ્વરપ્રસાદવડે જેમને અપરવૈરાગ્યની યતમાન, વ્યતિરેક, એકેન્દ્રિય અને વશીકારની ભૂમિકા-પૈકી જે જે સિદ્ધ થયેલી જણાય તેમણે નીચલી ભૂમિકાનો સંપ્રજ્ઞાતયોગ સાધવાની જરૂર નથી.

બીજું રહસ્ય વ્યાસભાષ્યમાંથી એ નીકળે છે કે જો "સત્ત્વ પુરુષ અન્યતાખ્યાતિ"–એટલે વિવેકજ્ઞાન સિદ્ધ થાય અને પરવૈરાગ્યનો ઉદય થાય તો સર્વજ્ઞત્વાદિ સિદ્ધિ હોય વા ન હોય તોપણ ક્લેશબીજનો દાહ થવાથી જીવન્મુક્તિ કોઇથી અટકાવી શકાતી નથી. આ વિવેકખ્યાતિ અને તેનો પરિણામ પરવૈરાગ્ય–એ સબીજયોગનું પરમલક્ષ્ય છે. અને આ લક્ષ્ય સિદ્ધ કરવાસારૂ પ્રકૃતિ–વિષયક, પ્રકૃતિ–વિકૃતિવિષયક, વિકૃતિવિષયક સમાધિ સાધવા કરતાં પરમપુરુષ અથવા પરમેશ્વરમાં સાસ્મિતા સમાધિ સાધવાનો સવિશેષ પ્રકાર ભગવાન્ પતંજલિએ દર્શાવ્યો છે; અને આ કારણથી સિદ્ધાંતમાં સઘળી પ્રક્રિયા સાંખ્યની લીધા છતાં આ યોગદર્શન પ્રયોજનસિદ્ધિમાં એક વિલક્ષણ પ્રણાલિકા સ્થાપે છે. આ ઇશ્વરતત્ત્વનો પ્રવેશ યોગદર્શનમાં પતંજલિએ નવો કર્યો હતો એમ નથી, કારણકે પતંજલિએ પોતાનાં સૂત્રોને "યોગાનુશાસન" એવું આરંભમાં નામ આપ્યું છે. તેથી હિરણ્યગર્ભાદિનું શાસન એટલે મૂલશાસ્ત્ર હતું, તેનો લોપ થવાથી તે મુનિએ અનુશાસન કર્યું હતું. આ મૂલ શાસનની છાયા શ્વેતાશ્વતરાદિ ઉપનિષદોમાં છે, તથા મૌલિકસાંખ્યમાં પણ સેશ્વરતાની છાયા છે, એટલું જ નહિ પણ **ઈશ્વરાસિદ્ધેઃ**–એ સાંખ્યસૂત્રમાં **નિત્યસિદ્ધ** ઇશ્વર તર્કવડે સિદ્ધ થતો નથી એવો ભાવ જણાવી સાંખ્યપ્રવચનકાર જણાવે છે કે **વ્યવસ્થાપક** ઇશ્વરનો સદ્ભાવ કલ્પારંભે સ્વીકાર્યો છે. સારાંશ ઇશ્વરતત્ત્વના કેવલ અભાવવાળું હાલનું લોકપ્રસિદ્ધ સાંખ્ય પણ નથી.

સામાન્ય ચિત્સત્તા અથવા પુરુષતત્ત્વનું કેવલ સાંખ્યવડે પણ ભાન થઇ શકે છે; પરંતુ સવિશેષ પરમેશ્વરરૂપ પુરુષનો સાક્ષાત્કાર સમાધિપ્રજ્ઞાને સત્વર સિદ્ધ કરે છે એવું પતંજલિનું ખાસ મંતવ્ય છે. ત્યારે ઇશ્વરરૂપ તત્ત્વ શું? તેનું સ્વરૂપ શું? તેના ગુણ ધર્મો શા? તેનું પ્રામાણ્ય શું? તેનું પ્રણિધાન અથવા ભક્તિ શી રીતે કરવી? અને બીજાં યોગનાં સાધનો છતાં ઇશ્વરપ્રણિધાનમાં વધારે ઉત્કૃષ્ટતા શી?—એ પ્રશ્નોનું સમાધાન યોગાનુસાર અત્ર આપવું યોગ્ય છે.

પુરુષસામાન્ય અને પુરુષવિશેષ એવા બે ભેદ સહજ સમજાશે. જેમ વૃક્ષત્વ અને આંબો વગેરે વૃક્ષો-એમાં જાતિ અને વ્યક્તિ-સામાન્ય અને વિશેષ એવું આપણે સમજીએ છીએ. તેમાં આંબો, આંબલી ઇત્યાદિ વૃક્ષ વિશેષમાં વૃક્ષત્વરૂપ સામાન્ય ધર્મ હોય છે તેનો વ્યભિચાર કદી થતો નથી. પરંતુ તે સામાન્ય ધર્મઉપરાંત કંઇક વિશેષ ધર્મને લઈ તેનું વૃક્ષનું ભેદક નામ આપણે આપીએ છીએ. તેવી રીતે દૃશ્યત્વધર્મનો જ્યાં કોઇ કાળે સંબંધ નથી, સદા કૂટસ્થ દૃકરૂપે જે વિદ્યમાન રહે છે; જે ચિત્ત અને તેના પરિણામોની છાયાપત્તિ અથવા પ્રતિબંબને ધારણ કરી ચિત્તને પોતાના સાંનિધ્યવડે સચેષ્ટ અથવા સચેતન બનાવે છે, અને તેના પરિણામજન્ય સુખદુઃખાત્મક ભોગને પોતામાં-જેમ રાજા લશ્કરના જય પરાજયનો ભોક્તા થાય તેમ-માની લે છે; તથા જે ચિત્તવૃત્તિનો નિરોધ થતાં સ્વરૂપે પ્રતિષ્ઠિત રહે છે-એવું પચ્ચીસમા પુરુષતત્ત્વનું સામાન્ય લક્ષણ છે. આ લક્ષણ-જીવચેતનમાં છે, તેમ ઇશ્વરચેતનમાં પણ છે; પરંતુ તે ઉપરાંત જીવચેતનમાં અને ઇશ્વરચેતનમાં કેટલાક વિશેષો તેના ભેદક છે. જીવપુરુષમાં બદ્ધ અને મુક્ત એવા ભાવ હોય છે ત્યારે ઇશ્વરપુરુષમાં ત્રિકાલમુક્તત્વ છે. જીવપુરુષના ચિત્તસત્ત્વમાં ક્લેશ હોય છે, કર્મના સંસ્કારો હોય છે, કર્મની વિપાક અવસ્થા હોય છે, ત્યારે ઇશ્વરપુરુષના ચિત્તસત્ત્વમાં ક્લેશ, કર્મ, વિપાક અને આશય (વાસના પુરી) હોતાં નથી; જીવપુરુષના ચિત્તસત્વનો ઉત્કર્ષ થતાં સર્વજ્ઞત્વાદિ ધર્મો સ્ફુરે છે. ઇશ્વરપુરુષના ચિત્તસત્ત્વમાં તે ધર્મો સ્વભાવસિદ્ધ



હોય છે. જીવપુરુષનો ચિત્તસત્વ સાથેનો સ્વસ્વામીભાવ અવિદ્યાને લઇને થયેલો હોય છે, ઇશ્વરપુરુષમાં તેના ચિત્તસત્વસાથેનો સ્વસ્વામિભાવ અવિદ્યાને લઇને નહિ, પરંતુ વિદ્યાભિમાનથી હોય છે, અને તે પણ જીવોનો ઉદ્ધાર, અનુકંપા અથવા અનુગ્રહરૂપ પ્રયોજનને સિદ્ધ કરવાના હેતુથી યોજાએલો હોય છે. જીવપુરુષની સ્વરૂપાવસ્થિતિ તત્ત્વજ્ઞાન અથવા યોગે કરીને પ્રકટ થાય છે; ઇશ્વરપુરુષમાં સ્વરૂપાવબોધ સ્વયંસિદ્ધ હોય છે. તેથી જીવપુરૂષ યુંજાનયોગી છે. ત્યારે ઇશ્વરપુરૂષ યુક્તયોગી છે; જીવપુરૂષનાં જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા શક્તિનું તારતમ્ય હોય છે, ત્યારે ઇશ્વરપુરૂષમાં તેની પરાકાષ્ટા હોય છે, એટલે નિરતિશય સર્વજ્ઞતા, સર્વકર્તૃત્વાદિ હોય છે, જીવપુરૂષ ગુરુતા ધારણ કરી શકે છે, પરંતુ પરમેષ્ઠિ ગુરુત્વ તો નિત્યસિદ્ધ ઇશ્વરપુરૂષમાં છે, અને તેના અંશોવડે બ્રહ્માદિ દેવોમાં દેવત્વ, અને કપિલાદિ મહર્ષિઓમાં ગુરુત્વ ઝળકે છે. અધ્યાત્મવિદ્યાના લોપ થવાના પ્રસંગે આ પરમગુરુ ગમે તે નિર્માણકાય ધારણ કરી સંકેત અવતારથી, કલાવતારથી, અથવા અંશાવતારથી, ગમે તે લોકમાં, કાલમાં અને યોનિમાં પ્રકટ થાય છે, અને કર્મમુક્ત પુરુષોના આવિર્ભાવ પછી વિદ્યાસંપ્રદાય તેમને સોંપી પોતે મૂલરૂપે શમી જાય છે. સારાંશ અધ્યાત્મવિદ્યા અને યોગજ્ઞાનનો ઝરો તે કદી સૂકાવા દેતા નથી; જીવપુરુષ કાલમર્યાદામાં છે, ત્યારે ઇશ્વરપુરૂષ કાલમર્યાદાથી પર છે, એટલે કાલભાવના પણ તેના ચિત્તસત્વવડે પ્રકટ થાય છે. જીવપુરુષમાં અલ્પજ્ઞતા, અતૃપ્તિ, પારકાવડે પ્રબુદ્ધ થવાપણું, પરતંત્રતા, ખડિતશક્તિ, અને અનિત્ય બલ દેખાય છે, ત્યારે ઇશ્વરપુરુષમાં સર્વજ્ઞતા, પરમતૃપ્તિ, અનાદિ બોધ, સ્વતંત્રતા, અખંડશક્તિ, અને અનંતબલ-એવાં છ અંગો નિત્યસિદ્ધ હોય છે. જીવપુરુષમાં જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, તપ, સત્ય, ક્ષમા, ધૃતિ, સ્રષ્ટૃત્વ, આત્મ-પ્રબોધ, અને અધિષ્ઠાતૃત્વ ઉદયઅસ્તવાળાં હોય છે, એટલે વ્યયભાવવાળાં હોય છે. ત્યારે ઇશ્વરપુરુષમાં તે દશ ધર્મો અવ્યય એટલે ઉદય અસ્તવિનાનાં નિત્ય પ્રકાશિત હોય છે.

આ પ્રકારનું ઇશ્વરતત્ત્વ સામાન્ય વિશેષરૂપનું-વિલક્ષણ ગુણધર્મવાળું, જીવપુરુષના અનુગ્રહના હેતુરૂપ, અખંડ વિદ્યમાન હોય છે; તેનું પ્રામાણ્ય

ન્યાયવડે, આગમવડે, અને વિદ્વાનોના અનુભવવડે આપણે સ્વીકારવાનું છે. પ્રત્યેક જીવપુરૂષના અનુભવનો તે છેવટે વિષય થઇ શકે છે.

આ ઇશ્વરપુરૂષમાં કાયિક, વાચિક અને માનસિક ભક્તિવડે જે જીવ પુરુષની નિષ્ઠા બંધાય તેનું નામ પ્રણિધાન કહે છે. પ્રકર્ષ કરી—સારી રીતે—મનવાણી અને શરીરનું સ્થાપન (નિધાન) કરવું તેનું નામ પ્રણિધાન. આપણી સઘળી મન, વાણી, અને શરીરનીચેષ્ટાઓ તે મહાપુરુષને અર્થે છે, આપણા અર્થે નથી, આવા ગંભીર પૂજ્ય ભાવથી તે ચેષ્ટા અને તેના ફલના અભિમાનનું તેના સ્વરૂપમાં સમર્પણ કરવું એ પ્રણિધાનનું સવિશેષરૂપ છે.

કાયિક પ્રણિધાન તપવડે, વાચિક પ્રણિધાન સ્વાધ્યાય એટલે મંત્રજપવડે; અને માનસિક પ્રણિધાન ઇશ્વરમાં અસ્મિતાવાળા યોગવડે એટલે તેમાં અહંગ્રહવડે—તે હું છું એ ભાવનાના પ્રકર્ષવડે થાય છે. આ ત્રણ પ્રકારના પ્રણિધાનનું નામ ક્રિયાયોગ કહે છે. આ યોગવડે ઇશ્વર, જે સ્વભાવથી અનુગ્રહ વર્ષાવનાર છે,તેનો પ્રસાદ ભક્તની અભિમુખતાને લીધે ભક્તના ચિત્તસત્વમાં કોમલભૂમિમાં જલ પ્રસરે તેમ તરત પ્રસરી જાય છે; વિમુખ પુરુષોમાં તે અનુગ્રહવૃષ્ટિ જેમ પાષાણવાળી ભૂમિમાંથી પાણી સરી જાય છે, તેમ સરી જાય છે.

આ ઇશ્વરમાં પ્રણવવડે મંત્રયોગ સાધી શકાય છે; કારણ કે પ્રણવ એ ઇશ્વરનો સ્વયંભૂવાચક શબ્દ છે.

ઇશ્વરપ્રણિધાનવડે જે સમાધિપ્રજ્ઞા જાગે છે તે સત્વર જાગે છે એટલું જ નહિ, પરંતુ જ્યારે બીજા યોગવડે વ્યાધિ વગેરે ચિત્તના વિક્ષેપને પ્રકટ કરનારા અંતરાયો દૂર થઇ શકતા નથી ત્યારે આ ઇશ્વર પ્રણિધાન વડે આ અંતરાયોનો નાશ થાય છે. વળી આ ઇશ્વરપ્રણિધાનવડે આપણા પોતાના પુરુષ ચેતનનું ભાન વહેલું થાય છે. બીજા પ્રાકૃતિક અને વૈકૃતિક યોગવડે બહુ થાય તો અપરવૈરાગ્ય થાય. અને ત્યાર પછી સાસ્મિતા સમાપત્તિ ” થતાં પ્રત્યક્ચેતનનો અનુભવ થાય છે.



અંતરાયનો લોપ અને જીવચેતનનો અનુભવ, ઇશ્વરપ્રણિધાનવડે સિદ્ધ થતાં, સંપ્રજ્ઞાતસમાધિવડે થવાથી, તે ઉપાયની મહત્તા છે.

જીવચેતન અને ઇશ્વરચેતનનો ભેદ જે નિમિત્તોને લઇને થાય છે તે નિમિત્તો સંબંધી યોગશાસ્ત્રના નિશ્ચયો જાણવા જરૂરના છે.

સાંખ્ય-યોગનું એવું મંતવ્ય છે કે ચિત્તનો અથવા બુદ્ધિનો એવો સ્વભાવ છે કે તે જો વ્યવધાન અથવા પ્રતિબંધ ન હોય તો ભૂતાર્થ એટલે સત્યનો પક્ષપાત કરે છે. તેથી ગમે તેટલા કાલનું ભ્રમજ્ઞાન હોય તો પણ ચિત્તસત્ત્વ જ્યારે પ્રમાણજ્ઞાનને એટલે પ્રમાને ઉદય કરે ત્યારે એક ક્ષણમાં અવિદ્યા અને તેનાં પરિણામોથી રચાયેલાં મંદિરો તુટી જાય છે. ગમે તેટલું ગહન અંધારૂં હોય તોપણ એક નાનો દીપક તેને દૂર કરી શકે છે; રાત્રિના ત્રણ ચાર પ્રહરનું અંધારૂં ઉષઃકાલ થતાં એક અરધા કલાકમાં ખસી જાય છે, તેમ બુદ્ધિસત્ત્વ જો પ્રતિબંધ દૂર થાય તો વસ્તુસ્વરૂપને ઝટ પ્રકટ કરે છે, એટલું જ નહિ પણ તે વસ્તુના સત્યત્વપ્રતિ પક્ષપાત કરે છે.

બુદ્ધિસત્વના મૂલ પ્રતિબંધને અવિદ્યા કહે છે. અને તે તથા તેનાં પરિણામો અભિમાન, રાગ, દ્વેષ અને અભિનિવેશ (મર્યાદાવાળા જીવનના નાશનો ભય) તે ચિત્તને ડહોળી નાંખી મલિન અને ઝાંખું બનાવે છે. ચિત્તસત્વને ડહોળનારો મેલ--એનું નામ ક્લેશ કહેવાય છે. આ ક્લેશના રંગથી રંગાયેલું ચિત્ત ક્લિષ્ટ કહેવાય છે. આ રંગવિનાનુ ચિત્ત અક્લિષ્ટ કહેવાય છે. આ ક્લેશની ચાર અવસ્થાઓ હોય છે. તેઓ પ્રસંગે તળીએ જઇ, જેમ કીચડ નીચે ઠરી બેસે, અને ઉપરનું જળ નીતરેલું જણાય, તેમ સૂતેલા રહે છે. આ પ્રકારના ક્લેશો તે **પ્રસુપ્ત** એટલે ઉંઘતા કહેવાય છે. વળી પ્રસંગે તેઓ ઝીણા અથવા પાતળા થયેલા હોય છે ત્યારે તેને તનુ કહે છે વળી વચમાં શમી જાય, પુનઃ જાગે એવા થાય ત્યારે ત્રુટેલી સાંકળના કકડાજેવા વિચ્છિન્ન કહેવાય છે. પ્રસંગે તેઓ ઉત્કટ વેગવાળું રૂપ પકડે છે એટલે તેઓ ઉદાર કહેવાય છે. ઉદાહરણથી વધારે સ્પષ્ટ થશે. સ્ત્રીવિષયક કામ-એ એક જાતનો રાગરૂપ ક્લેશ છે, તે ક્લેશ બાલ્યાવસ્થામાં પ્રસુપ્ત

હોય છે; યૌવનના આરંભમાં તનુ હોય છે; એક સ્ત્રીમાં તેનું મન મગ્ન થાય, અને ઇતર સ્ત્રીમાં વિરક્ત થાય–એ રાગની વિચ્છિન્ન અવસ્થા છે; અને સ્થિર વેગથી એક સ્ત્રીમાં રાગ ચાલ્યાં કરે તે ઉદારઅવસ્થા છે. ચિત્તમાં રહેલા આ ક્લેશો વિષયી પ્રાણિઓમાં ઘણે ભાગે વિચ્છિન્ન અને ઉદારઅવસ્થામાં હોય છે, ક્રિયાયોગિઓમાં તે તનુ અવસ્થામાં હોય છે; ધ્યાનયોગિઓમાં તે પ્રસુપ્ત હોય છે, જ્યારે સમાધિપ્રજ્ઞા થાય છે ત્યારે આ ક્લેશોનું મૂળ–બીજ અવિદ્યા–દગ્ધ થાય છે. તેથી તેવા ચિત્તમાં ક્લેશો પક્વભાવવાળા અથવા દગ્ધબીજ અવસ્થામાં હોવાથી તેમાંથી ક્લિષ્ટ વૃત્તિઓનાં અંકુરો, પલ્લવો વગેરે ફુટતાં નથી. આથી ક્રિયાયોગ–તપ, સ્વાધ્યાય, ઇશ્વિરપ્રણિ-ધાન–ક્લેશોને પાતળા એટલે તનુ કરે છે, ત્યારે સમાધિપ્રજ્ઞા તેને દગ્ધબીજ કરે છે. સમાધિપ્રજ્ઞાવિનાનો ધ્યાનયોગ તે ક્લેશોને માત્ર નિદ્રિત કરે છે, પરંતુ ભાવિઉદયને અટકાવી શકતો નથી.

ક્લેશમાત્રનું મૂળબીજ અવિદ્યા તે વિદ્યાનો અભાવ નહિ પરંતુ અવળું અથવા વિપર્યયજ્ઞાન. પ્રકૃતિ અને તેનાં પરિણામોમાં, અનિત્ય છતાં સુખપણાની બુદ્ધિ, અને અનાત્મ છતાં આત્મપણાની બુદ્ધિ થવી તે અવિ-દ્યાનું સ્વરૂપ છે.

અવિદ્યાવડે ઉત્પન્ન થનારા અભિમાન, રાગ, દ્વેષ અને અભિનિવેશને વશ થયેલું ચિત્તસત્ત્વ, મન તથા જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોને પ્રેરી, કાયક, વાચિક અને માનસિક કર્મ કરાવે છે. આ કર્મ શુભ અથવા પુણ્ય-રૂપ હોય ત્યારે શુક્લ, અશુભ અથવા પાપરૂપ હોય ત્યારે કૃષ્ણ; શુભાશુભ અથવા મિશ્ર હોય ત્યારે શુક્લકૃષ્ણઃ–એમ ત્રણ પ્રકારનું થાય છે. અવિદ્યા દગ્ધ થયા પછી પ્રારબ્ધકર્મના વેગનો ક્ષય થતાં સુધી જે યોગીજનનું કર્મ થાય તે અશુક્લકૃષ્ણ કહેવાય છે અને તે ભવબંધનું કારણ નથી. ત્રણ પ્રકારનાં કર્મો સંસારગતિનાં ઉત્પાદક છે.

કર્મવડે ઉત્પન્ન થનારા ધર્માધર્મ ચિત્તમાં અદૃષ્ટ રૂપે રહે છે તે કર્માશય કહેવાય છે. આ આશયને વાસનાપુરી અથવા અપૂર્વ કોશ કહે



છે. આ ધર્માધર્મરૂપ બીજકો લિંગ શરીરને અમુક પ્રકારના સ્થૂલ આયત-નમાં જન્મ આપે છે. તે સ્થૂલ આયતનથી અમુક કાલપર્યંત સ્થિતિનું નિર્માણ કરે છે, એટલે આયુને રચે છે અને તે આયતનમાં આયુષ્ના અવધિપર્યંત સુખ તથા દુઃખનો ભોગ અવિદ્યામાં ગુંચાયેલા જીવને કરાવે છે. કર્માશયનાં બીજકો આ પ્રમાણે જાતિ, આયુષ્ અને ભોગરૂપ પારણામો પ્રકટ કરે છે. તે પરિણામોને વિપાક કહે છે.

આ પુણ્યાપુણ્યરૂપ,–ધર્માધર્મરૂપ–કર્મબીજકો પ્રત્યેક સામાન્ય નિયમથી ત્રણ વિપાકને ઉત્પન્ન કરનાર હોય છે, પરતુ તેઓ પૃથક્ પરિણામો ભાગ્યે જ પ્રકટાવે છે. તેઓ એક અંગીકર્મના સંસ્કારને સજાતીય–વિજાતીય ધર્મવડે વળગે છે. એટલે સજાતીય કર્મબીજકો અમુક વ્યૂહમાં એક મુખ્ય કર્મને વળગે છે, અને વિજાતીય કર્મનાં બીજ હોય તે વ્યૂહથી છૂટાં રહે છે. જેમ અમદાવાદની ટપાલમાં નાંખેલા કાગળો એક પોસ્ટઓફીસમાં એકત્ર થયા છતાં, અને એક સત્તામાં પડયા છતાં પૃથક્કરણ પામી મુંબાઇતરફ રવાના થવાના કાગળો એક વ્યહમાં આવે છે, અને કાઠીઆવાડ તરફ જવાના બીજા વ્યૂહમાં જાય છે, તેમ કર્મબીજકો પણ સજાતીય, વિજાતીય વ્યૂહ અથવા આશયો અથવા કોશો રચે છે. આવા કર્માશયો અથવા કર્મકોશો એકતંત્ર થઈ સુખ તથા દુઃખરૂપ વેદનાને અથવા ભોગને વિપાક અનુસાર દૃષ્ટજન્મમાં પ્રકટ કરે છે, અથવા તો અદૃષ્ટ જન્મ ઉપર મુલતવી રાખે છે.

કર્માશય અથવા કર્મકોશ—અનેક કર્મના સજાતીય અથવા અવિરોધી બીજકો અથવા સંસ્કારોનો બનેલો–અવિદ્યાક્ષેત્રમાં અને તે દ્વારા ચિત્તભૂમિમાં પડી રહે છે. પરંતુ તે અંકુર કાઢવામાં બે પ્રકારના ગુણની અપેક્ષા રાખે છે. જેમ કેરીનો ગોટલો છોડા સાથે હોય અને તે પણ શેકયા વિનાનો હોય તો જ માટીમાં નાંખી મૂકેલો ઊગે છે, તેમ કર્માશય પણ રાગદ્વેષાદિ ક્લેશના છોડા અથવા આવરણવાળો જોઇએ, તથા ધ્યાનયોગવડે તેનો બીજસ્વ-ભાવ દગ્ધ થયેલો ન જોઈએ. આથી જે કર્માશયો ક્લેશમૂલક નથી, અથવા દગ્ધબીજ છે તે વિપાકને પામતા નથી. તત્ત્વજ્ઞાનનો ઉદય થયા પછી થયેલાં

કર્મો અવિદ્યાક્ષેત્રના દાહને લીધે વિપાકને પામતાં નથી; તેમ ધ્યાનયોગથી દગ્ધક્લેશ પુરુષનાં કર્મો પણ વિપાકને પામતાં નથી.

ત્યારે ક્લેશમૂલક અને અદગ્ધબીજ કર્માશયો અંકુર કાઢી ફલને ઉત્પન્ન કરે છે. કર્માશયો જે અંકુર, પલ્લવ અને ફલને ઉત્પન્ન કરે છે તેનું પારિભાષિક નામ વિપાક છે. અને તે ત્રણ પ્રકારનો હોય છેઃ (૧) જન્મ અથવા જાતિ, (૨) આયુષ્ અને (૩) સુખદુઃખના અનુભવરૂપ ભોગ. ઉપર કહ્યા પ્રમાણે પ્રત્યેક્ કર્મ ન્યૂનાધિક અંશમાં આ ત્રણ પરિણામોને પ્રકટ કરવા સમર્થ છતાં, તે મધપૂડાની માફક એક અંગીકર્મ સાથે જોડાઈ પોતાનો મધ જેવો પ્રસવ ઉત્પન્ન કરે છે. પ્રાણીના જન્મ ક્ષણથી મરણપર્યંતમાં થયેલાં અનંત કર્મો પ્રાયણક્ષણે ઉદ્બુદ્ધ થાય છે. જીવન અથવા પ્રાણબલ એક દેહમાં મર્યાદિત કરનાર ઘણાં કર્માશયોને દબાણ કરનાર સાધન છે. તે જીવનની ઉત્ક્રાંતિ થવાના પ્રસંગે દબાણ ખસી જવાથી વર્તમાનજન્મનાં અથવા ભૂત અનંત જન્મોનાં જે જે કર્માશયો પક્વ થયાં હોય અથવા ફલાભિમુખ થયાં હોય, તે ઉપર ડોકીયાં કાઢે છે. આવાં કર્માશયોનું નામ "નિયતવિપાક કર્માશય" કહે છે. તે નિયતવિપાક કર્માશયો એકવ્યૂહ થઈ જાય છે, અને જેમ સમાન તાપવાળાં ધાતુનાં પતરાં હથોડી મારવાથી એકતંત્ર થઇ જાય છે તેમ આ સજાતીય અથવા અવિરોધી પક્વ કર્માશયો પ્રાયણક્ષણે એકતંત્ર થઇ જાય છે, અને ભાવિજન્મ, આયુષ્ અને ભોગની મર્યાદાનું નિર્માણ કરે છે. ત્યારપછી પુરુષના દૃષ્ટજન્મની વેદના શરુ થાય છે, એટલે પ્રાણના ઉત્ક્રમ પછી યોગ્ય સ્થૂલના સંબંધમાં લિંગશરીર આવતાં તે એકતંત્ર પક્વ કર્માશયો પુરુષને જન્મનું ભાન કરાવે છે, અને તે જન્મ સાથે મનુષ્યત્વાદિ જાતિનું પણ નિર્માણ કરે છે. જાતિ આ પ્રમાણે કર્મથી નિયંત્રિત હોય છે. આ જાતિ અથવા સર્ગ, દૈવ, માનુષ અને તિર્યક્યોનિ એવા મુખ્ય ત્રણ વર્ગનો હોય છે; તેમાં દૈવવર્ગમાં બ્રાહ્મ, પ્રાજાપત્ય, ઐન્દ્ર, પૈત્ર્ય, અથવા યામ્ય, ગાંધર્વ, કૌબેર અથવા યાક્ષ, રાક્ષસ, અને પૈશાચ-એવા આઠ પેટાવર્ગ છે. માનુષસર્ગ વર્ણવ્યવસ્થાવાળો અને વર્ણવ્યવસ્થાવિનાનો એમ બે પ્રકારનો હોય છે. બ્રાહ્મણત્વાદિ ચાર વર્ણની વ્યવસ્થાવાળો સર્ગ અને તેવી વ્યવસ્થાવિનાનો



હોય છે. તેમાં પ્રથમ વ્યવસ્થાવાળો સર્ગ વર્ણ અને આશ્રમના ધર્મોવડે શ્રેયસ્સિદ્ધિ સરળતાથી કરી શકે છે. ઇતર માનુષસર્ગ તેવી સિદ્ધિ કરી શકતો નથી. તિર્યક્યોનિસર્ગમાં પાંચ પેટા વર્ગ છેઃ-પશુનો, સર્પજાતિનો; મત્સ્યજાતિનો, પક્ષિજાતિનો અને પ્રેતજાતિનો. આ પ્રકારે આઠ દૈવસર્ગ એક માનુષસર્ગ અને પાંચ તિર્યગ્વર્ગના સર્ગ મળી ચૌદ પ્રકારની જાતિઓ છે. આ જાતિની પેટાજાતિઓ પેટાવર્ગો અને વિભાગો અનંત થાય છે, પરંતુ મુખ્યજાતિધર્મવડે વિપાક ઓળખી શકાય છે.

આ ઉપરાંત નારકિવર્ગ અને સ્થાવરાંત વર્ગ છે. પરંતુ તે કેવલ દુઃખભોગની યોનિ છે. તેમાં સુખનો અનુભવ હોતો નથી. તેવાં દુઃખભોગને પ્રકટાવનાર કર્માશયો મનુષ્યજન્મમાં કદી દૃષ્ટજન્મવેદનીય એટલે વર્તમાન જન્મમાં અનુભવી શકાય તેવાં હોતાં નથી; તેવી જ રીતે ક્ષીણક્લેશ મહાપુરુષોનાં કર્માશયો ભાવિ અદૃષ્ટજન્મમાં અનુભવી શકાય તેવાં હોતાં નથી. તેવાં કર્માશયો તો દૃષ્ટજન્મમાં જ અનુભવી શકાય તેવાં હોય છે, અને તે અનુભવ પછી જન્માંતરપરિણામ થતો નથી.

દૃષ્ટજન્મ થયા પછી જાતિનિર્માણ થઇ જાય છે ત્યાર પછી તે જ જન્મમાં અથવા ભવમાં કેવલ ભોગને ઉત્પન્ન કરે તે એક વિપાક; ભોગ અને આયુષ્માં ઉપકાર કરે તે દ્વિવિપાક; અને જન્મ, આયુષ્ અને ભોગ -એ ત્રણેને ઉદય કરે તે ત્રિવિપાક.

અત્ર સ્વાભાવિક પ્રશ્ન થશે કે એક દૃષ્ટ જન્મ થયા પછી તે જ જન્મમાં નવો જન્મ, આયુષ્ અને ભોગ શી રીતે થાય? આ સંબંધમાં યોગશાસ્ત્રનું મંતવ્ય એવું છે કે તીવ્રસંવેગથી કરેલાં એટલે તીવ્રવૈરાગ્યથી સેવાયેલાં શુક્લ કર્માશયો મંત્રપ્રભાવથી, તપના પ્રભાવથી, સમાધિના બલથી, ઇશ્વર, દેવતા, મહર્ષિ, અને મહાપુરુષના અનુગ્રહથી વહેલાં પાકી જાય છે. જેમ કેટલાંક વૃક્ષોને કૃત્રિમ ગરમીમાં રાખવાથી તેઓ સત્વર ફલોદય કરે છે, તેમ તીવ્ર સંવેગવાળાં પુણ્યકર્મો દૃષ્ટજન્મમાં પાકી જાય છે તેથી નંદીશ્વરનું આઠ વર્ષનું દૃષ્ટજન્મનું આયુષ નિર્માણ થયેલું છતાં અદ્ભુત પુણ્ય-

બલથી તે જ દેહમાં ચિરંજીવિત્વ પ્રાપ્ત થઈ શ્રી સદાશિવના ગણાધ્યક્ષનું પદ મળ્યું હતું; તેવી રીતે માર્કંડેયને પણ થયું હતું. આવાં આયુર્દીર્ઘક પુણ્ય-કર્માશયો હોય છે. તેવી જ રીતે તીવ્ર રાગદ્વેષથી ભયભીત પ્રાણીને, વ્યાધિ-ગ્રસ્તને, દીન પ્રાણિને, ભરોંસો રાખી આશ્રય લેનાર પ્રાણિને, મહાનુભાવ પુરુષોને, તપસ્વીઓને, અનાથ સ્ત્રી બાલને, જો પુનઃ પુનઃ અપકાર કરવામાં આવે તો તેના તેજ જન્મમાં ઇતર ભવની પ્રતીતિ થાય છે. જેમ નહુષ-રાજા ઇન્દ્રપદને પ્રાપ્ત થવાના આયુષવાળો છતાં મુનિજનને પાદપ્રહાર કરવાથી તેજ દેહમાં તિર્યગ્‌ભાવને પામ્યો હતો, વર્તમાન જન્મમાં મનુષ્ય યોનિમાં રહ્યા છતાં કેટલાંક ઉત્કટ અધર્મીઓને તિર્યગ્‌ભાવવાળી, હાથપગ વિનાની વ્યાધિગ્રસ્ત ભયંકર સ્થિતિ થઇ જાય છે. તે પ્રાણી જાતિમાત્ર મનુષ્ય રહે છે, પણ સ્થિતિ કેવલ પશુ સમાન થઇ જાય છે.

સામાન્ય નિયમથી વિપાક પામેલાં કર્માશયો એક ભવમાં ખપે તેવાં હોય છે, પરંતુ અનેક ભવની પરંપરામાં પણ તે ખપે છે. બ્રહ્મહત્યાદિ મહાપાતકો ધારાબંધ સાત ભવમાં દુઃખપ્રતીતિ કરાવે છે; તેવીજ રીતે તીવ્ર સંવેગવાળાં પુણ્યકર્મો ધારાબંધ પુણ્યયોનિમાં જન્મ આપ્યાં કરે છે. આ નિયમ નથી પણ અપવાદ છે. આ પ્રમાણે દૃષ્ટ જન્મમાં જેનાં ફ્લ અનુભવાય તેવાં વિપક્વ કર્માશયો, તથા અદૃષ્ટજન્મમાં જેનાં ફ્લ અનુભવાય તેવાં વિપક્વ કર્માશયો એક બે અને ત્રણ ફળને પ્રકટ કરે છે.

ત્યારે અવિપક્વ કર્માશયો જે અદૃષ્ટજન્મમાં ફળે તેવાં હોય તેની શી સ્થિતિ થાય છે? યોગશાસ્ત્રમાં તેની ત્રણ પ્રકારની ગતિ સ્વીકારી છે. (૧) વિરોધી કર્મવડે તેનો નાશ થાય, જેમકે નિયત પ્રાયશ્ચિત્તવડે નિયત પાપનું ફ્લ અટકે છે, તેમ તપ, સ્વાધ્યાય વગેરે શુકલ કર્માશયવડે કૃષ્ણકર્મ અને મિશ્રકર્મો નાશ પામે છે.

(૨) કેટલાંક મુખ્ય કર્મના ફ્લોદયની મર્યાદામાં અંતર્ગત થાય છે, અને તેથી જ્યારે અંગિકર્મ ફળે ત્યારે અંગકર્મ પણ ફળે. જેમકે જ્યોતિ-ષ્ટોમાદિ યજ્ઞકર્મ પ્રધાન રીતે પુણ્યકર્મ છે; પરંતુ તેમાં થતી હિંસા ગૌણ પાપ



છે, તેનું પ્રાયશ્ચિત્તથી નિવારણ ન થયું હોય તો તે હિંસાનો કર્માશય ગૌણરૂપે પ્રધાન પુણ્યકર્માશયમાં પેસી જાય છે, અને જ્યારે સ્વર્ગાદિ સુખ મળે ત્યારે બીજા દેવોનાં સુખને જોઈ અસૂયાદિ દોષથી તે પ્રાણી બળે છે. આ પુણ્યભોગકાલે સંતાપ થવો તે અંગપાપકર્મનું ફ્લ છે. જેમ સારી શેરડીમાં અથવા કેરીમાં અંતઃસડો લાગે છે તેમ પુણ્યયોનિમાં જન્મ્યા છતાં અંતઃસડો લાગેલાં ચિત્તસત્ત્વો હોય છે. અને આથી વિવેકીઓ આ પુણ્યવાન્‌ની સ્થિતિ જોઇને પણ વિરક્ત થાય છે.

(૩) પ્રસંગે અપક્વ કર્માશયો નિયતવિપાક કર્માશયના ફ્લ પ્રવર્તક બલથી દબાઈ પોતાનું ફ્લ પ્રવર્તાવવામાં ચિરકાલ સુપ્ત પડી રહે છે. જેમ ચિત્તશુદ્ધિના પ્રવર્તક નિષ્કામ કર્મયોગવડે જો ચિત્તશુદ્ધિ સધાઇ અને વિવે-કજ્ઞાન થયું, અને આધિકારિક પદને પ્રાપ્ત કરાવનાર નિયત વિપાકકર્માશય પ્રાયણ સમયે ઊભું થયું તો તે પુરુષનાં સઘળાં અદૃષ્ટજન્મવેદનીય કર્માશયો દબાઈ પડી રહે છે. અને તે કયારે અને કેવાં પરિણામને પ્રકટ કરશે તે ચોક્કસ કહી શકાતું નથી. જો વિવેકજ્ઞાન સાથે આધિકારિક પદ હોય તો ક્રમમોક્ષમાં તે પુરુષ પડેલો હોવાથી સઘળાં અનિયત વિપાકકર્માશયો કાં તો નાશ પામે છે, કાં તો તે મહાપુરુષના અનુગ્રહથી, તેના ભક્ત અથવા શિષ્ય જનમાં તે પુણ્ય કર્માશયો દાનવડે એકતંત્ર થઇ તે ભક્ત અથવા શિષ્યને ઉપકાર આપે છે. અને તેના દ્વેષીજનોમાં તેનાં અપુણ્ય કર્માશયો સજાતીય તાણથી તણાઇ તીવ્ર તાપ આપે છે. જો વિવેકજ્ઞાનવિના આધિકારિક પદે ગતિ થઇ હોય છે તો ક્ષીણ પુણ્ય થયા પછી જે કર્માશયો પુણ્યભોગ કાળે અંતર્ગત પરિપાકને પામ્યાં હોય તે અંકુરિત થઇ મૃત્યુલોકમાં અથવા ઇતર લોકમાં જન્માન્તરપરિણામ પ્રકટાવે છે. આવાં કર્માશયને પુણ્યભોગની સમાપ્તિએ જન્માન્તર કરાવી વિપાકને પ્રકટ કરે તેને અનુશય કહે છે. જેમ કસ્તૂરીવાળી દાબડીમાં કસ્તૂરી કાઢી લીધા પછી આપણે બીજો ઉપયોગ કરીએ તોપણ તે બીજા પદાર્થોને પણ કસ્તૂરીનો સુવાસ આપે છે અને જેમ ડુંગળી વગેરે કાઢી લીધેલા પાત્રમાં સારી વસ્તુને પણ દુર્ગંધનો પાશ લાગે

છે તેમ ઉંચા લોકમાં પુણ્યભોગાર્થે ગતિ થયા પછી તે ભોગના અવસાને જે દબાયેલાં કર્માશયો વિપાકને પામ્યાં હોય તે અનુશય–નીચે સૂતેલાં–ઉપર આવે છે. અને તેના સ્વભાવને અનુસાર જન્માન્તરપરિણામ પ્રકટાવે છે. પછી શુભ અનુશય હોય તો શુભ યોનિમાં અને અશુભ અનુશય હોય તો અશુભ યોનિમાં જન્મ થાય છે. ચંદ્રલોકમાં સુખ ભોગવ્યા પછી પિતૃયાણે ગતિ કરનારનો અનુશયને અનુસાર ભૂલોકમાં જન્મ થાય છે અને તેઓ મનુષ્યજન્મને ધારણ કરે તેવો નિયમ નથી. નઠારી યોનિમાં પણ અનુશય નઠારો હોય તો જન્મ પામે, આથી વિવેકજ્ઞાનવિનાનું આધિકારિક પદ, અથવા દેવયોનિમાં જન્મ થવાથી ભવરોગનાં બીજકો બળતાં નથી. માટે વૈરાગ્યની સિદ્ધિવડે ક્લેશક્ષય કરવાથી જ જન્માન્તર અટકે છે, બીજો ઉપાય નથી.

ક્લેશવડે ત્રણ પ્રકારનાં કર્માશયો અને તે કર્માશયોવડે ત્રણ પ્રકારના વિપાક ઉત્પન્ન થાય છે. આ વિપાકો અભિમાનીને સુખ તથા દુઃખની વેદના ઉત્પન્ન કરે છે. પુણ્ય કર્માશયવડે સુખવેદના અને અપુણ્ય કર્માશયવડે દુઃખવેદના થાય છે.

આ સામાન્ય નિયમ છે. પરંતુ વિવેકીને લૌકિક સુખ પણ દુ:ખરૂપે પ્રતીત થાય છે. જેમ આપણા સ્થૂલ શરીર ઉપર ધૂળના રજકણો ચોંટે તો આપણને દુઃખ પ્રતીતિ થતી નથી, પરંતુ આંખમાં અત્યંત ઝીણું રજ-કણ જાય તો તીવ્ર વેદના થાય છે; તેમ વિવેકીનું ચિત્ત અત્યંત કોમલ હોવાથી સુખપરિણામોમાં પણ દુઃખનું ભાન કરી શકે છે. ભસ્મ ચોળનારને શરીરે ટાઢનું ભાન ન થાય, પરંતુ આંખમાં રજકણ જવાથી દુઃખ થાય, તેમ સ્થૂલ સુખનો ભોગ વિષયી જનોને મોહજન્ય આનંદ ઉત્પન્ન કરે, પરંતુ વિવેકીને તો તે ઝેરી નિશાનો આનંદ સમજાય. સુખના અનુભવવડે ભોગનો અભ્યાસ થાય છે, ભોગાભ્યાસવડે રાગ વધે છે, રાગવડે ઇન્દ્રિયોની ભોગ ભોગવવાની કુશળતા વધે છે, એ કુશળતાવડે ઉપભોગ સિદ્ધ કરવા, કાયિક, વાચિક અને માનસિક હિંસા થાય છે, અને આ દોષથી ચિત્તસત્ત્વ



વધારે ક્લેશવાસનાવાળું થાય છે. આ પરિણામી દુઃખના વિચારથી સુખભોગકાળે વિવેકીને દુઃખનું ભાન થાય છે.

વળી સુખ સાધનોની તૃષ્ણાથી તણાતો જીવ અનુકૂલ પ્રાણિઓપ્રતિ અનુગ્રહ અને પ્રતિકૂલ પ્રાણીપ્રતિ પીડા કરવાના વેગથી શરીર, મન અને વાણીના વ્યાપારવડે જે ધર્મ અને અધર્મનો સંચય કરે છે, તેથી જે લોભ મોહની વાસના દૃઢ થાય છે તે સુખ સમયે પરિતાપને ઉત્પન્ન કરે છે. આ ચિત્તસત્વની ભીતરની શગડી તે તાપદુઃખ છે.

વળી સુખાનુભવથી ચિત્તમાં સુખવાસના, તેવડે સુખનું પુનઃ પુનઃ સ્મરણ, તેવડે રાગવૃદ્ધિ, તે વડે મન, વાણી અને શરીરની ચેષ્ટા, તે વડે પુણ્યાપુણ્ય, અને તે વડે જન્માદિ વિપાક–આ પરંપરા તે સંસ્કારદુઃખ કહેવાય છે.

વળી સુખાનુભવવાળી વૃત્તિ પોતે જ સુખ દુઃખ અને મોહના કારણભૂત દ્રવ્યમાંથી ઉત્પન્ન થયેલી હોવાથી કેવલ સુખમય કદી હોઇ શકતી જ નથી, તેમાં દુઃખ તથા મોહનું વિષ પેઠેલું જ હોય છે, જો કે સુખસમયે તે વિષ ઉપર તરી આવેલું હોતું નથી, પણ પ્રસંગ પ્રાપ્ત થતાં સુખભોગના અવધિએ તે વૃત્તિ દુઃખની છાયામાં અને મોહમાં પલટાયા વિના રહેતી નથી. આથી સુખ વૃત્તિ કંઇ સ્થિર પરિણામ નથી માટે વિવેકી તેનાથી પણ છૂટવા માગે છે.

આ પ્રમાણે ત્રણ વિપાકો જે સુખ અને દુઃખને ઉત્પન્ન કરે છે, તેમાં દુઃખ તો પ્રાણીમાત્રને હોય છે તો પણ વિવેકીને સુખભોગ પણ પરિ-ણામદુઃખ, તાપદુઃખ, સંસ્કારદુઃખ, અને વૃત્તિના અસ્થૈર્યરૂપ દુઃખથી દુઃખમય જણાય છે. અને તેથી તે વૈરાગ્ય અથવા વૈતૃષ્ણ્યને જ ઝંખે છે. વિવેકીની આ તીવ્ર કોમળતા વૈરાગ્યનો ઉત્કર્ષ કરી તેને સંસાર તરફ ઝુકાવતી નથી. પરંતુ કૈવલ્ય તરફ ઝોક આપે છે.

## (૪) સાંખ્ય-યોગ વિચારકો.

## કપિલ મહર્ષિ.

સાંખ્ય વિચારોનું પ્રાચીનરૂપ હાલ ઉપર જણાવ્યા પ્રમાણે ચરકસંહિતામાં મળી આવે છે. આ સંહિતાકાલ ઈ૦ સ૦ ના પહેલા સૈકાનો છે. પરંતુ ચરકમુનિએ તે વિચારો આત્રેયના મુખદ્વારા જણાવ્યા છે.

સાંખ્યશાસ્ત્રના આદિ વિદ્વાન્ કપિલ મહર્ષિ ગણાય છે. આ મહર્ષિ તે ઐતિહાસિક વ્યક્તિ હતી કે હિરણ્યગર્ભ અથવા અગ્નિનું રૂપક હતું તે નિર્ણય કરવો ઘણો કઠિન છે. શ્વેતાશ્વતર મંત્રોપનિષદ્‌માં પરમેશ્વરમહિમાના વર્ણનપ્રસ્તાવમાં કહે છે કેઃ—

**यो योनिं योनिमधितिष्ठति एको विश्वानि रूपाणि**
**योनीश्च सर्वाः ऋषिं प्रसूतं कपिलं यस्तमग्रे ज्ञानै**
**बिभर्ति जायमानं च पश्येत्** ( શ્વે૦ ૫-૨ )

જે પરમેશ્વર જુદી જુદી યોનિને નિયંત્રિત કરે છે, અને જાતિનું નિર્માણ કરે છે, જે અદ્વિતીય પરમાત્મા સર્વ રૂપોમાં ( વ્યક્તિમાં ) અને સર્વ યોનિમાં ( જાતિમાં ) પ્રવેશ પામે છે, અને જે પરમાત્મા આદ્ય પ્રકટ થયેલા ઋષિ કપિલને જ્ઞાનવડે ભરે છે તે પ્રકટ થતા પરમાત્માનું દર્શન કરવું-આ મંત્રમાં જે કપિલ શબ્દનો ઉલ્લેખ છે તેવડે સાંખ્યશાસ્ત્રના કપિલના મહિમાનું સૂચન થાય છે કે અન્યનું ? આ શબ્દ જે પ્રકરણમાં આવે છે તે પ્રકરણમાં આદ્યપુરુષ હિરણ્યગર્ભનું કપિલ એ નામ છે, એવો ભાવ શ્રી શંકરાચાર્ય બ્રહ્મસૂત્રભાષ્યમાં જણાવે છે, ( જૂઓ બ્ર૦ સૂ૦ ૨-૧-૧ ) અને તે ભાવ કપોલકલ્પિત નથી, પરંતુ સપ્રમાણ જણાય છે. કારણ કે—

**यो देवानां प्रभवश्चोद्भवश्च विश्वाधिपो रुद्रो महर्षिः**
**हिरण्यगर्भं पश्यत जायमानं सनो बुद्ध्या शुभया संयुनक्तु ।**
( શ્વે૦-૪-૧૨ )



જે વિશ્વના અધિપ મહર્ષિ રુદ્ર દેવોની ઉત્પત્તિના અને વિકાસના કારણ છે, અને જે પ્રકટ થતા હિરણ્યગર્ભને ( જ્ઞાનદૃષ્ટિથી ) જુઓ એવી આજ્ઞા કરે છે તે શુભબુદ્ધિવડે અમને સંયુક્ત કરો; એ આગળ આવેલા મંત્ર સાથે પાછલો મંત્ર વિચારતાં પ્રકટ થતા અગ્નિ જે આદિ હિરણ્યગર્ભનું બાહ્યરૂપ છે તેના પિંગલ વર્ણને જ “ કપિલ ” સંજ્ઞા આદ્યઋષિને લગાડવામાં આવી છે. તેથી કપિલ એ વિશેષ નામ નથી, પરંતુ ગુણવાચક નામ છે અને તે અગ્નિ અથવા હિરણ્યગર્ભને લાગુ પડે છે. આ અગ્નિ અથવા હિરણ્યગર્ભ આદ્યબાલ છે, એવું શ્રૌતવાઙ્‌મયમાં આપણે સારી રીતે જોઇ શકીએ છીએ. પાછળથી આ ગુણવાચક નામ વિશેષ નામ તરીકે યોજાયું, અને આદિ વિદ્વાન્ કપિલ ગણાયા.

પરમેશ્વર અથવા તેની આદ્યવિભૂતિ રુદ્ર વિશ્વના આરંભમાં આદિ પુરુષ હિરણ્યગર્ભ જેનું પાછળથી બ્રહ્મા નામ પડ્યું તેને આજ્ઞાચક્રની દૃષ્ટિવડે જ્ઞાનથી પૂર્ણ કરે છે અને તેથી તે આદ્યદ્રષ્ટા અથવા મહર્ષિ જન્મસિદ્ધ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્યવાળા છે એ ભાવનાને વશવર્તી પાતંજલસૂત્રના વ્યાસભાષ્યમાં એક પ્રાચીન આગમવાક્યનો ઉલ્લેખ છેઃ—

**आदिविद्वान् निर्माण चित्तमधिष्ठाय कारुण्याद् भगवान्**
**परमर्षिरासुरये जिज्ञासमानाय तंत्रं प्रोवाच ॥ (यो. सू. )**
૧. ૨૬. ઉપરનું ભાષ્ય.

આદિ વિદ્વાને સ્વેચ્છાથી શુદ્ધ સત્ત્વમય ચિત્તને નિર્માણ કરી, તેના ઉપર સ્વામીભાવ સિદ્ધ કરી કરુણાથી તે ભગવાન પરમ ઋષિએ જિજ્ઞાસુ આસુરીને આ સાંખ્યતંત્ર કહ્યું:—

આ આગમવાક્યમાં જે આદિ વિદ્વાનનો ઉલ્લેખ છે તે કપિલનો છે એમ સર્વ ટીકાકારોનું કહેવું છે, અને આ વાક્ય પંચશિખનું છે એવું પણ સંપ્રદાય ગ્રંથોથી સમજાય છે. તેથી સહજ સમજાય છે કે આદિ વિદ્વાન્ કપિલ કોઇ સામાન્ય જન્મ પામનારી ઐતિહાસિક વ્યક્તિ ન હતી, પરંતુ

શાસ્ત્રની ભાવનાએ ઉભી કરેલી અયોનિજ કલ્પિત વ્યક્તિ હતી. અને તે વ્યક્તિના સઘળા ગુણધર્મો શ્રૌતકાલના હિરણ્યગર્ભ અથવા અગ્નિના ગુણધર્મોમાંથી આરોપાયા હતા.

આ જન્મસિદ્ધ તત્ત્વજ્ઞાનવાળા મહર્ષિ કપિલનું સાંખ્યતંત્ર બાવીસ સૂત્રાત્મક હતું. આ બાવીસ સૂત્રોનો નિર્દેશ તત્ત્વસમાસની "સર્વોપકારિણી" ટીકામાં થયો છે. તે ટીકાકારના અભિપ્રાય પ્રમાણે આ બાવીસ સૂત્રોમાં મૂલ સાંખ્યનાં બીજકો છે. અને તે નારાયણ અવતાર મહર્ષિ કપિલનાં રચેલાં છે, અને તે બીજ ઉપરથી ષષ્ઠિતંત્ર અને સૂત્રની ષડધ્યાયી વૈશ્વાનર અવતાર કપિલે કરી. આ સાંપ્રદાયિક નોંધથી પણ સમજાય છે કે કાળે કરી હિરણ્યગર્ભના રૂપકતરીકે પ્રકટ થયેલા કપિલ પ્રથમ નારાયણના અંશાવતાર થયા, અને પછી રુદ્રના અંશાવતાર થયા, અને પાછળથી મહાભારતમાં શિવસહસ્ર નામમાં કપિલનું નામ પેઠું, અને રામાયણમાં વાસુદેવ–વિષ્ણુના અવતારતરીકે કપિલ ગણાયા. જેમણે સગરના સો પુત્રોનો નેત્રના અગ્નિવડે દાહ કર્યો. વળી મૂલ શ્રુતિના ભાવનું કોકડું વધારે ગુંચવવા બ્રહ્માના માનસ પુત્રોમાં કપિલની ગણના થઇ એટલે પુરાણોમાં તે બ્રહ્મપુત્ર તરીકે મનાયા.

વળી ધર્મપ્રજાપ્રતિની અહિંસા નામની પત્નીથી સનક, સનન્દન, સનાતન, સનત્કુમાર, કપિલ, આસુરિ, વોઢુ અને પંચશિખઃ આ પુત્રોપૈકી સનકાદિ ચાર યોગતંત્રમાં નિપુણ થયાં, અને કપિલાદિ ચાર સાંખ્ય–તંત્રમાં નિપુણ થયા, આ આઠ પૈકી સનત્કુમારવિનાના સાતનો ઉલ્લેખ કાત્યાયન પરિશિષ્ટ સૂત્રમાં આપેલી તર્પણવિધિની કારિકામાં થયો છે, અને દેવગણ પછી, મનુષ્યદેવગણના તર્પણમાં આ સાત સાંખ્યાચાર્યોનો નિર્દેશ થયો છે. કાત્યાયન ઇ. સ. પૂર્વે ચોથા સૈકામાં થયા. એટલે તે સમયમાં પણ કપિલ મુનિનું નામ કોઇ ઐતિહાસિક વ્યક્તિતરીકે ન હતું, પરંતુ ઘણા પુરાતન મનુષ્યદેવમાં હતું; અને આથી જ ગૌતમબુદ્ધના સમયમાં સાંખ્ય વિચારો ઘણા પ્રાચીન કાળના હતા એમ સમજાય છે.



કપિલમાં કાંતો રુદ્રની અથવા હિરણ્યગર્ભની, અથવા વિષ્ણુની ભાવારોપણા થયેલી છે. અને તેથી પાછળથી કોઇ ઐતિહાસિક વ્યક્તિ થયેલી. તેમાં તે ભાવના આરોપણબલથી તે વ્યક્તિમાં તે તે દેવની અવતારભાવના પેઠેલી જણાય છે. પુરાણોમાં સ્વાયંભૂવ મનુ–એટલે પ્રથમ મનુના પુત્ર કર્દમ પ્રજાપતિ થયા, અને તે દેવહૂતિ સાથે પરણ્યા. દેવહૂતિને અરુન્ધતી, કલા, શ્રદ્ધા, હવિર્ભુક્, ક્રિયા, ગતિ, ખ્યાતિ, શ તિ અને અનસુયા નામની નવ દિકરીઓ થઇ અને કપિલ મહર્ષિ પુત્રરૂપે થયા. તેમના દ્વારા દેવહૂતિને તત્વજ્ઞાન પ્રાપ્ત થયું–એ પ્રકારની આખ્યાયિકા છે.

કપિલ મહર્ષિ કેવલ માનસપુત્ર અથવા કલ્પિત મૂર્તિ નથી, પરંતુ શ્રૌતકાલના સમયની પ્રભાવવાળી એક સત્ય વ્યક્તિ હશે, પરંતુ ઐતિહાસિક વિવેકના અભાવે તે વ્યક્તિના અસ્ત પછી તેમાં દેવભાવનાની આરોપણા થઇ એમ સમજાય છે, નહિ તો તેમને સત્ય દેવગણમાં તર્પણવિધિમાં ગણવામાં આવત, પરંતુ તેમ નહિ થતાં મનુષ્યદેવગણમાં તેમને મૂકયા છે તે ઉપરથી કેવલ દેવ જેવી મૂર્તિ તો નહી જ હોય એવું અનુમાન થાય છે.

પુરાણોમાં પદ્મપુરાણમાં ગૌરીવિવાહવર્ણનમાં કુમારના જન્મપ્રસ્તાવમાં કાપલને ઇન્દ્રપ્રસ્થના રહેવાસી વર્ણવ્યા છે. * કૂર્મપુરાણમાં કપિલ ઉપપુરાણનો ઉલ્લેખ છે, પણ તે ઉપલબ્ધ થયું નથી. કાપિલ સ્મૃતિનો પણ ઉલ્લેખ બંગાળની એશીએટીક સોસાઇટીની લાયબ્રેરીના લીસ્ટમાં છે. સમુદ્રયાનના જ્યોતિષશાસ્ત્રનો એક ગ્રંથ કપિલના નામે આરોપાયલો છે. પદ્મપુરાણના પ્રકરણ તરીકે કપિલગીતા ઉપલબ્ધ છે.

આર્ષ સમયના બીજા સાંખ્ય વિચારકો સનક, સનન્દન, સનાતન, સનત્કુમાર, અંગિરા, વોઢુ વગેરે કપિલ કરતાં પણ વધારે કલ્પનાજાળમાં ગુંચાયેલા છે, અને તેઓ નામમાત્ર શેષ રહ્યા છે.

---

* અશ્વઘોષ ( ઇ. સ. ૧લા સૈકામાં ) બુદ્ધચરિતમાં ગૌતમબુદ્ધના પિતા શુદ્ધોદનની રાજધાની કપિલવસ્તુના સંબંધમાં જણવે છે કે તે કપિલમહર્ષિની વસાવેલી નગરી હતી અથવા નિવાસ સ્થાન હતું.

## (૫) આસુરિ.

કપિલના પ્રત્યક્ષ શિષ્ય આસુરિ હતા. આ આસુરિ કલ્પિત મૂર્તિ નથી, પરંતુ શતપથના વંશબ્રાહ્મણમાં તેમનો યાજ્ઞવલ્કય પહેલાં ઉલ્લેખ છે. સાંજીવી પુત્રપર્યંત શુકલ યજુષ્ અને કૃષ્ણયજુષ્‌ની શાખાના પ્રવર્તકો સમાન છે, પરંતુ સાંજીવી પુત્ર પછી પ્રાશ્નીપુત્ર જે આસુરિ સ્થાનનો નિવાસી હતો, તે ઋષિ થયા અને તેના આસુરાયણ, અને તેના આસુરિ થયા. ત્યાંથી વંશબ્રાહ્મણ યાજ્ઞવલ્કયના નામ ઉપર જાય છે; અને તે શુકલ યજુષ્ શાખામાં ઉતરે છે. આસુરિના પછી તેના વંશના ઋષિઓનું વર્ણન નથી. કદાચ આસુરિના નિરીશ્વર સાંખ્યના વિચારને લીધે તેની શ્રૌત પ્રણાલિકા બંધ થઇ હોય અથવા શ્રૌતજ્ઞાનના વિરોધી વિચારોના પ્રવર્તક હોવાથી વંશબ્રાહ્મણમાંથી તેમની પરંપરા જાણી જોઇને કમી કરી હોય પરંતુ આસુરિથી વંશશાખાવિછિન્ન થાય છે. એ ખાસ વિચારવા જેવું છે.

પરંતુ શ્રૌત વિજ્ઞાન જે અદ્વૈતગામી છે તેના કરતાં સાંખ્ય વિજ્ઞાન જે દ્વૈતગામી છે તેની પ્રવૃતિ આસુરિએ અટકાવી ન હતી, પરંતુ તે વિજ્ઞાન તેમણે પંચશિખને આપ્યું હતું. આ પંચશિખાચાર્યના કોઇ પ્રાચીન આગમ ગ્રંથમાંથી વ્યાસમુનિ પતંજલિના યોગસૂત્રભાષ્યમાં ઉતારા આપે છે. તેવા ઉતારા અથવા અવતરણો બાવીસ જણાય છે, અને તે બાવીસ સૂત્રોમાં પ્રાચીન સાંખ્યના મર્મો તારવી શકાય તેમ છે.

સાંખ્યવિચારકોમાં આસુરિ પછી પ્રસિદ્ધ પુરુષ પંચશિખાચાર્ય થઇ ગયા છે. પાતંજલ યોગસૂત્ર ઉપરના વ્યાસભાષ્યમાં નિદાન બાવીસ સૂત્ર-વાકયોનાં અવતરણો આવે છે, અને તે પંચશિખાચાર્યનાં છે એવું વાચ-સ્પતિમિશ્ર, ભાવાગણેશ ઇત્યાદિ ટીકાકારોના અભિપ્રાય પ્રમાણે જણાય છે. તે ઉપરાંત તત્ત્વસમાસ નામના ગ્રંથ ઉપર પંચશિખાચાર્યનું વિવરણ અથવા વ્યાખ્યા હતી એમ ભાવાગણેશની યોગસૂત્રવૃત્તિ ઉપરથી સમજાય છે. આ ઉપરાંત મહાભારતના શાંતિપર્વમાં મિથિલાના જનકરાજાના વંશના જનદેવ રાજાને ઉપદેશ આપનાર પંચશિખાચાર્ય હતા એમ સમજાય છે. મહાભારતના



પ્રસંગનું અવલોકન કરતાં સમજાય છે કે પંચશિખ જો કે મહર્ષિ કપિલના અનુયાયી હતા તોપણ તેનો બોધ ઘણે ભાગે સાંખ્યશાસ્ત્રના કરતાં ઔપનિષદ અધ્યાત્મવાદને મળતો છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય આત્માના શિખાસ્થાને રહેલા બ્રહ્મને તે જાણતા હતા તેથી તે મહર્ષિનું નામ પંચશિખ પડયું હતું; વળી તે કપિલમુનિના મતને અનુસ-રતા હતા તેથી તથા કાપિલા નામની બ્રાહ્મણીએ તેમને ધવડાવી ઉછેરેલા હોવાથી તે કાપિલેય કહેવાતા. તેમના ઉપદેશ ઉપરથી સમજાય છે કે ચાર્વાક અને બૌદ્ધ વિચારોના તે વિરોધી હતા, અને જો કે જગદ્‌વ્યવસ્થા સાંખ્ય-મતના પચ્ચીસ તત્ત્વને અનુસરતી તેમણે કરી હતી તોપણ સિદ્ધાન્તમાં તેઓ બ્રહ્મવાદી હતા. વળી ચાઇનીઝ બૌદ્ધસંપ્રદાય પ્રમાણે ૬૦૦૦૦ શ્લોકનો મોટો સાંખ્યગ્રંથ ષષ્ટિતંત્ર નામનો હતો, અને તેના પ્રણેતા પંચશિખાચાર્ય હતા.

આ ષષ્ઠિતંત્રશાસ્ત્ર વાચસ્પતિ આદિ વિચારકો વાર્ષગણ્યનું હતું એમ કહે છે. આ ષષ્ઠિતંત્રમાં શા વિષયો આવેલા હતા તેનો સંગ્રહ **अहिर्बु-त्न्य संहिता** બારમા અધ્યાયમાંથી મળી આવે છે, અને તે સૂચિ ઉપરથી સમજાય છે કે તે તંત્ર બે વિભાગમાં પડેલું હતું. પ્રથમ વિભાગને પ્રકૃતિ-મંડલ અને બીજા વિભાગને વિકૃતિમંડલ એવું નામ આપવામાં આવતું હતું. નીચેના સાઠ વિષયો તેમાં અનુક્રમે પ્રતિપાદન થયેલા હતા. તેથી તેનું નામ ષષ્ઠિતંત્ર પડેલું જણાય છેઃ—

| પ્રકૃતિમંડલ (૩૨) | | વિકૃતિમંડલ (૨૮) | |
|---|---|---|---|
| ૧ | બ્રહ્મતંત્ર | ૧—૫ | કર્મકાંડ |
| ૨ | પુરુષતંત્ર | ૬ | ભોગકાંડ |
| ૩ | શક્તિતંત્ર | ૭ | વૃત્તકાંડ |
| ૪ | નિયતિતંત્ર | ૮–૧૨ | પંચકલેશકાંડ |
| ૫ | કાલતંત્ર | ૧૩–૧૫ | ત્રણ પ્રમાણકાંડ (પ્રત્યક્ષ,અનુમાન,શબ્દ) |
| ૬—૭—૮ | ત્રિગુણતંત્રો | ૧૬ | ખ્યાતિકાંડ (જ્ઞાન સ્વરૂપ પ્રકરણ) |

| | | | |
|---|---|---|---|
| ૯ | અક્ષરતંત્ર | ૧૭ | ધર્મકાંડ |
| ૧૦ | પ્રાણતંત્ર | ૧૮ | વૈરાગ્યકાંડ |
| ૧૧ | કર્તૃતંત્ર | ૧૯ | ઐશ્વર્યકાંડ |
| ૧૨ | સામ્યતંત્ર | ૨૦ | ગુણકાંડ |
| ૧૩—૧૭ | પાંચ જ્ઞાનતંત્ર | ૨૧ | લિંગકાંડ |
| | (જ્ઞાનેન્દ્રિયોને લગતું) | ૨૨ | દૃષ્ટિકાંડ |
| ૧૮—૨૨ | પાંચ ક્રિયાતંત્ર | ૨૩ | આનુશ્રવિકકાંડ |
| | (કર્મેન્દ્રિયોને લગતું) | ૨૪ | દુઃખકાંડ |
| ૨૩—૨૭ | પાંચ તન્માત્રાતંત્રો | ૨૫ | સિદ્ધિકાંડ |
| ૨૮—૩૨ | પાંચ મહાભૂતતંત્રો | ૨૬ | કાષાયકાંડ |
| | | ૨૭ | સમયકાંડ |
| | | ૨૮ | મોક્ષકાંડ |

મૂલ ગ્રંથ લોપ પામ્યો જણાય છે અને સાંખ્યદર્શનનું વિપુલ સાહિત્ય આ ગ્રંથ* સાથે અસ્ત થયું જણાય છે.

( ૬ ) **ઇશ્વર કૃષ્ણ** ( ઇ. સ. ૪૫૦ ).

સાંખ્યસંપ્રદાયની પરંપરા બૌદ્ધધર્મના સમયમાં લગભગ લોપ પામ્યા જેવી હતી તેનો સમુદ્ધાર ઇશ્વરકૃષ્ણે સાંખ્યકારિકાદ્વારા કર્યો જણાય છે. સાંખ્યશાસ્ત્રનું વિશુદ્ધ રૂપ આ પ્રાચીન કારિકામાંથી મળે છે. ઇશ્વિરકૃષ્ણ સંબંધી આપણી ઐતિહાસિક માહિતી બીજા બાહ્ય પ્રમાણથી મળી આવી છે. બૌદ્ધ સાધુ પરમાર્થ ઇ૦ સ૦ ૫૪૬ માં ચીનદેશમાં આ ગ્રંથ લઇ ગયા હતા. ઇ૦ સ૦ ૫૫૭-૫૬૮ દરમીઆન પરમાર્થે આ કારિકા અને

*આ મૂલ તંત્રશાસ્ત્રનો ઉદ્ધાર "સાંખ્ય સપ્તતિ" ( ઇશ્વરચંદ્રની કારિકા ) ઉપરના **માઠરભાષ્યમાં** માં પ્રથમ થયેલો જણાય છે. જુઓ ગુણરત્નસૂરિની ષડ્દર્શન-સમુચ્ચય નામના હરિભદ્રસૂરિ ( ઇ. સ. આઠમું સૈકું ) ના ગ્રંથ ઉપરની ટીકા. પરંતુ પ્રસિદ્ધ થયેલી **માઠરવૃત્તિ**માં ૬૦ વિષયો જૂદી રીતે જણાય છે.



તેના ઉપરની ટીકાનું ચીનાઇ ભાષામાં ભાષાન્તર કર્યું હતું, અને તે અદ્યાપિ વિદ્યમાન છે. સાંખ્યકારિકાના કર્તાનું બીજું નામ વિંધ્યવાસી× છે. એમ કેટલાકનું માનવું છે. તે બૌદ્ધ વસુબંધુના પહેલાં થઇ ગયા હતા એમ ચાઇનીઝ બૌદ્ધો માને છે. બૌદ્ધોનું એમ માનવું છે કે વિંધ્યવાસીના સિદ્ધાન્તનું વસુબંધુએ ( ૪૨૦—૫૦૦ ) ખંડન કર્યું છે. આ ઉપરથી ઇશ્વિરકૃષ્ણનો જીવન સમય ચોથા સૈકામાં આવે છે, અને તે ગુપ્ત સમયમાં થયા જણાય છે. જે સમયમાં સંસ્કૃત સાહિત્ય પુનર્જીવનને પામ્યું હતું.

આ સાંખ્યકારિકા ઉપર જે ભાષ્ય ઉપલબ્ધ છે તે ગૌડપાદનું ગણાય છે. આ ગૌડપાદ આદ્ય શંકરાચાર્યના પરમગુરુ હતા, અને માંડૂક્યકારિકાના કર્તા ગૌડપાદ જો સાંખ્યકારિકાના ભાષ્યકાર હોય તો તે આઠમા સૈકામાં થયા હોવા જોઇએ. ચીનાઇ ભાષાન્તરમાં આધાર તરીકે લીધેલી ટીકા જો ગૌડપાદનું જ ભાષ્ય હોય તો ઘણો ખુલાસો થાય, પરંતુ " તકાકસુ " ની ( Takakasu ) શોધ ઉપરથી એવું અનુમાન જાય છે કે તે આધારભૂત ટીકા ગૌડપાદ કરતાં જૂદી જણાય છે. મી. બેલવરકર જેઓ માઠરવૃત્તિ પ્રસિદ્ધ કરનાર છે તેઓ જણાવે છે કે ચાઇનીઝ ભાષાન્તરની આધારભૂત ટીકા તે માઠરવૃત્તિ હતી.* અલ્બીરૂની ( ઇ૦ સ૦ ૧૦૩૦ ) જે કારિકાની વિગત આપે છે તે ગૌડપાદનો ઉલ્લેખ કરે છે એટલે અગીઆરમા સૈકામાં ગૌડપાદ સાંખ્યભાષ્યકાર તરીકે પ્રસિદ્ધ હતા એમાં શક નથી.

વળી સાંખ્યકારિકાનું બીજું નામ સાંખ્યસપ્તતિ છે, તે ઉપર શ્રીશંકરાચાર્યની જયમંગલા નામની ટીકા છે એમ દક્ષિણ હિંદુસ્થાનનાં સંસ્કૃત

× પરંતુ આ માનવું પ્રમાણભૂત નથી. ( જુઓ વાર્ષગણ્ય સંબંધી નોટ. )

***માઠરવૃત્તિ**—ચૌખંબા સંસ્કૃત ગ્રંથાવલિમાં થોડા સમય પૂર્વે પ્રસિદ્ધ થઈ છે. આ ટીકાગ્રંથ ઈ. સનના ત્રીજા સૈકાના અંતમાં અને ચોથાના આરંભમાં મૂકી શકાય. ( જુઓ-માઠરવૃત્તિનો સમયઃ **પુરાતત્વ વર્ષ ૧. અંક ૨.** )

પ્રતોના સૂચિપત્ર+ ઉપરથી જણાય છે. ગ્રંથ પ્રસિદ્ધ થાય તો કંઇક વિશેષ પ્રકાશ પડવા સંભવ છે; કારણ કે બ્રહ્મસૂત્ર ભાષ્યમાં શંકરાચાર્ય સાંખ્યદર્શનનું ખંડન કરે છે તેથાં મૂલ પૂર્વપક્ષની સાંખ્ય ભૂમિકા સાંખ્યકારિકાને અવલંબી કરે છે. ગૌડપાદ અને શંકરાચાર્ય બંનેએ આ ગ્રંથને સાંખ્યનો પ્રમાણગ્રંથ સ્વીકાર્યો છે તેથી ઇશ્વરકૃષ્ણની સાંખ્યાચાર્યોમાં ઉંચી પ્રતિષ્ઠા તે સમયમાં હશે એ નિર્વિવાદ છે.

**(૭) સાંખ્યવિચારક વાચસ્પતિમિશ્ર** ( ઇ૦ સ૦ ૮૪૦ ).

ઇશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા ઉપર ભાષ્યકાર ગૌડપાદાચાર્યના સંબંધમાં વિશેષ વિવેચન વેદાન્તદર્શનમાં આવશે. પરંતુ સાંખ્ય વિચારકોમાં વાચસ્પતિમિશ્રની સ્વતંત્ર ગણના કરવા યોગ્ય છે. તેમની સાંખ્યતત્ત્વકૌમુદી–સાંખ્યકારિકા ઉપરની ટીકા–સાંખ્યચંદ્રમાની ખરેખરી કૌમુદી જ છે. વાચસ્પતિમિશ્ર નૃગરાજાના સમયમાં થયા હતા; અને તેઓ મૈથિલ બ્રાહ્મણ હતા. એમની વિદ્વત્તા સર્વદેશી હતી, અને સર્વદર્શનઉપર તેમના લેખો છે. યોગદર્શનના વ્યાસભાષ્યઉપર પણ તેમની ટીકા છે. ન્યાયદર્શનમાં ઉદ્યોતકાર વાર્તિકઉપર તેમની તાત્પર્ય ટીકા છે; તથા ન્યાયસૂચિ નિબંધ નામનો સ્વતંત્ર લેખ પણ છે. બ્રહ્મસૂત્રના શાંકરભાષ્યઉપર તેમની ભામતી નામની પ્રસિદ્ધ ટીકા છે.* તેઓ પોતાના વિચારમાં સર્વતંત્રસ્વતંત્ર હતા; અને પ્રત્યેકશાસ્ત્રના મર્મ તેમને કરામલકવત્ સિદ્ધ હતા.

## (૭) સાંખ્યવિચારક વિજ્ઞાનભિક્ષુ ( ઈ. સ. ૧૬૫૦ )

વાચસ્પતિમિશ્ર પછી સ્વતંત્ર સાંખ્યવિચારક વિજ્ઞાનભિક્ષુ અથવા વિજ્ઞાન યતિ થઇ ગયા છે. સાંખ્યસૂત્ર પ્રવચનભાષ્ય તેમનો સ્વતંત્ર શાસ્ત્રીય ગ્રંથ છે. તે ઉપરાંત સાંખ્યસાર નામના નિબંધો ઘણા પ્રસાદવાળા છે. તથા

+See Catalogue of South Indian Sanscrit Mss. Asiatic Society's Monograph. p. 201.

* તેમાં "બ્રહ્મતત્ત્વમીમાંસા"–એ નામના તેમના બીજા કોઇ ગ્રંથનો ઉલ્લેખ આવે છે, તે ગ્રંથ પ્રસિદ્ધ થવાથી થયો નથી.



પાતંજલ ભાષ્યવાર્તિક પણ અપૂર્વ પ્રતિભાવાળું છે. બ્રહ્મસૂત્રઉપર તેમનું વિજ્ઞાનામૃત નામનું અવિભાગઅદ્વૈતસિદ્ધાન્તનું પ્રતિપાદક મોટું ભાષ્ય છે. વિજ્ઞાનભિક્ષુ સર્વશાસ્ત્રોને એક તાત્પર્યગામી માનતા હતા, અને તેથી સર્વશાસ્ત્રના અવલોકનમાં ભૂરિકક્ષા-ન્યાય સ્વીકારતા હતા. એટલે કે પ્રત્યેક દર્શન પોતપોતાની મર્યાદામાં અમુક સિદ્ધાન્ત પ્રતિપાદન કરી ચઢીઆતી દૃષ્ટિ ઉઘાડે છે, અને છેવટનું તાત્પર્ય અવિભાગઅદ્વૈતમાં આવે છે તેમ તેમનું મંતવ્ય હતું.

તેમના ગ્રંથોના સારસંગ્રાહક નાગેશ ભટ્ટ ૧૭૧૩ માં થઇ ગયા. તે ઉપરથી તેઓ તે સાલ પહેલાં થઈ ગયા તે નિર્વિવાદ છે. તેમના ત્રણ પ્રસિદ્ધ શિષ્યો હતા. ભાવાગણેશદીક્ષિત, પ્રસાદમાધવ યોગી અને દિવ્યસિંહ મિશ્ર.

સાંખ્યદર્શનમાં તેમના વિચારો સ્વતંત્ર ભાવથી ભરેલા છે. કેટલાક અંશમાં વાચસ્પતિમિશ્ર કરતાં તેઓ જૂદા અભિપ્રાય દર્શાવે છે.

વિજ્ઞાનભિક્ષુ પછી સાંખ્યશાસ્ત્રના પ્રસિદ્ધ ચિંતક કોઇ થયા નથી, અને સાંખ્ય દર્શનના વિચારો વેદાન્તદર્શનમાં અંતર્ગત થઇ ગયા છે, અને તે શાસ્ત્રના સંપ્રદાયના અભ્યાસકો નહિવત્ થયા છે.

વેદાન્તશાસ્ત્રના જગદ્વિષયક સિદ્ધાન્તો સાંખ્યઉપર બંધાયેલા છે મોક્ષના તત્ત્વજ્ઞાનના સાધનભૂત વિચારો યોગઉપર ઘડાયેલા છે; અને બ્રહ્માત્મૈક્યવાદ ઉપનિષદોઉપર રચાયેલો છે.

## (૮) સાંખ્યદર્શનમાં વાચસ્પતિમિશ્ર અને વિજ્ઞાનભિક્ષુના સ્વતંત્ર વિચારો.

સાંખ્યદર્શનનાં મૂલતત્ત્વ પ્રકૃતિને ત્રિગુણાત્મિકા વર્ણવી છે. જગત્નું મૂલકારણ શુક્લ, લોહિત અને કૃષ્ણ વર્ણવાળી **અજા** છે એવું શ્વેતાશ્વતર ઉપનિષદ્માં તથા પૃથ્વી ( અન્ન ) જલ અને તેજના ત્રિવૃત્કરણથી એટલે એ ત્રણ દ્રવ્યોના યોગથી જગત્ ઉત્પન્ન થયું છે એ વિચાર છાન્દોગ્ય ઉપનિષદ્માં ગુંથાયેલો છે. આ ઔપનિષદ સિદ્ધાન્તમાંથી પ્રકૃતિની ત્રણ ગુણ વાળી ભાવના ઉત્પન્ન થયેલી સમજાય છે. વળી અથર્વવેદમાંઃ—

**पुंडरीकं नवद्वारं त्रिभिर्गुणैभिरावृतम्**

**तस्मिन्यद् यक्षमात्मन्यत्तद्वै ब्रह्मविदोविदुः**

( अ. ८–४३. )

એ મંત્રમાં આપણા દેહને નવદ્વારવાળા કમલનું રૂપક આપી તે ત્રણ ગુણોવડે જાણે કમલ કેસરવડે ઢંકાય તેમ ઢંકાયલું વર્ણવ્યું છે; અને તે કમલમાં પૂજન કરવા યોગ્ય કર્ણિકામાં ( મનમાં ) બેઠેલા આપણા અધ્યક્ષ ચેતનને બ્રહ્મવિદો યક્ષ કહે છે એવું વર્ણવ્યું છે. આ વર્ણનમાં ત્રણ ગુણોની પ્રાથમિક ભાવના શ્રુતિમાં ઉત્પન્ન થયેલી જણાય છે. પરંતુ ત્યાં ગુણ શબ્દ દોરીના–અર્થમાં વપરાયો છે. વળી અન્ન, જલ, અને તેજના કૃષ્ણ, શુકલ અને લોહિત વર્ણની ભાવનાવડે ગુણશબ્દ ધર્મનો વાચક થયો છે, અને જગતની ઘટના કરનાર ધાતુના અર્થમાં ત્રિવૃત્કરણમાં તે શબ્દ ગુંથાયો છે. આ દોરીની, ધર્મની, અને ધાતુની ભાવનામાં ગુંથાયેલા ગુણ શબ્દને સાંખ્યમાં પ્રકૃતિના ઘટક તત્ત્વ તરીકે સ્વીકારી તે શબ્દ સાંખ્યશાસ્ત્રનો તાંત્રિક અથવા પારિભાષિક શબ્દ થયો છે. પરંતુ સાંખ્યકારિકાકાર ઇશ્વરકૃષ્ણે, ભાષ્યકાર ગૌડપાદે, અને કૌમુદીકાર વાચસ્પતિમિશ્રે આ ત્રિગુણનું સ્વરૂપ જેવું જોઇએ તેવું વ્યક્ત કર્યું નથી. તેમની વ્યાખ્યામાં તે શબ્દ ધર્મ વાચક છે, અને મુખ્યત્વે કરીને ચિત્તની શાંત, ઘોર અને મૂઢ અવસ્થા અથવા વૃત્તિનો વાચક તે શબ્દ છે. એટલે કે જે ચિત્તની વૃત્તિ અથવા પરિણામ પ્રકાશક અથવા શાંત તે સત્ત્વગુણવાળો, જે દાહક અથવા ઘોર તે રાજસગુણવાળો, અને જે અંધારાવાળો અથવા મૂઢ તે તમોગુણવાળો એવા અર્થમાં ત્રણ ગુણો સમજાવ્યા છે. ભારતમાં પ્રવેશ પામેલી ભગવદ્‌ગીતામાં પણ આ ત્રણ ગુણો અવસ્થા અથવા ધર્મના વાચક વર્ણવાયા છે. સારાંશ સત્વ રજસ્ અને તમસ્ તે ગુણો છે, ધર્મ છે, વિશેષણ છે એવો વિવેક થયો છે; પરંતુ તે સ્વયં ગુણી છે, ધર્મી છે, વિશેષ્ય છે એ ભાવના વિજ્ઞાનભિક્ષુએ જ સ્વતંત્ર તર્કથી સિદ્ધ કરી છે એમ મેં પ્રથમ જણાવ્યું છે.



બીજું જ્ઞાનના ઉદયની પ્રક્રિયામાં વાચસ્પતિમિશ્ર અને વિજ્ઞાનભિક્ષુના વિચારમાં ભેદ છે. સાંખ્ય તથા યોગમાં પુરુષ ચિતિશક્તિરૂપ છે એટલે કે તે સ્વયંપ્રકાશ ચેતન છે, અને તે સાથે કૂટસ્થનિત્ય છે એટલે નિર્વિકાર સમસ્થિતિવાળો પદાર્થ છે; અને પ્રકૃતિનું વ્યક્તરૂપ જે ચિત્તસત્ત્વ ( પ્રથમ વિકૃતિરૂપ મહત્‌નું વ્યક્તિમયરૂપ જે પ્રત્યેક પુરુષને વળગેલું મોક્ષપર્યંત રહે છે તે ) તે દૃશ્યશક્તિરૂપ એટલે કે પુરુષના દર્શનને યોગ્ય પદાર્થ છે, વળી તે જડ છે, અને પરિણામિ નિત્ય છે એટલે કે પ્રવાહરૂપે નિત્ય છે સ્વયં નિર્વિકાર નિત્ય નથી. આ પ્રકારના સ્વભાવથી ભિન્ન ધર્મવાળા પદાર્થો–એક દૃષ્ટિરૂપ, બીજો દૃશ્યરૂપ, એક ચેતન, બીજો જડ, એક કૂટસ્થનિત્ય અને બીજો પરિણામિનિત્ય, એક સ્વયંજ્ઞાનરૂપ અને બીજો પરપ્રકાશવાળો–શી રીતે સંબંધમાં આવી અભિમાની તરીકે જીવત્વનું અને જગત્ તરીકે વિશ્વના અસ્તિત્વનું ભાન ઉત્પન્ન કરે છે–એ જ્ઞાનના ઉદયની પ્રક્રિયાનો પ્રશ્ન છે. ભોગ અને મોક્ષ-એ બે પુરુષાર્થની સિદ્ધિ આ સંબંધવડે થાય છે. બેના પૃથક્‌પણાનું સ્પષ્ટ ભાન ન હોવાથી પુરુષને સંસારનો ભોગ અને સ્પષ્ટ ભાન થવાથી એટલે કે વિવેકખ્યાતિથી પુરુષનો મોક્ષ આ નિર્ણય સાંખ્ય–યોગનો છે. ત્યારે આ પુરુષ પ્રકૃતિનો યોગ-ભોક્તા અને ભોગ્યનો સંબંધ–કેવા પ્રકારનો છે? વાચસ્પતિમિશ્રનું એમ કહેવું છે કે પુરુષ સાથે ચિત્તસત્વનો અથવા બુદ્ધિનો સંયોગસંબંધ નથી; પરંતુ ચિત્તસત્વ અથવા બુદ્ધિ પુરુષના આભાસને અથવા છાયાને પોતામાં પ્રતિબિંબિત કરી પોતે સ્ફુરણવાળી, ભાનવાળી, ચૈતન્યવાળી અથવા વિજ્ઞાનવાળી થાય છે. પરંતુ આ ખુલાસામાં પુરુષના ભોક્તાપણાનો ખુલાસો થતો નથી. તે વડે તો બહુ થાય તો ચિત્તસત્ત્વ અથવા બુદ્ધિ પોતે ભોક્તાપણાનું અભિમાન કરે પરંતુ પુરુષનું ભોક્તૃત્વ અનુભવાય તે બને નહિ. આ અગવડને ઉકેલવા તે મથે છે. તે કહે છે કે પુરુષ અને પ્રકૃતિ સંનિધિમાં આવે છે એટલે કે અત્યંત નજીક આવે છે, ત્યારે તે બેનો યોગ્યતાસંબંધ હોવાથી એકમાં ભોક્તૃત્વ પ્રકટ થાય છે, અને બીજામાં ભોગ્યત્વ પ્રકટ થાય છે, જો કે બંને વસ્તુતઃ અલિપ્ત રહે છે. આ સંનિધિવડે સમાંતર લીટી જેવી, વસ્ત્રના બે ઉભા દોરા જેવી, સ્થિતિ થવાથી પુરુષમાં વિશ્વનું ભાન અને સુખ દુઃખનું ભોક્તૃત્વ, અને ચિત્તસત્વમાં વિશ્વને પોતાના

ખોળામાં લઇ સુખદુઃખની સામગ્રી ખડી કરવાનો ધર્મ (ભોગ્યત્વ) પ્રકટ થવાની પ્રક્રિયા અયસ્કાંત મણિ વડે–લોહચુંબકવડે–સમજાવવામાં આવે છે. જેમ લોહચુંબક પોતે સ્થિર રહે, અને અમુક અંતરમાં લોઢાની ટાંકણી આવે કે તેને ખેંચી પોતાની બાજુએ વળગાડે તેમ પ્રકૃતિનો ચિત્તસત્વદ્વારથી આવતો સુખદુઃખરૂપ ભોગ પુરુષને વળગે છે. વિજ્ઞાનભિક્ષુ સામા જવાબ તરીકે કહે છે કે સંનિધિજન્ય યોગ્યતા સંબંધવડે બળાત્કારથી ભોગનો ખુલાસો કરો તો મોક્ષનો ખુલાસો થતો નથી. જો યોગ્યતા સંબંધ હોય તો તે નિત્યજ હોવો જોઇએ. જ્યાંસુધી લોહચુંબક લોહચુંબક તરીકે હોય અને જ્યાંસુધી લોઢાની ટાંકણી અમુક મર્યાદામાં આવે કે તણાવાની યોગ્યતા હોય તો આ યોગ્યતાનું નિવારણ મર્યાદાનું અતિક્રમણ કર્યા વિના થઇ શકતું નથી. આ જેવું અમુક મર્યાદાનું યોગ્યતાજન્ય નિત્યસિદ્ધ આકર્ષણ છે, તેવુંજ પુરુષ અને પ્રકૃતિ (ચિત્તસત્વ)નું નિત્યસાંનિધ્ય હોવાથી ભોગ વિનાની બીજી સ્થિતિ સંભવતીજ નથી, એટલે અખંડ ભોગવાળો પુરુષ રહેવો જોઇએ અને તેમ સ્વીકારીએ તો મુકતત્વને અથવા કૈવલ્યને અવકાશજ રહેતો નથી. આથી વિજ્ઞાનભિક્ષુના અભિપ્રાય પ્રમાણે ભાનવાળી દશામાં પુરુષ અને તેના ચિત્તસત્વનો કોઇક **સત્ય સંબંધ** હોય છે. આ સંબંધ અથવા સંયોગનો સ્વીકાર કરવાથી પુરુષને સવિકારપણું પ્રાપ્ત થતું નથી. વિકારવાળા દ્રવ્યમાં નવા નવા ધર્મો પ્રકટ થાય છે; નિર્વિકાર દ્રવ્યમાં અંતસ્થ ધર્મો બદલાતા નથી. નિર્વિકાર અને સવિકારનો સંબંધ અથવા યોગ થાય ત્યારે નિર્વિકાર વસ્તુ પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થતી નથી. જેમ અગ્નિના ધૂમાદિ વિકારોથી આકાશ સંબંધમાં રહ્યા છતાં મલિનતાવાળું વસ્તુતઃ થતું નથી, તેમ ચિત્તના અનંત વિકારોથી પુરુષની સ્વભાવનિર્મલતા અને સ્વપ્રકાશતા નિવૃત્ત થતી નથી. તોપણ જેમ આકાશ મેલું હોય એમ દેખાય છે તેમ પુરુષ પણ ભોગવાળો–વિકારી હોય નહિ શું–એવો દેખાય છે. આ સંબંધ કંઈ કલ્પિત નથી પરંતુ સત્ય છે અને તે એવા પ્રકારનો છે કે પુરુષની ચિતિશકિત ચિત્તસત્વમાં પ્રતિભાસ પામે છે, અને ચિત્તસત્વના વૃત્તિરૂપ પરિણામો અથવા વિકારોની છાયા પુરુષમાં પડે છે. આ પરસ્પર છાયાપત્તિવડે



પુરુષમાં ભોકતૃત્વ જાગે છે, અને બુદ્ધિમાં ભાનવાળી સ્થિતિ જાગે છે. આ પરસ્પર ધર્મનો વિનિમય થવો–ચિતિનો બુદ્ધિમાં પ્રકાશ ધર્મ, અને પુરુષમાં ભોગરૂપ ફલાર્પણ–એનું નામ સંસાર છે. આ સંસારદશામાં પણ જેવી રીતે બુદ્ધિ અથવા ચિત્તસત્વ વિકારી થાય છે તેવો વિકાર પુરુષમાં વસ્તુતઃ થતો નથી, કેમકે તે આકાશ જેવો કૂટસ્થ છે, પરંતુ બુદ્ધિથી પૃથક્ તે તત્ત્વ છે એવો વૃત્તિમય અનુભવ જ્યાં સુધી જાગ્યો નથી ત્યાંસુધી પુરુષનું જાણે નિત્ય ભોકતૃત્વ હોય એવી સમજણ ચાલ્યાં કરે છે, પરંતુ ચિત્તની નિરોધ અવસ્થા ઉત્પન્ન થવાથી પુરુષમાં ભોગની છાયાપત્તિ અથવા અર્પણ થતું નથી અને ત્યારે પુરુષની ચિતિશકિત સ્વરૂપે પ્રતિષ્ઠિત રહે છે, અને તેને કૈવલ્ય અથવા મોક્ષ કહે છે. એકવાર પણ આવી નિરોધ અવસ્થા ઉત્પન્ન થાય તો વ્યુત્થાન અવસ્થા જે ભોગની નિર્વાહક છે તેની બાધક થાય છે. જેમ "આકાશ ધૂમવાળું છે" એ સામાન્યજ્ઞાન "આકાશ નિર્લેપ છે" એ શાસ્ત્રીય જ્ઞાનથી બાધિત થાય છે, તેમ નિરુદ્ધ ચિત્તનો અનુભવ વ્યુત્થાન ચિત્તના અનુભવનો બાધક બને છે. તત્વજ્ઞાનના સિદ્ધાન્તમાં વિજ્ઞાનભિક્ષુનો અભિપ્રાય વધારે ઝીણવટવાળો અને યુકિતપુરઃસર સમજાય છે.

ત્રીજું વિજ્ઞાનભિક્ષુ આપણી જ્ઞાનેન્દ્રિયોને સ્વતંત્ર વિજ્ઞાનની ઉત્પત્તિ કરવાની શકિત છે એવું જણવે છે. ચક્ષુરાદિ ઇન્દ્રિયો સ્વતઃ રૂપાદિ પદાર્થોને વ્યકત કરે છે, અને તેની અભિવ્યકિતમાં અથવા સાક્ષાત્કારમાં અંતઃકરણ એટલે મનના ઉપકારની તેને જરૂર નથી. ઇન્દ્રિયો આ પ્રમાણે સવિશેષ અથવા સવિકલ્પ પ્રત્યક્ષ જ્ઞાન આપે છે; અને મન સંશય, વિકલ્પ, રાગ દ્વેષ ઇત્યાદી ભાવો અને કલેશોનું આલંબન સ્થાન છે, અને બુદ્ધિ તે સ્વતંત્ર વિજ્ઞાનની ઉત્પત્તિનું સાધન અને આશ્રય છે.

વાચસ્પતિમિશ્ર કહે છે કે ચક્ષુરાદિ ઇન્દ્રિયો પોતે જે ઇન્દ્રિયજ્ઞાન ઉત્પન્ન કરે છે તે ઝાંખું અથવા અસ્પષ્ટ અથવા નિર્વિકલ્પ હોય છે. તે ઐન્દ્રિયક જ્ઞાનનું પૃથક્કરણ, સંયોગીકરણ, એકીકરણ કરવાનું સામર્થ્ય મનનું છે, અને તે વિકલ્પવૃત્તિઓને બાજુ ઉપર મૂકી સંકલ્પવૃત્તિઓને એક બાજુ

ઉપર લાવી બુદ્ધિને પદાર્થનિર્ણય કરવાનું સોંપે છે. એટલે કે વ્યક્તિનું તથા જાતિનું ભાન મન કરે છે. ઇન્દ્રિયો વ્યક્તિ તથા જાતિને સ્પષ્ટ કરતી નથી; પરંતુ તે ઝાંખી આકૃતિઓ મન આગળ રજુ કરે છે.

વાચસ્પતિમિશ્રના અભિપ્રાય પ્રમાણે ચક્ષુરાદિ ઇન્દ્રિયો મનદ્વારા જ બુદ્ધિવડે વિજ્ઞાનની ઉત્પત્તિ કરે છે; જ્યારે વિજ્ઞાનભિક્ષુના અભિપ્રાય પ્રમાણે ચક્ષુરાદિ ઇન્દ્રિયો સ્વતંત્ર રીતે બુદ્ધિની સહાયથી રૂપાદિ પ્રત્યક્ષને ઉત્પન્ન કરે છે.

ચોથું તન્માત્રાના ઉદય સંબંધમાં વાચસ્પતિમિશ્ર અને વિજ્ઞાનભિક્ષુમાં મતભેદ છે. વાચસ્પતિમિશ્રના અભિપ્રાય પ્રમાણે પ્રકૃતિના પ્રથમ વિકાર મહત્‌માંથી અહંકારદ્રવ્ય પ્રકટે છે. અને અહંકારમાંથી તેના તમોમય ભાગમાંથી શબ્દાદિ તન્માત્રાઓ જાગે છે. વ્યાસ ભગવાન્ અને વિજ્ઞાનભિક્ષુના અભિપ્રાયપ્રમાણે મહત્ અથવા બુદ્ધિતત્ત્વના આવરણમંડલમાં જ અહંકાર અને તન્માત્રાઓનું દ્રવ્ય પૃથક્ પડે છે; જેમ દૂધના પ્રથમ દધિરૂપ વિકાર કાળે જ છાશ અને માંખણના અંશો પૃથક્ પડે છે; માત્ર વલોવવાની ક્રિયાથી તે બે વિભાગ વ્યક્ત થાય છે તેમ મહત્‌રૂપ દધિમાં અહંકારરૂપ માંખણ અને તન્માત્રારૂપ છાશ અંતસ્થ વિભાગવાળી થાય છે. પરંતુ તૈજસ અહંકાર જે રજઃપ્રધાન છે તેના મંથનવડે વૈકારિક અને ભૂતાદિ એવી બે શાખા, માંખણ અને છાશના જેવી, છૂટી પડી જાય છે. સારાંશ દધિમાં જેમ માંખણ અને છાશ એ બેનું વ્યક્તાવ્યક્તપણું, ભેદાભેદપણું હોય છે, તેમ મહત્‌માં અભિમાન અને જડતા–અહંકાર અને શબ્દાદિ તન્માત્રા એ બેનું સંમિશ્રણ હોય છે. તૈજસ અહંકારનો ઉદય પછી એક બાજુએ વ્યક્તિનું પૃથક્ "હું"પણાનું અભિમાન અને બીજી બાજુએ વિશ્વના ઘટક શબ્દાદિ તન્માત્રાઓમાં "તે" પણાનું દૃશ્યપણાનુંભાન થઇ જાય છે, અને જ્યાં સુધી આ "હું"પણાના અભિમાનના અંશો, અને "તે" પણાના તન્માત્રાના અંશો એક મહત્‌ના પિંડના આશ્રયમાં રહે છે. ત્યાં સુધી એક દેહપણાનું–એક સંઘાતનું ભાન રહે છે. જેમ વલોવેલા દહીંમાં માંખણ છાશ સાથે



એક આશ્રયવાળું રહે, તેમ સંઘાતનું–કાર્યકરણનું એક અભિમાન રહે છે. જે તન્માત્રાના અંશો એક દેહ આશ્રયથી પૃથક્ પડી સમષ્ટિના દેહના આશ્રયમાં જાય છે તે તદ્દન જડ શબ્દાદિ વિષયો અને પંચભૂતના વિકારો ગણાય. જેમ ઉપયોગ પુરતી છાશમાં માંખણ રાખી બાકીની છાશ અન્યના ઉપયોગમાં આપીએ અને તે કેવળ છાશ કહેવાય તેમ દેહથી પૃથક્ પડેલા તન્માત્રાના અંશો પદાર્થો કહેવાય છે. જો કે ઉત્પત્તિક્રમમાં તે દૃશ્યપદાર્થોનાં તત્ત્વોનો આપણી સાથે સગાઇ સંબંધ અસ્મિતાદ્વારથી હોય છે.

બાહ્ય જગત્‌નાં શબ્દાદિ તન્માત્રાઓ અને તેના સ્થૂલ વિકારરૂપ પૃથિવ્યાદિ મહાભૂતો અને તેનાં કાર્યો ઘટાદિ–એ સર્વ મહત્‌ના અંડમાંથી ઉત્પન્ન થાય છે.–એ વિજ્ઞાનભિક્ષુની સૃષ્ટિપ્રક્રિયાનો સ્વીકાર કરવા વડે ચિત્તસત્વ ( બુદ્ધિ અથવા મહત્ ) યોગદ્વારા ભૂતવિકારોના સામાન્ય અને વિશેષોને પ્રત્યક્ષ કરી શકે. કારણકે તેનો બુદ્ધિસાથે સગોત્ર સંબંધ છે. જો કેવલ અહંકાર અથવા અસ્મિતાના જ પરિણામરૂપે તન્માત્રાઓ હોય તો તેના સામાન્ય અને વિશેષોનું યોગજન્ય પ્રત્યક્ષ માત્ર અહંકારની ભૂમિકામાં જ આવી અટકે, અને તે અહં મર્યાદિત હોવાથી અમર્યાદિત વિશ્વના પદાર્થોનું યોગજધર્મજન્ય પ્રત્યક્ષ સામાન્ય પ્રત્યક્ષ કરતાં કદી અઢીઆતું હોઈ શકે નહિ. વિજ્ઞાનભિક્ષુ પતંજલિના યોગસૂત્ર અને વ્યાસભાષ્યના આધારે જણાવે છે કે મનુષ્યનું ચિત્તસત્ત્વ મહત્તત્ત્વરૂપ હોવાથી સ્વયં અમર્યાદિત શક્તિવાળું છે, અને તે અહંકાર દ્રવ્યના ખંડવડે ખંડિત અંડ જેવું છે, પરંતુ બ્રહ્માંડના અંડકટાહસાથે તે અભિમાનિના પિંડાંડનો સંબંધ છે. સામાન્ય નિયમથી તો તે પિંડાંડમાં જ વિહાર કરી શકે છે, અને તેની સઘળી જ્ઞાન અને ક્રિયાશક્તિઓ ક્લેશ, કર્મ અને વિપાકને લીધે નિયંત્રિત થઇ મર્યાદિત થયેલી હોય છે. પરંતુ તેનો હિરણ્યગર્ભ અથવા સૂત્રાત્મા અથવા મહત્તત્ત્વના અભિમાની સાથેનો સંબંધ નિઃશેષ ત્રુટેલો હોતો નથી. આપણા દેહમર્યાદાની બહાર રહેલા વિશ્વના ભૌતિક પદાર્થોનાં પાંચરૂપો હોય છેઃ–( ૧ ) સ્થૂલરૂપ ( ૨ ) સ્વરૂપ, ( ૩ ) સૂક્ષ્મરૂપ, ( ૪ ) અન્વયી રૂપ, અને ( ૫ ) પુરુષના અર્થભૂત ત્રિગુણાત્મકરૂપ, ઉદાહરણ તરીકે એક સામાન્ય

દેખાતો ઘટ વિશ્વનો એક **સ્થૂલરૂપવાળો** પ્રથમ ભૂમિકાનો પદાર્થ છે. તે સ્થૂલ પદાર્થનું પૃથિવીદ્રવ્ય એ **સ્વરૂપ** છે અને તેથી તેમાં ગંધપ્રધાન અને બીજા ચાર ગુણો ગૌણ રહેલા છે. તે પૃથિવીનો ખંડ જે ગંધતન્માત્રામાંથી પ્રકટ થયો છે તેમાં આશ્રિત છે. તે ગંધતન્માત્રાનું દ્રવ્ય પૃથિવીખંડનું અંતર્ગત રૂપ છે. અને તેથી મૂલ ઘટનું તે **સૂક્ષ્મરૂપ** છે. તે તન્માત્રાના ભીતર પ્રદેશમાં રહેલું દ્રવ્ય તે ત્રિગુણાત્મક દ્યોતન, ક્રિયા અને સ્થિતિને કાલકર્મવડે પ્રકટ કરનારૂં હોય છે અને તેનું નામ **અન્વયી** દ્રવ્ય કહે છે અને તે ઘટનું ચોથુંરૂપ છે. આ ચોથારૂપથી પણ પર પાંચમુ રૂપ તે ઘટના દ્રવ્યનું હોય છે અને તે અમુક પુરુષને અમુક પ્રકારનો ભોગ ઉત્પન્ન કરે તેવી યોગ્યતાના સંસ્કારવાળું હોય છે, આવી યોગ્યતાવાળા દ્રવ્યને **અર્થતત્વ** કહે છે. વિશ્વનો ઘટરૂપ પદાર્થ કોઇપણ પુરુષના અનુભવનો અને ભોગ સાક્ષાત્કારના વિષયરૂપ હોય છે, તે અર્થક્રિયા કરવાના સામર્થ્યવિનાનું પદાર્થનું સત્ત્વ સ્વીકારાતું નથી. કોઇપણ અનુભવ કરનારના સંબંધવિનાનું પદાર્થનું સત્વ સાંખ્યશાસ્ત્રમાં સ્વીકાર્યું જ નથી. આ જગત્ પુરૂષના અત્યંતાભાવવાળું હોય એ સંભવતું જ નથી કારણ કે કોઇના પણ ભોગ્ય અથવા દૃશ્યપણામાં જે ન આવે તેનું સત્વ શી રીતે સાબીત થાય? સારાંશ અનુભવ કરનારના અસ્તિત્વ ઉપર જ પદાર્થના સત્વનું અવલંબન છે અને તેથી સત્વનો અર્થ, અર્થક્રિયાકારિત્વ એટલે કે કોઈના પણ ભોગના સાધનરૂપ હોવાપણું એવું, માનવામાં આવે છે.

આ પ્રમાણે એક સામાન્ય ઘટ સ્થૂલ આકૃતિવાળો, મૃત્તિકાના સ્વરૂપવાળો, ગંધતન્માત્રામાં રમતો, સ્થિતિ આદિ ધર્મને જણાવતો અને અમુક પુરુષને દૃશ્ય થઇ તેની અર્થક્રિયાને સાધતો પ્રકૃતિપ્રદેશમાં હોય છે. પુરુષને આ ઘટ જેવો પદાર્થ જ્ઞાતાજ્ઞાત દશામાં હોય છે, જ્યારે બુદ્ધિવૃત્તિથી વેષ્ટિત થાય ત્યારે જ્ઞાત થાય; બુદ્ધિના વેષ્ટનથી દૂર થાય ત્યારે અજ્ઞાત થાય; એક અંશમાં જ્ઞાત હોય અને બીજા ઘણા અંશોમાં અજ્ઞાત હોવાથી તે જ્ઞાતાજ્ઞાત ગણાય છે. લૌકિક પ્રત્યક્ષ વડે આપણે ઘટનું સ્થૂલરૂપ, તેનું સ્વરૂપ, અને બહુ થાય તો સૂક્ષ્મરૂપ જાણી શકીએ છીએ. પરંતુ તેની



ત્રિગુણના તારતમ્યવાળી ચોથી અવસ્થા, અને કયા કયા પુરૂષના ભોગસંબંધવાળી તેની યોગ્યતા છે તેનું ભાન લૌકિક ઇન્દ્રિયપ્રત્યક્ષથી કે શાસ્ત્રીય મનોમય પ્રત્યક્ષથી થઇ શકતું જ નથી, અને તેનું સાધન તે તે વિષયોનો સંપ્રજ્ઞાતયોગ જ છે. તે સંપ્રજ્ઞાતયોગ–ધારણા ધ્યાન અને સમાધિનો એક વિષયક પ્રયોગ જેનું પારિભાષિક નામ સંયમ છે–તે તે પદાર્થનાં ગુણોનો અન્વય અને અર્થવત્વ કેવા પ્રકારનો છે તેનું સત્યજ્ઞાન પ્રકટ કરે છે. આથી તન્માત્રાઓ એકલા અહંકારમાંથી જ પ્રકટ થતી નથી. પરંતુ મૂલ મહત્‌માં તે ભૂતાદિનો વિચ્છેદ આવરણ દ્રવમાં થયેલો તરવરતો હોય છે, અને તે વસ્તુ સ્થિતિને લીધે જ યોગજ ધર્મ ભૂતાદિના વિકારોનો પુરુષના ભોગના સંસ્કાર પર્યંત સાક્ષાત્કાર કરાવી શકે છે.

## (૯) યોગનું પ્રાચીનત્વ અને તેનું સર્વમાન્યત્વ–યોગનું વેદત્રયીમાં તથા બૌદ્ધ તથા જૈનદર્શનમાં સ્થાન.

તત્ત્વદર્શનના ઉપાય તરીકે યોગને વેદકાલથી પ્રતિષ્ઠા મળી છે. જે પ્રમાણવડે વસ્તુનું સત્યસ્વરૂપ સમજાય છે તે પ્રમાણોના નિરૂપણમાં પ્રત્યક્ષ, અનુમાન, અને આગમ એ ત્રણેને શિવના ત્રિનેત્રની ઉપમા આપવામાં આવે છે. તેમાં પ્રત્યક્ષ–લૌકિક અને અલૌકિક અથવા લોકોત્તર એમ બે પ્રકારનું છે. લૌકિક પ્રત્યક્ષ આપણી પંચજ્ઞાનેન્દ્રિયો અને મનવડે થાય છે, ત્યારે અલૌકિક પ્રત્યક્ષના સાધન તરીકે પ્રાચીનો યોગને માને છે; અને તે યોગજ ધર્મવડે સંસ્કૃત થયેલું મન અથવા બુદ્ધિ પદાર્થોના ઘણા વિશેષોને પ્રકટ કરે છે. **युज्** ધાતુ જેમાંથી યોગ શબ્દની નિષ્પત્તિ થઈ છે તેનો પાણિનિના સમયથી બે પ્રકારનો અર્થ સિદ્ધ થયો છે (૨) **युजियोगे** એટલે કે "સંબંધ" ના અર્થમાં અને **युक् समाधौ** એટલે કે એકાગ્રતા અથવા નિરોધના અર્થમાં. આરણ્યક અને ઉપનિષદોમાં તો સવિસ્તર યોગવિધિ આવે છે, અને અથર્વવેદનાં નિદાન અગીઆર ઉપનિષદો તો યોગપ્રધાન છે.

બ્રાહ્મણધર્મના પ્રાચીન ગ્રંથોમાં યોગનું વિધાન છે એટલું જ નહિ, પરંતુ બૌદ્ધદર્શન અને જૈન દર્શનમાં યોગપદ્ધતિનો સ્વીકાર છે. બૌદ્ધધર્મ-

ના પ્રાચીન સતીપત્થાન (સત્ય પ્રસ્થાન) સૂત્રમાં યોગની પ્રક્રિયા છે. મહાત્મા ગૌતમબુદ્ધની "બોધિ" યોગનું જ ફલ છે, અને તેમનો સઘળો આચારધર્મ યોગને અવલંબી ઘડાયો છે, જૈનોના પ્રાચીન વિચારકોએ યમ નિયમાદિ સાધનોઉપર ઘણો ભાર મૂક્યો છે, અને હેમચંદ્રાચાર્યે તો જૈન-દર્શનને અનુસરતું સ્વતંત્ર યોગશાસ્ત્ર પણ રચ્યું છે.*

બ્રાહ્મણોના પૌરાણિક અને તંત્ર ધર્મમાં પણ યોગનો સ્વીકાર છે. નૈયાયિકો અને કણાદ મતના અનુસરનારાઓ પણ પાશુપત યોગનો સ્વીકાર કરે છે. સારાંશ બ્રાહ્મણોનાં શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ, પુરાણો, આગમો અને તંત્રોમાં યોગનો સ્વીકાર છે, એટલું જ નહિ પણ બૌધ્ધોની સર્વ શાખાઓમાં અને જૈન મતના સર્વ વિભાગોમાં યોગને ઇષ્ટ માન્યો છે. વિષયનો અથવા દેવતાનો ભેદ ગમે તેટલો હોય તો પણ યોગપધ્ધતિનો સ્વીકાર સર્વને છે.

### (૧૦) યોગનું મૂલશાસન કરનાર દ્વૈતાનુસારી હિરણ્યગર્ભ અને અદ્વૈતાનુસારી મહેશ્વર—અનુશાસન કરનાર દ્વૈતાનુસારી પતંજલિ અને અદ્વૈતાનુસારી યાજ્ઞવલ્કય.

યોગ એ અલૌકિક અનુભવનો ઉપાય છે તે સર્વસંમત છે તો પણ તે શી રીતે તેવો અનુભવ ઉત્પન્ન કરી શકે છે, તે બાબત તાત્ત્વિકચિંતન શાસ્ત્રીય પદ્ધતિથી કરવાનું માન ભગવાન્ પતંજલિને છે.

પતંજલિ પોતાના યોગસૂત્રને અનુશાસન એવું નામ આપે છે તેથી તેઓ આ શાસ્ત્રના નવીન કર્તા ન હતા પણ વ્યવસ્થાપક અથવા ઉદ્ધારક હતા એમાં સંશય નથી. પતંજલિ પૂર્વે યોગનું શાસન કોણે કરેલું તે બાબત

* આ લેખ લખાયા પછી જૈન ધર્મમાં યોગશાસ્ત્રનું સાહિત્ય કેટલું વિપુલ છે તે સંબંધમાં મારા જોવામાં શ્રીયુત્ પંડિત સુખલાલજીનો "યોગદર્શન" એ નામવાળો નિબંધ આવ્યો છે. તે પંડિતજીએ ગુજરાતી અભ્યાસીને ઘણા અગમ્ય ભાગો યોગના સાહિત્યમાં પ્રકાશિત કર્યા છે. (જુઓ જૈન સાહિત્ય સંશોધક ખંડ ૨. અંક ૧.)



શોધ કરતાં જણાય છે કે જેવી રીતે કપિલમુનિને સાંખ્યદર્શનના આદ્યદ્રષ્ટા માનવામાં આવે છે, તેવી રીતે હિરણ્યગર્ભને (આદ્ય જગત્‌સ્રષ્ટા પુરુષને) યોગના આદ્યદ્રષ્ટા માનવામાં આવે છે. યાજ્ઞવલ્કયમુનિ કહે છે કેઃ—

**हिरण्यगर्भो योगस्य वक्तानान्यः पुरातनः ॥**

આ હિરણ્યગર્ભ અને કપિલનો અભેદ વસ્તુરૂપે છે. એવું પ્રતિપાદન કપિલ મહર્ષિના પ્રકરણમાં આપણે કર્યું છે. વળી હિરણ્યગર્ભ તે બ્રહ્માંડના અધ્યક્ષ આદિત્ય અથવા વિવસ્વાન્ અને તેમણે મન્વાદિ પ્રજાપતિને રાજયોગ બતાવ્યો એવા સંપ્રદાયનું વર્ણન આપણે ભગવદ્‌ગીતામાં જોઇએ છીએ, આ યોગ જ્યારે જ્યારે લોપ થાય ત્યારે ત્યારે આદિ પુરુષદ્વારા કોઇ દૈવી વ્યક્તિ તે પ્રાપ્ત કરી તેનો સમુદ્ધાર કરે છે, તેવો શાસ્ત્રીય સમુદ્ધાર વેદના અદ્વૈતમતને અનુસરતો યોગીશ્વર યાજ્ઞવલ્કયે કર્યો જણાય છે. અને સાંખ્યના દ્વૈતમતને અનુસરતો ભગવાન્ પતંજલિએ કર્યો જણાય છે.

વળી કવિ ભાસનાં નાટકો ઉપલબ્ધ થયાં છે તેમાંના એક નાટકનાં પાત્રના અવતરણ ઉપરથી સમજાય છે કે હાલના પ્રસિદ્ધ પાતંજલ યોગ શાસ્ત્ર કરતાં જૂદો માહેશ્વરયોગશાસ્ત્ર નામનો ગ્રંથ હતો. આ મૂલ માહેશ્વર-યોગશાસ્ત્ર અથવા પાશુપતયોગતંત્રમાં આઠ કાંડ હતાં એમ **અહિર્બુધ્ન્ય સંહિતાના** બારમા અધ્યાયમાંથી જણાય છે. તેમાં અનુક્રમે આઠ વિષયો ચર્ચાયેલા હતાઃ—

(૧) પતિકાંડ, (૨) પશુકાંડ (૩) પાશકાંડ, (૪) શુદ્ધચર્યાકાંડ (૬) મિશ્રચર્યાકાંડ. (૬) દેવકાંડ, (૭) દીક્ષાકાંડ. (૮) સાયુજ્ય-કાંડ. આ યોગશાસ્ત્ર દુર્ભાગ્યે ઉપલબ્ધ નથી. પરંતુ કાશ્મીરકોના ત્રિકદર્શન એટલે જીવ, જગત્ અને ઈશ્વરના અંતર્ગત અભેદ ઉપર રચાએલા પ્રત્યભિજ્ઞાશાસ્ત્રનો આધાર શિવસૂત્રઉપર છે. આ શિવસૂત્રો તે માહેશ્વરસૂત્રો હશે કે કેમ એ નિર્ણય કરવો કઠિન છે. પરંતુ એટલું તો ચોક્કસ છે કે યોગની એક પ્રણાલિકા હિરણ્યગર્ભના મતને અનુસરતી એટલે સાંખ્ય દ્વૈતમતને અનુસરતી હતી. અને બીજી પ્રણાલિકા શ્રુતિના એટલે નિગમના અને તંત્ર

એટલે આગમના અદ્વૈતમત ઉપર ઘડાયેલી માહેશ્વર સંપ્રદાયની હતી. માહેશ્વરોના માર્ગમાંથી પાશુપત દર્શનની શાખા કંઇક દ્વૈત છાયાવાળી નિકળી, તેમણે પાશુપતયોગનું વિધાન કર્યું છે. માહેશ્વર યોગ સંપ્રદાય સાંખ્યદ્વૈત પહેલાનો છે. કારણ કે સાંખ્યશાસ્ત્ર ઉપર ઘડાયેલા પતંજલિના યોગસૂત્રના પ્રથમ પાદમાં–**ईश्वर प्रणिधानाद्वा** થી આરંભી **तत्प्रतिषेधार्थमेकतत्वाभ्यासः**–૨૩થી ૩૨ નું સૂત્રદશકનું એક સ્વતંત્ર પ્રકરણ પ્રવિષ્ટ થયેલું જણાય છે. વળી ૩૩ મા સૂત્રમાં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા નામની ચાર ભાવના સુખી દુઃખી પુણ્યવાન્ અને અપુણ્યવાન્ પ્રાણીના સંબંધમાં કરવાથી પણ ચિત્તની સ્થિતિ બંધાય છે, તેમાં બુદ્ધના અભિધર્મના ભાવના યોગને સ્થાન આપ્યું જણાય છે. વળી ૩૪મા સૂત્રમાં પ્રાણના રેચક પૂરક અને અને કુંભક પ્રયોગવડે પણ ચિત્તની સ્થિાત બંધાય છે. તેમાં યોગના હઠમાર્ગને સ્થાન આપ્યું છે. વળી ૩૫–૩૬ મા સૂત્રમાં નાસિકાના અગ્રમાં, જિવ્હાના અગ્રમાં, તાલુમાં, જિવ્હા મધ્યમાં અને જીવ્હા મૂલમાં ધારણા સિદ્ધ કરવાથી અનુક્રમે દિવ્યગંધ, દિવ્યરસ, દિવ્યરૂપ, દિવ્ય સ્પર્શ, અને દિવ્ય શબ્દનું ભાન થઈ શકે છે, અને તેવડે ચિત્તની સ્થિતિ બંધાય છે, તથા હૃદયકમલઆગળ મનની તથા અભિમાનીની ધારણા સિદ્ધ કરવાથી "વિશોકા જ્યોતિષ્મતી" શોકરહિત શાન્ત મનનું તથા શુદ્ધ અહંપણાનું ભાન થાય છે–એમ જણાવી સાંખ્યના સૂક્ષ્મ તત્ત્વોને ધ્યાનના વિષયરૂપે સ્વીકાર્યાં છે; તથા ૩૭ માં સૂત્રમાં વીતરાગ પુરુષના ધ્યાનવડે પણ ચિત્તની સ્થિતિ બંધાય છે એ સૂત્રવડે બુદ્ધ, અર્હત્ વિગેરે પરમતના સિદ્ધ પુરૂષોને પણ યોગના વિષયરૂપે સ્વીકાર્યાં છે; અને ૩૮ મા સૂત્રમાં સ્વપ્નજ્ઞાનને અને નિદ્રાજ્ઞાનને આલંબનરૂપે લઇ ધારણા કરવાથી પણ ચિત્તની સ્થિતિ બંધાય છે એમ કહી અવ્યકત અથવા અવ્યાકૃતને પણ યોગના વિષયરૂપ ગણાવ્યું છે; તથા ૩૯ મા સૂત્રમાં યથાભિમત વસ્તુની ધારણાવડે ચિત્તની સ્થિતિ થાય છે એમ કહી ગમે તે દેશ, કાલ અને વસ્તુને યોગના વિષયરૂપે વર્ણવ્યા છે; અને છેવટે ૪૦ મા સૂત્રમાં તે યોગવડે ચિત્તની અપ્રકંપસ્થિતિ જો ઘડાય તો નાનામાં નાના પરમાણુ અને મોટામાં મોટા સૂર્યાદિ પ્રદાર્થોમાં તેને મોહ રહેતો નથી અને પરમ વશીકાર નામનો



વૈરાગ્ય સિદ્ધ થાય છે–આ પ્રકારના ધારાબંધ પ્રતિપાદનથી પતંજલિએ પોતાના યોગદર્શનને સર્વદેશ, સર્વકાલ, અને સર્વનિમિત્તોમાં અવ્યભિચારી શાસ્ત્રરૂપે જણાવ્યું છે.

## (૧૧) યોગસૂત્રકાર પતંજલિ તેજ વ્યાકરણ મહાભાષ્યકાર કે અન્ય વ્યક્તિ ?

આ યોગ સૂત્રકાર પતંજલિ, વ્યાકરણભાષ્યકાર પતંજલિ અને આયુર્વેદના ચરકસંહિતાના સંસ્કાર આપનાર પતંજલિ– એ ત્રણ એકજ વ્યકિત હતી કે ભિન્ન વ્યકિતઓ એ વિવાદનો વિષય છે.

આપણા દેશના સંસ્કૃત પંડિતોનું મંતવ્ય સંપ્રદાયાનુસાર એવું છે કે તે ત્રણે શાસ્ત્રના પ્રણેતા એકજ પતંજલિ હતા. અગીઆરમા સૈકામાં થયેલા ધારાનગરીના ભોજરાજ અને ચરક સંહિતાના ટીકાકાર ચક્રપાણિદત્ત પાછલા સંપ્રદાયને અનુસાર એવું જણાવે છે કે એકજ પતંજલિએ શરીર, મન અને વાણીની નિર્મલતા પ્રજામાં સિદ્ધ કરાવવા આયુર્વેદ, યોગસૂત્ર અને વ્યાકરણ મહાભાષ્ય રચ્યાં હતાં. રામભદ્રદીક્ષિત જેઓ અરાઢમા સૈકામાં થયા તે પાતંજલ ચરિતમાં વ્યાકરણ મહાભાષ્યકાર અને યોગસૂત્રકાર પતંજલિ એકજ હતા એમ વર્ણવે છે.

યોગ સૂત્રકાર પતંજલિ સંબંધમાં "વેબર" નું મંતવ્ય એવું છે કે શતપથ બ્રાહ્મણનાં બૃહદારણ્યકના યાજ્ઞવલ્કયકાંડમાં મદ્રદેશ (રબી અને ચીનાબ નદીનો વચલો મુલક જેની રાજધાની સાકલ હતી) ના "પાતંજલ કાપ્ય" નો ઉલ્લેખ છે તે જ આ પતંજલિ કપિલ મતાનુસારી યોગ સૂત્રકાર છે, કાત્યાયન વાર્તિકકાર પતંજલિ શબ્દની વ્યુત્પત્તિ કરતાં જણાવે છે કે જેને અર્ધ્યની અંજલિઓ અપાય છે તે પતંજલિ (**पतत्यंजलयः यस्मै सः पतंजलिः**–આ સર્વ વિચારોમાં નામસાદશ્ય શિવાય બીજું કંઈ પણ પ્રામાણ્ય નથી.

પરંતુ યોગસૂત્રકાર સાંખ્યના અનુયાયી છતાં શબ્દને સ્ફોટાત્મક માને છે અને તે અંશમાં વ્યાકરણ શાસ્ત્રના મહાભાષ્યકારના મત સાથે એકમત ધરાવ છે.

વળી ઉપલબ્ધ યોગસૂત્રના કર્તા પતંજલિના ગ્રંથનો આરંભ **अथयोगानुशासनम्**—એ સૂત્રથી થાય છે અને તે **अथ शब्दानुशासनम्**—એ વ્યાકરણ મહાભાષ્યના આરંભ સાથે મળતું આવે છે.

આ વગેરે કારણોથી યોગસૂત્રકાર અને વ્યાકરણભાષ્યકાર પતંજલિ એકજ વ્યક્તિ હતી એમ માનવામાં બલવાન્ વિરોધી કારણો જ્યાંસુધી ન મળે ત્યાંસુધી સાંપ્રદાયિક મંતવ્ય સ્વીકારવામાં વાંધો નથી.

વ્યાકરણ મહાભાષ્યકાર પતંજલિ શુંગવંશના પુષ્યમિત્રના રાજ્ય સમયમાં ઇ. સ. પૂ. ૧૫૦ માં થયા જણાય છે.

## (૧૨) લોપ પામેલું યોગનું સાહિત્ય વાર્ષગણ્ય યોગશાસ્ત્ર. વ્યુત્પાદયિતા.

વળી આલ્બારૂની "પ્રાતાએ પાતંજલ" એ નામના ગ્રંથનો ઉલ્લેખ કરે છે; અને તેની મતલબ ઉપરથી સમજાય છે કે યોગસૂત્ર કરતાં તે ગ્રંથ કોઇ જૂદા પ્રકારનો હતો. તેમાં રસાયનાદિનો ઉલ્લેખ આવે છે. શ્રીશંકરાચાર્ય પોતાના બ્રહ્મસૂત્રભાષ્યમાં યોગદર્શનના ખંડનના સૂત્રભાષ્યમાં—**योगशास्त्रेऽपि "अथ तत्वदर्शन-अभ्युपायो योग" इति सम्यग्दर्शनाभ्युपायत्येन योगांऽगीक्रियते** ॥—"યોગશાસ્ત્રમાં પણ હવે તત્ત્વદર્શનને મેળવવાનો ઉપાય તે યોગ છે. એ સૂત્રવડે સમ્યગ્દર્શનના ઉપાય તરીકે યોગનો સ્વીકાર કર્યો છે એ પ્રકારનું લખે છે." તેમાં અવતરણમાં લીધેલું સૂત્ર ઉપલબ્ધ યોગસૂત્રમાં નથી. પ્રસિદ્ધ યોગસૂત્ર **अथ योगानुशासनम्**-એવી રીતે આરંભ પામે છે, જ્યારે શંકરાચાર્યના સમયમાં સ્વીકારાયેલા યોગશાસ્ત્રનો આરંભ **अथ तत्त्वदर्शनाभ्युपायो योगः**—એ સૂત્રથી થતો હતો તે નિર્વિવાદ છે. ભામતીકાર વાચસ્પતિમિશ્ર બ્રહ્મસૂત્રના ઉપરના અવતરણ ઉપર પ્રત્યક્ષ પ્રકાશ નાંખતા નથી, પરંતુ સમાન વિચાર દર્શાવવા કહે છે કેઃ—



**"अतएव योगशास्त्रं व्युत्पादयिताह स्म भगवान् वार्षगण्यः—गुणानां परमं रूपं न दृष्टिपथमृच्छति. यत्तुदृष्टिपथप्राप्तं तन्मायैवसुतुच्छकम्**

એ પ્રકારે યોગશાસ્ત્રના વ્યુત્પાદક તરીકે વાર્ષગણ્યનું× નામ આપે છે; અને આ જ અવતરણ યોગસૂત્ર ૪. ૧૩-ઉપરના વ્યાસભાષ્યમાં આવે છે તે ઉપરની તે જ વાચસ્પતિમિશ્રની ટીકા ઉપરથી જણાય છે કે આ અવતરણ ષષ્ઠીતંત્રશાસ્ત્રનું છે એટલે કે વાચસ્પતિમિશ્રના અભિપ્રાય પ્રમાણે ષષ્ઠીતંત્રના કર્તા વાર્ષગણ્ય હતા, અને તે તંત્ર કેવલ સાંખ્યનું ન હતું, પરંતુ સાંખ્ય-યોગનું હતું; અને તે વાર્ષગણ્યનું તંત્ર અથવા શાસ્ત્ર યોગ-પ્રધાન અનુશાસન હતું. કદાચ આ વાર્ષગણ્યનું ષષ્ઠીતંત્ર અનુશાસન તે જ યોગશાસ્ત્ર તરીકે શંકરાચાર્યને અભિપ્રેત છે કે બીજું તે જ્યાં સુધી શંકરભાષ્યનું **अथ तत्वदर्शनाभ्युयायो योगः** એ અવતરણનું મૂલ શોધી શકાય નહિ ત્યાં સુધી નિર્ણય થઈ શકે નહિ. પરંતુ એટલું તો ચોક્કસ છે કે હાલના ઉપલબ્ધ યોગસૂત્રથી ભિન્ન યોગશાસ્ત્ર હતું, પછી તે મહેશ્વરનું કે વાર્ષગણ્યનું કે પતંજલિનું તેનો નિર્ણય વિશેષ શોધ ઉપર મુલતવી રાખવો યોગ્ય છે.

---

× હેમકોશ અને સંયમિનામમાલામાં વ્યાડિ અને વિંધ્યવાસી-એ એ એકજ વ્યક્તિનાં વિશેષ નામો આપ્યાં છે. વ્યાડિ ભગવાન્ વર્ષના શિષ્યા હતા, અને તે પાણિનિ સૂત્રના ઉપરના સંગ્રહના કર્તા હતા. તેઓ વર્ષના શિષ્ય હોવાથી **वार्षगण्य** સંજ્ઞાવાળા વ્યવહરાય છે. આથી વ્યાકરણ શાસ્ત્રના ટીકાકાર વ્યાડિ વિંધ્યાચલમાં રહેનાર હોવાથી વિંધ્યવાસી અને વર્ષના શિષ્ય હોવાથી વાર્ષગણ્ય મૂલ ષષ્ઠીતંત્ર જે સેશ્વર સાંખ્ય ગ્રંથ હશે તેના વ્યુત્પાદયિતા હતા. અને તે પતંજલિના પૂર્વગામી અને નંદવંશના સમયમાં હતા એ અનુમાન હાલ સ્વીકારવા યોગ્ય જણાય છે.

પતંજલિના યોગના અનુશાસન પૂર્વેનું હિરણ્યગર્ભનું યોગશાસન **અહિર્બુધ્ન્ય સંહિતા**ના બારમા અધ્યાય પ્રમાણે બે વિભાગ અથવા સંહિતામાં પડતું હતું. તે સંહિતાઃ—(૧) નિરોધ યોગ સંહિતા, (૨) ક્રિયા-યોગ સંહિતા, એવા નામવાળી હતી. તેમાં નીચે પ્રમાણે વિષયો ચર્ચેલા હતા.

| નિરોધયોગ, (૧૨) | કર્મયોગ. (૪) |
|---|---|
| ૧ અંગ તંત્ર | ૧ બાહ્ય કર્મનું અનુષ્ઠાન |
| ૨ દ્વીપ તંત્ર | ૨ આંતર કર્મનું અનુષ્ઠાન |
| ૩ ઉપસર્ગ તંત્ર | ૩ બાહ્ય ક્રિયાયોગ |
| ૪ અધિષ્ઠાનતંત્ર | ૪ આંતર ક્રિયા યોગ |
| ૫ આધાર તંત્ર | **નોટ.** તપ, સ્વાધ્યાય અને ઇશ્વિર પ્રણિધાન. એ ત્રણ ક્રિયાયોગનાં અંગો પતંજલિ કહે છે. આનું મૂલ આ સંહિતામાં હશે એવું અનુમાન થાય છે. |
| ૬ બહિસ્તત્વ તંત્ર | |
| ૭ રિક્તયોગતંત્ર | |
| ૮ પૂર્ણયોગ તંત્ર | |
| ૯-૧૦-૧૧ ત્રણ સિદ્ધિતંત્ર ( કાય, વાણી અને મનને લગતી સિદ્ધિઓ હશે ) | |
| ૧૨ મોક્ષ તંત્ર | |

એકંદર સોળ અધ્યાયમાં સોળ વિષયોનું નિરૂપણ તેમાં હતું. આ મૂલ યોગશાસ્ત્રનો લોપ થયો જણાય છે.

### (૧૩) બ્રહ્મવાદી યોગિઓ

સાંખ્ય સિદ્ધાન્ત ઉપર યોગનો કલમી આંબો પ્રથમ કોણે ઉગાડયો? પતંજલિના પૂર્વે પણ સાંખ્ય પ્રક્રિયામાં યોગતત્વ ગુંથનારા મુનિયો થઇ ગયા હતા, એમ મહાભારત ઉપરથી સમન્વય છે. તે યોગિજનોની પરંપરા નીચે મુજબ જણાય છે.



૧ જૈગીષવ્ય, ૨ અસિત,* દેવલ, ૩ પરાશર. ૪ વાર્ષગણ્ય, ૫ ભૃગુ, ૬ શુક્ર, ૭ ગૌતમ, ૮ આર્ષ્ટિસેન, ૯ ગર્ગ, ૧૦ નારદ,× ૧૧ પુલસ્ત્ય, ૧૨ સનત્કુમાર, ૧૩, શુક્ર, અને ૧૪ કાશ્યપ. આ સર્વ મુનિયોના વિચારો જે ઈતિહાસ, પુરાણોમાં મળે છે તે બધા સેશ્વર સાંખ્યના જણાય છે, અને કેટલાક તો બ્રહ્મવાદ તરફ વધારે ઢળતા છે.

## પ્રકરણ ૩ જું.

## બૌદ્ધદર્શન.

निंदसि यज्ञविधे-रहह श्रुतिजातं
सयहृदय दर्शितपशुघातम् ।
केशवधृतबुद्धशरीर जय जगदीश हरे ॥
( गीतगोविंद ).

### (૧) તત્ત્વજ્ઞાનનાં પ્રસ્થાનો.

શ્રૌતકાલના વાઙ્મયમાંથી આપણે ત્રણ વિચાર શ્રેણીઓ પ્રકટ થયેલી જોઇ શકીએ છીએ. (૧) અધિભૂત, (૨) અધિદેવ (૩) અધ્યાત્મ. આ વિચારની શ્રેણીઓ પૈકી કેટલીક વેદાર્થને પ્રમાણભૂત માની પ્રવૃત્ત થઇ વૃદ્ધિને પામે છે, અને કેટલીક વેદાર્થને બાજુ ઉપર મૂકી પ્રવાહમાં પડે છે.

અપૌરુષેય વેદના પ્રામાણ્યના અસ્તિત્વનો સ્વીકાર કરનારી શ્રેણીઓને આસ્તિક,—અને તેવા પ્રામાણ્યના સ્વીકાર વિનાની શ્રેણીઓને નાસ્તિક કહે છે. તત્ત્વજ્ઞાનનું જે વિશિષ્ટરૂપ ઘડાય છે તેને **દર્શન** કહે છે, જેવી

---

* અસિત દેવલ ભગવાન્ ગૌતમબુદ્ધના જન્મ સમયે વૃદ્ધ હતા.

× નારદનો " હરિભક્તિ સુધોદય " યોગગ્રંથ છે અને તેનો ઉલ્લેખ વિજ્ઞાનભિક્ષુએ યોગસારમાં કર્યો છે.

રીતે લૌકિક પ્રત્યક્ષ બાહ્યવ્યવહારવાળા જગત્‌નું ભાન કરાવે છે, તેવી રીતે તત્વચિંતન એક અલૌકિક પ્રત્યક્ષરૂપે આંતર અને બહિર્ વિશ્વના સત્ય-સ્વરૂપનું ભાન કરાવે છે, તેથી તેવી વિચાર-પદ્ધતિને દર્શન એવી સંજ્ઞા આપવામાં આવી છે.

પાશ્ચાત્ય તત્વવિદ્યા અને ભારતવર્ષની તત્વવિદ્યાના પ્રસ્થાનનાં મૂલમાં અને પ્રયોજનમાં ભેદ છે. પાશ્ચાત્ય તત્વવિદ્યા કેવલ પ્રત્યક્ષાદિ પ્રમાણ સામગ્રી ઉપર રચાયેલા વિજ્ઞાનની પરમવ્યવસ્થા કયા પાયા ઉપર રચાયેલી છે તેની શોધ કરે છે, એટલે જગત્‌નું મૂલ સ્વરૂપ કેવું છે તેનો ( Ontology ) અને તેના ભાનનો અથવા અનુભવની રચના કેવી રીતે થાય છે તેનો ( Epistemology ) નિર્ણય કરવા બુદ્ધિનું મથન કરવામાં આવે છે, અને તે સત્ય નિર્ણયમાંજ કૃતકૃત્યતા માનવામાં આવે છે. ભારતવર્ષની તત્ત્વવિદ્યા જોકે સૃષ્ટિ-રહસ્ય અને જ્ઞાનવિકાસના મર્મનું પ્રતિપાદન કરે છે તોપણ તે આપ્તવાક્યને પરતંત્ર રહીને કરે છે. પછી તે આપ્તવાક્ય અપૌરુષેય વેદરૂપ હોય કે પૌરુષેય બૌદ્ધાદિના વચન રૂપ હોય. આપ્તવાક્યને અનુસાર ચિંતન, શ્રુતિને અનુસરતો તર્ક કરવો એ ભારતવર્ષની તત્ત્વવિ-વિદ્યાની સિદ્ધ પ્રણાલિકા છે. વળી તે તત્ત્વનિર્ણય શુષ્ક તર્કના પરિણામ રૂપે નહિ, પરંતુ પુરૂષના અર્થને એટલે ઇષ્ટ પ્રયોજનને સિદ્ધ કરવા સારુ હોય છે. આ પ્રમાણે શ્રુતિ અથવા વચનને અનુસરતા તર્ક કરવા સારૂ, અને કેવલ બુદ્ધિના વિનોદ અર્થે નહિ, પરંતુ પુરૂષના પ્રયોજનને સિદ્ધ કરવા સારૂ ભારતવર્ષની તત્ત્વવિદ્યાની ઇમારત છે. આ કારણથી ભારતવર્ષની તત્ત્વવિદ્યા અપૌરુષેય દર્શનઅનુભવની શ્રુતિઉપર આસ્તિકભાવે રચાયેલી, અથવા પૌરુષેય દર્શનઅનુભવની સ્મૃતિ ઉપર રચાયેલી છે.

તત્ત્વદર્શી મહર્ષિઓને જે અનુભવ પ્રતિભામાં જાગતો તેનો તેઓ શિષ્યસમૂહમાં પ્રવચનવડે પ્રબોધ કરતા, અને આ પ્રત્યક્ષ બેઠકમાં જેજે વિચારો પ્રતિપાદન કરવામાં આવતા તેની પરિષદોમાં અને ઉપનિષદોમાં, મોટી સભામાં અને નાની આપ્ત મંડળીમાં, ન્યાયપદ્ધતિથી કસોટી થતી. આ કસોટીએ ચઢેલા



તત્ત્વવિદ્યાના નિર્ણયો શ્રૌતકાલ પછી, થોડા અક્ષરવાળાં નિઃસંદિગ્ધ ભાવવાળાં સારવાળાં અને ઘણા પ્રદેશ ઉપર પ્રકાશ નાંખવાવાળાં લઘુવાક્યોમાં ગુંથાયા હતા. આવાં વાક્યસમૂહને **સૂત્ર** કહેવામાં આવતું. આ **સૂત્ર**ઉપર સંગ્રાહક શ્લોકરૂપ કારિકાઓ થતી ચાલી; સૂત્ર ઉપર માત્ર શબ્દાર્થનું ભાન કરાવનારી ટીકાઓ અથવા વૃત્તિઓ થતી ચાલી; સૂત્રના સર્વાર્થનું ભાન કરાવનાર તથા સંદેહ, પૂર્વપક્ષ, દૃષ્ટાન્ત, ઉત્તરપક્ષ, સિદ્ધાન્ત વિગેરેનાં સૂત્રાનુસારી પરંતુ સ્વતંત્ર તર્કવડે શોભતાં ભાષ્યો થતાં ચાલ્યાં; અને તે ઉપર વિવરણો ટીકા-ઓની પરંપરાવડે ભારતવર્ષનું તત્ત્વદર્શન ઇસવીસન પૂર્વે ૫૦૦થી તે ઇસ-વીસનના સત્તરમા સૈકા સુધી વિસ્તારને પામ્યું છે. ઉદાહરણ તરીકે ન્યાય-સૂત્રો ગૌતમ અથવા અક્ષપાદનાં રચેલાં; તેનાઉપર વાત્સાયનનું ભાષ્ય, તેનું ખંડન બૌદ્ધ દિઙ્‌નાગે કરવા ઉપરથી તેનું મંડન ઉદ્યોતકારે ભાષ્યવાર્તિકમાં કર્યું; તે ઉપર વાચસ્પતિમિશ્રે ભાષ્યવાર્તિક તાત્પર્યદીપિકા રચી; તેનાઉપર ઉદયનાચાર્યે ન્યાયતાત્પર્યટીકા પરિશુદ્ધિ કરી; તેના ઉપર વર્ધમાનનો ન્યાયનિબંધપ્રકાશ થયો; તે ઉપર પદ્મનાભમિશ્રનો વર્ધમાનેન્દુ થયો; તેના ઉપર ન્યાયતાત્પર્યમંડન શંકરમિશ્રે રચ્યું. આ પ્રમાણે સુત્ર, કારિકા, ભાષ્ય, વાર્તિક, ટીકા, વિવરણોની ધારા પ્રત્યેક દર્શનશાસ્ત્ર ઉપર થઇ છે, અને ગૌતમ બુદ્ધ પછી મહાસમર્થ તત્ત્વજ્ઞાની શંકરાંચાર્યે પણ પોતાની બુદ્ધિનો પ્રભાવ નવા દર્શનના પ્રણેતા તરીકે નહિ જણાવતાં ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર, અને ગીતાસ્મૃતિના ભાષ્યકાર તરીકે જ જણાવ્યો છે.

## (૨) સર્વતંત્ર સિદ્ધાંતો.

તત્ત્વવિદ્યાનાં આસ્તિક પ્રસ્થાનો--ન્યાય[૧]-વૈશેષિક[૨]-સાંખ્ય[૩]-યોગ[૪]-પૂર્વ[૫]-ઉત્તરમીમાંસા[૬], અને નાસ્તિક પ્રસ્થાનો-ચાર્વાક અથવા લોકાયતિક[૧], ચાર બૌદ્ધ[૨-૫] મત અને જૈનદર્શન[૬]-આ સર્વમાં કેટલાક સિદ્ધાન્તો લગભગ સમાન સ્વીકારાયા છે, જોકે તેના પ્રકારમાં-તેની દૃષ્ટિમાં ભેદ ઓળખી શકાય તેમ છે.

આવા સર્વતંત્રમાં સમાન સિદ્ધાન્તો ભારતવર્ષની તત્ત્વવિદ્યામાં નીચે પ્રમાણે તારવી શકાય છેઃ– (૧) કર્મસિદ્ધાન્ત અને જન્માન્તર પરિણામ. (૨) તે જન્મમરણાદિ સંસારચક્રમાં ગુંથાયેલો કોઇ સચેતન શરીરી–પછી તે વેદાંતદર્શનનો આત્મા કહો, સાંખ્ય–યોગનો પુરૂષ કહો, કે ન્યાય–વૈશેષિકનો અથવા જૈનોનો જીવ કહો; કે બૌદ્ધોનો વિજ્ઞાનસ્કંધ–અથવા સંતાની કહો. (૩) તે બદ્ધશરીરીના મોક્ષનો સંભવ; અને (૪) તે મોક્ષનું સાધન સમ્યગ્ દર્શન અથવા તત્ત્વજ્ઞાન.

કેવલ ચાર્વાક અથવા પ્રત્યક્ષ લોક વિના અન્ય કંઇજ નથી એવા જડવાદી લોકાયતિક વિના સર્વ વિચારકોનું સામાન્ય મંતવ્ય છે કે દેખાતા જગત્ કરતાં બીજો લોક છે; આ લોક તેવો પરલોક પણ છે. પ્રાણીઓ જે કંઈ કર્મ જીવનકાળમાં કરે છે તેનાં તેને ઐહિક ફલોજ મળે છે એટલુંજ નહિ, પરંતુ તે કર્મના સંસ્કારો તે કર્તા તથા કર્તાના સંબંધિઓને–તે સહ જન્મા હોય, અનુજ હોય, અથવા પૂર્વજ હોય તેને–આ લોક અથવા ઇતર લોકમાં સુખ–દુઃખરૂપે ફલે છે, અને તે ફલને ભોગવવા અર્થે મરણાદિની પરંપરા પ્રત્યેક પ્રાણીને હોય છે. લૌકિક મરણ તે માત્ર આ લોકની નિદ્રા અને પરલોકમાં જાગવું એના જેવું છે. આ કર્મ અને તેના સિદ્ધ-નિયમનો સર્વતંત્ર સ્વીકાર કરે છે, માત્ર તેના ફલોદયમાં તે કેવી રીતે ફલે છે તે વિવાદના વિષયરૂપ છે; કાંતો તે કર્તાના આત્મામાં, અથવા તેના નિત્ય સંબંધમાં રહેનાર મનમાં, તે કર્મના આશયો અદૃષ્ટરૂપે અથવા અપૂર્વરૂપે અથવા ધર્માધર્મના સંસ્કારરૂપે રહી પ્રકૃતિના સિદ્ધનિયમાનુસાર કુદરતી રીતે–ફળતા હોય, અથવા તો ફલપ્રવર્તક કોઇ ઇશ્વરી સત્તાના ચિત્ત સત્વના ક્ષોભના નિમિત્તરૂપ થઇ ફળતા હોય, અથવા જૈનદર્શન પ્રમાણે કર્મદ્રવ્ય લેપ તરીકે જીવનને વળગતું હોય–ગમે તે રીતે પણ તે કર્મ અને તેના ફલનો સિદ્ધાન્ત સર્વતંત્રમાં ઋત એટલે શાશ્વત સ્વીકારાયો છે.

બીજું આ કર્મના ફલને ભોગવનાર કોઇ છે તે સંબંધમાં પણ વિવાદ નથી. તે કેવા પ્રકારનો છે તે સંબંધમાં વિવાદ છે. પછી તે



ભોગવનાર ન્યાય–વૈશેષિક દર્શન પ્રમાણે સ્વયં જડ હોય અને બુદ્ધિરૂપ ગુણના સંબંધથી સચેતન રહેતો હોય; અથવા સાંખ્ય–યોગ પ્રમાણે તે સ્વયંચેતન હોય, અને બુદ્ધિનો પ્રેરક અને પ્રકાશક હોય, અને તેમ છતાં બુદ્ધિની વૃત્તિજાળમાં પ્રતિબિંબવડે ગુંચાયેલો હોય; અથવા વેદાન્ત દર્શન પ્રમાણે સ્વયં સંપૂર્ણ–સદ્, ચિત્ અને આનંદરૂપ હોય અને મિથ્યાજ્ઞાનવડે આવૃત થઇ સંસાર બંધનને ભોગવતો હોય; અથવા બૌદ્ધ દર્શન પ્રમાણે ક્ષણિક વિજ્ઞાનની મિથ્યા ધારા વાહી–સંતાન–હોય અને તે ભ્રમરૂપે સ્થિર ભાસતો હોય, અને તે ભ્રમ નિવૃત્ત થયે નિર્વાણ પામતો હોય. અથવા જૈન શાસન પ્રમાણે બદ્ધ અને મોક્ષ દશાવાળો અને છેવટે અનન્ત જ્ઞાન, અનન્ત દર્શન અને અનન્ત વીર્યવાળો સ્વતંત્ર જીવરૂપ પદાર્થ હોય.–ગમે તે હોય.

ત્રીજું આ કર્મજાલમાં ગુંચાયેલો સંસારી તત્વજ્ઞાનવડે જ મુક્ત થાય છે, બીજા ઉપાયોથી થતો નથી. એ પણ સર્વ દર્શનોનો સમાન સિદ્ધાન્ત છે. તત્ત્વજ્ઞાન અથવા સમ્યગ્દર્શન કેવી રીતે સંસાર બંધનને કાપે છે તે માત્ર વિવાદનો વિષય છે. આ ભવ બંધ કોઇ કર્મવડે, અથવા કોઈ દેવની ભક્તિવડે ત્રુટે છે–એ ભાવના તત્ત્વજ્ઞાનની શ્રેણીઓમાં પ્રધાન પદે નથી, પરંતુ ગૌણ ઉપાય તરીકે છે.

ઉપનિષદોની પર્યાલોચના કરતાં આપણે તત્ત્વવિદ્યા કાંતો અધિભૂત માર્ગે વળેલી (Realism), કાંતો અધિદૈવ માર્ગે વળેલી ( Theism ) કે અધ્યાત્મ માર્ગે વળેલી ( Idealism ) ત્રિવેણી જેવી જણાય છે, કપિલાદિ મહર્ષિઓએ મહાત્મા ગૌતમબુદ્ધના જન્મ પહેલાં આ વિચારની શ્રેણીઓને સૂત્રબદ્ધ કરી હતી, પરંતુ વેદના જ્ઞાનકાંડ ઉપરાંત પ્રાચીન યજ્ઞકાંડ અથવા કર્મકાંડે પ્રજાના ચિત્તમાં અદ્ભુત ઘર ઘાલ્યું હતું. આથી વેદરાશિના તાત્પર્યની તાણાતાણને લીધે યજ્ઞાદિ કર્મો જાદુઇ રીતે યજમાનને ઉત્તમલોકમાં અપૂર્વ દ્વારા લઇ જાય છે તેવી કેવળ કર્મઠોની શ્રદ્ધામયી પણ શુષ્ક જીવન પદ્ધતિ હતી; તે સાથે આ સઘળું નામરૂપાત્મક જગત્ ખોટું છે,

અને પરમેશ્વર સત્ય છે, અને તે સત્ય પરમેશ્વરની દૃષ્ટિ વડે જગત્દૃષ્ટિ ઢાંકવી, અને "સત્યધર્મવાળી દૃષ્ટિને" ઉઘાડવી એવી શ્રદ્ધામયી પણ રસમયી બીજી જીવન પદ્ધતિ પણ હતી; અને તે સાથે કર્મની અને શ્રૌતજ્ઞાનની શ્રદ્ધાને તિલાંજલિ આપી આંતર ચિંતનવડે જગત્‌નું સાચું સ્વરૂપ શોધવાની ઉત્કટ વાસના પણ હતી. શુદ્ધોદન રાજાને ત્યાં સિદ્ધાર્થનો જન્મ થયો ત્યારે વૃદ્ધ અસિત મહર્ષિએ આવીને તે બાલકને જોઇ જે ભાવના વાક્યો કહ્યાં છે તે ઉપરથી સમજાય છે કે વિશુદ્ધધર્મના ઉપદેષ્ટાની તે કાળમાં અગત્ય હતી.

## (૩) ગૌતમબુદ્ધ (ઈ. સ. પુ. ૫૬૩-૪૮૩)

આવા વિચારોની ત્રિવણીનો વેગ જે સમયમાં પ્રજાના ચિત્તને આમ તેમ તાણતો હતો તેવા સયમમાં ઈ. સ. પૂ. ૫૬૩ માં નેપાલના પ્રદેશમાં કપિલવસ્તુ નામના નગરમાં લુંબિની ઉદ્યાનમાં મહાત્મા ગૌતમ બુદ્ધનો જન્મ થયો હતો. તેઓ શાક્ય જાતિના હતા. તેમના પિતાનું નામ શુદ્ધોદન હતું; માતાનું નામ મહામાયા હતું. જ્યારે તે અપંગને, રોગીને, મડદાને, અથવા ત્યાગી સાધુને જોશે કે તરત તે પ્રવ્રજ્યા લેશે-એવા જ્યોતિષીના ફલાદેશને સાંભળી તેમના પિતાએ તેમને પરણાવી દીધા અને સંસારના પરમ મોહક વૈભવની સામગ્રીમાં રાખ્યા હતા. પરંતુ મહેલમાં વૈભવમાં રહ્યા છતાં ઉપરનાં વૈરાગ્ય પ્રવર્તક કારણો તેમની દૃષ્ટિએ પડયા વિના રહ્યાં નહિ, અને તેથી તે વૈરાગ્ય અને અનુકંપાની ભાવનાથી પ્રાણીઓના દુઃખનું નિવારણ થાય એવા અમોઘ સાધનની શોધમાં તેમણે "મહાનિષ્ક્રમણ" અથવા "મોટી પ્રવ્રજ્યા" સ્વીકારી. તેઓ ઓગણત્રીસ વર્ષની વયે પોતાની પ્રિય પત્ની અને બાલકનો સઘળા રાજવૈભવસાથે ત્યાગ કરી રાતોરાત ચાલી નીકળ્યા. રાજગૃહથી ઉરુવેલા ગયા. ત્યાં પાંચ યોગીઓ અથવા સાધુઓના સંબંધમાં તેમણે ભારે કષ્ટવાળું તપ કર્યું. તે તપથી શરીર અત્યંત કૃશ થવાથી મૂર્છિત થઇ પડી રહ્યા. છ વર્ષના આવા કષ્ટમય તપથી



તેમને સમજાયું કે માત્ર દેહદમનવડે સિદ્ધિ નથી. તેમણે યુક્ત આહાર વ્યવહારનું સેવન કર્યું; અને ધ્યાનયોગથી તેમને તત્વબોધ-"બોધિ" પ્રકટ થયો. તે બોધિવડે તે આવેશવાળા થયા અને તેથી તે બુદ્ધ કહેવાયાં. ઉત્તરાહિંદમાં પીસ્તાળીસ વર્ષ પર્યંત એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં પર્યટન કરતા તે સામાન્ય પ્રજાને પોતાનો આદેશ લોકભાષામાં સમજાવતા હતા. એંશી વર્ષે દેહનાશની ભાવી પ્રતીતિ થતાં ધ્યાનયોગવડે તેઓ પરિનિર્વાણ પામ્યા, અને દેહનો વિલય થયા છતાં, તેમના અદ્‌ભુત બોધની ધારામાં અદ્યાપિ ભારતવર્ષમાં તેમનો ધર્મ લોપ પામ્યા છતાં, સઘળા વિશ્વમાં તે ધર્મકાયથી જીવે છે.

આ મહાત્માના ઉપદેશના મૂલ વિચારો હિંદુસ્થાનમાં અને બીજા દેશોમાં એટલા તો પરિવર્તનને પામ્યા છે કે તેનાં મૂલસૂત્રો ઉકેલવાં કઠિન છે. પરંતુ જે જે સામગ્રીઓ આ દેશની અને પરદેશની તેમના ધર્મસાહિત્યમાંથી મળી આવી છે તેનું એકીકરણ કરી વિચારતાં સમજાય છે કે મનુષ્યની બુદ્ધિનો પ્રકાશ કેટલા અગમ્ય વિષયો ઉપર પડી શકે છે. માનુષ જીવનના ઘણા અગમ્ય મર્મો ભગવાન્ ગૌતમ બુદ્ધના "બોધવ" ડે પ્રકાશિત થયા છે, અને ઘણાંનાં આંતર ચક્ષુનાં પડળો ઉઘડયાં છે તે નિર્વિવાદ છે.

## (૪) પ્રાચીન બૌદ્ધ દર્શનનું વાઙ્મય*

જેવી રીતે બ્રાહ્મણોના વેદધર્મનું સાહિત્ય મંત્રસંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદોમાં એકત્ર થયું છે. તેમ બૌદ્ધ-ધર્મનું સાહિત્ય બુદ્ધના નિર્વાણ પછી ચક્રવર્તી અશોક મહારાજા (ઇ. સ. પૂ. ૨૪૧) ના સમયમાં પરિષદ્ બુદ્ધના અનુયાયીઓની પરિષદ્ થઇ ત્યાં સુધીમાં ત્રણ વ્યૂહમાં પાલી ભાષાના ગ્રંથોમાં નિયંત્રિત થયું હતું. આ ત્રણ વ્યૂહ અથવા પીટકને સૂત્ર, વિનય, અને અભિધર્મ એવાં નામ આપવામાં આવે છે. સૂત્રગ્રંથોમાં ગૌતમબુદ્ધના

*પાલી ભાષાના શબ્દો સંસ્કૃત ભાષાની "છાયા" માં ગુજરાતીમાં સમજાય તેવા આપ્યા છે.

સિદ્ધાન્તો, વિનયગ્રંથોમાં બૌદ્ધ સાધુઓના આચારો, અને અભિધર્મ ગ્રન્થોમાં સૂત્રના સિદ્ધાન્તોની ન્યાય પદ્ધતિથી ચર્ચા વિગેરે આવે છે.

સૂત્રસમૂહને નિકાય કહે છે, અને તે દીર્ઘ-નિકાય, મધ્યમનિકાય, સંયુક્તનિકાય, અંગોત્તર નિકાય, ખુદ્દકનિકાય ( ક્ષુદ્ર નિકાય )-એવા પાંચ વર્ગમાં પડે છે. પહેલા નિકાયમાં સૂત્રસમૂહ લાંબો હોવાથી દીર્ઘનિકાય; બીજામાં મધ્યમ વિસ્તારવાળો હોવાથી મધ્યમનિકાય; ત્રીજામાં આખમંડળીના સંયોગ એટલે એકમાં-જેવી રીતે બ્રાહ્મણોની ઉપનિષદ્‌માં-ચર્ચાયેલાં સૂત્રો હોવાથી સંયુક્તનિકાય; ચોથામાં ચર્ચાનો વિષય એટલે અંગ એક એક વધતું જતું હોવાથી અંગોત્તરનિકાય; અને પાંચમામાં પરચુરણ બાબતો આવવાથી ક્ષુદ્રક ( ખુદ્દક ) નિકાય કહેવાય છે, જેવી રીતે બ્રાહ્મણના બ્રાહ્મણ ગ્રંથોમાં ખિલકાંડ છે તેમ આ છેલ્લા નિકાયમાં ધર્મપાદ, ઉદાન, ઇતિવૃત્ત, ( **इतिवुत्तक** ) સૂત્રનિપાત, વિમાનવસ્તુ, પેટાવસ્તુ, સ્થવિરગાથા, સ્થવિરીની ગાથા, જાતક, નિર્દેશ, પ્રતિસંબોધમાર્ગ, અવદાન, બુદ્ધવંશ, ચર્યાપીટક વિગેરે વિષયો આવે છે.

વિનયપીટકમાં પાંચ ગ્રંથો આવે છે, તેમાં પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ; નાનાં મોટાં પાપનિવારણના ઉપાયો; ભિક્ષુ તથા ભિક્ષુણીના દોષો અને તેમાંથી છૂટવાનાં પ્રાયશ્ચિત્તો આવે છે.

અભિધર્મમાં ધર્મસંગતિ, વિભંગ, ધાતુકથા, પુદ્‌ગલ-પ્રજ્ઞપ્તિ, કથાવસ્તુ, યમક, પ્રસ્થાન,-એ પ્રકારે સાત ખંડ આવે છે. આ ગ્રંથો ઉપર ટીકાસમૂહને અર્થકથા કહે છે. મિલિન્દ પ્રશ્ન નામનો મિલિન્દ રાજાના પ્રશ્ન અને ઉત્તરરૂપ ગ્રંથ તત્ત્વવિદ્યાનાં ઘણાં પ્રમેયોને જણાવે છે.

વિનયપીટક પ્રધાનપણે શીલનું પ્રતિપાદન કરે છે; સૂત્રગ્રંથો સમાધિનું પ્રતિપાદન કરે છે; અભિધર્મ પ્રજ્ઞાનું પ્રતિપાદન કરે છે. જેમ કર્મ, ઉપાસના, અને જ્ઞાન વૈદિક વાઙ્મયના ત્રણ કાંડનો વિષય છે તેમ બૌદ્ધ વાઙ્મયના પણ શીલ, સમાધિ અને પ્રજ્ઞા એ ત્રણ વિષય છે.



## (૫) થેરાવાદ ( સ્થવિરવાદ )

આ ત્રણ વ્યૂહવાળા સાહિત્યને થેરાવાદ અથવા સ્થવિરવાદ-વૃદ્ધ બૌદ્ધોના નિશ્ચયો કહેવામાં આવે છે, પહેલી બૌદ્ધ પારષદ્‌માં વૃદ્ધોએ-સ્થવિરોએ બૌદ્ધ સિદ્ધાન્તોનો સંગ્રહ કર્યો તેથી તે "થેરાવાદ" કહેવાય છે. આ સાહિત્ય બુદ્ધઘોષ ( ઇ. સ. ૪૦૦ ) તેમણે "વિશુદ્ધિમાર્ગ" ગ્રંથ લખ્યો ત્યાર પછી વધારે વિકાસને પામ્યું નથી, એટલુંજ નહિ પરંતુ બ્રાહ્મણોના શાસ્ત્ર ગ્રંથોમાં આ પાલીભાષાના ગ્રંથોના સાહિત્યની પ્રત્યક્ષ માહિતી બહુ જણાતી નથી. બ્રાહ્મણ ગ્રંથોમાં જે બૌદ્ધમતનું વર્ણન આવે છે તે ઘણે ભાગે મૌલિક બૌદ્ધમત-સ્થવિરવાદ અથવા હીનયાનને લગતું નથી, પરંતુ બૌદ્ધદર્શનની બીજી મહાયાન શાખાના વિચારકોના વિચાર-રંગથી રંગાયેલું છે. વૈશાલિમાં પહેલી બૌદ્ધ પરિષદ્ ગૌતમ બુદ્ધના નિર્વાણ પછી લગભગ સો વર્ષે ભરાઇ; એટલે ઇ. સ. પૂ. ૪૦૦ વર્ષ ઉપર બૌદ્ધ ધર્મના અનુયાયિઓમાં બે ભેદ પડ્યા હતા. એક પક્ષ સ્થવિરોના વિચારને માન આપનારો, અને બીજો મહાસંઘને માન આપનારો થયો. જે પક્ષ સ્થવિર એટલે વૃદ્ધોના મતને સ્વીકારનાર થયો તે થેરાવાદ ગણાયો અને બીજો મહાસંઘી ગણાયો. આ બે માર્ગને પાછળથી હીનયાન અને મહાયાન એવી સંજ્ઞા મળી છે. તેના નિર્ણયોમાં શા ભેદ છે તે આગળ વિચારીશું. પરંતુ એટલું તો ચોક્કસ છે કે થેરાવાદમાં બૌદ્ધના મૌલિક નિર્ણયો છે.

## પ્રાચીન બૌદ્ધ સિદ્ધાન્ત

### (૬) દ્વાદશાંગ ભવચક્ર. અથવા દ્વાદશનિદાનમાલા.

મહાત્મા ગૌતમ બુદ્ધનો આંતર ધ્યાનયોગથી પ્રકટ થયેલા "બોધિ" વડે જે નિશ્ચય થયો હતો તેનું આદ્ય સ્વરૂપ* નીચે પ્રમાણે હતું:—

* ભગવાન્ ગૌતમ બુદ્ધને "બોધિ પ્રાપ્ત થયા પછીના પ્રથમ ઉદ્‌ગારોનું પાલી ભાષાનું રૂપ જાણીતું છે, પરંતુ તેની મૂલ સંસ્કૃત છાયા મધ્યએશીઆના તર્ફન પ્રદેશમાં શોધખોળના પ્રસંગે Von Lecogને પ્રાપ્ત થયેલી તેનું રૂપ પ્રો. પીશ્ચલની ( Prof. Pischel ) ઉકેલ નીચે પ્રમાણે છે:—

સંસાર જેવો છે તેનો ખુલાસો શી રીતે થાય છે? આત્મા-જીવ-અથવા પુરુષ જેવી સ્થિર વસ્તુનો સ્વીકાર કરી જે વેદવાદીઓએ નિર્ણય કર્યાં છે તે અભ્યુપગમવાદ છે. પરંતુ આપણા આંતર અનુભવ પ્રમાણે શું સમજાય છે તેનો વિવેક તે વાદમાં નથી. તેથી આત્મ-બ્રહ્મ જેવી સ્થિર

---

अनेकं जातिसंसारं संधावित्वा पुनः पुनः

गृहकारक मेषमानः त्वां दुखा जाति पुनःपुनः ॥

गृहकारकदृष्टोऽसि न पुनर्गेहं करिष्यसि

सर्वे ते पार्श्वका यग्ना गृहकूटं विसंस्कृतम्

विसंस्कारगते चित्ते इहैव क्षयमध्यगाः ॥

ભાવાર્થ:—" અનેક જન્મના ફેરા ખાઇ ખાઇને આ દેહરૂપી ઘર બાંધનારને શોધતાં શોધતાં મેં ઘણા દુઃખવાળી જાતિઓ ભોગવી; પણ હવે હે ઘર બાંધનાર, (તૃષ્ણા) મેં તને ઓળખ્યો છે; અને હવે તું નવું ઘર બાંધી શકીશ નહિ. તારા ઘરની વળીઓ ભાંગી ગઇ છે, છાપરૂં છૂટું પડી ગયું છે; અને સંસ્કાર વિનાનું ચિત્ત થવાથી હે મન, તું તૃષ્ણાના છેડાને અહીંજ પામ."

ગૌતમ બુદ્ધના આ "બોધિની પ્રથમ ઊર્મિ સાથે સરખાવો શ્રૌતકાળના વામદેવની ગર્ભાવસ્થામાં સ્ફૂરેલી "તત્ત્વજ્ઞાનની ઊર્મિ:—

गर्भे नु सन्नन्वेषामवेदाहं देवानां जनिमानि विश्वा

शतंमा पुर आयसीरक्षन्नधः श्येनो जवसा निरदीयम् ॥

ऋ. मं. ४. सू. २७

ગર્ભમાં રહેલા મને હવે આ દેહને ઘડનારી વાગાદિ ઇન્દ્રિયોના જન્મ ફરી ફરીને શી રીતે થાય છે તે સમજાયું. અત્યારસુધી આ લોઢાની બેડી જેવા દેહોવડે હું બંધનમાં જકડાયો હતો; હવે તો બાજ પક્ષીની પેઠે હું બંધન તોડી મુક્ત થયો છું.



વસ્તુનો સ્વીકાર કરી સંસારની ઉકેલ કરવા કરતાં આપણા આંતર અનુભવથી તેની કેવી ઉકેલ થાય છે તે વિચારવાનું છે. આપણને અમુક હોય તો તેની પછી શું થાય છે—અમુકની પ્રતીતિ થયા પછી બીજી કઈ વસ્તુનો ઉત્પાદ અથવા ઉત્પતિ થાય છે તે વિચારવાનું છે. એકની પ્રતીતિએ બીજું પ્રતીત થવું. ઉત્પન્ન થવું—તેને " પ્રતીત્ય સમુત્પાદ " કહે છે.

આપણે આ સંસારની વર્તમાન જન્મમાં બે કોટિ—જન્મ અને મરણની અનુભવીએ છીએ. જન્મ અથવા **જાતિ** એ સંસારચક્રનું પ્રથમ અંગ છે, અને **જરામરણ** એ છેલ્લું અંગ છે.

જાતિ અથવા જન્મ શું હોય તો પ્રકટ થાય? શરીર મન અને વાણીનાં પુનર્ભવને ઉત્પન્ન કરનાર **કર્મ** હોય તો **જાતિ** થાય, તે વિના થાય નહિ. ત્યારે જાતિ અથવા જન્મનો આધાર કર્મ ઉપર છે. આ જાતિ ઉત્પાદક કર્મનું પારિભાષિક નામ **ભવ** છે. જન્મેલાનું મરણ અને મરણ પામેલાનો પુનર્ભવ તે આ પ્રતીત્ય સમુત્પાદ છે. આ જન્માન્તર પરિણામનો નિશ્ચય મહાત્મા ગૌતમ બુદ્ધે પ્રાચીન બ્રાહ્મણોના વેદધર્મમાંથી સિદ્ધાન્ત રૂપેજ સ્વીકારેલો જણાય છે.

ભવ ક્યારે થાય? જાતિઉત્પાદક કર્મ ક્યારે રચાય? જ્યારે વિષયોની સામગ્રીને બુદ્ધિ પકડી રાખે—તે તે વિષયોને " વળગણ " તરીકે પકડવામાં આવે એટલે કે **ઉપાદાન** થાય તોજ જાતિ ઉત્પાદક **ભવ** થાય. ઉપાદાન ન હોય તો ભવ નહિ; ઉપાદાન હોય તો ભવ. આપણો વાસનાનો કોશ ખપી જાય તો કર્મકોશ ખપી જાય. આથી ભવની સાંકળ ઉપાદાન સાથે જોડાયેલી છે.

હવે ઉપાદાન ક્યારે થાય! તૃષ્ણા હોય તો ઉપાદાન થાય. તૃષ્ણા વિના વિષયોનાં " વળગણ " અથવા "પકડ" આવે નહિ. આથી તૃષ્ણા એ ઉપાદાનનું " પ્રતીત્યસમુત્પાદક "—એટલે પ્રત્યક્ષ કારણ છે. આ ઘરબાંધનારી, ઉપાદાનસામગ્રીને રચનારી, તૃષ્ણા એ બુદ્ધ ભગવાનને "ઘરકરનારી" સમજાઇ હતી.

તૃષ્ણા ક્યારે થાય ! વેદના હોય-સુખદુઃખનું ભાન થાય તોજ સુખ મેળવવા અને દુઃખને ત્યજવા તૃષ્ણા થાય. જડપદાર્થને તૃષ્ણા નથી કેમકે તેને વેદનાનું ભાન નથી; તેમ નિરુદ્ધ યોગીને વેદનાના અભાવે તૃષ્ણા નથી. અનુકૂલ વિષયો મારાથી કદી છૂટા ન પડે, અને પ્રતિકૂળ વિષયો મને પ્રાપ્ત ન થાય એવી ઇચ્છાનું નામ તૃષ્ણા છે, અને તેમાં પાછળના યોગ-દર્શનના રાગ અને દ્વેષનો સમાવેશ થાય છે. વિષયના અનુભવથી થતી વેદના વડે તૃષ્ણા થાય છે અને વધે છે.

ત્યારે વેદના શું હોય તો થાય! ઇંદ્રિયો અને અર્થનો **સ્પર્શ** હોય સંબંધ હોયતોજ વેદના થાય. ઇંદ્રિયાર્થનો સ્પર્શ ન હોય તો શબ્દ-સ્પર્શ -રૂપરસ-ગંધની અનુકૂલ અને પ્રતિકૂલ વેદના થાય નહિ.

ઇંદ્રિયાર્થનો સ્પર્શ ક્યારે થાય ! જો પાંચ જ્ઞાનેંદ્રિયો અને છઠ્ઠા મન રૂપ છ દ્વાર ઉઘાડાં હોય તોજ **સ્પર્શ** થાય. તે દ્વાર બંધ હોય તો સ્પર્શ થાય નહિ. આ છ સ્પર્શદ્વારને ષડાયતન કહે છે, કેમકે તે છ ક્ષેત્ર અથવા આયતનમાં સ્પર્શ થાય છે.

ત્યારે આ ષડાયતન-છ સ્પર્શદ્વાર-ક્યારે ઉઘડે? જો શરીર અને મન હોય (જો નામ અથવા શબ્દવડે સમજાતા વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ, સંસ્કારસ્કંધ, અને વિજ્ઞાનસ્કંધ-વિશિષ્ટભાવે દેહરૂપે દેખાય ત્યારે નામ અને રૂપ પદાર્થ જણાય. મન અને શરીર-નામ અને રૂપ-વિશિષ્ટ ભાવે એટલે કે સંઘાતરૂપે અને માત્ર અણુઓના ઢગલારૂપે નહિ-હોય ) તોજ ઉપરનું ષડાયતન થાય.

આ નામરૂપ ક્યારે બંધાય? શરીરમન સંયુક્ત આકારમાં ક્યારે ઘડાય? જો વિજ્ઞાનની ચણુગારી હોય તો. ભવિષ્યમાં વર્ણવવામાં આવશેતે પાંચ સ્કંધોને જોડનારૂં કારણ વિજ્ઞાન છે. નામ રૂપનો-શરીરમનનો-સમુત્પાદ એટલે ઉત્પત્તિ વિજ્ઞાનને લીધે છે. ગર્ભબિંદુમાં વિજ્ઞાનની ચણુગારી હોય છે તોજ વિશિષ્ટ નામ-રૂપવાળું શરીર થાય.



આ વિજ્ઞાન ક્યારે થાય? પૂર્વ સંસ્કાર હોય તો જ થાય. મરણ સમયે જે કર્મસંસ્કાર જાગે તે પ્રમાણે પ્રજ્ઞાની જ્વાળા-બુદ્ધિની ચણુગારી થાય. તે વિજ્ઞાનનો દીપક નવા નામરૂપને-શરીર મનને-પ્રકાશિત કરે. મરણ પછી અને નવા જન્મની વચ્ચે વિજ્ઞાનનો આત્યંતિક વિચ્છેદ નથી. જેમ એક દીવાની જ્યોતમાંથી બીજા તૈયાર દીવાની જ્યોત સંબંધથી જાગે તેમ એક નામરૂપના સંઘાતમાં સળગતો વિજ્ઞાનનો દીવો મરણ સમયે નવા નામરૂપના સંઘાતમાં ઝળકે. જેમ ગુરૂ શિષ્યમાં બુદ્ધિ પ્રસાર કરે; જેમ એક દીપજ્યોત અન્ય દીપજ્યોતિમાં પ્રસરે: જેમ લાખમાં મુદ્રાની છાયા પડે, તેમ પ્રાયણસમયનું વિજ્ઞાન તેના પછીના વિજ્ઞાનને પ્રકટ કરી નવા નામરૂપની ધારાને સચેતન બનાવે છે. વિજ્ઞાનનેજ ચેતનાધાતુ કહે છે. આ વિજ્ઞાનબીજ સંસ્કારના વૃક્ષના ફલ રૂપ છે. માતાના ગર્ભસ્થાનમાં નવા નામરૂપમાં આ "આનંદ વિજ્ઞાન" પ્રવેશ ન પામે તો તે નામરૂપ કલલ વિગેરે ભાવને પામે નહિ. અને નવો ઘાટ ઘડાય નહિ. આથી વિજ્ઞાન એ વિચિત્ર ઘટના કરનાર કારણ છે, અને તેનો પ્રકાર સંસ્કારવડે ઘડાય છે. સંસ્કારવડે કઈ યોનિમાં નામ અને રૂપની ઘટના કરવી તેનો વેગ વિજ્ઞાનને મળે છે. જન્મોત્પાદક વિજ્ઞાન અને મરણોત્પાદક વિજ્ઞાન જે સંસ્કારથી થાય છે તેને "ઉત્પત્તિભવ" અને "મરણભવ" એવી સંજ્ઞા આપવામાં આવે છે. આ વિજ્ઞાનનું ઉત્પાદક કારણ સંસ્કાર તે ત્રણ પ્રકારનો હોય છે, તે સુખમય, દુઃખમય અને મોહમય એમ ત્રણ પ્રકારનો હોય છે; અને તે વિજ્ઞાનના પ્રકારને ઘટે છે.

આ સુખ દુઃખ મોહાત્મક સંસ્કાર ક્યારે હોય? જ્યારે ક્ષણભંગુર વસ્તુમાં સ્થિરપણાનું અવળું જ્ઞાન હોય તો જ સંસ્કાર ઉગે. જો અવિદ્યા હોય તોજ સંસ્કારની ધારા ચાલે; સંસ્કાર હોય તો વિજ્ઞાન થાય એમ પરંપરા જરામરણ પર્યંત ચાલે.

ત્યારે ગૌતમબુદ્ધના અભિપ્રાય પ્રમાણે સંસાર ચક્રની પ્રતીતિ કાર્ય કારણની સાંકળ રૂપે-પ્રતીત્યસમુત્પાદ રૂપે બાર અંગમાં અને ત્રણ કાંડમાં નીચે પ્રમાણે ગોઠવાય છેઃ—

**પ્રથમ કાંડ** — ભૂત જન્મનાં અંગો

- (૧) અવિદ્યા
- (૨) સંસ્કાર

(વર્તમાન જન્મનું બીજ કારણ ભૂત અવસ્થામાં પડેલું)

**દ્વિતીય કાંડ** — વર્તમાન જન્મનાં અંગો

- (૩) વિજ્ઞાન ( ગર્ભસ્થ સ્ફુરણ )
- (૪) નામરૂપ ( ગર્ભસ્થ દેહમાં, કલલ, બુદ્બુદ પેશી અને ઘન અવસ્થા થાય છે )
- (૫) ષડાયતન ( જેમાં ગર્ભસ્થ દેહની પ્રશાખાઓ થાય છે. )
- (૬) સ્પર્શ ( જન્મ પછી ત્રણ વર્ષની સ્થિતિનું રૂપ )
- (૭) વેદના ( સામાન્ય રીતે ચોથા વર્ષમાં પ્રકટ થતી )

(વર્તમાન જન્મનાં ભૂત કારણનાં પરિણામો)

- (૮) તૃષ્ણા ( અગીઆરથી પંદર વર્ષ સુધીની આશાની ખીલવણી)
- (૯) ઉપાદાન ( યૌવનમાં વિષય વાસનાનો સંગ્રહ )
- (૧૦) ભવ ( નવા જન્મના દેહનુ બીજ)

(વર્તમાન જન્મનાં ભાવિ જન્મનાં કારણ)

**તૃતીય કાંડ** — ભાવિ જન્મનાં અંગો

- (૧૧) જાતિ
- (૧૨) જરા મરણ જેના વિસ્તારમાં શોક, પરિદેવના દુઃખ, દુર્મનસ્ત્વ વગેરે દુઃખ સ્કંધ આવે છે.

(ભાવિ અસરો ૮-૯-૧૦ ની)



આ દ્વાદશાંગ ચક્ર "પ્રતીત્ય સમુત્પાદ" રૂપે જેમ એક કાંઆડીયું સળગેલું ઘણી ત્વરાથી ફેરવતાં પ્રકાશિત વર્તુલ દેખાય તેમ ક્ષણભંગુર ચિત્તના પરિણામોની એટલે ચૈત્યોની ધારારૂપે સતત ફર્યાજ કરે છે. એનું નામ સંસાર છે, અને તે માલાનો મુખ્ય મણિ અથવા મેરૂ કહીએ તો અવિદ્યા છે.

આ ભવચક્રના અંગ અથવા આરાઓ બૌદ્ધની મતિમાં સઘળા માનસ પદાર્થો છે, અને બાહ્ય પદાર્થો છે કે નહિ અને છે તો તેનો આ માનસ પદાર્થો સાથે કેવા પ્રકારનો સંબંધ છે તે સંબંધમાં વધારે વિવેક પ્રાચીન બૌદ્ધ સાહિત્યમાં થયો જણાતો નથી. ગૌતમ બુદ્ધે આ બીજબીજીભાવ અથવા કાર્યકારણભાવવાળા દ્વાદશ માનસપદાર્થોના સંતાનને ભવ અથવા સંસારસંજ્ઞા આપી છે, અને તે દુઃખમય છે. તે દુઃખધારાનું અનાદિ મૂલકારણ અવિદ્યા છે. અવિદ્યાની સ્થિતિને લઇનેજ સંસ્કાર ઉત્પન્ન થાય છે; અવિદ્યાને લીધેજ તે પ્રવાહી થાય છે, અવિદ્યા નિમિત્તથીજ તે ઉભા થાય છે, અવિદ્યાને લીધેજ તેમનું આયૂહન એટલે સંઘટ્ટન થાય છે, અવિદ્યાને લઇને તેઓ પરસ્પર સંબંધવાળા થાય છે, અવિદ્યાને લીધેજ તેઓ અંકુર કાઢી ભાનવાળી દશામાં આવે છે, અવિદ્યાને લીધેજ તેઓ સંયોગિ કાર્ય કરે છે, અવિદ્યાને લીધેજ તેઓ વિજ્ઞાનરૂપ કાર્ય પ્રતિ અભિમુખ થાય છે, અને અવિદ્યાને લીધેજ તેઓ અન્વયિ કારણ થાય છે. આ પ્રકારે અવિદ્યા નવ રીતે વિશિષ્ટ **અવિદ્યાનું** કારણ બને છે. બૌદ્ધ મત પ્રમાણે કારણ હેતુરૂપ અને પ્રત્યયરૂપ એમ બે પ્રકારનું ગણાય છે. જેને લઇને કંઇક ઉત્પન્ન થાય તે હેતુ અને જેના આધારમાં કંઇક દેખાય તે **પ્રત્યય.** હેતુમાં કાર્ય પરંપરાનું ભાન પ્રધાન હોય અને પ્રત્યયમાં ભાવિ પરિણામોનું પ્રધાન દર્શન હોય, જેમકે બીજમાંથી અંકુર, થડ, ડાળાં, પાંખડાં, પુષ્પ, ફલ ઇત્યાદિ કાર્યપરંપરા થવાથી બીજ એ વૃક્ષનો **હેતુ** છે. અને સર્વ પરિણામોનું અક્રમ દર્શન થવું તે **પ્રત્યય** છે.

## (૭) પંચ સ્કંધો.

આ ભવચક્ર જેને પ્રતીત થાય છે તેનું નામ પંચસ્કંધી કહે છે. જેમ પાંચ શાખાવાળું વૃક્ષ પ્રતિક્ષણ બદલાતું છતાં જેનું તે પ્રતીત થાય છે અને એનું

એ વૃક્ષ-એવું ભાન થયાં કરે છે, તેમ ભવપ્રતીતિ રૂપસ્કંધ[૧], વેદનાસ્કંધ[૨], સંજ્ઞાસ્કંધ[૩], સંસ્કારસ્કંધ[૪], અને વિજ્ઞાનસ્કંધ[૫]ના સમુદાયને થાય છે.

રૂપસ્કંધમાં-શબ્દ સ્પર્શ-રૂપ-રસ-ગંધ એ પાંચ વિષયોનું સંવેદન અને પાંચ ઇન્દ્રિયો એ ઉભયનો સમાસ થાય છે. પ્રાચીન બૌદ્ધ સાહિત્યમાં શબ્દાદિ પાંચ વિષયોનું બાહ્ય સ્વતંત્ર અસ્તિત્વ છે કે નહિ, અથવા તે કેવળ મનોમય છે એ બાબત સ્પષ્ટ વિવેક થયો નથી. શબ્દાદિ વિષયો, શબ્દાદિની પ્રતીતિ, અને શબ્દાદિની પ્રતીતિનું આયતન-એ ત્રણે "રૂપ" શબ્દવડે પ્રાચીન સૌગતો ઓળખતા જણાય છે; એટલે કે ગ્રાહ્ય વિષયો, ગ્રહણરૂપ ભાન, અને ગ્રહણના સાધનરૂપ ઇન્દ્રિયો એ સર્વનો "રૂપ" શબ્દમાં સમાસ થતો હતો. આથી આપણે જેને સચેતન શરીર કહીએ છીએ તેજ "રૂપ" શબ્દથી વ્યવહરાતું. આ રૂપસ્કંધના ઘટક અણુઓને "મહાભૂત" કહેતા. ધર્મસંગતિમાં રૂપસ્કંધની વ્યાખ્યા એવી આપી છે કેઃ—"ચાર મહાભૂતો અને તે ચાર મહાભૂતોના ઉપાદાનવડે-તે અણુઓના સંગ્રહ કરવાના વેગવડે-જે રચના થાય તે રૂપ." બુદ્ધઘોષ કહે છે કે જેમ માયાવી જલને પત્થર જેવું દર્શાવે, પત્થરને સુવર્ણ જેવો દેખાડે, પંખીને ભૂત જેવું દેખાડે, તેમ જે સ્વતઃ નીલત્વાદિ ધર્મવાળા નથી તે નીલપીતાદિ દેખાય છે માટે અણુઓ જાદુગરના અથવા માયાકરના જાદુઇ ખેલ જેવા હોવાથી "મહાભૂત" છે.

રૂપસ્કંધ જેમાં છ આયતનોનો સમાસ થાય છે તે સ્પર્શદ્વારથી વેદના સ્કંધને રચે છે. સુખ, દુઃખ અને મોહમયી વેદનાવડે એક બાજુથી સંજ્ઞાસ્કંધ અને બીજી બાજુથી સંસ્કારસ્કંધ જાગે છે. રૂપ અથવા શરીરનાં છ આયતન એટલે ઇન્દ્રિયદ્વારના સ્પર્શથી જે વેદના અથવા અસ્પષ્ટ ભાન થાય તેમાંથી સ્પષ્ટ સંજ્ઞા અથવા ભાન પ્રકટે, અને બીજી તરફ તે સંસ્કાર અથવા જાલને રચે છે.

સંજ્ઞા વડે પ્રાચીન બૌદ્ધો સ્પષ્ટભાન અથવા વિવેકબુદ્ધિ સમજતા. અને તે નામ અથવા અભિધાન અથવા શબ્દદ્વારા પ્રકટ થાય છે. આથી બૌદ્ધો



સંજ્ઞા બે પ્રકારની માને છેઃ-ભેદભાનવાળી આંતર સંવેદન રૂપા, ભેદભાનવાળી પણ શબ્દના આલંબનથી પ્રકટ થનારી સંવેદન રૂપા. પહેલી સંજ્ઞાને **પ્રત્યક્-સંજ્ઞા** અને બીજીને **અધિવચન** સંજ્ઞા-એવાં નામ આપે છે. યોગદર્શનમાં જે વિકલ્પવૃત્તિ અને નિર્વિકલ્પ વૃત્તિ-એવી પારિભાષિકસંજ્ઞા ઉદય પામી છે તેના સમાનભાવવાળી આ બે સંજ્ઞાઓ છે. પાછળથી સંજ્ઞાશબ્દ ચિહ્નનો વાચક થયો છે. પરંતુ ભાષા અથવા શબ્દના બલવડે જે ભાન થાય તે સંજ્ઞા એવો મૂલ બૌદ્ધદર્શનનો ભાવ જણાય છે. શબ્દના ચિહ્નવડે ( આભજ્ઞાનવડે) જે વસ્તુની ઓળખ થવી (પ્રત્યભિજ્ઞા) તેનું નામ બૌદ્ધ પરિભાષામાં સંજ્ઞા છે. સંસ્કારસ્કંધ વડે બૌદ્ધો અંતઃકરણની વિશિષ્ટ રચના કરવાની શક્તિ સમજતા હતા. છુટક રૂપોને, છુટક સંજ્ઞાઓને, છુટક વિજ્ઞાનોને, વિશિષ્ટ સમુદાય અથવા સંતાનનું સ્વરૂપ આપનાર સામગ્રીને સંસ્કારસ્કંધ કહે છે. તે સર્વને ભેગાં કરે છે તેથી સંસ્કાર કહેવાય છે. આથી અનુભવની છાપને જ સંસ્કાર કહે છે, એમ નહિ સમજતાં જે એકીકરણ કરે છે તે સ્કંધને સંસ્કાર સ્કંધ કહે છે.

રૂપસ્કંધના સ્પર્શવડે ઉત્પન્ન થનાર વેદના, સંજ્ઞાસ્કંધને અને સંસ્કાર સ્કંધને રચે છે, અને તેમાંથી વિજ્ઞાનસ્કંધનો ઉદય થાય છે. સંસ્કાર સ્કંધમાંથી "પ્રતીત્યસમુત્પાદ" વડે, અંકુર કાઢવાના નિયમ વડે, જે વિજ્ઞાન ગર્ભબિંદુમાં વર્તમાન જન્મના આરંભમાં પ્રવેશે તે વિજ્ઞાન પંચસ્કંધીમાં વિશિષ્ટરૂપ પકડી અનુભવમંદિર ચણે છે. બુદ્ધઘોષ અર્થશાલિનીમાં વિજ્ઞાનના ઉદયની પ્રક્રિયા નીચે પ્રમાણે આપે છેઃ—

"ચિત્ત પોતાના આલંબનને સ્પર્શ કરે છે, અને તેમાંથી વેદના, સંજ્ઞા, અને ચેતના જાગે છે. આ સ્પર્શ અનુભવમંદિરના જાણે સ્તંભ હોય તેવા છે, અને બીજું બધું જાણે મંદિરનું ઉપરદલ ( સંભાર ) હોય એવું છે. પણ આથી એમ ન સમજવું કે માનસ વિજ્ઞાનની પદ્ધતિમાં સ્પર્શથીજ આરંભ થાય છે; કારણ કે એક ચિત્તના પ્રવાહમાં આ પહેલું અને આ પછી આવે છે, એ કહેવું સાહસમાત્ર છે. ખરી રીતે એકી વખતે

વેદનાનો, સંજ્ઞાનો, અથવા ચેતનાનો સ્પર્શ થઇ શકે છે. તે સ્પર્શને લીધે વિષયોને આપણે સમજી શકીએ છીએ. બાહ્ય પદાર્થના સ્થૂલ સંયોગ જેવો એક બાજુનો આ આન્તરસ્પર્શ નથી, પરંતુ વિષય અને વિજ્ઞાનની અથડામણ થવાથી-સ્પર્શ થવાથી બોધનો ઉદય થાય છે, એ નિર્વિવાદ છે. જેમ નેત્રનો બાહ્યરૂપવાળા પદાર્થ સાથે સ્પર્શ થાય, જેમ શ્રોત્રનો બાહ્ય ધ્વનિ· સાથે સ્પર્શ થાય તેમ ચિત્તનો સ્પર્શ એ ધર્મ અથવા ગુણ છે, એટલુંજ નહિ પણ તે સ્વભાવ છે. આ સ્પર્શ પાંચ બાહ્ય ઇન્દ્રિયોના આયતનમાં ગુણ અને સ્વભાવ-એમ બે પ્રકારનો હોય છે. એટલે કે ચક્ષુરાદિ ઇન્દ્રિયો બાહ્યાર્થનો ઉઘાડો સ્પર્શ કરી સ્પર્શવાળી થાય છે, અને પછી તે અન્તઃ-ક્ષોભવડે સ્પર્શમયી બને છે. પરંતુ છઠ્ઠા આયતનમાં એટલે મનમાં આ સ્પર્શ ગુણ-વૃત્તિ થતો નથી પણ સ્વભાવ રૂપ થાય છે. સારાંશ મનના વિષયોને મન સાથે સ્પર્શ અથવા સંબંધ અથડામણના જેવો નથી, પણ જળના કણો જેમ એક બીજા સાથે સ્પર્શમાં આવી પ્રવાહનું રૂપ પકડે તેમ ચિત્તની સરિતામાં વૃત્તિના સંતાનો સ્પર્શવડે ચાલ્યા કરે છે. બૌદ્ધ સૂત્રમાં બે બકરાનાં માથાં ભેગાં થાય, અથવા બે કાંસ્યતાલ ભેગી થાય અને જેવી રીતે **ધ્વનિ** થાય તેમ અર્થ, ઇન્દ્રિય અને મનનો યોગ અથવા સંબંધ થવાથી **વેદના** થાય છે-એવું પ્રતિપાદન કર્યું છે. વેદના જોકે વિષયોથી ઉત્પન્ન થાય છે, તોપણ ચિત્તમાં તે અનુભવાય છે. વિષયના રસનો અનુભવ લેવાનું ફળ વેદનાસ્કંધને મળે છે, જો કે બીજા સ્કંધો વિષયાનુભવના રસમાં થોડા થોડા ઝબકોળાય છે. વેદના સ્કંધ રાજા છે, અને બીજા સ્કંધો પાચક છે. જેમ રાજાની ઉત્તમ રસોઇ તૈયાર કરનાર પાચક ભોગ લઇ લે પરંતુ તે રાજાને તે સ્વતંત્ર ભોગનો પ્રસાદ મળે છે તેમ વેદના સ્કંધ ભોક્તા છે; અને બીજા સ્કંધો ઉપભોક્તા છે."

રૂપસ્કંધના વિષયો, સ્પર્શવડે સંજ્ઞા સ્કંધના પ્રયત્ન, ચેતના, વગેરેને ઉત્પન્ન કરી, તેથી જે વેદનાસ્કંધ બને અને તે વડે વિચિત્ર સંસ્કાર સ્કંધને ઘડે, અને તે વડે વિશિષ્ટ વિજ્ઞાન સ્કંધ ઘડાય-આ ચિત્ત અને ચૈત્યના વિશિષ્ટ સમુદાયને "હું છું." એ પ્રકારનું માનવું એ મૂલ અવિદ્યા



છે. આ પાંચ સ્કંધ શિવાય "હું" એવો કોઈ સ્થાયિ પદાર્થ નથી, છતાં એવો છે એવું માનવામાં આવે છે તેનું નામ અવિદ્યા છે. આ અવિદ્યાના બળવાળા પંચ સ્કંધથી સંસારધારા અથવા ભવચક્ર ચાલે છે.

## (૮) અવિદ્યા અને તેના આસવો.

સ્થિર વસ્તુ નહિ છતાં, સ્થિર વસ્તુનો સ્વીકાર કરવાના અનાદિ દોષને અવિદ્યા કહે છે. આ અવિદ્યા પહેલી કે તેનાં પરિણામો સંસ્કારાદિ પહેલાં તે વિવેક કરવાને બદલે પાલી બૌદ્ધદર્શન પ્રમાણે અવિદ્યા અને સંસ્કારો પરસ્પર "પ્રતીત્યસમુત્પાદથી" જોડાયા છે, તેમ મરણભય અને અવિદ્યા પરસ્પર પ્રતીત્યસમુત્પાદથી જોડાયેલાં છે. એટલે કે પંચ સ્કંધની ધારા જેને જીવન નામ આપણે આપીએ તેમાં એક-પણાની અથવા સ્થિરપણાની બુદ્ધિથી તે સતત ચાલ્યા કરે અને હું મરૂં નહિ એવી વાસનાને લીધે અવિદ્યા પોષાય છે, અને તે અવિદ્યા, સંસ્કાર, વિજ્ઞાન, નામરૂપ-એ પરંપરામાં ભવચક્ર ચલવે છે. જેમ વાત પિત્ત અને કફ, પ્રકૃતિરૂપે દેહના પોષક છે, અને વિકૃત થાય ત્યારે દેહના નાશ કરનારા એટલે દોષરૂપ ગણાય છે; તેમ અવિદ્યા સ્વતઃ એટલે મૂલરૂપમાં ભવચક્રને ચલવનાર નથી પણ વિકૃત થવાથી ભવચક્રને ચલાવે છે. અવિદ્યાનાં જે નિમિત્તો પરિણામો પ્રતિ પ્રેરે છે તેને "આસવ"-એટલે મદને ઉત્પન્ન કરે તેવો રસ કહે છે. આ આસવો ચાર છે. (૧) કામાસવ (૨) ભવાસવ (૩) દૃષ્ટ્યાસવ, અને (૪) અવિદ્યાસવ.

શબ્દાદિ વિષયોને મેળવવાની વાસના, ઇચ્છા અથવા રાગને કામાસવ કહે છે; પંચસ્કંધમાં એટલે સચેતન દેહમાં જીવવાની ઇચ્છાને ભવાસવ કહે છે; બૌદ્ધના ક્ષણભંગુરતાના સિદ્ધાન્ત અથવા દર્શન અથવા દૃષ્ટિથી અવળી દૃષ્ટિ સેવવાના વેગને દૃષ્ટ્યાસવ કહે છે; અને અસ્થિર, અનિત્ય પદાર્થ સમુદાયમાં સ્થિરતા અથવા નિત્યતાની બુદ્ધિને મૂલ અવિદ્યાસવ કહે છે.

જ્યારે આસવો અવિદ્યાના અમુક સામાન્ય વિકારો છે ત્યારે ક્લેશ એ વિશેષ વિકારો છે. પ્રાચીન બૌદ્ધો લોભ, દોષ, મોહ, માન, દૃષ્ટિ ( એટલે ખોટા સિદ્ધાન્તને પકડી રાખવો ) વિચિકિત્સા (સંશય) આલસ્ય, ઉદ્ધતપણું, અહ્રીકત્વ (નિર્લજ્જપણું) વિગેરે નામની ક્લેશોની ગણના કરે છે, અને લોભ, દોષ, ( ક્રોધ ) અને મોહ એ ત્રણ વર્ગમાં વહેંચે છે.

અવિદ્યાના આસવો, અને ક્લેશો વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ અને વિજ્ઞાન સ્કંધમાં જોડાયલા રહે છે, અને તે વડે કાયિક, વાચિક અને માનસિક ત્રણ પ્રકારનાં કર્મો થાય છે.*

## (૬) અવિદ્યા નિવૃત્તિના અને નિર્વાણના ત્રણ ઉપાયો.

આ આસવો અને ક્લેશો દૂર કરવા અને અવિદ્યાના પ્રસવનો વેગ નિવૃત્ત કરવા પ્રાચીન બૌદ્ધો ત્રણ ઉપાયો જણાવે છેઃ-(૧) શીલ (સદાચરણ) (૨) સમાધિ, અને (૩) પ્રજ્ઞા અથવા શુદ્ધજ્ઞાન.

પાપકર્મથી નિવૃત્ત થવું અને સત્કર્મનું સેવન કરવું-સારાંશ યોગશાસ્ત્રના યમ અને નિયમરૂપ અંગો-તેને શીલ કહે છે. પ્રાચીન બૌદ્ધો શીલના ચાર વર્ગ પાડે છે. શુદ્ધપ્રયત્ન ( પારિભાષિક શબ્દ "ચેતના" ), અનુકૂલ વિચારધારાનું સેવન અથવા સદ્વિચાર ( પારિભાષિક શબ્દ-ચેતસિક ) મનનું અંકુશ ( પારિભાષિક-સંવર ), અને મનથી નક્કી કરેલા આચરણ-

* આ વિચારો "ધર્મસંગિની" ના આધારે લીધા છે. પ્રાચીન બૌદ્ધોમાં ચિત્તના ભાવો અથવા આવેશોનું વર્ગીકરણ સાંખ્ય-યોગ જેવું સ્પષ્ટ નથી. પરંતુ લોક વ્યવહાર પૂરતું જણાય છે. સાંખ્ય-યોગમાં અવિદ્યાનાં ચાર પર્વો રાગ, દ્વેષ, અસ્મિતા અને અભિનિવેશ ( મરણ ભય ) આ પ્રાચીન બૌદ્ધના "આસવ" સાથે મળતાં છે, આ ચાર પર્વસાથેની અવિદ્યાને સાંખ્ય યોગ ચિત્ત નદીને ડહોળનાર હોવાથી **ક્લેશ** કહે છે. બૌદ્ધદર્શનમાં સામાન્ય રાગાદિ દોષને આસવ, અને વિશેષ અથવા ઉત્કટ વેગવાળા ભાવને ક્લેશ કહે છે.



માંથી ડગવું નહિ (પારિભાષિક અવ્યતિક્રમ)[1], સંવર અથવા સંયમ પાંચ પ્રકારનો છે. (૧) પ્રાતિમોક્ષસંવર એટલે જે સંયમ બંધનવાળી દશામાંથી છોડવે તે. (૨) સ્મૃતિસંવર એટલે નિશ્ચયનું વિસ્મરણ કદી ન થાય તેવી સ્થિતિ એટલે અખંડ સાવધાનતા અથવા અપ્રમાદ, (૩) જ્ઞાનસંવર એટલે જ્ઞાનને ગમે તેમ વળવા ન દેતાં જ્ઞેય વસ્તુમાં લાવી અટકાવવું, (૪) ક્ષાંતિ-સંવર એટલે દ્વંદ્વને સહન કરવાનું ધૈર્ય, (૫) વીર્યસંવર એટલે ચિત્તના બળને ટકાવી રાખવું.[2]

શીલના સેવનથી શરીર, મન, અને વાણીનાં કર્મો વ્યવસ્થિત થાય છે, એટલે કે નિયમિત પ્રવૃત્તિ થાય છે. શીલવડે સાધકને સ્રોતાપન્નભાવ થાય છે, એટલે કે તેના ચિત્તનું વહેણ નિર્વાણ પ્રતિ વળે છે; અને તે "સકૃદાગામી" એટલે કે એકવાર અવતરનાર અથવા જન્મ પામનાર થાય છે.

શીલસંપન્ન પુરુષ વા સ્ત્રીએ જે બીજો ઉપાય સેવવાનો છે તેને સમાધિ કહે છે. એક આલંબન ઉપર સમ અને કંપ વિનાની ચિત્તની સરિતા એકાગ્રતા વાળી ચાલે તેને "કુશલચિત્તની એકાગ્રતા" અથવા સમાધિ કહે છે. આ સમાધિ અનુક્રમે ધ્યાનસમાધિ,[3] ઉપચારસમાધિ અને આપન્ના સમાધિ નામવાળી થાય છે.

૧ આ ચેતના, ચેતસિક, સંવર અને અવ્યતિક્રમ-નામની ચાર શીલ પદ્ધતિ પાછળના વેદાન્તશાસ્ત્રની શુભેચ્છા, સુવિચારણા, તનુમાનસા અને સત્વાપત્તિ એ ચાર જ્ઞાનભૂમિકા સાથે મળતી આવે છે.

૨ જુઓ યોગદર્શન જેમાં સમાધિના બે પ્રકાર વર્ણવ્યા છે. એક ભવપ્રત્યય એટલે સંસાર બીજનો નાશ ન કરનાર જેવીકે વિદેહો અને પ્રકૃતિલીન પુરુષોની સમાધિ; અને બીજી શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ અને પ્રજ્ઞાના અનુક્રમે ઉદયવાળી ઉપાયપ્રત્યયસમાધિ.

૩ સાંખ્યયોગમાં આ ધ્યાન સમાધિને અપરવૈરાગ્યભૂમિકા કહે છે. તે ચાર છેઃ—યતમાન, વ્યતિરેક, એકેન્દ્રિય અને વશીકાર. રાગાદિ

આ ત્રણ પ્રથમ ભૂમિકાની સમાધિઓ કહેવાય છે. આહાર વિહારાદિમાં તેના વિકારોની દોષ ભાવનાથી, આપણું શરીર ચાર પૃથિવ્યાદિ વિકારી ધાતુઓના અણુઓથી રચાયેલું છે, તેવી અખંડ ભાવનાથી, બુદ્ધના, સંઘના અને ધર્મના ગુણોના અનુસ્મરણથી, શીલના ઉત્તમ પરિણામોનું ચિંતન કરવાથી દાન અથવા ત્યાગ વૃત્તિની અનુસ્મૃતિથી, મરણની અખંડ અનુસ્મૃતિથી, અને સર્વના વિનાશની અનુસ્મૃતિથી આ આરંભભૂમિકાની સમાધિ થઇ શકે છે.

આ આરંભભૂમિકાની સમાધિ "આપન્ન" એટલે સિદ્ધ ભૂમિકાની થવા સારૂ કેટલાક બાહ્ય ઉપચારો જેવા કે શ્મશાનાદિનું સેવન, મૃતશરીરોનું અવલોકન, વિગેરે વૈરાગ્યનાં પ્રેરક સાધનો સેવવાનાં હોય છે. આને "અશુભ કમ્મત્થા" કહે છે, એટલે અશુભ કર્મનું અવસ્થાન—અથવા અશુભ કર્મના ફલરૂપ આપણું શરીર છે તેની નિષ્ઠા બાંધવી. વળી શરીર રચના, તેના વિકારોની પુનઃ પુનઃ ભાવના વડે ("કાયગતાસતી" એટલે "કાયગતાનુસ્મૃતિ") કાયામાં રહેલા દોષોનું ભાન જાગ્રત કરવું. વળી પ્રાણના પ્રશ્વાસ (પસ્સાસ) અને આશ્વાસ (આસ્સાસ) નું ભાન એકાન્ત સ્થાનમાં કરવું. સામાન્ય પ્રાણની ગતિ આગતિ આપણે ભાન પૂર્વક જોતા નથી, પરંતુ તે સંબંધી વિચાર કરતાં તેનું સ્વરૂપ અવલોકાય છે. તે ગતિ આગતિને સંખ્ય.વડે અવલોકવી, અને તે સાધનવડે ચિત્તને એકાગ્ર કરવું એને "આન પાન સતી" એટલે કે "પ્રાણાપાનસ્મૃતિ" કહે છે.

---

દોષોને પક્વ કરવાનો પ્રથમ ઉપાય અથવા પ્રયત્ન તે યતમાન; તેમાં કેટલા પાકયા અને કેટલા અપક્વ રહ્યા તેનો વિવેક કરી લેવો તે વ્યતિરેક, અને વિષયોના દર્શન શ્રવણ સમયે બાહ્ય ઇન્દ્રિયો અક્ષુબ્ધ રહે, અને મનમાં તે નાશ પામતો વેગ સમજાય તે એકેન્દ્રિય; અને બાહ્ય અને આંતર ઇન્દ્રિય અપ્રકંપ રહે તે વશીકાર.

પ્રાચીન બૌધોએ વૈરાગ્ય (હેતુ) અને સમાધિ (ફલ) નો ભેદ ઉકેલ્યો નથી, અને વૈરાગ્યરૂપ સાધનને સમાધિ નામ આપ્યું છે.



અશુભ કર્મના ઉત્થાનની સ્મૃતિ વડે, કાયાના દોષોની અનુસ્મૃતિ વડે અને પ્રાણાપાનની ગતિ આગતિ વડે, થતી ચિત્તની અનુભવસ્મૃતિ વડે જેમને "આપન્ન સમાધિ" થાય તેઓ ક્રમશઃ "બ્રહ્મવિહાર" કરી શકે. આ "બ્રહ્મવિહાર" સિદ્ધ કરવા તેણે ચાર ભાવનાઓ સિદ્ધ કરવી. પ્રથમભાવના તે મૈત્રીની છે. સાર્વત્રિક મૈત્રી ભાવના સિદ્ધ કરવા તેણે દુઃખ માત્રને શી રીતે નિવૃત કરૂં અને કેવી રીતે હું સુખી થાઉં, શી રીતે જરામરણાદિ ધર્મથી પર જાઉં, શી રીતે પ્રસન્ન રહું—એ જેવી પોતાના સંબંધમાં ઇચ્છા થાય છે, તેવી ઇચ્છાઓ ઇતર પ્રાણીઓને પણ દુઃખનિવૃત્તિની, સુખ પ્રાપ્તિની, જરામરણ જીતવાની, અને પ્રસન્ન રહેવાની થાય છે. માટે શત્રુ, મિત્ર,—ઉદાસીન સર્વમાં તેઓ સુખપૂર્વક જીવે એવી ભાવના બાંધવી; એટલે કે બીજાના સુખમાં પોતાનું સુખ જોવું, કોઇના ઉપર ક્રોધ ન કરવો, બીજાએ કદાચ અપકાર કર્યો હોય અને તેથી ક્રોધ ઉત્પન્ન થાય તો તેણે વિચારવું કે પોતાના શોકમાં આવા ક્રોધ વડે વધારો કરવા કરતાં પોતે જે શીલ સંપાદન કર્યું છે તેને ટકાવવામાં તે આવેશનો ઉપયોગ કરવો. આવેશજન્ય બલ શીલને ખપાવવામાં વપરાય તેના કરતાં શીલને વધારવામાં વાપરવું. અપકાર કરનાર પ્રાણી સ્વતઃ આવેશથી હણાયેલો છે, તેને આપણે ક્રોધ વડે શું વધારે હણવો? બીજા ક્રોધવાળા થાય ત્યારે આપણને અહીક લાગે છે તો આપણે પણ તેવા આવેશને વશ વર્તવું? વળી કોઇ પણ પદાર્થ સ્થિર નથી, સર્વ ક્ષણિક છે, ને પંચસ્કંધીરૂપ પ્રાણીએ આપણને અપકાર કર્યો તેવું માનીએ તો તે પણ વિનાશી છે; અપકાર તે સંયોગી કાર્ય છે; અપકાર કરનાર જેવી રીતે આવશ્યક નિમિત્ત છે તેવી રીતે અપકાર ભોગવનાર પોતે પણ આવશ્યક નિમિત્ત અપકારના ઉદયમાં છે, અને તેથી એક નિમિત્ત ઉપર જવાબદારી મૂકવી અને બીજા ઉપર ન મૂકવી એમાં ન્યાય શો? કહેવાતા અપકારની યોગ્યતા વિના આપણો અપકાર થતો નથી. વળી આવા સદ્વિચારના ઉદય પછી પણ ક્રોધ ન શમે તો પુનઃ વિચારવું કે અપકાર કરનાર તો પોતાને જ અનર્થ કરનાર હતો અને હું જે ક્રોધ વશ થાઉં છું તે ક્રોધજન્ય પાપકર્મ વડે જગતમાં વધારે

અનર્થ જમાવ્યા કરૂં છું. આવા સદ્વિચારના ઓઘવડે પ્રાણી માત્રમાં મૈત્રીની ભાવના પ્રકટાવવી.

મિત્ર તથા શત્રુઓનાં દુઃખ જોઇ આપણે કરુણાની ભાવના ઉત્પન્ન કરવી. દેખાતા સુખમય જીવનમાં ગુંચાયેલા પ્રાણીઓ નિર્વાણના માર્ગે પ્રવૃત્ત થતા નથી તે જોઇ પરિણામે, તેઓ અનન્ત જન્મોમાં દુઃખને ભોગવનાર છે એવા સૂક્ષ્મ વિવેકથી, તે દુઃખી જીવો પ્રતિ પણ કરૂણાની ભાવનાને પોષે છે.

પુણ્યકર્મ કરનારના શીલને જોઇ મુદિતા એટલે પ્રસન્નતાની ભાવના અને અપુણ્યકર્મ કરનાર પ્રતિ જો કરૂણા ન ઉપજે તો ઉપેક્ષાને સેવવાથી ચિત્તની નદી પ્રશાન્ત વહન કરનારી છે.

આ બ્રહ્મવિહારની ચારૂ ભાવના એ સાધન સામગ્રી છે.

ત્રણ આરંભસમાધિ ( જે વડે શીલ, સ્થિતિ અને વૈરાગ્ય દૃઢ થાય છે ) અને બ્રહ્મવિહાર ( જે વડે ચિત્તની પ્રસન્નતા સિદ્ધ થાય છે ) પછી ધ્યાનની ચાર ભૂમિકા સેવવાની બુદ્ધઘોષ "વિશુદ્ધિમાર્ગમાં" જણાવે છે. પહેલી ભૂમિકામાં ગમે તે પદાર્થના સ્થૂલ આલંબનને નામરૂપ અને સંબંધસાથે ચિંતવવાનું હોય છે. પ્રત્યક્ષ આલંબન વડે દૃષ્ટિ સિદ્ધ કરી, પછી તે આલંબનના પ્રત્યક્ષ સંબંધ વિના ચિત્તમાં તેનાં નામરૂપ અને સંબંધને ધારાવાહી ભાવથી ચિંતવવું; અને સ્થિર જણાય ત્યારે **વિતર્કધ્યાન** સમજવું. તે પદાર્થના નામરૂપ અને સંબંધના ભાન વિના સ્વરૂપે અવભાસ પામે ત્યારે **વિચારધ્યાન** થયું સમજવું. બુદ્ધઘોષ એક સુંદર ઉપમા–વડે આ બે ધ્યાનનો ભેદ દર્શાવે છે. એક પક્ષી જેમ બે પાંખો હલાવતું ઉંચું ચઢે તે નામ અને રૂપ નામની બે પાંખોના સંબંધવાળા ચિત્તનું વિતર્કધ્યાન છે; વળી જેમ તે પંખી પાંખોના ફફડાટ વિના વિસ્તારવાળી બે પાંખોથી આકાશમાં પવનના વેગને અનુસરતું અથવા સ્વેચ્છાથી એક દિશામાંથી બીજી દિશામાં પ્રવાહરૂપે ગતિ કરતું જણાય તેમ ચિત્ત, નામ અને રૂપનો આશ્રય અથવા મદદ લીધા વિના પોતાના આંતર પ્રભાવથી ધ્યેયરૂપે પલટાય ત્યારે વિચારધ્યાન થયું સમજવું.



આ બે ભૂમિકાના ધ્યાનવડે ચિત્ત ઘણું સૂક્ષ્મ પ્રસાદવાળું ( **પાલીમાં** પ્રીતિવાળું ) થાય છે અને તેને આંતરસુખનું–નિજાનંદનું–ભાન થાય છે. તેમાં અભિમાન જાગે છે. આ પ્રમાણે ધ્યેય વસ્તુના સ્વરૂપના ભાન વડે જે આનંદમાં ચિત્ત લીન થાય છે અને તેમાં "હુંપણા"ની પ્રતીતિ થાય તે ધ્યાનની પ્રીતિ ભૂમિકા અને સુખ ભૂમિકા કહેવાય છે. આ સર્વમાં ચિત્તનો પ્રવાહ એકગામી અથવા એકાગ્રતાવાળો હોય છે.

વિતર્ક અને વિચારવાળી ભૂમિકાની પ્રીતિ અને સુખના આસ્વાદવાળી એકાગ્રતાજન્ય ધ્યાનસમાધિ સિદ્ધ થયા પછી, ચઢીયાતા પ્રકારનું બીજું ધ્યાન હોય છે. તેને નિર્વિતર્ક અને નિર્વિચાર કહે છે. પહેલા સવિતર્ક અને સવિચાર ધ્યાનમાં ચિત્તના પ્રવાહનું નામરૂપ સાથેનું અને નામરૂપ વિનાનું આપણને ભાન હોય છે. પરંતુ આમાં ધ્યેયનું જ પ્રાધાન્ય હોય છે ધ્યાન કરનાર અને ધ્યાન કરવાનાં સાધનોની સ્મૃતિ રહેતી નથી. ધ્યેયની સ્થૂલ અથવા સૂક્ષ્મ આકૃતિ અથવા ભાવ અચલ દીપ જેવો પ્રકાશે છે. અને તે વડે પ્રીતિ ( સવિશેષ આનંદ ) અને સુખ ( નિર્વિશેષ આનંદ ) પ્રકટ થાય છે.

આ ધ્યાન થયા પછી–નિર્વિતર્ક અને નિર્વિચાર ભાવે ધ્યેયનું સ્વરૂપ અનુભવ્યા પછી–તે ધ્યેયવડે ઉત્પન્ન થતી પ્રીતિમાં તેનો મોહ છૂટી જાય છે. તે ધ્યેય રસના આસ્વાદમાં ગુંચાતો નથી. બુદ્ધઘોષના શબ્દોમાં કહીએ તો તે આરૂઢ ઉપેક્ષાવાળો (દૃઢ વશીકાર વૈરાગ્યવાળો ) અને ક્ષીણાસવ થાય છે, પરંતુ પ્રીતિ છૂટયા છતાં સુખવાસના અવિશેષ રહે છે. સવિશેષ પ્રીતિ નહિ તોપણ નિર્વિશેષ સુખની " લગની " લાગેલી હોય છે. પરંતુ આ અતિમધુર નિર્વિશેષ સુખમાં બંધનવાળી સ્થિતિ ભોગવવાને બદલે તે ઉપેક્ષાવાળી સ્થિતિ ભોગવી જાણે છે. આ સ્થિતિમાં સુખના અનુભવ સાથે પરમ વશીકાર, ધ્યાન કરનાર ચિત્તને હોય છે.

સુખ અને દુઃખ, રાગ અને દ્વેષનાં ઉત્પાદક સઘળાં મૂળોનો ઉચ્છેદ થયા પછી ધ્યેય વસ્તુની જાણે શૂન્યતા થઈ ગઈ હોય એવી તીવ્ર " ઉપેક્ષા "

(વૈરાગ્યના અર્થમાં આ શબ્દ વપરાયેલો છે,) વડે જે પરમ એકાગ્રતા ઉત્પન્ન થવી તે ધ્યાનની છેલ્લી ભૂમિકા છે. ચિત્ત આ ભૂમિકા સિદ્ધ થયા પછી પલટાઈ જાય છે. અથવા "ચેતો વિમૂર્તિ" થાય છે; અને ધ્યાન કરનાર "અર્હત્" પદને પ્રાપ્ત કરે છે. પંચસ્કંધોની નવી ઉત્પત્તિ થતી નથી, નવો જન્મ થતો નથી, અને દુઃખમાત્રની નિવૃત્તિ અથવા નિર્વાણ પ્રાપ્તિ થાય છે.

## (૧૦) સતૃષ્ણ કર્મ અને વિતૃષ્ણ કર્મ.

પ્રાચીન બૌદ્ધોએ કર્મસિદ્ધાન્ત ઉપનિષદ્‌માંથી જેવોને તેવો લીધો છે. પરંતુ તેમણે એવો વિવેક કર્યો છે કે જાતિ ઉત્પન્ન કરનાર કારણ "ભવ"– એટલે નવી ઉત્પત્તિ કરનાર કર્માશય, જ્યારે રાગ દ્વેષ લોભથી પ્રેરાયલો હોય છે ત્યારે જાતિ ઉત્પાદક થાય છે. રાગ, દ્વેષ અને મોહ વિનાની પ્રવૃત્તિ, જેમ નાના–વૃક્ષને મૂલનો વિચ્છેદ કરી બહાર કાઢીએ તો તે બીજે સ્થાને રોપીએ તોપણ ઉગતું નથી. તેમ જન્મ પરંપરાને પ્રગટ કરી શકતી નથી. તૃષ્ણાની તાણ વિનાનું કર્મ શુભ અથવા અશુભ, અથવા શુભાશુભ ફલને પ્રકટ કરતું નથી, અને તે ચોથા વર્ગનું કહીએ તો ચાલે. આથી તૃષ્ણાવડે વિષયોનું ઉપાદાન થાય, વિષયોમાં ચિત્તની લપટામણ થાય, તે વડે જ ભવને ઉત્પન્ન કરનાર કર્મ થાય અને તે વડે જાતિ નિર્માણ થાય. પરંતુ તૃષ્ણા ન હોય–એટલે પરમ વૈરાગ્ય હોય–તો જન્માદિ દુઃખ નથી. આ પ્રથમ આર્ય સત્ય છે; જ્યારે સર્વ દુઃખમય છે એ સત્યની એક બાજુ છે, ત્યારે તૃષ્ણાના અભાવે દુઃખ નથી એ સત્યની બીજી બાજુ છે. આ સત્ય અનુભવનાર તૃષ્ણાના પરમ ઉચ્છેદવાળો–પરમ વૈરાગ્યવાળો–અર્હત્ કહેવાય છે.

વિતૃષ્ણકર્મ–કાયિક, વાચિક અને માનસિક–ભવમોચક છે, જ્યારે સતૃષ્ણ કર્મ પુણ્યપ્રધાન હોઇ શુભલોકમાં સંપત્તિ આપનાર, અશુભપ્રધાન હોઇ અશુભ લોકમાં ગતિ આપનાર અને શુભાશુભ અથવા મિશ્ર હોઈ મનુષ્યયોનિ જેવાં મિશ્ર સુખ દુઃખ આપનાર થાય છે.



## (૧૧) નિર્વાણ.

શીલ અને સમાધિના ઉત્કર્ષથી જે છેલ્લી પ્રજ્ઞા અથવા શુદ્ધ બુદ્ધિ ઉત્પન્ન થાય તે વડે, અને પરમ વૈતૃષ્ણ્ય વડે અથવા પરમ વૈરાગ્યના પ્રભાવથી સંસાર અથવા ભવચક્રની નિવૃત્તિ થાય છે. આ સ્થિતિને બૌદ્ધો નિર્વાણ કહે છે. આ "નિર્વાણ પદ" સાંખ્ય–યોગના કૈવલ્ય જેવું છે કે ઔપનિષદ દર્શનના મોક્ષ જેવું છે તે બાબત વિચારભેદ ઘણા છે. પ્રોફેસર પુસીન (Poussin) ના અભિપ્રાય પ્રમાણે મન વાણીથી અગોચર, અચલ, નિષેધ-રૂપ આ સ્થિતિ છે; જ્યારે મી. શ્રેડર (Schrader) કહે છે કે પાલી ગ્રંથોના અવલોકનથી સમજાય છે કે બુદ્ધના અભિપ્રાય પ્રમાણે, પૃથક્ અસ્તિત્વની અત્યંત નિવૃત્તિ વિનાની, જગદાત્માની સાથેની પ્રાયણ સમયે આવિર્ભાવ પામતી, અનન્ત વિજ્ઞાન અને આકાશમાં તાદાત્મ્યભાવવાળી સ્થિતિ છે. વસ્તુતઃ સંસારી પદમાં રહી અસંસારી નિર્વાણપદના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન બૌદ્ધ દૃષ્ટિથી અશાસ્ત્રીય છે. આ અસ્પષ્ટ જ્ઞાનને લીધે મહાયાનના અનુયાયી નાગાર્જુન તથા ચન્દ્રકીર્તિ વિગેરેએ બૌદ્ધમતને કેવળ શૂન્ય પર્યવસાયી આણી મુક્યો છે.

## (૧૨) ઔપનિષદ દર્શન અને પ્રાચીન સાંખ્ય–યોગ દર્શન મત સામે "થેરાવાદની" સરખામણી.

પ્રાચીન વેદકાલના ઉપનિષદોમાંથી તરવાયેલા ઔપનિષદ દર્શનના સિદ્ધાંતો તથા પ્રાચીન સાંખ્ય–યોગ એટલે ગૌતમબુદ્ધના જન્મ પહેલાંના સાંખ્ય–યોગના વિચારો સાથે "થેરાવાદ"ના બૌદ્ધસિદ્ધાંતોની સરખામણી કરતાં આપણને તત્ત્વજ્ઞાનના ઇતિહાસનો કેવો સંકોચ વિકાસ થયો તે સમજાશે.

આપણે વિચારી ગયા છીએ કે સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદોમાં તત્ત્વદર્શનની જે રૂપરેખા જણાય છે તેણે છેવટે અધ્યાત્મવાદનું વિશિષ્ટરૂપ

પકડ્યું છે, જગત્કારણ બ્રહ્મ તે આપણા શારીરાત્માથી જુદું તત્વ નથી. પરંતુ આત્મા એજ બ્રહ્મ છે, એ સિદ્ધાન્ત ઉપર ઉપનિષદોનું તાત્પર્ય છે. અધિભૂત જગતનું મૂલતત્વ, અધિદૈવ વિશ્વનું મૂલતત્વ અને અધ્યાત્મ દેહીનું સત્યતત્વ-એ ત્રણ એકજ વસ્તુનાં ત્રણ રૂપો છે. તે વસ્તુનું પરોક્ષપણાથી ભાન કરવા બ્રહ્મ નામનો ઉપયોગ થાય, અને અપરોક્ષપણાથી ભાન કરવા આત્મા નામનો ઉપયોગ થાય. આ મૂલતત્વ મૂર્ત અને અમૂર્ત, મર્ત્ય અને અમર્ત્ય, સ્થિર અને જંગમ, લૌકિક સત્ય અને પરમસત્ય એવા પ્રકારનું છે. તે પ્રકારો ખરા છે કે ખોટા તેનો નિર્ણય જેવો પાછળના વેદાન્ત દર્શનમાં થયો છે તેવો ઉપનિષદ્કાલમાં થયો નથી. પરંતુ બ્રહ્મ **सत्यस्य सत्यम्**-સત્યનું પણ સત્ય છે, પ્રાણોથી ભરપુર જગત સત્ય છે, પરબ્રહ્મ તે સત્યનું પણ સત્ય છે-એ બૃહદારણ્યકના આદેશથી મૂલતત્વ શાશ્વત છે તેમાં કંઈ વિવાદ નથી.

મહાત્મા ગૌતમ બુદ્ધે જો કે આ શાશ્વત બ્રહ્મ અથવા આત્માનો સ્પષ્ટ નિષેધ નથી કર્યો, તોપણ શાશ્વત બ્રહ્માત્માના શોધ કરવા જતાં આ ભવ રોગ શી રીતે મટે, જન્માદિ પરંપરાજન્યદુઃખ શી રીતે ટળે, તે બાબત વધારે લક્ષ્ય આપ્યું, અને તેના નિર્ણયમાં વેદાદિશાસ્ત્રને અથવા આપ્તવાક્યને પ્રધાન પદ નહિ આપતાં પોતાના આંતર અવલોકનને પ્રધાન પદ આપ્યું, અને તે વડે જણાયેલા દ્વાદશાંગ ભવચક્ર અથવા નિદાનમાલા અને પ્રતીત્યસમુત્પાદ વડે આ વિશ્વની અને આપણા જીવનની ક્ષણભંગુરતાનો નિર્ણય કર્યો. સર્વ દૃશ્યની ક્ષણિકતાનો અને તેના પ્રવાહીપણાનો સિદ્ધાન્ત તે તત્વજ્ઞાનના ઇતિહાસમાં ગૌતમબુદ્ધનો પોતાનો સ્વતંત્ર નિર્ણય છે. અને તેણે પાછળના વેદાન્તના જગદ્વૈતથ્યના અથવા માયાવાદના સિદ્ધાન્ત ઉપર ઉંડી અસર કરી છે, તે ગૌડ પાદના સિદ્ધાન્તોનો વિવેક કરતાં આપણને સમજાશે. ઉપનિષદ્નું દર્શન જ્યારે બ્રહ્માત્મ વસ્તુનું શાશ્વતપણું પ્રતિપાદન કરે છે અને તેના ઉપર ભાર મૂકે છે, ત્યારે પ્રાચીન બૌદ્ધ દર્શન વિશ્વની ક્ષણભંગુરતા ઉપર ભાર મૂકે છે. જ્યારે બ્રાહ્મણના ધર્મની મૂલ મુદ્રા



**सर्वं खलु इदं ब्रह्म**-આ સર્વ સ્થિર બ્રહ્મતત્વ છે, ત્યારે બૌદ્ધ ધર્મની મુદ્રા **सर्वमनित्यं** સર્વ ક્ષણિક છે. *

બીજું:—ઉપનિષદો બ્રહ્માત્મ વસ્તુને કેવલ સત્ અથવા ચિન્મય સ્થાપી બેસી રહેતાં નથી. પરંતુ તેના આનંદમય સ્વભાવ ઉપર ભાર મૂકે છે. આ "આકાશ (ચિદાકાશ) આનંદરૂપ ન હોય તો કોણ પ્રાણ ધારણ કરી શકે"-એ પ્રકારની શ્રુતિ જીવનનું લક્ષ્ય આનંદમય સ્થિતિની પ્રાપ્તિ છે એ સ્પષ્ટ જણાવે છે. વળી આત્માનું પ્રેમાસ્પદપણું-પરમ પ્રીતિનો

* જુઓ **वच्छगोत्तसुत्र** (વત્સ ગોત્રસૂત્ર). આ સૂત્રમાં વત્સગોત્ર પરિવ્રાજકના "હે ગૌતમ આત્મા છે કે નહિ"-એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ બુદ્ધે કેવલ મૌન ધાર્યું હતું, અને હા અથવા ના-એમાંથી એકપણ ઉત્તર દીધું ન હતું.

વળી જુઓ **चूलमालुंक्यपुत्रसूत्र** (**मज्झिमपण्णासक २. वग्ग १.**) આ માલુંક્ય પુત્રની "જગત શાશ્વત છે કે અશાશ્વત; શરીર અને આત્મા એક છે કે ભિન્ન છે; મરણ પછી જગતમાં પુનર્જન્મ છે કે નહિ-ઇત્યાદિ પ્રશ્નોના ઉત્તરમાં ભગવાન્ બુદ્ધેઃ-" જેમ બાણથી વીંધાયેલો મનુષ્ય આ બાણ કોણે માર્યું, મારનાર શી જાતનો હતો ઇત્યાદિ પ્રશ્નોનું ઉત્તર શસ્ત્રવૈદ્ય આપે નહિ ત્યાં સુધી હું બાણ કાઢવાનો શસ્ત્રપ્રયોગ નહિ કરવા દઉં એમ કહેનાર પોતાના દેહનું રક્ષણ કર્યા વિના મરણ શરણ થાય છે, તેમ જગત્ શાશ્વત છે કે અશાશ્વત, આત્મા દેહથી ભિન્ન છે કે નહિ, ઇત્યાદિ પ્રશ્નોનું સમાધાન નહિ થાય ત્યાં સુધી ભવરોગની ચિકિત્સા નહિ કરાવું એવું માનનાર ભવરોગનું નિવારણ કર્યા વિના મરી જાય છે. માટે જે ચાર આર્ય સત્યોનું મેં પ્રતિપાદન અનુભવથી કર્યું છે તેની ચર્ચા કરવાથી બ્રહ્મચર્યની સ્થિરતા થાય છે, પાપનો નિરોધ થાય છે. શાન્તિ, પ્રજ્ઞા, સંબોધ અને નિર્વાણની પ્રાપ્તિ થાય છે. જે વાતની મેં ચર્ચા કરી નથી તે વાતની ચર્ચા કરીશ નહિ, અને જે વાતનું મેં સ્પષ્ટીકરણ કર્યું છે તે વિષયો સ્પષ્ટીકરણને યોગ્ય માનજે "-એ મતલબનું સમાધાન કર્યું છે.

આધાર–તે યાજ્ઞવલ્ક્યના મૈત્રેયીને આપેલા ઉપદેશનું ગંભીર તાત્પર્ય છે. એટલે બ્રહ્માત્મૈક્ય ખરૂં પરંતુ તે સ્વભાવસિદ્ધ આનંદના આવિષ્કાર અર્થે, કેવળ દુઃખની નિવૃત્તિને અર્થે નહિ, તે ઉપનિષદોનો બીજો સિદ્ધાન્ત છે. જ્યારે પ્રાચીન બૌદ્ધોએ આ ભવ અથવા સંસાર દુઃખમય છે, અને દુઃખની પરંપરાની નિવૃતિ કરી નિર્વાણ પામવું–ઓલવાવું–એમાં પુરૂષાર્થ છે એવું માન્યું છે. આ પ્રમાણે ઉપનિષદ્ દર્શન આશાવાદી–પ્રસન્નતાનું નિર્વાહક છે, ત્યારે બૌદ્ધ દર્શન નૈરાશ્યવાદી છે–વૈરાગ્યનું પ્રબોધક છે; અને તેટલા અંશમાં સાંખ્ય–યોગાનુ–સારી છે.પ્રાચીન બ્રાહ્મણ ધર્મની મુદ્રા **सर्वमात्मा** સર્વ આત્મરૂપ છે ત્યારે બૌદ્ધમુદ્રા **सर्वमनात्मम्–सर्वंदुःखम्**–સર્વ અનાત્મા છે, સર્વદુઃખરૂપ છે એ પ્રકારની છે.

ત્રીજું:—ઉપનિષદ્‌માં બ્રહ્માત્મૈક્યની સિદ્ધિ પ્રત્યેક અનુભવના પાયામાં છે. પ્રતિબોધમાં–પ્રત્યેક વિજ્ઞાનમાં–સ્થિર વસ્તુનો સદ્‌ભાવ અંતર્ગત છે. **प्रतिबोध विदितममृतत्वं हि विन्दते** પ્રત્યેક બોધમાં અમૃતત્વ સમજાય છે એવી કેન ઉપનિષદ્‌ની શ્રુતિ બ્રહ્માત્મૈક્ય, જો કે ઇન્દ્રિય પ્રત્યક્ષ નથી, તો પણ અતીન્દ્રિય સાક્ષાત્કારના વિષયરૂપ છે એમ જણાવે છે; અને જે **नेति नेति** કહેવામાં આવે છે તેનું તાત્પર્ય આત્માના નિષેધમાં નથી પરંતુ જે જે અનાત્મભાવો છે તેનો આત્મામાં સ્પર્શ નથી, અને તે ઇન્દ્રિયગમ્ય નથી એ દર્શાવવામાં છે. બૌદ્ધમત પ્રમાણે આ આત્માનો એકપણાનો અનુભવ અથવા પ્રત્યય સત્ય નથી પણ ભ્રમ છે. તે મત પ્રમાણે વ્યક્તિમાં અથવા સમષ્ટિમાં જે એકાત્માનો અનુભવ જણાય છે તે ક્ષણિક વિજ્ઞાનોની ધારા અથવા સંતાન છે અને ધારા અથવા સંતાનમાં એકપણાની મિથ્યા પ્રતીતિ છે. અનુભવ અને સંસ્કારોની ગુંથણી આ સંતાનમાં "પ્રતીત્યસમુત્પાદ"ના નિયમ પ્રમાણે થયાં જ કરે છે; અને એક વિજ્ઞાન નાશ પામતાં પોતાના સંસ્કારને પોતાના કાર્યવિજ્ઞાનમાં મૂકતું જાય છે તેથી વિશિષ્ટ હુંપણાનું ભાન સંતાનમાં અથવા ધારામાં થાય છે, તે ખોટું છે છતાં સ્થિર આત્માના જ્ઞાપક તરીકે મનાય છે. આ રીતે ક્ષણિક વિજ્ઞાનવાદનો પાયો પ્રાચીન બૌદ્ધમતમાં



નંખાઇ ચૂક્યો છે; જ્યારે **સ્થિર** વિજ્ઞાનવાદ અથવા બ્રહ્મવાદનો પાયો ઉપનિષદોમાં નંખાયો છે.

ચોથું:–ઉપનિષદો મોક્ષ સિદ્ધિના ઉપાય તરીકે બ્રહ્માત્મૈક્યના અનુભવને જણાવે છે. બ્રહ્મ વિજ્ઞાન રૂપ છે. હું બ્રહ્મ છું; તે તું છે; અને આ આત્મા બ્રહ્મ છે. એ પ્રકારનાં મહા વાક્યો આન્તર અનુભવ માત્રને મોક્ષ સ્થિતિના આવિર્ભાવનાં કારણ માને છે, પરંતુ તે અનુભવ જાગ્રત થવા સારૂ વિસ્પષ્ટ સાધનોનો નિર્ણય કરતાં નથી. તત્વદર્શનના ઉપાય તરીકે યોગનું વર્ણન શ્વેતાશ્વતર, કાઠક, મુંડક ઇત્યાદિ ઉપનિષદોમાં છે, પરંતુ તે ઉપાયને શાસ્ત્રીય રૂપ અપાયું નથી; યોગપદ્ધતિ અથવા ઉપાયપદ્ધતિ ઘડાઇ નથી પણ "થેરાવાદ"માં આ યોગપદ્ધતિ અથવા ઉપાયપદ્ધતિ શીલ, સમાધિ અને પ્રજ્ઞાના પ્રતિપાદનમાં ઘડાઇ ચૂકી છે.

પાંચમું:—વેદાનુસારી દર્શનમાં કર્મ, ઉપાસના અને જ્ઞાનનું વિધાન છે; તેવું બૌદ્ધદર્શનમાં પણ શીલ, સમાધિ અને પ્રજ્ઞાનું વિધાન છે. જ્યારે વેદકાલીન કર્મ યજ્ઞાદિમાં પરિસમાપ્ત થતું, ત્યારે બૌદ્ધ ધર્મનું શીલ ઘણું વ્યાપક હતું; અને શરીર, મન વાણીના સર્વ વ્યાપારોની શુદ્ધિ પ્રતિ વળેલું હતું; વેદ કર્મ કોઇ અપૂર્વ અથવા અદષ્ટ દ્વારા જાદુઇ અસરથી સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિ કરાવે છે એવી ભાવના હતી, ત્યારે બૌદ્ધ શીલ "પ્રતીત્યસમુત્પાદ',ના નિયમથી વર્તમાન વિશુદ્ધિ અને સંતોષને ઉત્પન્ન કરનાર હતું; વૈદિક કર્મો ઘણે ભાગે તે તે ફલનાં પ્રવર્તક હતાં, અને ફલની અભિસંધિથી જ તે કર્મો થતાં, ત્યારે બૌદ્ધ શીલ, તૃષ્ણા વિરહિત આચરવામાં આવતું; વેદધર્મમાં ફલાભિસંધિ વિના–નિષ્કામ ભાવે ઇશ્વરાર્પણ બુદ્ધિથી કર્મ કરવા વડે ચિત્ત શુદ્ધિરૂપ ફલ પ્રાપ્ત થાય છે એ સિદ્ધાન્ત બૌદ્ધ દષ્ટિના ઉદય પછીનો છે. ગીતાશાસ્ત્રમાં તે પ્રથમ પ્રબોધાયો છે, અને તે બૌદ્ધ દર્શનના આવિર્ભાવ પછીનો છે. આ કર્મના અનુષ્ટાનના સ્વરૂપ અને પ્રયોજનના ભેદને લીધે વૈદિક કર્મ જગતના ઉપકારમાં અથવા લોકના ઉપકારમાં ભાગ્યે પરિણમી શક્યું, ત્યારે બૌદ્ધ દર્શનનું શીલ દુઃખી અને આર્તજનોના રક્ષણાદિમાં પરિણમ્યું, અને બૌદ્ધ ભિક્ષુઓએ અશોક મહારાજના રાજ

ધર્મ તરીકે બૌદ્ધધર્મ સ્વીકારાયા પછી વિશ્વ ઉપર સમાજ સેવાના અનવધિ ઉપકાર કર્યા છે. વળી વૈદિક ઉપાસનાપદ્ધતિએ વિશિષ્ટ યોગ પદ્ધતિ ઉભી કરી નહિ. ત્યારે બૌધ્ધ સમાધિએ યોગાચારદ્વારા વિશિષ્ટ યોગાનુષ્ઠાનની પદ્ધતિ રચી. વૈદિક બ્રહ્માત્મૈક્ય જ્ઞાન જ્યારે શબ્દશઃ બ્રહ્મને અનુસરતું રહ્યું, ત્યારે બૌદ્ધ પ્રજ્ઞા આંતર આલોચનાના ફલરૂપે પ્રકટી. વૈદિક ઉપનિષદોમાં–"સંજ્ઞાન, આજ્ઞાન, વિજ્ઞાન, પ્રજ્ઞાન, મેધા, દૃષ્ટિ, ધૃતિ, મતિ મૂતિ, સ્મૃતિ, સંકલ્પ, ક્રતુ, અસુ, કામ, વશ ઇત્યાદિ સર્વ પ્રજ્ઞાનનાં નામો છે–" એવી રીતે " પ્રજ્ઞાન બ્રહ્મ છે " એ મહાવાક્યના ઉપદેશમાં મનના સઘળા વ્યાપારોને પ્રજ્ઞાનમાં સમાવ્યા, અને હ્રી, ધી, ભી ઇત્યાદિ લાગણીઓને "સર્વ મન છે " એ વાક્યથી મનમાં સમાવી. તેમ બૌદ્ધોએ કર્યું નહિ. હિન્દુસ્થાનમાં માનસશાસ્ત્રનો પાયો ગૌતમ બુદ્ધે નાખ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી. અન્તઃકરણના અથવા ચિત્તના વ્યાપારોનું વર્ગીકરણ પંચસ્કંધ દ્વારા ભગવાન બુદ્ધે પ્રથમજ કર્યું એમ કહીએ તો ચાલે. ઇન્દ્રિયો અને અર્થના "સ્પર્શ" વડે વેદના" થાય અને તે ઇન્દ્રિયવિજ્ઞાન (Sensations) વડે સ્પષ્ટ સંજ્ઞા ( Ideas ) થાય અને તે વડે સંસ્કારો ( Impressions) અને તેનો સ્કંધ ( Law of Association of ideas ) ઘડાય, અને છેવટે વિજ્ઞાન (Consciousness) પ્રકટ થાય–આ વિવેકમાં માનસશાસ્ત્રનો પાયો છે, અને તેના ઉપર વિજ્ઞાનવાદી બૌદ્ધોની ઇમારત છે, અને તેનોજ આશ્રય લઇ યોગશાસ્ત્રે વૃત્તિઓની વ્યવસ્થા અથવા વર્ગીકરણ કર્યું છે. બ્રાહ્મણોના ગ્રંથોમાં માનસશાસ્ત્રનો ભગવાન્ બુદ્ધના પહેલાં સ્પષ્ટ વિવેક થયો હોય તેમ જણાતું નથી.

છઠ્ઠું;—ઉપનિષદ્ દર્શનમાં સર્વ ભૂતમાં આત્માને જોવો અને આત્મામાં સર્વ ભૂતને જોવાં એવો સર્વાત્મભાવનો પ્રબોધ છે, પરંતુ શ્રુતિસિદ્ધ આત્મા સર્વ સંસાર ધર્મથી પર હોવાથી વ્યવહારમાં આ સર્વાત્મભાવનો પ્રબોધ ભેદબુદ્ધિનો લોપ કરાવવા સમર્થ ન થયો, અને જાતિ તથા વર્ણભેદની જાલ ધીમે ધીમે વધારે ગુંચાતી ચાલી. અને છેવટે વિચારમાં સર્વાત્મભાવ છતાં આચારમાં અનન્ત ભેદભાવનું પોષણ મળ્યાં કર્યું. બૌદ્ધદર્શનમાં આત્મા જેવો સ્થિર પદાર્થ નહિ મનાયાથી અને



આપણ સર્વ પંચસ્કંધરૂપ સમાન રચનાનાં હોવાથી, તથા પ્રત્યેક પંચસ્કંધી ક્ષણિક વસ્તુના સંતાનરૂપ હોવાથી, સર્વ પ્રાણીઓ સમાન દુઃખની તાણમાં તણાયેલા હોવાથી, સર્વ અનુકંપા અને દયાનાં પાત્ર છે, અને જેમને આ વસ્તુનું ભાન થયું છે તેવા શીલસંપન્ન (સ્રોતાપન્ન) અથવા સમાધિસંપન્ન અથવા પ્રજ્ઞાસંપન્ન અર્હત્ વિગેરેએ પણ ઇતર પ્રાણીઓ ઉપર અનુકંપા દર્શાવી તેમનો ઉદ્ધાર કરવો—એ ભાવ બલવાન્ રહેવાથી, સર્વાત્મભાવ નહિ છતાં, સમદુઃખશીલ ભાવના વડે પરોપકાર વધારે થયો. ઉપનિષદોમાં સર્વાત્મભાવનો પ્રબોધ છતાં વેદના યજ્ઞકાંડમાં ગુંચાયેલી મતિ હિંસાને સર્વાંશે ત્યજી શકી નહિ. ત્યારે બૌદ્ધ દર્શનમાં પ્રજ્ઞાદીપ વડે પરનિંદા અથવા પર સ્તુતિનો ત્યાગ કરી અહિંસાએ જનતામાં સરલ પ્રવેશ કર્યો. આ બલવાળી અહિંસા વેદાનુસારી બ્રાહ્મણોમાં એવી તો પેઠી કે યજ્ઞની હિંસા તે હિંસા નહિ–એવી કેવલ શબ્દશરણતાની ભાવના રહી, અને આચાર ઘણે ભાગે અહિંસાપ્રધાન થયો; અને વેદનો હિંસામય યજ્ઞકાંડ સ્વભાવબલથી લય પામ્યો, અને હાલના વેદાનુસારી બ્રાહ્મણોને પ્રાચીન યજ્ઞકાંડમાં આવી ઘોર હિંસા હતી તે અર્થની ઉકેલમાં પણ ત્રાસ થવા લાગ્યો. અનિચ્છાથી પણ ગૌતમ બુદ્ધને ઇશ્વરાવતારમાં સ્થાન મળ્યું, અને કલિમાં અવળે માર્ગે ચઢાવવા બુદ્ધનો અવતાર થયો એવી આગ્રહી વૈદિકોને સંતર્પણ કરવાની ભાવના પેસાડવા પુરાણોમાં પ્રયત્ન થયા; ધર્મના, અને તત્વજ્ઞાનના ઇતિહાસમાં સત્ય અનિચ્છાથી પણ આગળ તરે છે એનો બ્રાહ્મણ ધર્મમાં બુદ્ધાવતારની ભાવના સત્ય સંરક્ષણનો બળવાન પુરાવો છે.

સાતમુંઃ–પ્રાચીન બૌદ્ધદર્શનને પ્રાચીન સાંખ્ય સિદ્ધાન્ત સાથે સરખાવતાં જણાય છે કે બુદ્ધનો નિર્વેદવાદ અને સર્વ દુઃખમય છે એ સિદ્ધાન્ત પાયામાં સાંખ્યનો છે. " પ્રધાન"ના સ્વરૂપ ઘટક સત્વાદિ ત્રણ ગુણો–**चलं हि गुणवृत्तम्**–ગુણોનો સ્વભાવ વિકારી થવાનો છે–એ પ્રાચીન સાંખ્ય મંતવ્યમાં બૌદ્ધની ક્ષણભંગુરતાનું બીજ છે. પુરૂષને બાતલ કરીએ તો સાંખ્ય યોગના ગુણોના પરિણામ રૂપ આ વિશ્વ છે, અને તે પણ મહત્ અથવા બુદ્ધિ અથવા ચિત્તસત્વના વૃત્તિમય પરિણામો વડે સમજાય છે એ નિર્ણય

બૌદ્ધદર્શનના ભાવિ ક્ષણિક વિજ્ઞાનવાદના આલંબન રૂપે સહજ સમજાશે. સાંખ્યયોગના અનુયાયીઓએ જે તત્વદર્શન પાછળથી ખેડ્યું છે તે માત્ર અનુયાયીઓના એકાંત ઉપયોગનું રહ્યું, અને બૌદ્ધોનું ખેડાયેલું ક્ષેત્ર રાજ્યાશ્રયને લીધે સાર્વત્રિક ઉપયોગનું થયું. એકાન્ત ઉપયોગનું સાંખ્યયોગનું ક્ષેત્ર વિભૂતિ અને ઐશ્વર્યની ભૂતાવલિમાં ભયદર્શક રહ્યું; ત્યારે બૌદ્ધોનું મહાયાનનું વિશાલ ક્ષેત્ર હિન્દુસ્થાનમાં લગભગ ૧૪૦૦ વર્ષ પર્યન્ત મનોરંજક ઉદ્યાન બન્યું.

આઠમું:-ભગવાન બુદ્ધનું ઐતિહાસિક મનુષ્યજીવન એવું તો અદ્ભુત સાધુતાથી જનતાના સંબંધમાં એંશી વર્ષ પર્યન્ત રહ્યું કે પ્રજાના મનમાં તેની દિવ્ય ભાવના ઉંડી પેસી ગઇ, અને તે ભગવાન્ હિન્દુસ્થાનની જનતાના સમષ્ટિમનમાં સચેતન રહ્યા અને અશોક મહારાજાએ જ્યારથી બુદ્ધધર્મને પ્રાંતિકધર્મને પલટાવી હિન્દુસ્થાનનો રાજધર્મ અથવા પ્રજાધર્મ નહિ, પરંતુ મનુષ્ય જાતિનો સમાન હકવાળો વારસાનો ધર્મ છે એવું શાન્તિમય ધર્મ-પ્રસારણ દેશ દિગન્તરમાં કર્યું, ત્યારથી તે બૌદ્ધદર્શન તત્વજ્ઞાનમાંજ અટકી ન રહ્યું, પરંતુ નીતિશાસ્ત્ર ( Ethics ), કલાશાસ્ત્ર ( Aesthetics, ) અને ન્યાયશાસ્ત્ર ( Logic )-એ પ્રદેશો ઉપર પ્રકાશો નાખવા લાગ્યું. તેનાજ પ્રભાવે અશ્વઘોષાદિ બૌદ્ધોએ બુદ્ધચરિતાદિ મહાકાવ્યો વડે, અને કુશલ શિલ્પીઓ અને ચિત્રકારોએ બૌદ્ધ જીવનનાં પ્રતિવૃત્ત શિલ્પ અને અજન્ટાદિ ગુફાઓનાં ચિત્રો દ્વારા જાળવી રાખી પ્રજાના બુદ્ધિપટમાં બુદ્ધના રમ્ય જીવનને અદ્યાપિ સચેતન રાખ્યું છે.

## (૧૩) બૌદ્ધદર્શનની બે મુખ્ય શાખાઓ, અને અવાન્તર શાખાઓ.

ઉપરનાં પાંચથી અગીઆર ખંડમાં બૌદ્ધ સિદ્ધાન્તોનું સ્વરૂપ વર્ણવ્યું છે તે થેરાવાદ અથવા સ્થવિરવાદને લગતું છે. ઈ. સ. પૂર્વે ૪૦૦ માં ગૌતમ બુદ્ધના નિર્વાણ પછી લગભગ સો વર્ષે-જે વૈશાલિમાં પરિષદ્ થઈ તેમાં બૌદ્ધોના બે તડ઼ પડ્યા. એક પક્ષે સ્થવિરોના વિચારોને માન આપ્યું. બીજા



પક્ષે મહાસંઘના વિચારોને માન આપ્યું, સ્થવિરોના નિર્ણયો તે "થેરાવાદ;" નવીનોના સંઘને અનુસરતા નિર્ણયો તે મહાસંઘના નિર્ણયો. "થેરાવાદ"ને પાછળથી હીનયાનનું નામ આપવામાં આવ્યું છે. તેનું કારણ એમ જણાય છે કે તે વાદ પ્રમાણે બૌદ્ધશાસન વ્યક્તિએ પોતાનું નિર્વાણ સાધવા પ્રયત્ન કરવો એમ સૂચવે છે. એટલે મર્યાદિત પ્રવૃત્તિ સૂચવે છે તેથી તે "હીનયાન"-નાનો ટુંકો માર્ગ કહેવાય છે; જ્યારે મહા સંઘના અનુયાયીઓ વ્યકિત ઉપરાન્ત સમષ્ટિનું નિર્વાણ સાધવા પ્રત્યેકે પ્રયત્ન કરવો એવો બુદ્ધ ભગવાનનો આદેશ માને છે. માટે તે "મહાયાન" એટલે મોટા માર્ગના પ્રવાસી ગણાય છે. આ ભેદ પ્રવૃત્તિ પરત્વે છે; સિદ્ધાન્ત પરત્વે નથી. પરંતુ સિદ્ધાન્ત પરત્વે હીનયાન અને મહાયાનમાં મુખ્યભેદ એ છે કે હીનયાનીઓ ભવચક્રના પ્રતીત્યસમુત્પાદ વડે વિશ્વની ક્ષણભંગુરતા માને છે, જગત્ ક્ષણિક દેખાવોની ધારા છે એમ માને છે, પરંતુ તે દેખાવોની પાછળ અથવા તેના આલંબનમાં વસ્તુનું શું સ્વરૂપ છે તે બાબત વિચાર કરતા નથી; ત્યારે મહાયાનમાં ક્ષણિક દેખાવોની પીઠમાં સત્વજ નથી, અવાચ્ય અને અગમ્ય શૂન્યત્વજ છે. એ નિર્ણય થયો છે, આ શૂન્યવાદમાં જે શૂન્યત્વ છે તે કેવળ નિઃસત્વ અથવા નૈરાત્મ્ય છે કે આપણને અગમ્ય "કંઇક વસ્તુ છે" તે બાબત વિચાર ભેદ છે.* જેમ **સંખ્યામાં** એક પક્ષે ૦ અને બીજે પક્ષે અનંત ∞ આંકડો-એ બે વ્યવહારમાં સરખાં છતાં પરમાર્થ વસ્તુમાં જૂદી વસ્તુ છે. એકમાં કેવળ નિષેધ છે, અને બીજામાં કેવળ ભાવની પરાકાષ્ઠા છે; તેમ વસ્તુમાં પણ મનવાણીથી અગોચર વંધ્યાપુત્ર ગણાય અને આપણે મન વાણીના પ્રયત્ન કરનાર ચેતનનું છેવટનું સ્વરૂપ પણ અવાચ્ય ગણાય. પ્રથમ કોટિને આપણે શૂન્ય અથવા મિથ્યા કહીએ તો બીજાને આપણે (પૂર્ણ) બ્રહ્મ અથવા સત્ કહીએ. સામાન્ય સમજણમાં તો પહેલી અને બીજી કોટિના પદાર્થો શૂન્યજ છે.

*શૂન્યવાદના આચાર્ય નાગાર્જુન કેવળ નિઃસત્વવાદી ન હતા, પરંતુ દેખાય છે તે ખોટું એવું સાબીત કરવા સારૂ શૂન્યતાનો ૦ સ્વીકાર કરનારા હતા. જુઓ તેમની કારિકાઃ—

પહેલો પક્ષ પડયા પછી નાની શાખાઓ બૌદ્ધોની ચાલેલી જણાય છે. જેમણે મહાસંઘનો પક્ષ કર્યો તેમના અનુયાયીઓમાં વસુબંધુના કહેવા પ્રમાણે સો વર્ષમાં (૧) મૂલમહાસંધિક (૨) એકવ્યવહારિકો (૩) લોકોત્તરવાદી (૪) કુકુલિક (૫) બહુશ્રુતીય (૬) પ્રજ્ઞપ્તિવાદી (૭) ચૈત્યશૈલ (૮) અવરશૈલ (૯) ઉત્તરશૈલ વિગેરે નામોવાળા સંપ્રદાયો હતા. તેમાં કેટલાક આચાર અથવા વિનયના ભેદને લઇને થયેલા, કેટલાક સ્થાન અથવા દેશના ભેદને લઇને થયેલા જણાય છે. થેરાવાદ અથવા સ્થવિરવાદની હૈમવંતો અને સર્વાસ્તિવાદી એવી બે મુખ્ય શાખાઓ હતી. ત્યાર પછી નવ પ્રશાખાઓ થઇઃ-(૧) વાત્સીપુત્રો (૨) ધર્મોત્તર (૩) ભદ્રમાનિક (૪) સંમ્મિતીય (૫) પન્નાગરિક(૬) મહીશાસક (૭) ધર્મગુપ્ત (૮) કાશ્યપ (૯) સૌત્રાન્તિક. ઇસવીસનના પહેલા સૈકામાં થયેલા વસુબંધુ આ સર્વ ભિન્ન વીસ સંપ્રદાયોના મતભેદ* વર્ણવે છે. પરંતુ આ મતભેદ તત્ત્વદર્શનના સિદ્ધાન્તોને લગતા નથી પણ આચારોને લગતા જણાય છે. તેથી તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં ચર્ચવા નિરૂપયોગી છે. થેરાવાદીનું બીજું નામ હેતુવાદી અથવા સર્વાસ્તિવાદી પણ છે. પરંતુ છેવટે હીનયાનની બે મુખ્ય શાખા સર્વાસ્તિવાદીની (૧) સૌત્રાન્તિક અને (૨) વૈભાષિક અને મહાયાનની બે મુખ્ય શાખા (૧) યોગાચાર અને (૨) માધ્યમિક મળી ચાર શાખામાં બૌદ્ધ તત્ત્વ-દર્શન ગ્રથિત થયું જણાય છે, અને બ્રાહ્મણોના ગ્રન્થોમાં આ ચાર મતની ચર્ચા આવે છે. તેમાં પણ

---

शून्यता सर्व दृष्टीनां प्रोक्तानिःसरणं जिनैः ।
येषां तु शून्यतादृष्टि स्तानसाध्यानब्रभाषिरे ॥

સંસારનો વિજય કરનારાઓ સર્વ દૃષ્ટિઓને બાતલ કરવી તેને શૂન્યતા કહે છે. પરંતુ જેઓ શૂન્યતા દૃષ્ટિને જ વળગી રહે છે તેઓને અસાધ્ય ભવરોગવાળા ગણે છે.

* આ પ્રાચીન બૌદ્ધ "સ્થવિરવાદ"ના સંપ્રદાયોની છાયા હિન્દુસ્થાનના તંત્રસંપ્રદાયમાં રૂપાંતર પામેલી જણાય છે. તંત્રાગમમાં **कुरुकुल्ला** એ બલિની દેવતા મનાય છે. ધર્મોત્તર શાખામાંથી **शिवधर्मोत्तर**, **विष्णुधर्मोत्तर** વગેરે પ્રણાલિકાઓ નીકળેલી છે.



બ્રાહ્મણોના ગ્રંથોમાં જ્યારે સુગતમત એવા સામાન્ય નામથી નિર્દેશ કરે છે ત્યારે સર્વાસ્તિવાદીનો નિર્દેશ કરતા જણાય છે. તે સર્વાસ્તિવાદીનું સાહિત્ય પાલી ભાષામાં છે જ્યારે બીજી શાખાઓનું સાહિત્ય પાલિ તેમ સંસ્કૃત ભાષામાં પણ છે; અને મૂલ ગ્રંથો જે કેટલાક હાલ ઉપલબ્ધ નથી તેનાં બર્મીસમાં ટીબેટની ભાષામાં, સિંહાલી ભાષામાં, ચાઇનીઝ ભાષામાં અને જાપાની ભાષામાં ભાષાંતરો થયેલાં છે. સૌત્રાન્તિકો અને વૈભાષિકો-સર્વાસ્તિવાદી થેરાવાદના બૌદ્ધો છે. યોગાચાર મતવાળા વિજ્ઞાનવાદી છે અને માધ્યમિકો શૂન્યવાદી છે.

## (૧૪) સર્વાસ્તિવાદી વિચારકો ( હીનયાન )

બ્રાહ્મણોના ગ્રંથોમાં જણાવ્યું છે કે વૈભાષિકો અને સૌત્રાન્તિકો બન્ને બાહ્ય અર્થ અને આંતર અર્થના અસ્તિત્વને માને છે. પરંતુ વૈભાષિકો બાહ્યાર્થ નીલપીતાદિ પદાર્થોનું અસ્તિત્વ પ્રત્યક્ષપ્રમાણથી ગ્રાહ્ય માને છે, ત્યારે સૌત્રાન્તિકો તે બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ અનુમાનથી સમજાય છે એમ માને છે. વૈભાષિકો પદાર્થોના અસ્તિત્વની ચાર ક્ષણો માને છે. (૧) ઉત્પત્તિક્ષણ (૨) સ્થિતિક્ષણ (૩) અપક્ષયક્ષણ (૪) વિનાશક્ષણ. વળી પંચસ્કંધ ઉપરાંત પુદ્ગલ સંજ્ઞાવાળો જીવ જેવો પદાર્થ માને છે. સૌત્રાન્તિકો પંચસ્કંધ શિવાય પુદ્ગલ જેવો પદાર્થ માનતા નથી. સર્વાસ્તિવાદીનું સાહિત્ય સર્વાંશે ચાઇનીઝ વિગેરે પરભાષામાં ગ્રથિત થયેલું છે. મુખ્ય મૂલ વિચારકો અને ગ્રંથો નીચે પ્રમાણે જણાય છેઃ—

૧ કાત્યાયની પુત્રનું "જ્ઞાનપ્રસ્થાન *શાસ્ત્ર" અથવા "મહાવિભાષા" જે નામ ઉપરથી અનુયાયીઓ વૈભાષિક કહેવાય છે.
૨-૩ સારીપુત્રનો "ધર્મસ્કંધ" તથા "સંગીતિપર્યાય"
૪ પૂર્ણનો "ધાતુકાય"
૫ મૌદ્ગલાયનનું "પ્રજ્ઞપ્તિશાસ્ત્ર"
૬ દેવસેનાનો "વિજ્ઞાનકાય"
૭ વસુમિત્રનું "પ્રકરણ પાદ."

} અભિધર્મ પિટક ગ્રંથો

---

* મૂળ ગ્રંથ કાત્યાયની પુત્રનો ૧૫૦૭૨ શ્લોકનો "અભિધર્મજ્ઞાન-

૭ વસુબંધુનો "અભિધર્મકોશ" અથવા "વૈભાષિકકારિકા" ઈ. સ. ૪૦૦-૫૦૦

૮ વસુબંધનું "અભિધર્મકોશભાષ્ય" જેમાં સૌત્રાન્તિકના દૃષ્ટિબિંદુથી વૈભાષિકના વિચારોમાં દોષ કયાં છે તે જણાવ્યા છે.

૯ યશોમિત્રની "અભિધર્મકોશ વ્યાખ્યા"

૧૦ સંગભદ્રનો "સમયપ્રદીપ" અને "ન્યાયાનુસાર (ચીનાઇ ભાષામાં ભાષાન્તર છે)

૧૧ બુદ્ધઘોષ (પાંચમા સૈકાના) ૧ **विशुद्धिमग्ग** ૨ **अत्थशालिनी** નામની **धम्मसंगणीनी** ટીકા ૩ **संम्मोह विनोदिनी** ૪ **पंच पकरण अट्टकथा**

૧૨ દિઙ્નાગ (પ્રસિદ્ધ નૈયાયિક જેમણે ગૌતમના ન્યાયના ભાષ્યકાર વાત્સાયન ઉપર વિવેચન કર્યું છે. ઇ. સ. ૪૮૦) નો "પ્રમાણસમુચ્ચય" ન્યાય પ્રવેશ.

૧૩ ભદન્તનું "સંયુક્તાભિશાસ્ત્ર" અને "મહાવિભાષા"

---

પ્રસ્થાન શાસ્ત્ર" એ નામનો હતો. તે લોપ પામ્યો છે, પરંતુ ચીનાઇમાં બે ભાષાન્તરો છે. એક ઇ. સ. ૩૮૨માં થયેલું છે, અને બીજું હુયેનત્સંગે કરેલું છે. સર્વાસ્તિવાદીના સાહિત્યનો સર્વ સંગ્રહ ગાંધારના મહારાજા કનિષ્કે કરાવ્યો હતો. તેમાં બૌદ્ધકવિ અને તત્વચિંતક અશ્વઘોષના ગુરૂ પાર્શ્વે દેખરેખ રાખી હતી. આ સંગ્રહને "અભિધર્મ મહાવિભાષાશાસ્ત્ર" કહે છે, અને તે મૂળ "અભિધર્મજ્ઞાન પ્રસ્થાન શાસ્ત્ર"ની બહોળી ટીકા છે. આ "અભિધર્મમહાવિભાષા શાસ્ત્ર"ને તામ્રપટ ઉપર કનિષ્કે કોતરાવ્યું હતું. અને તે ગ્રંથ પત્થરની પેટીમાં બંધ કરી એક સ્તૂપમાં ગુપ્ત રાખ્યો હતો અને તેના ઉપર યક્ષોની (અફગાનોની?) ચોકી મૂકવામાં આવી હતી, એમ હુએનત્સંગ લખે છે. ગાંધારની શોધખોળના પ્રયત્નમાં આ મૂળ નિધિ કોઈને જડશે!



ઈ. સ. ના બીજા સૈકામાં હરિવર્માનામનો એક વિચારક સત્યસિદ્ધિ સંપ્રદાયનો થયાનું મી. સોગેન "Mr. Sogen" વર્ણવે છે, પણ તેનો કોઇ ગ્રંથ ઉપલબ્ધ નથી. આ સર્વ ગ્રંથોનાં ચીનાઇ અને ટીબેટની ભાષામાં ભાષાન્તરો છે. તે ઉપરથી શુદ્ધ ઇંગ્રેજી અથવા હિંદુસ્થાનની કોઇ પ્રચલિત ભાષામાં પણ ભાષાન્તર થયાં નથી. આ અડચણને લીધે મૂલના અભાવે, ચીનાઇ વિગેરે ભાષાના જ્ઞાનના અભાવે, કલકત્તા યુનિવર્સિટીના જાપાનીઝ વિદ્વાન્ મી. યમાકામી. સોગેનનાં (Mr. Yamakami Sogen) (Systems of Buddhistic Thought) એ નામના ગ્રન્થના આધારે સર્વાસ્તિવાદી બૌદ્ધ વિચારકોના સિદ્ધાન્તોનો નીચે પ્રમાણે સારસંગ્રહ આપવો યોગ્ય ગણ્યો છેઃ-

(૧) સર્વ દુઃખમય છે, (૨) પંચસ્કંધરૂપ સંસારસંસારી ભાવરૂપ દુઃખનો સમુદય છે. (૩) સર્વ પદાર્થો ક્ષણિક છે-એ પ્રકારનો માર્ગ, અને (૪) નિરોધ અથવા નિર્વાણ-આ ચાર આર્યસત્યો* છે. સર્વાસ્તિવાદના મત પ્રમાણે ધર્મો અથવા પદાર્થો બે પ્રકારના છેઃ-(૧) સંસ્કૃતધર્મો એટલે વિશિષ્ટ રચનાવાળા, (૨) અસંસ્કૃતધર્મો અથવા અમિશ્ર અથવા વિશુદ્ધ પદાર્થો. સંસ્કૃત ધર્મો જે એકત્ર થઇ વ્યવહાર કરનારા (સંભૂયકારી=ભેગા થઈ કામ કરનારા) બે પ્રકારના છે. ભૂત-ભૌતિકરૂપ અને ચિત્તચૈત્યરૂપ. ઉપર વર્ણવી ગયા તે રૂપસ્કંધ ભૂત-ભૌતિક સંઘાત અથવા સમુદાય છે, ત્યારે વેદનાસ્કંધ, સંજ્ઞાસ્કંધ, સંસ્કારસ્કંધ અને વિજ્ઞાનસ્કંધ-ચિત્ત-ચૈત્યાત્મક છે. આ પંચસ્કંધરૂપ સમુદાય અથવા સંઘાત, શબ્દાદિ પાંચ વિષયો, શ્રોત્રાદિ પાંચ ઇન્દ્રિયો, મન, અને સુખ દુઃખ ધર્મને ભોગવવાનું શરીર, મળી બાર આયતનમાં સંસારનો અનુભવ

---

* આ ચાર આર્યસત્યોની ટુંકી સંજ્ઞાઓઃ-(૧) દુઃખસત્ય; (૨) સમુદયસત્ય; (૩) નિરોધસત્ય; (૪) માર્ગસત્ય. પ્રથમનાં બે સત્યો પ્રવૃત્તિધર્મો છે, અને સંસારદશાનાં છે; બીજાં બે સત્યો નિવૃત્તિધર્મો છે અને તે નિર્વાણ દશાનાં છે.

થાય છે. આ સર્વ ધર્મો વિદ્યમાન છે એવો સ્વીકાર છે, પરંતુ તે સર્વ ક્ષણિક છે. આથી ક્ષણિકવાદી છતાં આ વિચારકો સર્વાસ્તિવાદી છે. પૃથિવ્યાદિ ધાતુઓ શબ્દાદિ ધર્મવાળા પરમાણુઓથી રચાય છે. પૃથિવ્યાદિ ચાર ધાતુઓ પરમાણુઓના સમુદાય રૂપ છે. એટલે "સંસ્કૃત ધર્મ" છે, જ્યારે આકાશ "અસંસ્કૃત ધર્મ"માં પડે છે. પૃથિવ્યાદિ ધાતુના સમુદાયના રચનારા છેવટના અવયવને પરમાણુ કહે છે અને તે રૂપ પદાર્થની છેવટની નાનામાં નાની મૂર્તિ છે. તે પરમાણુ અવિભાજ્ય, અને અતીન્દ્રિય છે, તોપણ તે શાશ્વત પદાર્થ નથી. પરંતુ ક્ષણિકભાવવાળો વિજળીના ચમકારા જેવો અસ્તિત્વમાં આવનાર પદાર્થ છે. આ પરમાણુઓની ક્ષણિક સ્થિતિ તે **દ્રવ્ય પરમાણુ** અને મિશ્રરૂપમાં પ્રતીતિ તે **સંઘાત પરમાણુ** કહેવાય છે. ધાતુના પરમાણુઓ, અર્થક્રિયા વડે વ્યાપાર અથવા વૃત્તિવડે, ઉદય પામનારા છે તેથી ખરી રીતે શકિતનાં કેન્દ્રો છે, કાંઇ અધિષ્ટાનવાળાં દ્રવ્યો નથી. સંઘાત પરમાણુઓ બાહ્ય રહી અસર કરનાર હોય ત્યારે વિષયો અથવા બાહ્યાર્થ કહેવાય છે; અંદર રહી પ્રતીતિ કરાવે ત્યારે ઇન્દ્રિયો કહેવાય છે. આવાં સાત પરમાણુઓ એકત્ર થઇ પ્રવૃત્ત થાય ત્યારે અણુ કહેવાય, અને તે અણુરૂપે દૃશ્ય થાય છે. આ સંઘાતમાં એક પરમાણુ મધ્ય કેન્દ્ર કરે અને છ તેની આગળપાછળ રહે: અને સપ્ત પરમાણુઓનો પુંજ મળી એક અણુ બને. આ મૂલ પરમાણુઓમાં મહાભૂત ધાતુઓના ગુણધર્મો અંતર્ગત હોય છે. કઠિનતાનું ભાન કરાવનારા પરમાણુઓ જે અણુ રચે તે પૃથિવી ધાતુ કહેવાય: ચિક્કણતાનું ભાન કરાવનારા પરમાણુઓ જે અણુ રચે તે જલ ધાતુ કહેવાય; ઉષ્ણતાનું ભાન કરાવનારા પરમાણુઓ જે અણુ રચે તે તેજોધાતુ કહેવાય; ગતિ આગતિનું ભાન કરાવનારા પરમાણુઓ જે અણુ રચે તે વાયુધાતુ કહેવાય. પ્રત્યેક અણુમાં આ ચાર ધર્મોવાળા પરમાણુઓ હોય છે; પણ જેમાં જે ધર્મ પ્રધાનભાવે સ્ફુરે તે તે ધાતુના અણુઓ કહેવાય. જો કે તેમાં અવ્યકત ભાવે બીજા ધર્મો પણ રહે છે. ભૌતિક પદાર્થોમાં જે સંશ્લેષ અથવા ઘનતા પ્રતીત થાય છે તે કઠિનતાના વાહક પૃથિવી પરમાણુઓને લીધે છે. પદાર્થોનું પરસ્પર



આકર્ષણ તે જલ પરમાણુઓના ધર્મને લઇને છે; વિશ્લેષણ અથવા પૃથકપણું તેજો ધાતુના પરમાણુઓને લીધે છે; અને દિગન્તરની પ્રતીતિ વાયુધાતુના પરમાણુઓને લીધે છે. આ ચાર ધાતુઓ અથવા મહાભૂતો (૧) વિશિષ્ટ પદાર્થ રૂપે, (૨) તેમના સ્વભાવ ધર્મ રૂપે અને (૩) ગુણ અથવા પરિણામ રૂપે ગ્રહણ થાય છે અથવા સમજાય છે. તેના અનન્ત ગુણધર્મો જેવા કે ધૃતિ ( આકર્ષણના અર્થમાં વપરાયેલો શબ્દ છે ); સંગ્રહ ( સંશ્લેષ અથવા જોડાઇ રહેવું ); પક્તિ ( રાસાયનિક ગરમી અથવા ઉષ્ણતા ); વ્યૂહન ( અમુક પ્રકારની રચના થઈ જવી જેવી કે મીઠાના ગાંગડાની ) વિગેરે ઘણા નિમિત્તો અને હેતુઓને લઇને પ્રગટ થાય છે. સર્વાસ્તિવાદી બૌદ્ધો અને વિજ્ઞાનવાદી અથવા શૂન્યવાદી બૌદ્ધોમાં સિદ્ધાન્તભેદ એ છે કે સર્વાસ્તિવાદીના મત પ્રમાણે ભૂત–ભૌતિક સમુદાય રૂપ પદાર્થો અને પંચસ્કંધ રૂપ સમુદાયરૂપ પદાર્થો જેને આપણે અનુક્રમે બાહ્યાર્થ, અને આંતર અર્થ કહીએ તે ઉભય નિત્ય અસ્તિત્વવાળા છે, અને ક્ષણિકતા તે તેની પ્રતીતિને વળગેલી છે. સંતાન અથવા પ્રવાહરૂપે તે નિત્ય છે; અને પ્રત્યેક સ્વભાવે ક્ષણિક છે. સંતાનનાં રૂપ, ગુણ, ધર્મો, પરમાણુઓના ક્ષણિક ઉદય, અને અસ્તવડે બદલાયાં કરે છે. વળી દ્વાદશાંગ ભવચક્રમાં વર્ણવેલી અવિદ્યારૂપ કડી "પ્રતીત્ય સમુત્પાદ" માં એટલે કાર્ય કારણની પરંપરામાં સર્વાસ્તિવાદી સ્વીકારતા નથી, પરંતુ ચિત્તનો મોહ રૂપ* ધર્મ છે, એવું સ્વીકાર્યું છે. મૂલ સુગત સિદ્ધાન્તમાં અવિદ્યા સંસ્કારને પ્રકટ કરે છે. અને તે વિજ્ઞાનદ્વારા નામરૂપને દેહમનને પ્રકટ કરે છે, એવું વર્ણન છે તે પ્રત્યેક વ્યકિતની વર્તમાન જન્મની મૂલ અવિદ્યા નહિં, પરંતુ ભૂત જન્મની વર્તમાન જન્મમાં પ્રસત્ર પામેલી કાર્યરૂપ અવિદ્યા છે એવું સર્વાસ્તિવાદી માને છે.

---

* આ વિચારમાં સર્વાસ્તિવાદી પ્રાચીન સાંખ્યને મળતા છે. તેમાં યોગ દર્શનની અવિદ્યાને તમસ્ અને અસ્મિતાને મોહ નામથી ઓળખાવી છે. તમસ્ એ કારણ અવિદ્યા છે; અને મોહ–ભેદ પણાનું પ્રથમ જ્ઞાન તે કાર્ય અવિદ્યા છે.

કારણુ કદી નાશ પામતું નથી, પરંતુ પોતાનું અર્થક્રિયાના ભેદ વડે નામ માત્ર બદલે છે. ઉદાહરણુ તરીકે માટીનો ચિકણો લોચો અવસ્થાન્તર પરિણામ પામી ઘડાનું નામ ધારણુ કરે છે. માટીનું નામ માત્ર બદલાઇ ઘડો[1] થાય છે. કેવલ હેતુ એટલે સાદુ અમિશ્રકારણુ બદલાઇ ભિન્ન કાર્ય તરીકે બદલાય છે તે સમયે, હેતુ અને કાર્ય સમકાલે રહી શકતાં નથી, જેવી રીતે મૃત્તિકા બદલાઇ ઘટ થાય, બંને એક કાલમાં રહી શકે નહિ. પરંતુ સંપ્રયુકત હેતુ એટલે મિશ્ર કારણુધાતુ કાર્ય સાથે પણુ પ્રતીત થાય છે. જેમકે દૂધની આરંભની વિકૃતિમાં દુધ, અને તર અથવા મલાઇનાં પૃથક્ અસ્તિત્વ સમકાલે અનુભવાય છે. તેવીજ રીતે બાહ્યાર્થ અને ચિત્તના પરસ્પર સંબધોમાં કાર્ય કારણુની પ્રતીતિ એક કાલમાં અનુભવાય છે એટલે કે ભૂતસૃષ્ટિમાં વર્તમાન રૂપે જણુાય છે; અને ભૂતસૃષ્ટિનું ભાવિ કાર્ય ચિત્તસૃષ્ટિમાં કારણુરૂપે વર્તમાન પણુ જણુાય છે.

વિજ્ઞાનનું અધિકરણુ સંતાનરૂપે નિત્ય માન્યું છે અને પાંચ ઇન્દ્રિયોના સમુદાય સાથેનો વિજ્ઞાનસ્કંધ જ્ઞાતા ગણુાય છે. ઇન્દ્રિયો ભૌતિક હોવાથી પોતપોતાના નિયત અધિકરણુની એટલે ભૂતસમુદાયની અપેક્ષા રાખે છે તેમ તે સમુદાય પણુ મિશ્ર સ્કંધની અપેક્ષા રાખે છે.

ઇન્દ્રિયો ભૌતિક હોવાથી અને તે સાથે વિજ્ઞાનને ક્રમશઃ ઉત્પન્ન કરનાર હોવાથી બે શાખામાં પડે છે. એક શાખા શુદ્ધ પરમાણુઓના સમુદાયની હોય છે. જેને સાચી ઇન્દ્રિય કહે છે, અને બીજી શાખા સ્થૂલ સમુદાય એટલે શરીરના અવયવમાં નિવાસ કરી રહે છે. ચક્ષુરિન્દ્રિય-સ્વતઃ પરમાણુના સમુદાય રૂપ છે, અને આપણું બાહ્ય નેત્ર તે તે ઇન્દ્રિયના સ્થૂલ શાખાનું આયતન છે. બાહ્યાર્થનો સ્થૂલ આયતન દ્વારા સૂક્ષ્મ ઇન્દ્રિય સાથે જે સંબંધ થાય છે તેનું પારિભાષિક નામ સ્પર્શ છે. આ સ્પર્શ વડે પ્રથમ ક્ષોભ થાય છે તેને **અવિજ્ઞપ્તિરૂપ** કહે છે; કેમકે તેમાં સ્પષ્ટ

૧ ઔપનિષદ દર્શનની છાયા છેઃ-**विकारो नामधेयं मृत्तिका इत्येव सत्यम् ॥**



ભાન હોતું નથી. આ અવિજ્ઞપ્તિરૂપની ધારા વડે વહેલા મોડા કાયિક અથવા વાચિક કર્મનો ઉદ્દભવ થાય છે. સર્વાસ્તિવાદીના અભિપ્રાય પ્રમાણે બાહ્યાર્થ અને ઇન્દ્રિયના સ્પર્શવડે જે અજ્ઞાત સંસ્કારો પડે તે વડે ઉત્પન્ન થતી "અવિજ્ઞપ્તિરૂપ" ધારા વડે કર્મ પ્રકટ થાય છે. તે કર્મ બે પ્રકારનું છેઃ-(૧) ચેતના કર્મ (માનસિક પ્રયત્ન) અને (૨) ચેતસિક કર્મ (બાહ્યવ્યાપાર અથવા પ્રવૃત્તિ) ચેતસિક કર્મ કાયિક અને વાચિક-એમ બે પ્રકારનું છે. વળી કાયિક ચેતસિક અને વાચિક ચેતસિક કર્મ વિજ્ઞપ્તિ અને અવિજ્ઞપ્તિ એમ પ્રત્યેક બે પ્રકારનું હોય છે. આપણી વર્તમાન ભાષામાં કાયિક કર્મ અને માનસિક કર્મ પ્રયત્નજન્ય છે, અને ભાનપૂર્વક અને અભાન પૂર્વક થાય છે. *

આન્તર ઇન્દ્રિયને સર્વાસ્તિવાદીઓ ચિત્ત કહે છે. તેના વડે મનુષ્ય ચેતે છે ઇચ્છે છે માટે ચિત્ત કહે છે. તે અંતઃકરણુને, મનન કરે છે માટે મન કહે છે; નિર્દેશ કરે છે-સ્પષ્ટ કરી બતાવે છે માટે વિજ્ઞાન કહે છે. નિર્દેશ જેનું નામ સાંખ્યમાં વિવેકબુદ્ધિ કહે છે તે ત્રણુ પ્રકારનો છેઃ-(૧) સ્વભાવ નિર્દેશ-એટલે પ્રત્યક્ષ ભેદ જ્ઞાન (૨) પ્રયોગ નિર્દેશ-એટલે ભૂત, ભાવિ અને વર્તમાન કાલમાં તેતે પદાર્થના ભિન્ન અસ્તિત્વનું ભાન, (૩) અનુસ્મૃતિ નિર્દેશ-એટલે અનુભવમાં પદાર્થનું સ્મરણુ રૂપે ભાન. આ ત્રણુને આપણે અભિજ્ઞા, પ્રત્યભિજ્ઞા, અને સ્મૃતિ એ ત્રણુ નામથી સરલતાથી સમજી શકીએ. ઇન્દ્રિયવિજ્ઞાન માત્ર સ્વભાવનિર્દેશ કરાવી શકે છે, એટલે કે પ્રત્યક્ષભાન અથવા અભિજ્ઞા કરાવી શકે છે. પ્રયોગનિર્દેશ (પ્રત્યભિજ્ઞા)

*સ્વાર્સ્તિવાદીના અવિજ્ઞપ્તિકર્મ અને વિજ્ઞપ્તિ કર્મમાં અર્વાચીન માનસ શાસ્ત્રના Sub-Conscious ideas. feelings and activity નો સમાસ થયેલો જણુાશે. યોગ શાસ્ત્રમાં ચિત્તના પ્રત્યયો (૧) પરિદૃષ્ટ (૨) અપરિદૃષ્ટ (Sub-Conscious) વર્ણવ્યા છે, અપરિદૃષ્ટ પ્રત્યયો સાત ગણુાવ્યા છેઃ-જુઓ પાતંજલ સૂત્રના ત્રીજા પાઠના ૧૫ મા સૂત્ર ઉપરનું વ્યાસભાષ્ય.

અને અનુસ્મૃતિ ( સ્મૃતિ )—કેવલ મનોવિજ્ઞાન કહેવાય છે, કારણ કે તેમાં બાહ્યાર્થનો સ્પર્શ હોતો નથી. પાંચ ઇન્દ્રિય વિજ્ઞાનો અને છઠ્ઠું મનોવિજ્ઞાન મળી વિજ્ઞાનસ્કંધ થાય છે અને તે એક મનના તાબામાં હોય છે એટલે કે એક સંતાનરૂપે હોય છે. એક ચિત્તના ચૈત્યધર્મો છેંતાલીસ વર્ણવ્યા છે એટલે છેંતાલીસ અવાન્તર શાખાઓ ચિત્તની બને છે; અને તે સંસ્કૃત એટલે સમુદાયધર્મો છે.

ધર્મોનો બીજો અસંસ્કૃત વર્ગ છે. તેમાં ત્રણ પદાર્થો આવે છે. [૧] અપ્રતિસંખ્યાનિરોધ [ ૨ ] પ્રતિસંખ્યાનિરોધ, અને [ ૩ ] આકાશ. પ્રત્યયો અથવા વૃત્તિઓના અભાવે ચૈત્યો શમી જાય ત્યારે ભાવોની જે અપ્રતીતિ અથવા અદર્શન થાય તેને અપ્રતિસંખ્યાનિરોધ કહે છે, કેમકે બુદ્ધિપૂર્વક ભાવોનો વિનાશ તેમાં નથી. ટુંકામાં જે સ્વાભાવિકલય અથવા કુદરતી અભાન, જેમકે એક પદાર્થ ઉપર એકાગ્રતા સાથે સાવધાનપણે આપણે જોઇએ ત્યારે બીજા પદાર્થોની અપ્રતીતિ થાય છે—આ અપ્રતીતિ પદાર્થોનો અભાવ છે તેથી થાય છે એમ નથી, પરંતુ જે પ્રત્યયો અથવા વૃત્તિઓની તે પદાર્થના ભાનમાં અપેક્ષા રહે છે તેનો અભાવ છે તેથી અપ્રતીતિ થાય છે. પદાર્થો વિદ્યમાન છતાં પ્રત્યયો અથવા વૃત્તિઓના અભાવે તેની સાથે સ્પર્શ ન થવાથી જે અભાવનું ભાન થાય તે અપ્રતિ-સંખ્યા નિરોધ કહેવાય. જ્યારે બુદ્ધિપૂર્વક પદાર્થોનો અભાવ ચિત્તમાં થઈ જાય ત્યારે પ્રતિસંખ્યાનિરોધ થયો કહેવાય. જેમકે સમાધિમાં અને છેવટના નિર્વાણમાં. ત્રીજો અસંસ્કૃતધર્મ તે આકાશ છે, અને તેનું સ્વરૂપ આવ-રણનો અભાવ કહેવામાં આવે છે. સર્વાસ્તિવાદી આકાશને સોપાખ્ય એટલે ભાવપદાર્થ માનતા નથી. પરંતુ વિજ્ઞાનના પ્રસવમાં અંતરાય ન લાવે એવી અભાવરૂપા સ્થિતિને આકાશ કહે છે. આ ત્રણ અભાવો—અબુદ્ધિપૂર્વક નિરોધ, બુદ્ધિપૂર્વક નિરોધ અને આકાશ—એ ત્રણ નિરુપાખ્ય તત્વો કહેવાય છે કારણ કે તેમાં વર્ણન કરવા યોગ્ય રૂપ હોતું નથી.

આ બાહ્ય અને આંતર અર્થો અથવા ધર્મો જો કે સંઘાતરૂપે નિત્ય જેવા છે તોપણ સ્વભાવે ક્ષણિક છે, તેમાં સ્થિર તત્ત્વ કંઇજ નથી એ



પ્રકારનો સત્ય નિશ્ચય, સત્યભાવના, સત્યવાણી, સત્યચર્યા, સત્યવૃત્તિ અથવા જીવન, સત્યપ્રયત્ન, સત્ય અનુસ્મૃતિ, અને સત્યસમાધિ એ આઠ શાખાવાળો નિરોધનો અથવા નિર્વાણનો માર્ગ છે.

દુઃખનો, દુઃખના કારણ સમુદાયનો, આઠ શાખાના માર્ગનો અને પરમનિર્વાણ અથવા નિરોધનો સર્વાસ્તિવાદીનો મત ચાર આર્ય સત્યોમાં સંક્ષેપમાં વર્ણવ્યો છે.

## (૧૫) મહાયાન.

આ ચાર આર્યસત્યોનું પ્રતિપાદન કરનાર સર્વાસ્તિવાદી હીનયાનમાં પ્રત્યેક વ્યક્તિ અર્હત્પદ પ્રાપ્તકરી નિર્વાણ પામવું એ જીવનનું લક્ષ્ય સ્થપાયું આ આદર્શ સિદ્ધ કરવાની યોગ્યતા જનસમાજમાં ઘણા થોડાને હોય છે. બુદ્ધસંઘમાં સર્વાંશ ત્યાગ કરી ભિક્ષુ તરીકે જીવન ગાળવાનું સાહસ ઘણા થોડાજ કરી શકે, અને જેઓ કરે તે પણ સવિચાર પ્રવૃત્તિ કરનારા ઘણા થોડાજ હોય. આ ઉત્કટ વૈરાગ્યવાળી અર્હતની ભાવનાએ પ્રાચીન સર્વાસ્તિવાદી મતના સામાન્ય પ્રજાના અંતઃકરણને સંતર્પણ કર્યું નહિ, તેથી તે માર્ગ હીનયાન કહેવાયો તે અન્વર્થ છે. એકજ વ્યક્તિએ પોતાનું કલ્યાણ સાધી અર્હત્ થઇ બેસી રહેવું એ ભાવના હીન—એટલે પ્રમાણમાં નીચા પ્રકારની ગણાવા લાગી. તેમાં કેવલ મર્યાદાવાળો સ્વાર્થ દોષ જણાયો. આ દોષ મહાયાને દૂર કર્યો. મહાયાનમાં બુદ્ધધર્મ પ્રાંતિક ન રહ્યો, તેમ અમુક વિશેષ અધિકારવાળા જનોનો મર્યાદિત સંપ્રદાયમાં ન રહ્યો. પરંતુ સર્વદેશ અને સર્વકાલની પ્રજાની ધાર્મિક વાસનાને તૃપ્ત કરનાર થયો. તેમાં રાજા અને રંક, પંડિત અને અજ્ઞ, સંસારી અને અસંસારી, ગૃહી અને ત્યાગી—સર્વને બોધિસત્વ બનવાની તક મળી વર્તમાન જન્મના શીલ, સમાધિના પ્રયત્ન વડે નિર્વાણ પામવાને બદલે પ્રજાના હિતને અર્થે પ્રકાશ આપનાર નવા જન્મમાં બોધિસત્વ થઇ અવતરવું એ ભાવના પ્રવેશ પામી.

સામાજીક સદ્ગુણો વડે— યમનિયમાદિના સાધન વડે પ્રાણીઓ શીલ સંપન્ન બને, અને તેઓ બુદ્ધની અને બોધસત્વની ઉપાસના કરી જગતમાં ઉપકારક થાય. આ ભાવનાના પ્રવેશથી બૌદ્ધ

સંપ્રદાયમાં જેમ બ્રાહ્મણધર્મમાં દેવદેવની ભાવનાથી પુરાણનો ધર્મ સંપ્રદાય જાગ્યો તેમ કરોડો બુદ્ધો અને બોધિસત્વો વડે મહાયાનનો ધર્મ સંપ્રદાય ઉભો થયો. અને પરિણામ એ આવ્યું કે બ્રાહ્મણોના શિવમાર્ગના દેવો બૌદ્ધ સંપ્રદાયમાં પૂજ્ય કોટિમાં પેઠા, અને બુદ્ધભક્તિએ બૌદ્ધધર્મને નવો રંગ આપ્યો, અને તે રંગમાં તે ધર્મે ઉત્તરના ટિબેટ, મોંગોલીઆ વિગેરે પ્રદેશોમાં, અને પૂર્વના ચીન જાપાન દેશોમાં પ્રવેશ કર્યો. જેવો ધર્માચાર બદલાયો તેવો તત્ત્વવિચાર પણ બદલાયો. પ્રાચીન હીનયાનનો ધર્માચાર શીલસમાધિમાં પરિસમાપ્ત થયો અને તે દ્વારા નીતિ અને માનસ શાસ્ત્રનો પાયો નંખાયો, ત્યારે આ નવા મહાયાન સંપ્રદાયે વસ્તુના સ્વરૂપ નિર્ણયાર્થે ધર્માચાર ઉપરાંત પ્રજ્ઞાવાદ કહાડયો અને તેમાંથી વિજ્ઞાનવાદ અને શૂન્યવાદનાં તાત્ત્વિક સિદ્ધાન્તો ઉભા થયા.

સર્વાસ્તિવાદીએ અવિદ્યાથી ઉત્પન્ન થતા ભવચક્રમાં અનાત્મભાવવાળા મિથ્યા જીવનમાંથી છૂટવાનો નિર્વાણમાર્ગ દર્શાવ્યો અને તે પ્રતીતિની પછવાડે આત્મરૂપ કોઈ વસ્તુ છે કે નહિ તેવો નિર્ણય કરવાનું સાહસ કર્યું નહિ, ત્યારે આ મહાયાનના વિચારકોએ કેવળ બુદ્ધિની ક્ષણભંગુર તરંગવાળી સરિતા વિના-કંઈ વસ્તુ નથી, એવા વિજ્ઞાનવાદ અને તે સરિતાની પીઠમાં સત્ નથી અસત્ નથી, પણ અવાચ્ય શૂન્ય છે એવા શૂન્યવાદનું સ્થાપન કર્યું. આ મહાયાનનું ધાર્મિક સાહિત્ય હીનયાન જેવું પ્રમાણ ભૂત રચાયું નથી, પરંતુ કનિષ્કના સમયમાં પરિષદ્ થયેલી તેમાં સૂત્ર વિગેરેનો સંગ્રહ થયાનું જણાય છે. મહાયાનના ઉદયમાં હિંદુસ્થાનની બહારની પ્રજાના આગમનની અસર પણ થયેલી છે

## (૧૬) મહાયાનના મુખ્ય વિચારકો

મહાયાનના પ્રસિદ્ધ વિચારકો નીચે પ્રમાણે થઇ ગયા જણાય છેઃ-

| વિચારકનું નામ | તેમના જણાયેલા ગ્રંથો અને ટીકાઓ. |
|---|---|
| (૧) અશ્વઘોષ (ઇ. સ. ના પહેલા સૈકામાં) કનિષ્કના સમકાલીન (તથાગતવાદી) | ૧ દોઢસો શ્લોકની બુદ્ધ બિરુદાવલિ અથવા બુદ્ધસ્તવ<br>ચાઇનીઝ અને ટીબેટની ભાષામાં ભાષાન્તર પામેલી. |



| | |
|---|---|
| | ૨ બુદ્ધ ચરિત-મહાકાવ્ય<br>૩ વજ્રસૂચિ. (વર્ણવ્યવસ્થાના ખંડન રૂપ.) આ ગ્રંથ પાછળથી બ્રાહ્મણોના ૧૦૮ ઉપનિષદોના સમુચ્ચયમાં બ્રાહ્મણ ગ્રંથ તરીકે પેઠો જણાય છે. ( Nanjio Catalouge No. 1303)<br>૪ "કર્મવિપાક ભેદ" ( The Distinctions of the fruits of works) અને "છ વર્ગમાં ભવપ્રવાસ" (Transmigration in the six Resorts ) ( Nanjio Catalogue No. 1349 )<br>૫ અનાત્મપદાર્થનું એક નિર્ગ્રંથનું ચિન્તન(A Nirgrantha's Enquiry into the principle of Non-ego).<br>૬ શ્રદ્ધોત્પાદશાસ્ત્ર ( Awakening of Faith (Nanjio 1249)<br>નોટ-ચાઇનીઝ ભાષામાં બુદ્ધધર્મના ગ્રંથોના ટિપ્પણ (Catalogue) નો ઉલ્લેખ Nanjio Catalogue વડે કર્યો છે.<br>૭ સૌન્દરાનંદ<br>૮ સૂત્રાલંકાર<br>૯ સારીપુત્ર પ્રકરણ |
| (૨) નાગાર્જુન (ઇસિવીસનના બીજા સૈકામાં] (શૂન્યવાદી) | ૧ **मूल मध्यमक कारिका-चन्द्रकीर्तिनी प्रसन्नपादा** ટીકાવાળી (Bibliotheca Buddhica IV Petrograd 1903-12)<br>૨ **मध्यमकावतार** (Tibetan translation, Bibliotheca Buddhica IX) |

| | |
|---|---|
| | ૩ **मूल मध्यमककारिका** ઉપર નાગાર્જુનની પોતાની **अकुतोभय** નામની ટીકા. (ટીબેટ અને ચાઇનીઝ ભાષામાંથી જર્મન ભાષાન્તર મી. એમ. વેલેસેરે (M. Walleser કર્યું છે, Hiellelberge 1911-12) |
| | ૪ **धर्मसंग्रह** |
| | ૫ **सुहल्लेख.** |
| (૩) સ્થિરમતિ | **महायान प्रवेशक** તેનું ભાષાન્તર ચીનાઈ ભાષામાં ઈ. સ. ૬૯૧માં થયું છે. |
| | **महायान धर्मधातु** |
| (૪) અસંગ અથવા આર્યસંગ ( ઈ. સ. ના પાંચમા સૈકામાં ) | ૧ **योगाचार भूमिशास्त्र** (Nanjio No. 1170] |
| | ૨ **महायानसंपरिग्रहशास्त्र** ( Nanjio No 1247) |
| | ૩ **प्रकरण आर्यवाचा** ( Nanjio No; 1177 & 1202 |
| | ૪ **सप्तदश भूमिसूत्र** |
| | ૫ **महायानसूत्र*** |
| | ૬ **महायानसूत्रालंकार** |
| | સર્વ મૂલ ગ્રંથો નષ્ટ થયા જણાય છે. ચાઈનીઝ તથા ટીબેટની ભાષામાં છાયા છે. આ ભાષાન્તર બીજા સૈકાથી તે સાતમા સૈકા સુધીમાં થયાં છે. |
| ૫ વસુબંધુ [ઈ. સ.૪૨૦ | ૧ **परमार्थ सप्तति** (સાંખ્યસપ્તતિનો આક્ષેપ કરનારો ગ્રંથ ); |

*૧ અષ્ટસાહસ્રિક પ્રજ્ઞાપારમિતા ૨ સદ્ધર્મપુંડરીક ૩ લલિત વિસ્તર ૪ લંકાવતાર ૫ સુવર્ણપ્રભાસ ૬ ગંડવ્યૂહ ૭ તથાગતગુહ્યક ૮ સમાધિરાજ ૯ દશભૂમીશ્વર. } વૈપુલ્ય સૂત્ર.



| | |
|---|---|
| ૫૦૦] બુદ્ધમિત્રના શિષ્ય અને મોટાભાઇ અસંગ વડે મહાયાનની બૌદ્ધદીક્ષા પામેલા. | ૨ **अभिधर्मकोश** ( સર્વાસ્તિવાદીનો ગ્રંથ ) |
| | ૩ **विज्ञप्तिमात्रतात्रिंशक** ( Nanjio No. 1215) |
| | ૪ **अपरिमितायुसूत्र** ( Nanjio No. 25, 26, 27 &c. |
| | ૫ **अवतंसक** |
| | ૬ **निर्वाण** |
| | ૭ **सद्धर्मपुंडरीक** |
| | ૮ **प्रज्ञापारमिता** |
| | ૯ **विमलकीर्ति** |
| | ૧૦ **श्रीमालासिंहनाद** |
| | ૧૧ **विज्ञानमात्रसिद्धि** |
| | ૧૨ **रत्नत्रय** |
| ૬ આર્યદેવ | નાગાર્જુનની કારિકાના ભાષ્યકાર તથા **चतुःशतक, हस्त वाल प्रकरण वृत्ति; चित्तविशुद्धि प्रकरण** ના કર્તા. |
| ૭ કુમારજીવી (૩૮૩ ઇ. સ) | **अकुतोभय** ટીકાના ચાઇનીઝ ભાષાન્તરકાર. |
| ૮ બુદ્ધપાલિત | |
| ૯ ચંદ્રકીર્તિ (૫૫૦ઈ. સ.) | |
| ૧૦ ગુણમતિ (૫૫૭-૫૮૯ ઇ. સ.) | ૧ **लक्षणानुसारशास्त्र** (Nanjio No.1280 |
| | ૨ **मूलसर्वास्तिवादनिकायसंग्रह** (Nanjieo No. *1127*) ચીનાઇમાં ભાષાન્તર કરનાર ભિક્ષુ પરમાર્થ |
| ૧૧ શાંતિદેવ ( સાતમું સૈકું ) | ૧ **भिक्षासमुच्चय** |
| | ૨ **बोधिचर्यावतार** |

## (૧૭) મહાયાન શાખા.

### વિજ્ઞાનવાદ

### અશ્વઘોષ (ઇ. સ. ૮૦)

### તથાગત દર્શન

મહાયાન બૌદ્ધધર્મની પ્રણાલિકા શૂન્યવાદ અને વિજ્ઞાનવાદ એમ બે પરંપરામાં ચાલી છે. તેમાં પણ શૂન્યવાદનું બીજું નામ માધ્યમિક મત કહે છે. શૂન્યવાદની સિદ્ધિ નાગાર્જુને ઈ. સ. બીજા સૈકામાં કરી તે પહેલાના સૈકામાં થઈ ગયેલા અશ્વઘોષે તથાગતના તથાત્વ વાદનું પ્રતિપાદન કર્યું હતું: અને તે વિચારનું પ્રતિપાદન કરતા પહેલાં તેમાં જે ઉંડો નામાન્તર વડે બ્રહ્મવાદ આવે છે તેનું કારણ અશ્વઘોષનું બ્રાહ્મણધર્મનું વાતાવરણ હતું.

સંગુહ્ય નામના બ્રાહ્મણ પ્રખર પંડિત હતા. તેમણે બૌદ્ધોને વાદવિવાદમાં ઘણા હરાવ્યા. ત્રીજી બૌદ્ધપરિષદ્‌માં ભાગ લેનાર પાર્શ્વ અને કેટલાકના અભિપ્રાય પ્રમાણે પુણ્યયશાએ તેમની વિવાદની મતિને દબાવી બૌદ્ધદીક્ષા આપી. ત્યાર પછી તેમનું નામ અશ્વઘોષ પાડવામાં આવ્યું. કનિષ્ક જેઓ તે સમયે કાશ્મીરના યવનરાજ્ય પછીના રાજા થયા હતા તેમણે તેમને આશ્રય આપ્યો અને સન્માન કર્યું. અશ્વઘોષે તત્ત્વજ્ઞાનના અને બુદ્ધધર્મના જે ગ્રંથો લખ્યા છે, તેની નામાવલિ આપણે ઉપર આપી ગયા છીએ. પરંતુ તે ઉપરાંત તેમણે મહાલંકાર શાસ્ત્ર નામનો અલંકાર શાસ્ત્રનો ગ્રંથ લખ્યો છે. બુદ્ધચરિત નામનું મહાકાવ્ય લખ્યું છે. તેમણે એક રાષ્ટ્રવર નામનું વાદ્ય ઉપજાવ્યું હતું, અને સંગીતમાં તે ઘણા કુશલ હતા. તે વાદ્ય વગાડતા તેઓ નગરોમાં ફરતા હતા, અને તે મધુર નિર્વેદની છાયાવાળા તે વાદ્યના સંગીતવડે મનુષ્યજીવનની દુઃખમયતા, ક્ષણિકતા, અને અનાત્મભાવને જનસમૂહમાં જગવતા હતા એમ સુઝકી (Suzuki) જણાવે છે.



અશ્વઘોષે લંકાવતારસૂત્રના આધારે પોતાના મહાયાન માર્ગના તત્ત્વદર્શનને રચ્યું છે. તેમના સિદ્ધાન્ત પ્રમાણે પ્રાણીના જીવનની બે સ્થિતિ હોય છે. એક સ્થિતિને તે "ભૂતતથાતા" એટલે પ્રાણીનું મૂલસ્વરૂપ અને બીજું જન્મમરણ પામતું સંસારીરૂપ, આ મૂલ સ્વરૂપ અને સંસારીરૂપ પૈકી મૂલ સ્વરૂપ (ભૂત તથાતા) પ્રાણી માત્રનું એક છે, અને તેને ધર્મ ધાતુ-એવી સંજ્ઞા આપવામાં આવે છે. આ ધર્મધાતુ (જીવનસાર) મનવાણીથી અગોચર છે. તોપણ મનવાણીના નિરોધવડે તેની ઝાંખી થઇ શકે છે. આ ધર્મધાતુને શૂન્ય એવું નામ આપવામાં આવે છે, કારણકે વિશ્વના અનુભવાતા નામ, રૂપ તથા ગુણ અને કર્મ એમાં તેમાં અનુભવાતા નથી. તોપણ તે સર્વ, સર્વનિષેધો જેનાવડે સમજાય છે તે કંઇ અતત્વ અથવા અભાવ નથી. આ મૂલ તત્વમાંથી (ધર્મધાતુ-તથાગતસ્વરૂપ-શૂન્ય) અનાદિવાસના અથવા સ્મૃતિબલથી વ્યક્તિમય સંસારી જીવન ઉભું થાય છે. આ તથાગત ગર્ભમાંથી ઉત્પન્ન થયેલું સંસારીનું આદ્યરૂપ આલય-વિજ્ઞાન કહેવાય છે. જે ચૈતન્ય ઘર કરીને રહે છે અથવા શરીર અથવા પંચસ્કંધને ધારણ કરી રહે છે તે આલયવિજ્ઞાન કહેવાય છે.

તથાગતગર્ભમાં સ્ફુટ થયેલું આ આલયવિજ્ઞાન અથવા આદ્યસ્ફુરણ (ચિત્ત) વિદ્યા અને અવિદ્યા-પ્રજ્ઞા અને જડતા એવા બે ધર્મમાં ગુંથાયેલું હોય છે. વિદ્યા અથવા પ્રજ્ઞાવડે તે ધર્મધાતુને ભેદી શકે છે. આ પ્રજ્ઞામય આલયવિજ્ઞાન સર્વ તથાગતો અથવા બુદ્ધોની ધર્મકાય એટલે શાશ્વત શરીર કહીએ તો ચાલે.

અવિદ્યા અને તેના સંસ્કારોની જાલમાંથી ઉત્પન્ન થતા સ્મૃતિપટમાં ગુંચાયેલું જીવન (આલયવિજ્ઞાન) તે અપ્રબુદ્ધ જીવન છે. આ ધર્મધાતુ ઉપર પ્રતીત થતું સંસારી અપ્રબુદ્ધ જીવન સત્ય નથી, પરંતુ સ્મૃતિની વિકલ્પના છે અથવા માયિક છે. આવાં અવિદ્યા અને તેનાથી ઉત્પન્ન થયેલી સ્મૃતિમાં ગુંચાયેલાં અનંત આલય-વિજ્ઞાનો તે આપણા અનુભવાતા બહુજનો છે. વિદ્યામય અથવા પ્રજ્ઞામય ચક્ષુ ઉઘડયા પછી આ ભિન્ન ભિન્ન

આલયવિજ્ઞાનો પોતાના પ્રતીતિરૂપને સમજી લે છે, અને જાણે છે કે તથાગતથી (મૂલસ્વરૂપથી) તેઓ ભિન્ન અસ્તિત્વવાળા પદાર્થો નથી.

સંસારી આલયવિજ્ઞાનને આવૃતદશામાં પણ ઝાંખી પ્રજ્ઞા અને ઝાંખું કર્મનું બલ હોય છે. તેવડે તે પોતાની જાલને ઉકેલવા મથે છે. અને શીલ, સમાધિ, તથા શુદ્ધપ્રજ્ઞાને મેળવી શકે છે.

આલયવિજ્ઞાનને અવિદ્યાના વેગથી ક્ષોભ મળે છે અને તે વડે વિજ્ઞાનના તરંગો કાઢે છે. જેમ સમુદ્રને પવનનો વેગ મળવાથી મોજાં થાય છે, જેમ સળગતા અગ્નિને વાયુનો વેગ મળવાથી તેમાંથી જ્યોત નિકળે છે, તેમ આદ્ય આલયવિજ્ઞાન, જે ધર્મધાતુ ઉપર તરતો અંશ છે, તે અવિદ્યા વડે ક્ષોભ પામતાં વૃત્તિઓ કાઢે છે. આ વૃત્તિઓ અથવા પરિણામો કલેશની વાસનાવાળા અને અજ્ઞાનની વાસનાવાળા હોય છે. તેથી મૂલ આલયવિજ્ઞાન (અથવા ચિત્ત) કલેશના આવરણવાળું અને જ્ઞેયના આવરણવાળું હોય છે, અને તે બે આવરણો વડે ઢંકાયેલું આલયવિજ્ઞાન જે જે વૃત્તિઓ બહાર કાઢે છે તે તે ક્લિષ્ટ અને મૂઢ દશાવાળી હોય છે.

ક્લિષ્ટ અને મૂઢ દશાવાળું આલયવિજ્ઞાન જે આંતર મંથનથી બહિર્મુખ થવા પ્રયત્ન કરે છે તેને **અવિદ્યાકર્મ** કહે છે, એટલે અંધારામાં થતી ક્રિયા કહે છે, અને તે દુઃખને અનુભવાવે છે. તે મંથનવડે આલય વિજ્ઞાનમાં પૃથક્પણાનું અભિમાન જાગે છે; અને પોતાથી પૃથક્ દશ્ય જગત્ છે એવો વિક્ષેપ કરે છે. આ પ્રમાણે ક્લિષ્ટ અને મૂઢ આલયવિજ્ઞાન (સંસારી રૂપ) અનુક્રમે ત્રણ પ્રતીતિઓ જગવે છેઃ-(૧) અવિદ્યાકર્મની, (૨) ભિન્ન અભિમાનીની, અને (૩) વેદ્ય જગત્ની.

ક્લિષ્ટ અને મૂઢ આલયવિજ્ઞાન આ પ્રમાણે ક્ષિપ્ત અને વિક્ષિપ્ત દશામાં આવે છે ત્યારે વેત્તા, વેદન, અને વેદ્ય એવી ત્રણ પ્રતીતિઓ ઉભી થાય છે. અવિદ્યાકર્મથી ઉત્પન્ન થતું વેદન બે ભાવવાળું-અનુકૂલ અને પ્રતિકૂલ-સુખ અને દુઃખવાળું થાય છે. તેથી વેદ્ય જગત્ને તે સુખદુઃખના રંગવાળું ચિતરે છે; અને તે વેદ્યોને, મનોમય ચિત્રોને, ક્રમભાવી માને છે. ક્રમના ભાનથી



પોષાયલી મતિ સ્મૃતિપટને રચે છે. આ વિચિત્ર વેદ્યોનું સ્મરણ તે વેદ્યોની તૃષ્ણાને જગવે છે. તે તૃષ્ણા પુનઃ પુનઃ વેદ્યોમાં વલણ ઉત્પન્ન કરી પુનઃ પુનઃ તે મેળવવા ઉપાદાન કરાવે છે. આ ઉપાદાન વડે તે તે વેદ્યોનાં બાહ્ય નામો અને આંતર સંજ્ઞાઓનો સ્કંધ રચાય છે. આ સ્કંધ વડે શુભ અને અશુભ કર્મો થાય છે. આ કર્મકોશ વડે ભવદુઃખ ઉભું થાય છે, અને જન્મમરણની પરંપરામાં આલયવિજ્ઞાન ગુંચાયેલું રહે છે.

તથાગતના શુદ્ધસ્વરૂપવાળું ધર્મધાતુમાં આભાસ પામતું આ આલય વિજ્ઞાન (સંસારી રૂપ) અવિદ્યા દોષથી મૂઢ થયેલું, કલેશ સંસ્કારોથી ક્લિષ્ટ થયેલું, અવિદ્યા કર્મવડે ક્ષુબ્ધ થઇ વેત્તા, વેદન, અને વેદ્યની ત્રિપુટી ઉભી કરી ક્રમશઃ-(૧) વેદના (૨) ક્રમવિજ્ઞાન અથવા ક્ષણવિજ્ઞાન (૩) તૃષ્ણા, (૪) ઉપાદાન અથવા વળગણ, (૫) ભવ ઉત્પન્ન કરનાર કર્મ, અને (૬) દુઃખાનુભવ-એવા છ પરિણામોને પ્રકટાવે છે.

અવિદ્યાબીજમાંથી ઉગેલું, સુખદુઃખની વેદનાના કાંટામાં વિંટાયેલું, કલેશના ચિકણા લેપથી બીડાયેલું, ક્રમવિજ્ઞાનનાં ઝીણાં પત્રોવાળું, તૃષ્ણાના તરંગોથી ડોલતું, વેદ્યોના પરાગોથી રંગાયેલું, મૂલ તથાગતના સત્યસ્વરૂપ સાથે એટલે કે ધર્મધાતુના ધર્મકાય સાથે નિત્ય સંબંધમાં રહેલું, છતાં રૂપ વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાનના પાંચ સ્કંધવાળા વૃક્ષ ઉપર પુષ્પરૂપે દેખાતું આ આલયવિજ્ઞાન નિર્વાણ ભૂમિકામાં જતા પહેલાં ક્ષિપ્ત-વિક્ષિપ્ત દશામાં ખીલતું જાય છે. તેની પાંચ વિજ્ઞાન કળાઓ છે. આ મૂલ આલય વિજ્ઞાન અથવા સંસારી રૂપની પહેલી કળા તે (૧) કર્મવિજ્ઞાન તે આલયવિજ્ઞાનનું પુષ્પ અંતઃક્ષોભવાળું થાય છે; તે પ્રથમ જાગૃતિવાળું કર્મવિજ્ઞાન પોતામાંથી (૨) પ્રવૃત્તિવિજ્ઞાનને એટલે વિકાસ ઉત્પન્ન કરે છે, જે વડે તે વેદ્ય જગત્ને સામું ઉભું કરે છે, તે પછી વેદ્યના પ્રતિબિંબને પ્રકટ કરનાર (૩) વિકલ્પવિજ્ઞાન અથવા મનોવિજ્ઞાન જાગે છે; તેમાંથી (૪) વિવેકવિજ્ઞાન અથવા સ્પષ્ટ ભેદ બુદ્ધિ જાગે છે, અને છેવટે ધારાવાહિક વિજ્ઞાન અથવા (૫) સંતાનવિજ્ઞાન જાગે છે. આ કર્મવિજ્ઞાન, પ્રવૃત્તિવિજ્ઞાન

મનોવિજ્ઞાન, વિવેકવિજ્ઞાન, અને સંતાનવિજ્ઞાનની પાંચ કળાવાળું આલયવિજ્ઞાનનું પુષ્પ રૂપલોક, કામલોક, અને અરૂપલોક–એ ત્રણ લોકમાં પોતાનો પરિમલ પ્રસરાવે છે.

અશ્વઘોષ આ વેદ્ય અને વેદનવડે વાસિત થયેલા આલયવિજ્ઞાનોના પરિમલ પ્રસારણ સંબંધમાં કહે છે કેઃ–

" જેમ આપણાં વસ્ત્ર પહેરવા પહેલાં સુવાસ અથવા દુર્વાસથી રહિત હોય છે છતાં તેને સુગંધ અથવા દુર્ગંધનો પાશ આપીએ તેવા પાશવાળાં તે થાય છે, તેવીજ રીતે આપણું મૂલસ્વરૂપ–અથવા તથાગત સ્વરૂપ–અવિદ્યાના કોઇપણ વાસવિનાનું વિશુદ્ધ હોય છે. તે વાસ આપનારો પદાર્થ તે અવિદ્યા છે. તે અવિદ્યા તથાગત ગર્ભવાળી હોય ત્યારે આલયવિજ્ઞાન નિર્વાણનો વેગ આપે છે. પરંતુ તે સ્વભાવ મલવાળી હોવાથી તથાગત ગર્ભને પોતાના આસ્રવોથી જરાયુની પેઠે આવેષ્ટિત કરે છે; અને તે વડે સ્મૃતિપટ ગર્ભને વળગે છે. સ્મૃતિવડે અવિદ્યા વાસવાળી થાય છે, અને અવિદ્યાવડે સ્મૃતિપટ વાસવાળો થાય છે. અવિદ્યાની વાસનાથી સ્મૃતિપટ વાસિત થવો, અને સ્મૃતિ વાસનાથી અવિદ્યા સવાસન થવા વડે તથાગત ગર્ભ સવાસન હોય તેવો ભાસે છે.

આલયવિજ્ઞાનને પાશ આપનારી અવિદ્યા, જ્યારે તથાગતના આવેશવાળી થાય છે, ત્યારે આલયવિજ્ઞાનને નિર્વાણ સુખ મેળવવાનો વેગ આપે છે. અને તે વડે સંસાર દુઃખને ત્યજવાનો નિર્વેદ અથવા વૈરાગ્ય જાગે છે. સંસારનો વૈરાગ્ય અને નિર્વાણસુખનો મોહ તથાગત સ્વરૂપને સુવાસિત કરે છે; અને તેથી તથાગતના સુવાસથી આવેશિત થયેલા આપણે બનીએ છીએ. અને આલયવિજ્ઞાનની ભ્રમ પરંપરાને ઉકેલી શકીએ છીએ; અને તે આલયવિજ્ઞાનના મિથ્યાત્વને જાણી શકીએ છીએ. આ આર્યસત્ય સમજાયા પછી શુદ્ધધર્મના અભ્યાસ વડે અવિદ્યાનો નિરોધ અથવા ઉચ્છેદ ઘણા જન્મે થઇ શકે છે. ત્યાર પછી આલયવિજ્ઞાનને ક્ષોભ કરનારૂં કારણ રહેતું નથી. અને બાહ્યવેદ્યને ઉભું કરતું નથી. પરંતુ અંતઃશમવાળું થાય છે. અવિદ્યા દોષ અને તેની પરંપરાથી છૂટું પડેલું આલયવિજ્ઞાન સ્વતંત્ર પ્રજ્ઞાવાળું અને સ્વતંત્ર કર્મવાળું થાય છે. "



આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે અશ્વઘોષના અભિપ્રાય પ્રમાણે નિર્વાણ એટલે શૂન્ય–અભાવવાળી સ્થિતિ નથી, પરંતુ પાશમાંથી છૂટેલા આલય વિજ્ઞાનની સ્વાભાવિકી સ્વતંત્ર પ્રજ્ઞા અને ક્રિયા કરવાની શક્તિનો ઉદય થવાની સ્થિતિ છે. જેવડે જેવું (યથા) હતું તેવું (તથા) અનુભવાય છે.

આવી નિર્વાણ દશામાં તથાત્વ એટલે સત્ય સ્વરૂપ અનુભવનારાં આલયવિજ્ઞાનો કરતાં સંસાર દશાનાં " અતથાભાવ "વાળાં એટલે ખોટા રૂપમાં ગુંચાયેલાં આલયવિજ્ઞાનો ગંગાના પટની રજકણો જેવાં અનંત હોય છે. તથાગત સ્વરૂપો–બુદ્ધો અને બોધિસત્વો–મૈત્રી અને કરૂણાની ભાવના વડે વિશ્વને ઉપકાર કરવા જાગ્રત હોય છે તેઓના અનુગ્રહથી બધાં આલયવિજ્ઞાન જન્મ મરણના દુઃખને ત્યજવા ઇચ્છે છે, નિર્વાણમાં શ્રદ્ધાવાળા થાય છે. કુશળમૂલ એટલે શુભ કર્મો કરવા તત્પર થાય છે. અને અભ્યાસના પરિપાકવડે પ્રબુદ્ધ થાય છે. આથી બુદ્ધો અને બોધિસત્વો જગતના જીવોને સુવાસિત કરે છે. અને તે વડે પરમહિતને પ્રવર્તાવે છે, સમાધિ પ્રજ્ઞાને જગાવે છે. આવરણોને અને અંતરાયોને તોડે છે, સર્વ લોકમાં સમતાનું ભાન કરાવે છે અને તેવા ભાન કરનાર બુદ્ધો અને બોધિસત્વોને ગમે તે લોકમાં હોય તોપણ સુહૃદ્ ભાવથી ઓળખતા થાય છે. બુદ્ધો અને બોધિસત્વો ચાર ઉપાયો અથવા ઉપચારો વડે ઉપકાર કરે છે; દાન, પ્રિયવચન, અર્થક્રિયા (હિતકારીકર્મ) અને સમાનાર્થતા (એટલે બીજાની સાથે સુખ ભોગવવાં) આ ચાર ઉપચારો છે. વળી તેઓ છ " પારમિતા " એટલે સર્વોત્તમ ગુણો વડે બોધિ પ્રાપ્ત કરવામાં ઉત્તેજન આપે છે. આ ષાડ્ગુણ્ય આ પ્રમાણે છેઃ—દાનપારમિતા, શીલપારમિતા, ક્ષાન્તિપારમિતા, વીર્યપારમિતા, ધ્યાનપારમિતા, પ્રજ્ઞાપારમિતા.

સર્વ ભૂત પ્રાણીમાં મૈત્રી અને કરૂણાવડે ઉપકાર કરવાની ભાવનાથી આવિષ્ટ થયેલા પ્રબુદ્ધ જનોના સંઘને એકજ તથાગત–સત્યસ્વરૂપ–પ્રતિ ધર્મધાતુથી રચાયેલી ધર્મકાયામાં ભક્તિ

ઉત્પન્ન કરવાનો વેગ, અશ્વઘોષની આલયવિજ્ઞાન, તેની પ્રતીતિ, તેનું નિર્વાણ અને તેનો તથાગત સાથે સંબંધ-વિગેરે પ્રક્રિયામાં સમાયલો આપણે જોઈ શકીએ છીએ. મૂલ બૌદ્ધધર્મની હીનયાનની શાખામાં અર્હત્પદ પ્રાપ્ત કરી પ્રત્યેક બુદ્ધ બનવાના પ્રયત્નમાં જે વિશ્વહિત કરવાનો નાદ ન હતો તે અશ્વઘોષની બુદ્ધઘોષણામાં આપણે સાંભળી શકીએ છીએ. તે સાથે તેમના સિદ્ધાન્તમાં કેવલ શૂન્યવાદ નથી. પરંતુ બ્રાહ્મણોના ઉપનિષદોના શાશ્વતવસ્તુ અથવા સ્થિરવસ્તુવાદની છાયા છે અને વિશેષ વિચાર કરતાં ઐતિહાસિક દૃષ્ટિથી સમજાય છે. સાત સૈકા પછી થયેલા ગૌડપાદાચાર્ય જેઓ શંકરાચાર્યના પરમગુરૂ હતા તેમનામાં આ અશ્વઘોષના સિદ્ધાન્તોના નાદનું અનુરણન આપણને માંડૂક્યકારિકામાં સમજાય છે.

## (૧૮) યોગાચાર-વિજ્ઞાનવાદના પ્રકાશકો.

### ( અસંગ ઈ. સ. ૫૦૦ તથા વસુબંધુ ઇ. સ. ૪૨૦-૫૦૦ )

અશ્વઘોષના તથાગત-દર્શનમાં બૌદ્ધમત ઉપનિષદ્‌ના શાશ્વત બ્રહ્મવાદમાં ડૂબતો જણાય છે. પરંતુ તેને પુનઃ વૈનાશિક એટલે ક્ષણિકતાની કોટિ ઉપર પુનઃ ઉદ્ધાર કરનાર વિજ્ઞાનવાદીઓ થયા. તેમણે ગૌતમ બુદ્ધના મૂલ ભવચક્રના ભ્રમણ ઉપરજ ભાર મૂક્યો; અને લંકાવતાર સૂત્રનું તાત્પર્ય શાશ્વત વસ્તુના પ્રતિપાદનમાં નથી, પરંતુ અશાશ્વત અથવા ક્ષણિક પ્રતીતિના ખુલાસામાં છે. આ તાત્પર્યના પ્રતિપાદક મુખ્ય વિચારકો અસંગ અને વસુબંધુ થઇ ગયા છે. તેમના ગ્રંથોની નામાવલિ આપણે ઉપર આપી ગયા છીએ. સંસ્કૃત ભાષામાં તેમનું મૂલ સાહિત્ય લોપ પામી ગયા જેવું છે, અને તેમના વિચારોની છાયા આપણને કુમારિલ ભટ્ટના શ્લોક વાર્તિક અને બ્રહ્મસૂત્ર ઉપરના બૌદ્ધમતના ખંડનવાળા શાંકરભાષ્યમાં પૂર્વપક્ષરૂપે મળી આવે છે. અસંગના યોગાચારભૂમિશાસ્ત્રમાંનો પરિચય બ્રાહ્મણ



ધર્મના વિચારકોને થયેલો હોવાથી બૌદ્ધમતના આ વિજ્ઞાનવાદનું બીજું નામ યોગાચાર મત આપવામાં આવ્યું જણાય છે. વિજ્ઞાનવાદના બીજા પ્રસિદ્ધ ચિન્તકો નંદ, દિઙ્‌નાગ, ધર્મપાલ અને શીલભદ્ર થયા છે. શીલભદ્ર નાલંદા વિશ્વવિદ્યાલયના કુલગુરૂ હતા, અને તેમની પાસે "હુએનસંગ" બૌદ્ધ ધર્મનું રહસ્ય શીખ્યા હતા.

વિજ્ઞાનવાદીના મત પ્રમાણે ભવચક્ર એક વિજ્ઞાનમય ભ્રમની પ્રતીતિ માત્ર છે. આપણું મૂલ વિજ્ઞાન જેને અશ્વઘોષના દર્શનમાં આપણે આલયવિજ્ઞાન-એ નામથી જણાવ્યું છે તે બે કાર્ય કરે છે. એક બાહ્ય વસ્તુનું ભાન ( ખ્યાતિ ) કરાવે છે, અને પોતે નવું જગત્ સર્જે છે. વસ્તુનું ભાન કરાવનાર વિજ્ઞાન તે ખ્યાતિવિજ્ઞાન, અને મનોયમ સૃષ્ટિ રચનાર વિજ્ઞાન તે " વસ્તુ પ્રતિવિકલ્પ વિજ્ઞાન " કહેવાય છે. મૂલ વિજ્ઞાનની ( આલયવિજ્ઞાનની ) આ બે શક્તિઓ-ભાન કરાવવાની અને નવી સૃષ્ટિ ઉભી કરવાની-પરસ્પર ગુંથાયેલી છે. અને તે અનાદિકાળની પ્રપંચની વાસનાવડે ધારાબંધ પ્રતીતિઓ કરાવે છે. જો વાસનાનું વૈચિત્ર્ય શમે તો આ બાહ્ય જગત્‌નું ભાન કરાવનારી અને મનોમય સર્જન કરવાની મૂલવિજ્ઞાનની એટલે ચિત્તની ચેષ્ટા અટકે. ખરેખરા સત્વ વિના આ બાહ્ય જગત્‌નો ભ્રમ અને આંતર જગત્‌નો ભ્રમ વાસનાની વિચિત્રતાને લઇ ઉભો થયો છે. બાહ્ય અર્થ વસ્તુતઃ નથી છતાં આલયવિજ્ઞાને પોતાના વાસનાથી પ્રેરાયલા વેગ વડે તે અર્થ ઉભો કર્યો છે, અને તેમાં પોતે અનુભવ કરનારો-દ્રષ્ટા- અને બાહ્યાર્થ અને આંતર અર્થ-એ અનુભવ કરવાના વિષયો-દૃશ્યો એ બે રૂપે ફસાય છે. આલયવિજ્ઞાન સ્વતઃ નથી દૃષ્ટા કે નથી દૃશ્ય, તેમ નથી ઉત્પન્ન થતું કે નથી સ્થિતિવાળું કે નથી લયવાળું. તે બાહ્યાર્થનો અને આંતર અર્થનો પ્રતીતિરૂપે ખુલાસો કરી શકે છે; તે પોતે ઉત્પત્તિ, સ્થિતિ તથા લય વિનાનું તત્વ છે. ભિન્ન આકારો ઉભા કરવાનું અને તેને જોવાનું અને તેમાં ફસાવાની માયા આલયવિજ્ઞાન પોતેજ કરે છે. પરંતુ તે ક્ષણિક ધારા છે; કંઈ સ્થિર પદાર્થ નથી. જેમ સમુદ્રના જલનું મોજાં રૂપે નર્તન થાય, તેમ આ આલયવિજ્ઞાન અનંત આકારો

અથવા વૃત્તિઓમાં નાચે છે. તે નૃત્ય અવ્યવસ્થિત કુદકા મારવા જેવું નથી, પરંતુ તેમાં વ્યવસ્થા અથવા સંવાદ હોય છે, તેથી ભ્રમ પ્રતીતિ જાણે સાચી હોય તેવી અનુભવાય છે, અને ભ્રમનું સ્વરૂપ ન જાણનાર તેને સત્યજ સમજે છે. આપણો સઘળો અનુભવ માત્ર ચિત્તનો વિલાસ અથવા વિજ્ઞાનનું સ્પંદન અથવા નર્તન છે. તે વિલાસમાં પ્રતીત થતાં દૃશ્યો વસ્તુતઃ ભાવરૂપ એટલે સાચાં નથી તેમ તદ્દન અભાવરૂપ એટલે શૂન્ય પણ નથી. પરંતુ તે સંવૃતસત્ય–એટલે ઢંકાયલા સત્યવાળાં છે. આ દૃશ્ય પ્રતીતિ અથવા માયારૂપ અનુભવ, પાછળના વેદાન્તશાસ્ત્રમાં માયા અથવા વિવર્ત એ નામથી સમજાવવામાં આવે છે. વિજ્ઞાનવાદીઓ જેઓ વેદાન્તશાસ્ત્રના પૂર્વભાવિ છે તેઓ દૃશ્યોને–" સદ્ અસત્ માયાની ઉપમા આપવા લાયક " એવા વિશેષણથી વર્ણવે છે. અને જગત્‌નું આ પ્રકારનું પ્રાતીતિક સત્વ શાંકર વેદાન્તના માયાવાદમાં સ્વીકાયેલું હોવાથી બ્રાહ્મણ ધર્મના બીજા વિચારકો માયાવાદીને " પ્રચ્છન્ન બૌદ્ધ " કહે છે તે આરોપનું કારણ આ વિજ્ઞાનવાદના સિદ્ધાન્તનો એક દેશમાં સ્વીકાર કરવામાં રહેલું છે.

પ્રતીતિ વડેજ ઉત્પત્તિ ( પ્રતીત્યસમુત્પાદ )–વિજ્ઞાનવાદીના મત પ્રમાણે અધિભૂત અને અધ્યાત્મ એમ બે પ્રકારની છે. અધિભૂત એટલે બાહ્ય જગત્ પ્રતીતિ, ઘણાં નિમિત્તોને લઇને ઉભી થાય છે, જેમકે મૃત્તિકા, દંડ, ચક્ર, કુંભાર વિગેરે નિમિત્તોને લઇ ઘટની પ્રતીત્યાત્મક ઉત્પત્તિ થાય છે. અધ્યાત્મ અથવા આંતર જગત્‌ની પ્રતીતિ અવિદ્યા–સંસ્કાર વિગેરે ભવચક્રના ક્રમથી થાય છે.

પ્રતીતિ ઉપરાંત વસ્તુનું અથવા પદાર્થનું સત્વ નથી અને પ્રતીતિઓની વિવિધતા વાસનાના વિચિત્રપણાથી થાય છે. સત્તા વિનાના પદાર્થોની પ્રતીતિ, પ્રતીતિ તરીકે સત્ય માનવાની જરૂર પડવાથી પ્રતીતિસિદ્ધ વસ્તુ જેને લંકાવતાર સૂત્રમાં " તથાગતગર્ભ " કહે છે, તેનો સ્વીકાર અનિચ્છાથી પણ વિજ્ઞાનવાદીને કરવો પડે છે. વળી આ વિજ્ઞાનવાદ એક ચિત્તના વિલાસરૂપ હોય તો અનંત ચિત્તોના જગત્‌ના વિલાસનું સાદૃશ્ય કોઇ સ્થિર



વિજ્ઞાન અથવા ચિત્તના આધાર વિના થઈ શકતું નથી. વ્યક્તિમય આ વિજ્ઞાનવાદમાં અનંત વ્યક્તિઓના વિજ્ઞાન અને તેના જગત્‌ની પ્રતીતિઓ જે એક ચિત્તના અથવા વિજ્ઞાનના વિષય અથવા દૃશ્યરૂપ છે એવા એક પ્રબુદ્ધ અથવા ઇશ્વિર ચિત્તના સ્વીકારવાળી પ્રક્રિયા પાછળથી ઇશ્વરાદ્વૈત અથવા પ્રત્યભિજ્ઞા શાસ્ત્રમાં અગીઆરમા સૈકામાં કાશ્મીરમાં ઉભી થઇ છે, અને તે આ ક્ષણિક વિજ્ઞાનની ધારા અને તે પણ સ્વચિત્તની હોય તે વડે વિશ્વનો ખુલાસો ન થવાથી ઉત્પન્ન થઇ લાગે છે.

પ્રતીતિઓ, પછી તે બાહ્યાર્થરૂપા એટલે અધિભૂતરૂપા હોય કે આન્તર અર્થરૂપા અથવા અધ્યાત્મરૂપા હોય તેનો નિરોધ કરવાના ઉપાયોનું વિજ્ઞાનવાદ પ્રાચીન " થેરાવાદ " ને અનુસરતું વર્ણન કરે છે. જેવી રીતે "થેરાવાદ"માં ચાર પ્રકારનાં ધ્યાન, નિર્વાણ પ્રતિ ગમન કરનાર સાધુને અર્થે યોજાયાં છે, તેવાં ચાર પ્રકારનાં ધ્યાન યોગાચારવાદી સ્વીકારે છે. પ્રથમ ધ્યાન તે બાલોપચારિક ધ્યાન. આ ધ્યાનમાં સર્વ પદાર્થો ક્ષણિક છે, દુઃખરૂપ છે, અશુચિ છે અને દેહમાં સ્થિર આત્મા જેવો પદાર્થ નથી આ ભાવના કરવાની હોય છે. આ ભાવના નિરંતર કરવાથી યોગિનું ચિત્ત સ્થિર વસ્તુના ભ્રમને ઉભું કરતું અટકે છે. આ ધ્યાન આરંભક યોગિનું હોવાથી તેને **બાલોપચારક** ધ્યાન કહે છે.

બીજા ધ્યાનનું નામ **અર્થપ્રવિચય** આપવામાં આવે છે. બાહ્ય અર્થને લગતા સઘળા સિદ્ધાન્તો ખોટા છે. અને તેનો વિજ્ઞાનવડે જ ખુલાસો થઈ શકે છે, એવો અર્થસંબંધી નિર્ણય કરાવનારૂં ધ્યાન તે **અર્થ પ્રવિચય** ધ્યાન કહેવાય છે.

ત્રીજું ધ્યાન " **તથાતાલંબન** " કહેવાય છે. એટલે કે વસ્તુ બાહ્યાર્થ વસ્તુરૂપે નથી, તેઓ માત્ર વિજ્ઞાનનો વિલાસ છે એવું નિશ્ચય કરનાર જે ચિત્ત તે પણ **તથાત્વ** એટલે સ્વરૂપે જેવું છે તેવું સમજવાને વ્યાંપાર કરતું અંદર શમતું જાય છે.

ચોથું ધ્યાન તે **તથાગત** ધ્યાન કહેવાય છે. તેમાં વિજ્ઞાન અથવા અનુભવ કરનાર ચિત્તનો સર્વાંશ લય થાય છે. ત્રીજા ધ્યાનમાં ચિત્તને પોતાના સ્વરૂપનું આલંબન લેવું પડે છે; ચોથા ધ્યાનમાં તે ચિત્ત નિરાલંબન થઈ નિર્વાણ પામે છે.

## ( ૧૯ ) યોગાચારમતનું આલયવિજ્ઞાન.

અસંગ અને વસુબન્ધુએ પોતાના યોગાચાર ભૂમિશાસ્ત્ર તથા વિજ્ઞાનમાત્ર શાસ્ત્ર એ નામના, હાલ મૂળ સંસ્કૃતમાં લય પામેલા, પરંતુ ભાષાન્તર દ્વારા ઉપલબ્ધ થતા ગ્રંથમાં જે સ્વતંત્ર માનસશાસ્ત્રની પ્રક્રિયા ઘડી છે તેમાં આલયવિજ્ઞાનની પ્રક્રિયા ઘણી ગહન ઉત્પન્ન કરી છે. બૌદ્ધયોગાચાર મતનું આલયવિજ્ઞાન, બ્રાહ્મણયોગદર્શનનો પુરૂષ, અને વેદાન્ત દર્શનનો જીવાત્મા–એ ત્રણમાં વિજ્ઞાનવાદ જુદા જુદા રૂપે વ્યક્ત થતો ચાલ્યો છે.

બૌદ્ધ વિજ્ઞાનવાદીઓ વિજ્ઞાનથી પૃથક્ વસ્તુનો સ્વીકાર કરતા નથી; તેવી રીતે બ્રાહ્મણ ધર્મના યોગીઓ પુરૂષને સ્વયંપ્રભ અથવા ચિતિશક્તિ રૂપ માને છે; વેદાન્તદર્શનમાં પણ જીવાત્મા સ્વયંપ્રકાશ ચેતન માનવામાં આવે છે; પરંતુ યોગદર્શનમાં દૃગ્ અને દૃશ્ય, પુરૂષ અને પ્રકૃતિ ઉભયનો સ્વીકાર કરી દ્વૈત સિદ્ધાન્ત વડે વિશ્વનો ખુલાસો થાય છે, ત્યારે બૌદ્ધ વિજ્ઞાનવાદમાં વિજ્ઞાન માત્ર વડે વિશ્વનો ખુલાસો કરવાનો પ્રયત્ન છે. યોગાચાર મત પ્રમાણે વિજ્ઞાન અથવા ચિતિ, વેદાન્ત દર્શનના બ્રહ્મ જેવી, કૂટસ્થ અથવા અપરિણામી જ્ઞપ્તિ અથવા જ્ઞાન નથી, પરંતુ સાંખ્ય યોગના પરિણામી નિત્યચિત્તસત્વ જેવી છે.

અશ્વઘોષનું મૂલતત્વ (તથાત્વ અથવા બુદ્ધકાય અથવા બુદ્ધસ્વરૂપ) વિજ્ઞાનવાદ પ્રમાણે પાંચ પ્રકારે અભિવ્યક્ત થાય છે. મૂલતત્વ અને તેના



પ્રકારો સઘળા વિજ્ઞાનમય છે, અર્થાત્ વિજ્ઞાનથી ભિન્ન અસ્તિત્વ કદી અનુભવમાં આવતુંજ નથી. પરંતુ અનુભવ અથવા વિજ્ઞાનના વિકાસની ભૂમિકાઓ છે. મૂલતત્ત્વના અથવા બુદ્ધકાયના તથાત્વના આ વિજ્ઞાનમય પ્રકારોનું નામ ધર્મ કહે છે. વિજ્ઞાનનું સ્વરૂપ ન્યૂનાધિક અંશે તે પ્રકારમાં ધારણ થાય છે તેથી તેને **ધર્મ** કહે છે. દ્વૈતવાદીઓ જડ અને ચેતન, પ્રકૃતિ અને પુરૂષ–એવા બે ભેદ પાડે છે. તે સર્વ આ વિજ્ઞાનવાદમાં વિજ્ઞાનના ધર્મો છે. વિજ્ઞાનમય ધર્મો બે વર્ગમાં આપણે સમજી શકીએ છીએ. (૧) પ્રવૃતિવિજ્ઞાન એટલે સારી રીતે ( **प्रकर्षेण** ) ધારાબંધ ચાલતું વિજ્ઞાન જેવી રીતે સળગતો અગ્નિ હોય તેવું; અને (૨) આલયવિજ્ઞાન એટલે પ્રવૃત્તિ પામતી વિજ્ઞાનની જ્યોતિઓ જેમાંથી ઉદય થાય છે. અને જેમાં સંસ્કાર લાવી મૂકે છે તેવું વિજ્ઞાન. આપણી પાંચ જ્ઞાનેંદ્રિયોથી સમજાતું શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનું વિજ્ઞાન, અને છઠ્ઠા મનથી પકડાતું વિજ્ઞાન–એ છ વિજ્ઞાનો સર્વાસ્તિવાદમાં છે, પરંતુ યોગાચારમતમાં છઠ્ઠા મનોવિજ્ઞાનને બે રૂપમાં વહેંચવામાં આવે છે. બાહ્ય મનનું મનોવિજ્ઞાન તે છઠ્ઠું; અને આંતર મનનું વિજ્ઞાન તે સાતમું. આ સાતમું મનોવિજ્ઞાન સાંખ્ય–યોગના અહંકારને સ્થાને ગણાય તેવું છે. તે આલયવિજ્ઞાનના અનુભવને પોતાના માની પ્રવૃત્ત થાય છે અને આલયવિજ્ઞાનને પડદામાં રાખે છે.

શ્રૌત્રાદિ પાંચ વિજ્ઞાનો, બહિર્મનનું વિજ્ઞાન, આંતર મનનું વિજ્ઞાન, અને આધારવાળું વિજ્ઞાન ( આલયવિજ્ઞાન ) મળી આઠ પ્રકારના વિજ્ઞાનો એ ચિત્તના ધર્મો અથવા પ્રકારો છે. આ ચિત્તના સ્વભાવ ધર્મો છે.

તે ચિત્તના પરિણામી ધર્મોને ચૈત્યધર્મો કહે છે, આ પરિણામી ચૈત્યધર્મો ૫૧ પ્રકારના યોગાચાર મતમાં સ્વીકાર્યાં છે, અને તેનું વર્ગીકરણ યોગના **આચારમાં** ઉપયોગી છે, પરંતુ માનસશાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે ઘણું ન્યાય પુરઃસર જણાતું નથી. સાધારણ રીતે તેનું વર્ગીકરણ નીચે પ્રમાણે છેઃ—

### ચૈત્યધર્મો

સર્વગ અથવા વ્યાપક, વિશેષધર્મો, કુશળધર્મો, અકુશલધર્મો,
૫ ૫ ૧૧ ૨૬
અનિયત ધર્મો, કુલ. તેમાં ચિત્તના સર્વવ્યાપારમાં ગુંથાયેલા ધર્મો વિજ્ઞાનના
૪ = ૫૧

સ્વાભાવિક સ્વરૂપને દર્શાવે છે; અને બીજા ધર્મો કર્મના સંસ્કારોથી યુક્ત હોય છે. આઠે પ્રકારના ઉપર જણાવેલા વિજ્ઞાનમાં પાંચ ધર્મો પ્રકટ થયેલા હોય છે. આપણું વિજ્ઞાન કેવળ ધારણ કરનારૂં નથી. પરંતુ સ્વયં પ્રવૃત્ત થનારૂં પણ છે. પ્રથમનાં પાંચ વિજ્ઞાનો જો કે ઘણે ભાગે ધારક માત્ર હોય છે તોપણ તે વિજ્ઞાનો પ્રવૃતિ વિનાનાં હોતાં નથી. શબ્દાદિજ્ઞાન યોગાચાર મત પ્રમાણે શબ્દાદિ વિષયોની માત્ર છાપ રૂપ છે એમ નથી, પરંતુ તેઓ પોતાના આયતન અથવા આધારમાંથી નીકળતા તણખા છે, જે બાહ્યવસ્તુની છાપને પોતાના સમાન આકારવાળી બનાવે છે. આ વિજ્ઞાનની સ્વયંપ્રવૃત્ત થનારી કલાઓને–૧ મનસ્કાર એટલે આદ્ય સંસ્કાર અથવા સ્ફુરણ (૨) સ્પર્શ એટલે સંકલ્પિત અર્થનો ચિત્ત સાથે સંબંધ થવો તે (૩) વેદના એટલે સંકલ્પિત અર્થને અનુકૂલ, પ્રતિકૂલ અથવા તટસ્થરૂપે જણાવનારી ચિત્તની સ્થિતિ, ૪ સંજ્ઞા એટલે સંકલ્પિત અર્થેજ ત્રણ રૂપમાંથી ગમે તે રૂપમાં ઉભો થાય તેને બીજા સર્વ ધર્મોથી છૂટો પાડનારી ચિત્તની સ્થિતિ અને (૫) ચેતના એટલે અમુક પ્રયોજનને લક્ષ્યમાં લઇ ચેષ્ટા થવી તે. પ્રત્યેક વિજ્ઞાનમાં પછી તે શ્રોત્રેન્દ્રિયાદિ જ્ઞાન હોય, કે માનસ જ્ઞાન હોય કે બુદ્ધિનું જ્ઞાન હોય–એ સર્વમાં વિજ્ઞાન પોતે આદ્યસ્ફુરણવાળું, વિષયોને સ્પર્શ કરનારૂં, તેને અનુકૂલ, પ્રતિકૂલ, અથવા તટસ્થરૂપે જણાવનારૂં, અન્ય પદાર્થોને વિવિક્ત કરનારૂં, અને અર્થક્રિયા અથવા પ્રયોજન સિદ્ધ કરનારૂં હોય છે. સારાંશ વિજ્ઞાનમાં અંતર્ગત જ્ઞાન શક્તિ જ છે એમ નથી. પરંતુ તેમાં ક્રિયા અને ઇચ્છા શકિતનાં બીજકો હોય છે જે આ પાંચ પ્રકારે અંકુર કાઢે છે. સાંખ્ય–યોગ જ્યારે ચિત્ત સત્વને પ્રકાશરૂપ અથવા જ્ઞાન પ્રધાન માને છે, ત્યારે યોગાચાર મતમાં વિજ્ઞાનને આ પાંચ શક્તિસંપન્ન માનવામાં આવે છે.



વિજ્ઞાન પોતે આઠ પ્રકારના ચિત્તરૂપ બની અટકતું નથી, તેમ એકાવન પ્રકારના ચૈત્યધર્મોને અથવા પરિણામોને પ્રકટાવી અટકતું નથી, પરંતુ અગીયાર પ્રકારના રૂપોને અથવા આકૃતિઓને ધારણ કરતું ચાલે છે. આ રૂપ અથવા આકૃતિ આપનારા ધર્મો યોગાચાર મતમાં અગીઆર છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો, તેના પાંચ વિષયો, અને મનના વિષય મળી અગીઆર પ્રકારના રૂપ ધર્મો છે. સર્વાસ્તિવાદીના મત પ્રમાણે "અવિજ્ઞપ્તિ" અગીઆરમું રૂપ ગણાય છે, એટલે કે લય અથવા નિદ્રાવૃત્તિ પણ વિજ્ઞાનનો રૂપધર્મ છે. યોગાચાર મત પ્રમાણે તો છઠ્ઠા મનનો અવિજ્ઞપ્તિ (sub-consciousness) એ રૂપધર્મ છે. રૂપધર્મો (૧) પૃથ્વી, જલ, તેજ અને વાયુના પરમાણુઓ; ( ૨ ) તેની માનસ આકૃતિ અથવા ભાવના; ( ૩ ) તેની શૂન્યતા અથવા લયવાળી ભાવના; ( ૪ ) વિજ્ઞાને ઉભા કરેલા શબ્દાદિના ઘાટો અને (૫) આભાસો અથવા કલ્પનાઓ; એમ પાંચ પ્રકારના હોય છે.

અચૈત્ય એટલે ચિત્તના પરિણામવાળા નહિ, તેમ અરૂપ એટલે રૂપ ધર્મવાળા પણ નહિ એવા કેટલાક છુટક ધર્મો હોય છે, અને જે વિજ્ઞાનથી પ્રકાશિત થાય છે. આવા ધર્મો ૨૪ છે, અને તેને વિપ્રયુક્ત સંસ્કાર–ધર્મો કહે છે, કારણ કે તેઓ છૂટા અને મિશ્ર એવા ભાવથી અનુભવમાં આવે છે.

એકાવન ચૈત્યધર્મો, અગીયાર રૂપ ધર્મો અને ચોવીસ વિપ્રયુક્ત-સંસ્કારધર્મો મળી છયાશી ધર્મો ચિત્તનાજ વિલાસો છે, એટલે વિજ્ઞાનનાજ વિવર્તો છે, અથવા યોગદર્શનની પરિભાષામાં કહીએ તો ચિત્તસત્વની ૮૮ વૃત્તિઓ કિલષ્ટ અને અકિલષ્ટ ભાવવાળી છે. આ છયાશી ધર્મોમાં ચિત્ત અથવા વિજ્ઞાન આઠ પ્રકારે વ્યક્ત થાય છે, અને તે સઘળો પ્રદેશ સંસારનો છે. આ સર્વ ધર્મોમાં ચિત્ત અથવા વિજ્ઞાન લક્ષણ ( Phenomena ) વડે ઓળખાય છે. ભાવ ( Noumenon ) વડે અથવા વસ્તુરૂપે ઓળખાતું નથી. ચિત્ત અથવા વિજ્ઞાનનો ભાવ ( Noumenon ) નિર્વાણભૂમિમાં પ્રકટ થાય છે.

નિર્વાણભૂમિકાના ધર્મોને અસંસ્કૃત ધર્મો કહે છે. અસંસ્કૃત એટલે સમૂહ

અથવા સંઘાતમાં પડેલા નહિ એવા. જે સ્કંધમાં–સમૂહમાં–સંઘાતમાં ગુંચાય અથવા યુક્ત થાય તે સંસ્કૃત ધર્મો; જે તે પ્રકારે ન ગુંચાય, મુક્ત રહે, તે અસંસ્કૃત ધર્મો. તેવા નિર્લેપ ભાવવાળા ધર્મો યોગાચાર મતમાં ૭ છે. સર્વાસ્તિવાદીના મતના–(૧) આકાશ, (૨) પ્રતિસંખ્યા નિરોધ અને (૩) અપ્રતિસંખ્યાનિરોધ ઉપરાંત યોગાચાર મતમાં (૪) અચલ અસંસ્કૃત (૫) સંજ્ઞા–વેદના–નિરોધ–અસંસ્કૃત અને (૬) તથાતા–અસંસ્કૃત એ નામના ત્રણ *નિર્લેપ ધર્મો છે.

નિર્વાણ ભૂમિકાના ચિત્ત અથવા વિજ્ઞાનનો સ્વભાવ પ્રવૃત્તિરૂપ નથી, તેમ નિવૃત્તિરૂપ પણ નથી. તેનો સ્વભાવધર્મ ઉપેક્ષારૂપ છે. પરંતુ આ ઉપેક્ષા આવૃત એટલે ઢંકાયેલી તટસ્થતા નહિ પરંતુ અનાવૃત ઉપેક્ષા એટલે નિરાવરણ તટસ્થતા છે, જ્યારે અમુક વિષયમાં આપણને અનુકૂલ ભાવ ન હોય, અથવા પ્રતિકૂલ ભાવ ન હોય ત્યારે ઉપેક્ષાનો ભાવ જાગે છે, પરંતુ આ ઉપેક્ષા ભાવી અનુકૂલ અથવા પ્રતિકૂલ ભાવના સંસ્કારોથી ઢંકાયેલી હોય છે તેથી તે "આવૃત ઉપેક્ષા" ગણાય છે. જ્યારે અનુકૂલ–પ્રતિકૂલ ભાવથી છૂટે છે, ત્યારે તેનો સ્વભાવધર્મ "અનાવૃત ઉપેક્ષા" નો પ્રકટ થાય છે.

અચલ–અસંસ્કૃત ધર્મ જ્યારે જાગે છે, ત્યારે સુખ અને દુઃખની લાગણી નાશ પામી જાય છે; અને તે "તથાગત ધ્યાન" જે ચોથા વર્ગનું છે તે સિદ્ધ થયા પછી ઉદય પામે છે.

વિજ્ઞાનના વેદના અને સંજ્ઞા નામના સર્વગ ધર્મો જે ભૂમિકામાં લીન થઈ જાય છે તે ભૂમિકાવાળા ચિત્તને સંજ્ઞા–વેદના–નિરોધ–અસંસ્કૃત કહે છે. જ્યારે નિરોધ સમાપત્તિ થાય અથવા યોગ દર્શનની પરિભાષામાં નિર્બીજ અથવા અસંપ્રજ્ઞાત સમાધિ થાય ત્યારે આ ચિત્તધર્મ ઉદય પામે છે.

---

* જુઓ પહેલા ત્રણ ધર્મના સ્વરૂપ સારૂ સર્વાસ્તિવાદી (હીનયાન)ને લગતો ૧૪ મો ખંડ.



છેવટની નિર્વાણ ભૂમિના ચિત્તને "તથાતા–અસંસ્કૃત" કહે છે. આ ચિત્તની સ્થિતિને "તથાતા" એટલા વાસ્તે કહેવામાં આવે છે કે તેના સંબંધમાં વાણીવડે કરીને તે આવું છે કે તેવું છે, તે ભાવરૂપ છે, કે નિષેધરૂપ છે, એવો કોઇ પણ પ્રકારનો નિર્દેશ આપણે કરી શકીએ તેમ નથી; સંસારના સર્વ ધર્મથી તે રહિત છે તેથી તેને "શૂન્ય" સંજ્ઞા પણ અપાય છે, પરંતુ તે અવસ્તુ અથવા માયામય પદાર્થ નથી તે જણાવવા તેની સંજ્ઞા "તથાતા" (જેવું છે તેવું તત્ત્વ) આપવામાં આવે છે. અસંગની પરિભાષામાં તેને "પરમાર્થ" કહે છે, અને તેની નીચેની કારિકા વેદાન્ત શાસ્ત્રના બ્રહ્મની જાણ્યે અજાણ્યે બૌદ્ધદર્શનમાં છાયા લાવી મૂકે છે.

**न सन्न चासन्न तथान चान्यथा**
**न जायते व्येति न चावहीयते ।**
**न वर्धते नापि विशुद्ध्यते पुनः**
**विशुद्ध्यते तत्परमार्थलक्षणम् ॥**

પરમાર્થ અથવા પરમ વસ્તુનું લક્ષણ વિચારતાં જણાય છે કે તે સત નથી, અસત્ નથી, તે આ પ્રકારનું છે કે અન્ય પ્રકારનું છે એમ કહી શકાય તેમ નથી, તે મરતું નથી; તે વધતું તેમ ઘટતું નથી; તે મેલું થતું નથી તેમ શુદ્ધ બનતું નથી છતાં તે પરમ આધાર સત્ય છે.

બૌદ્ધદર્શનના યોગાચાર મતમાં જે "આલયવિજ્ઞાન"નો સ્વીકાર થયો છે તેમાં પ્રાચીન બ્રાહ્મણદર્શનના આત્માનો નામાન્તરે સ્વીકાર થયો જણાય છે. પરંતુ **सर्वमनित्यं, सर्वमनात्मं, निर्वाणं शान्तम्**–એ ત્રણ બૌદ્ધ મુદ્રાથી "આલયવિજ્ઞાન" ને આપણે અંકિત કરીએ તો બ્રાહ્મણ ધર્મની મુદ્રાવાળો આત્મા આપણે કાંઇક વિવિક્ત કરી શકીએ છીએ. નીચેના ત્રણ મુદ્દામાં "આલય વિજ્ઞાન" બ્રાહ્મણોના જીવાત્માથી ભિન્ન પડે છેઃ–

(૧) "આલયવિજ્ઞાન" વિકારીનિત્ય અથવા પરિણામી નિત્ય પદાર્થ છે; જ્યારે જીવાત્મા અથવા પુરૂષ નિર્વિકારી અથવા કૂટસ્થ નિત્ય છે.

"આલયવિજ્ઞાન" પ્રવાહી સંતાન રૂપ છે; જીવાત્મા અથવા પુરુષ સ્થિર દીપક છે.

(૨) "આલયવિજ્ઞાન" વિભુ અથવા વ્યાપક છે, પરંતુ એવા અર્થમાં કે તે ગમે તે દેશ કાલમાં ગતિ આગતિ કરી શકે એવા સામર્થ્ય વાળું છે; જીવાત્મા અથવા પુરૂષ વિભુ અથવા વ્યાપક છે, તે એવા અર્થમાં કે તે કદી ગતિ આગતિ કરનારો પદાર્થ નથી પરંતુ આકાશ જેવો સર્વત્ર સ્થિર અસ્તિત્વવાળો પદાર્થ છે.

(૩) "આલય વિજ્ઞાન" અપ્રબુદ્ધ અને પ્રબુદ્ધ ભૂમિમાં ક્રમશઃ વિકાસ પામે છે; જીવાત્મા અથવા પુરૂષ સ્વયં અનાવૃત અથવા પ્રબુદ્ધ પૂર્ણતત્ત્વ છે, અને અવિદ્યા અથવા માયા વડે આવૃત અથવા અપ્રબુદ્ધ ભાને છે. અને તે અવિદ્યા અથવા માયાની નિવૃત્તિએ પ્રબુદ્ધ મનાય છે. જે કંઇ સંકોચ વિકાસ થાય છે તે સર્વ ઉપાધિમાં થાય છે; ઉપાહત ચેતનમાં થતો નથી. આથી બૌદ્ધ દર્શનનું નિર્વાણ **પ્રાપ્તવ્ય** છે ત્યારે બ્રાહ્મણ દર્શનનો **મોક્ષ જ્ઞાતવ્ય** છે.

## (૨૦) માધ્યમિકમત-શૂન્યવાદ

### નાગાર્જુન તથા આર્ય કાણદેવ

અશ્વઘોષ ખરી રીતે મહાયાનના સ્થાપક પુરૂષ હતા તેમના તથાગત દર્શનમાં બૌદ્ધસિદ્ધાન્ત મૂલ બ્રહ્મવાદ તરફ ઢળતો થયો હતો. યોગાચાર મતના પ્રવર્તક અસંગ તથા વસુબંધુ વિગેરે આચાર્યોએ તે મહાયાનને ક્ષણિક વિજ્ઞાન વાદમાં આણી મૂક્યો હતો. આ બેની વચલો માર્ગ—મધ્યમ-માર્ગ—નાગાર્જુનનો હતો. કાલક્રમથી અશ્વઘોષ, પછી નાગાર્જુન અને પછી અસંગ તથા વસુબંધુ આવે છે. તોપણ બૌદ્ધધર્મનું હિંદુસ્થાનમાં છેવટનું રૂપ નાગાર્જુનથી ઘડાયા પછી, તેનો પ્રવાહ જેમ સમુદ્રમાં નદી મળી જઇ



ભિન્ન નામરૂપને તજી દે, તેમ બ્રાહ્મણ ધર્મનો પુનરૂદ્ધાર કરનાર પૂર્વ અને ઉત્તર મીમાંસાના આચાર્યોથી જે વેદ ધર્મનો નવો જન્મ થયો તેમાં બૌદ્ધધર્મની સરિતા શમી ગઇ જણાય છે, અને તેની ઉતરાપથની શાખા હિંદુસ્થાનની મર્યાદા બહાર રહી તેમાંથી તીનતાઇ (Tien Tai) અને અવતંસક મતની વિચાર શ્રેણીઓ બૌદ્ધમતની ચીન દેશમાં ઉત્પન્ન થઇ છે, પરંતુ તે હિન્દુસ્થાનના બૌદ્ધ તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં વિચારમાં લેવા યોગ્ય નથી.

બૌદ્ધધર્મના અભ્યાસકો અને વિચારકો અશ્વઘોષને ભગવાન ગૌતમ બુદ્ધના નિર્વાણ પછી બારમા આચાર્ય માને છે, અને નાગાર્જુનને ચૌદમા આચાર્ય માને છે. ભગવાન્ ગૌતમબુદ્ધના નિર્વાણ પછી ૭૦૦ વર્ષો (એટલે ઇસવીસનના બીજા સકાના અન્તમાં અને ત્રીજા સૈકાના આરંભમાં) નાગાર્જુન થઈ ગયા. લંકાના વતની આર્ય કાણદેવ નાગાર્જુનના શિષ્ય હતા, અને નાગાર્જુન દક્ષિણ હિન્દુસ્થાનના વતની હતા એમ હુસેનત્સંગના ગ્રંથો ઉપરથી જણાય છે.

અમરાવતીસ્તૂપની બુદ્ધમૂર્ત્તિ ઉપરના ઈ.સ. ના સાતમા સૈકાના લેખ ઉપરથી સમજાય છે કે તે મૂર્ત્તિ ચંદ્રપ્રભે નિર્માણ કરી હતી. તે ચંદ્રપ્રભ, જ્ઞાનપ્રભના શિષ્ય હતા. અને જ્ઞાનપ્રભ ભદંત નાગાર્જુનના-શિષ્ય હતા. તે ઉપરથી અનુમાન થાય છે કે વિદર્ભ (બીરાર)માં નાગાર્જુનાચાર્ય રહેતા હતા. તેઓ પોતે **સારહના** શિષ્ય હતા. તેમણે ભોજદેવને બૌદ્ધધર્મમાં આણ્યાની વાત છે. લામા તારાનાથના કહેવા પ્રમાણે તેઓ નેમિચંદ્રરાજા (ઇ. સ. ૩૦૦ના અરસામાં) ના અને ચંદ્રગુપ્ત પહેલા (ઇ. સ. ૩૧૯)ના સમકાલીન હતા. તેમનું જીવન ચરિત્ર ચીનાઇ ભાષામાં કુમારજીવે ઇ. સ. ૪૦૧માં ઉતાર્યું જણાય છે. નાગાર્જુનના શિષ્ય કાણદેવ ઇ. સ. ૪૨૦ પછી પણ હયાત હતા, તે ઉપરથી નાગાર્જુન ઇ. સ. ના ત્રીજા સૈકાના અન્તમાં થઈ ગયા બાબત શંકાનું કારણ નથી.

ઉપર ૧૬મા ખંડમાં બૌદ્ધવિદ્યાને લગતા ગ્રંથો જે નાગાર્જુને રચ્યા છે તે ઉપરાંત **प्रमाण विहेतना, उपायकौशल्यहृदयशास्त्र**

**विग्रहव्यावर्तिनीकारिका**-નામના ન્યાયશાસ્ત્રના ગ્રંથો પણ તેમના કરેલા જણાય છે. પહેલા ગ્રંથમાં ગૌતમના ન્યાયસૂત્રમાં જે પંચાંગી અનુમાન છે તેને તેમણે ત્રણ અંગી અનુમાન સ્થાપવાનો નિર્ણય કર્યો છે, અને તે નિર્ણય પાછળના ન્યાયવૈશેષિક વિચારકોએ સર્વસામાન્ય સ્વીકાર્યો જણાય છે. બીજા ગ્રંથમાં વાદવિવાદ પ્રમાણ પદ્ધતિથી શી રીતે કરવો તેનું પ્રતિપાદન છે. ત્રીજા ગ્રંથમાં પ્રમાણની સંભાવના ઉપર ટીકા છે, અને ઘણું કરીને વાત્સાયનના ન્યાયભાષ્યમાં જે અવતરણ છે તે નાગાર્જુનના વિચારોનું જણાય છે.

સતીશચંદ્ર વિદ્યાભૂષણના અભિપ્રાય પ્રમાણે માધ્યમિક મતનું સાહિત્ય નીચેના ગ્રંથોમાં ઘણે ભાગે સમાયેલું છેઃ-

(૧) નાગાર્જુનની **माध्यमिक कारिका**: (૨) બુદ્ધપાલની **मूल मध्यमवृतिः** (૩) આર્યદેવનું **हस्तवल**, (૪) ભાવાવિવેકની **मध्यम हृदय कारिका**, (૫) કૃષ્ણદેવની **मध्यम प्रतीत्यसमुत्पाद**, (૬) ચંદ્રકીર્તિની **माध्यमिक वृति**, (૭) જયતંત્રની **माध्यमिकावतार टीका**.

મૂલ માધ્યમિક વૃત્તિ—અકુતોભય ટીકાવાળી—નાગાર્જુનની રચેલી હતી. તેનું ટીબેટની ભાષામાં જ્ઞાનગર્ભ નામના હિન્દુસ્થાનના વિદ્વાન પાસે ધ્વાલ-થા-ત્સંપો (Dhal-tha-tsanpo) નામના ટીબેટના રાજાએ ભાષાન્તર કરાવ્યું છે. તે ભાષાન્તરમાં છેવટે માધ્યમિક દર્શનના આચાર્યોનાં નામ આપ્યાં છેઃ—આર્ય નાગાર્જુન, સ્થવિર બુદ્ધપાલિત, ચંદ્રકીર્તિ, દેવશર્મા, ગુણશ્રી, ગુણમતિ, સ્થવિરમતિ, અને ભાવાવિવેક અથવા ભવ્ય.

નાગાર્જુનની મૂલ મધ્યમકકારિકા ચંદ્રકીર્તિ [illegible] પ્રસન્નપાદા નામની ટીકાવાળી મારા અવલોકનમાં થોડા સમય ઉપર [illegible] છે, અને તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે બૌદ્ધોના શૂન્યવાદનું મૂલસ્વરૂપ બ્રાહ્મણધર્મના શ્રી શંકરાચાર્યાદિ આચાર્યોને જાણવાનાં સાધનો નહિ હોવાથી તે શૂન્યવાદને બ્રહ્મસૂત્રના ભાષ્યમાં ઘણો અન્યાય થયો છેઃ



નાગાર્જુન ઘણા સૂક્ષ્મ વિચારક હતા, અને તેમણે શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ-સ્થિરવસ્તુવાદ અને કેવલ અવસ્તુવાદ-એ ખોટા છે એ સાબીત કરવા પ્રયત્ન કર્યો હતો. તેમના અભિપ્રાય પ્રમાણે આ વિશ્વ સંવૃતસત્ય (ઢાંકેલું મધ્યમ સત્ છે) છે. પરંતુ પરમાર્થ સત્ય નથી. આ સિદ્ધાન્ત સાબીત કરવામાં જે જે ભાવો અથવા ધર્મો પૂર્વવાદીઓ ઉભા કરે છે તે વિનાનું તત્ત્વ છે તેથી તે પોતાના તત્ત્વને “શૂન્ય” કહે છે. અને તે શબ્દ ઘણે ભાગે ઉપનિષદ્‌ના **नेतिनेति** શબ્દથી વાચ્ય તત્ત્વના જેવા અર્થનો બોધ કરાવે છે. નાગાર્જુન કેવા ભાવમાં “શૂન્યતા” વાપરે છે તે નીચેની કારિકાથી સમજાય છેઃ-

**शून्यता सर्व दृष्टीनां प्रोक्ता निःसरणं जिनैः ।**
**येषां तु शून्यतादृष्टिस्तानसाध्यानबभाषिरे ॥**

માધ્યમિકશાસ્ત્ર અધ્યાય ૧૩ કારિકા ૮

બૌદ્ધોએ સર્વ દૃષ્ટિઓને બાતલ કરવાને શૂન્યતા એવું નામ આપ્યું છે, પરંતુ જેઓ શૂન્યદૃષ્ટિને વળગી રહે છે, એટલે વસ્તુને અભાવરૂપ એવું સમજે છે તેઓ અસાધ્ય રોગી જેવા છે.

નાગાર્જુનનો માધ્યમિક શૂન્યવાદ અને ગૌડપાદનો પ્રૌઢિવાદ અથવા અજાતિવાદ પરસ્પર ઘણાજ મળતા આવે છે, અને પ્રાચીન બૌદ્ધ નાગાર્જુનની ઇ. સ. બીજા સૈકાની આ માધ્યમિક મતની **શૂન્યતાની** ભાવના બ્રાહ્મણ ધર્મના શાશ્વત બ્રહ્મવાદમાં ગૌડપાદાચાર્યે બ્રહ્મની ભાવના રૂપે સાતમા આઠમા સૈકામાં ઉકેલી છે. ઇતિહાસની દૃષ્ટિથી વેદાન્ત શાસ્ત્રમાં જે માયાવાદ અથવા અજાતિવાદ ઉત્પન્ન થયો છે તેનાં કારણો બૌધદર્શનના માધ્યમિકમત અને વિજ્ઞાન વાદમાં રહેલાં છે. કેવલ અદ્વૈત વેદાન્તમાં બ્રહ્મનું કેવળજ્ઞાન સ્વરૂપ તથા બ્રહ્મતત્ત્વ વસ્તુતઃ કાર્ય કારણ ધર્મથી પર છે એ સિદ્ધાન્તો, જો કે વેદના ઉપનિષદોમાં બીજરૂપે રહેલા લેવામાં આવ્યા છે, તોપણ તર્કબલ વડે જે અંકુરિત થયા છે તેમાં બૌદ્ધમતનું સિંચન મને નિર્વિવાદ રીતે થયેલું જણાય છે, અને આજ કારણથી શાંકરમતને બીજા

વિશિષ્ટ અદ્વૈત અથવા શુદ્ધ અદ્વૈત અથવા અવિભાગ અદ્વૈતના વિચારકો "પ્રચ્છન્ન *બૌદ્ધમત" કહે છે, તેનું મૂલ કારણ આ ઐતિહાસિક અસરમાં રહેલું છે.

શ્રી ગૌડપાદની માંડૂક્ય કારિકામાં ગુંથાયેલા વેદાન્ત દર્શન સંબંધમાં જ્યારે વિવેચન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે, ત્યારે નાગાર્જુનની માધ્યમિક કારિકાના વિચારો અને શબ્દો તેમાં શી રીતે પ્રવેશ થયા છે, તે દર્શાવવામાં આવશે.

શ્રી ગૌતમબુદ્ધના વાસ્તવ અભિપ્રાયનો નિર્ણય નાગાર્જુને પોતાની આરંભની મંગલકારિકામાં જણાવ્યો છેઃ–

---

* પુરાણકારો પણ માયાવાદી વેદાન્ત દર્શનને પ્રચ્છન્ન બૌદ્ધ કહે છે. જુઓ પદ્મ પુરાણનાં નીચેનાં વાક્યોઃ––

दैत्यानाम् नाशनार्थाय विष्णुना बुद्धरूपिणा
बौद्धशास्त्रमसत्प्रोक्तं नग्ननीलयशोदकम् । ६९
मायावादमसच्छास्त्रं प्रछन्नंबौद्धमुच्यते ७०
तथैव कथितं देवि कलौ ब्राह्मणरूपिणा ।
अपार्थं श्रुतिवाक्यानां दर्शयँल्लोकगर्हितम् ॥ ७१
कर्मस्वरूपत्याज्यत्वमत्र वै प्रतिपाद्यते
सर्वकर्मपरिभ्रष्टं वैधर्म्यत्वं तदुच्यते ॥ ७२
परेशजीवयोरैक्यं मया तु प्रतिपाद्यते
ब्रह्मणोऽस्य स्वयं रूपं निर्गुणं वक्ष्यते मया ॥ ७३
सर्वस्य जगतोऽप्यत्र मोहनार्थं कलौ युगे
वेदार्थवन्महाशास्त्रं मायया यदवैदिकम् ॥ ७४
मयैव रक्ष्यते देवि जगतां नाशकारणात्
द्विजन्मना जैमिनिना पूर्वं वेदमपार्थकम् ॥ ७५

( प. पु. उत्तरखंड. २६४ अध्याय. )



**अनिरोधमनुत्पादम् अनुच्छेदम् अशाश्वतम् ।**
**अनेकार्थमनानार्थमनागममनिर्गमम् ॥**

"પરમતત્ત્વ ઉત્પન્ન થાય તેવું નથી. તેમ નાશ પામે તેવું નથી. વળી તે સ્થિર અથવા નિત્ય કહેવાય તેવું નથી, તેમ અસ્થિર અથવા વિનાશી પણ નથી; તે એક છે એમ કહેવાય તેમ નથી, તેમ અનેક છે એમ પણ કહી શકાય તેમ નથી, તે આવતું નથી તેમ જતું પણ નથી." આ છ નિષેધોવડે સર્વ વાદનું ખંડન થાય છે; અને વસ્તુ જેવી છે તેવીને તેવી અવિકૃત ( **तथात्व** ) સિદ્ધ છે. નાગાર્જુન છેવટે જણાવે છે કે

**आत्मेत्यपि प्रज्ञपितमनात्मेत्यपि देशितम् ।**
**बुद्धैर्नात्मा न चानात्मा कश्चिदित्यपि देशितम् ॥**

ભગવાન બુદ્ધે આત્મા છે તેવો ઉપદેશ કર્યો છે; તેમ અનાત્મા છે તેવો પણ ઉપદેશ કર્યો છે, અને તે સાથે આત્મા નથી તથા અનાત્મા પણ નથી, એવો એક વસ્તુધર્મ છે એવું પણ જણાવ્યું છે, પહેલાં બે સંવૃતસત્યો છે, અને છેવટનું પરમસત્ય છે.

બૌદ્ધદર્શનની સરિતા સર્વાસ્તિવાદમાંથી વહેતી વહેતી છેવટે ઉપરના શૂન્યવાદના સમુદ્રમાં હિન્દુસ્થાનમાં શમી ગઇ. તેમાંથી તત્ત્વજ્ઞાનની નવી સરિતાઓ ઉદય થવાનો અસંભવ હતો. પરંતુ તે જે સમુદ્રમાં ડૂબી ગઇ તેમાં બ્રાહ્મણધર્મની મતિએ ઘણો ક્ષોભ કરી સમુદ્રના જલમાંથી નવા મેઘો ઉત્પન્ન કર્યા, અને તેની વૃષ્ટિમાંથી બ્રાહ્મણધર્મની નવી સરિતાઓ સાતમા આઠમા સૈકામાં વહેવા લાગી. તે સરિતામાં બૌદ્ધધર્મનો જાત્યન્તર પરિણામ થયો અને તેથી બ્રાહ્મણધર્મ પ્રાચીન બૌદ્ધધર્મનો ઉપકાર પોતાની વિચાર સરિતામાં પેઠો છે તે સ્વીકાર કરી શક્યો નહિ, પણ લગભગ પંદરસો વર્ષ પર્યન્તના બૌદ્ધ વિચારોની ઉંડી અસર પૌરાણિક ધર્મમાં ઘર ઘાલીને પેઠી અને ભગવાન્ ગૌતમ બુદ્ધને શ્રી વિષ્ણુના "સદયહૃદય" અવતાર રૂપેઃ––

निंदसि यज्ञविधेरहह श्रुति जातं
सदयहृदय दर्शितपशुघातम् ।
केशवधृतबुद्धशरीर ! जय जगदीश हरे ॥

કવિ જયદેવે અને સર્વ પુરાણોએ સ્વીકાર્યા. ભગવાન ગૌતમ બુદ્ધની ધર્મકાયા આ રીતે બ્રાહ્મણધર્મમાં પરકાયાપ્રવેશથી જાણે પેઠી હોય એવું તત્ત્વજ્ઞને ખુલ્લું જણાય છે.

## જૈનદર્શન.

सद्दर्शनज्ञानबलेन भूता
पापक्रियाया विरतिस्त्रिधा या ।
जिनेश्वरैस्तद्गदितं चरित्रं
समस्तकर्मक्षय हेतुभूतम् ॥

[ सुभाषित संदोहः ]

(૧)

ઘણા કાળસુધી જૈન અને બૌદ્ધોના બાહ્ય આચારોના સામ્યને લીધે તથા જૈનસાહિત્યના અજ્ઞાનને લીધે એવું માનવામાં આવતું હતું કે આ બે ધર્મોનાં મૂલતત્ત્વો એક હશે; પરંતુ વસ્તુસ્થિતિ તદ્દન જુદી છે. બ્રાહ્મણોના વેદધર્મસાથે જૈન અને બૌદ્ધમતનો નિકટ સંબંધ છે. બ્રાહ્મણોનો હિંદુધર્મ બૌદ્ધધર્મ અને જૈનધર્મ-એ ત્રણ ભારતવર્ષના ત્રણ ગંગા, યમુના અને સરસ્વતી જેવા મોટા નદીના પ્રવાહો છે. તે પ્રવાહો કેટલાક સિદ્ધાન્તોમાં મળી જાય છે, અને પ્રયાગજેવાં સર્વસામાન્ય તીર્થો ઉભાં કરે છે.



બ્રાહ્મણોના આરણ્યક અને સૂત્રસમયમાં ચાર આશ્રમોની વ્યવસ્થા હતી. પરંતુ વેદના કર્મકાંડની બલવાળી સત્તાના સમયમાં ચોથા આશ્રમની વ્યવસ્થા ન હતી. યાવજ્જીવ કર્મ કરવાં એવા સિદ્ધાન્તમાં ત્યાગના આશ્રમને મહત્તા અપાઇ ન હતી. પરંતુ ઉપનિષદોમાં કર્મબંધનથી મુક્ત પુરુષને પરિવ્રાજક કહેવામાં આવતા, અને તેઓ સંસારસંબંધમાં રહેનાર પ્રથમના ત્રણ આશ્રમીઓ કરતાં જુદા મંતવ્યવાળા ગણાતા. “પરિવ્રાજક” શબ્દ જ સર્વત્ર ફરનાર એવા અર્થનો વાચક છે. તેમના ધર્મોનું વિધાન કૌટિલ્ય અર્થશાસ્ત્ર જે ઇ. સ. પૂ. ૩૦૦ નો ગ્રંથ છે તેમાં જે આપવામાં આવ્યું છે તે ઉપરથી સમજાય છે કે બ્રાહ્મણ પરિવ્રાજક અને જનસાધુ અથવા યતિના બાહ્યધર્મોમાં અને આચારોમાં મોટો ભેદ ન હતો. બ્રાહ્મણોના ચતુર્થ આશ્રમોના ધર્મો અને બૌદ્ધો તથા જૈનોના આચારધર્મો સઘળા યમ અને નિયમમાં ગુંથાયેલા અને શમ તથા દમના પ્રાધાન્યવાળા છે. આ ત્રણે ધર્મો નિવૃત્તિપ્રધાન અથવા ત્યાગપ્રધાન કહીએ તો ખોટું નથી. પ્રવૃત્તિધર્મને નિવૃત્તિધર્મના સાધનરૂપે સ્વીકારવામાં આવે છે; અને તેથી જેવી રીતે બ્રાહ્મણો પ્રથમના ત્રણ આશ્રમોના ધર્મને ચોથા આશ્રમના ઉપકારક માને છે, તેવી રીતે બૌદ્ધ અને જૈનો સંસારી અથવા શ્રાવકના ધર્મો ભિક્ષુક અથવા યતિના ધર્મની સિદ્ધિના પ્રથમ પગથીઆરૂપ સ્વીકારે છે.

પરંતુ બ્રાહ્મણોના પરિવ્રાજકો આચારમાં સરખા છતાં તેમના મંડલમાં વિચારોના ભેદ ઘણા જૂના હતા, અને હાલ જેવા હિંદુધર્મના ત્યાગીઓમાં અનંત ભેદ છે-જેવા કે કેટલાક જટાધારી, કેટલાક મુંડી, કેટલાક ભસ્મધારી બાવા, કેટલાક ઉદાસી; તેવા વર્ણમર્યાદા બહાર ગયેલા આ ત્યાગીઓનાં મંતવ્યો પ્રાચીન કર્મકાંડને વશ વર્તનારાં ન હતાં. તેમના લગભગ ૬૩ ભેદો હતા એવું જૂના બૌદ્ધ ગ્રંથોમાંથી જણાય છે.

જૈનો પોતાની સિદ્ધદશાવાળા વિચારકોને તીર્થંકર કહે છે. તેમના આજ સુધીમાં ચોવીસ તીર્થંકરો થયા છે; અને તેમની કાલકલ્પના અને પ્રાચીન તીર્થંકરોનાં ઇતિવૃત્તસંબંધમાં ઐતિહાસિક દૃષ્ટિથી તપાસતાં એટલું

તો સમજાય છે કે એમનો ધર્મસંપ્રદાય ઘણો પ્રાચીન છે, તેમના આદ્ય તીર્થંકર ઋષભદેવજીએ પોતાના પુત્ર ભરતને ચક્રવર્તી રાજ્યાસન આપી સંસારધર્મનો ત્યાગ કરી સિદ્ધપદને મેળવ્યું હતું. તેમના ત્યાર પછીના બાવીસ તીર્થંકરોસંબંધની પ્રમાણવાળી ઐતિહાસિક માહિતી મળી આવતી નથી; પરંતુ ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીસંબંધમાં ઘણી હકીકત મળી આવી છે. આ બે તીર્થંકરોના જીવનવૃત્તસાથે જૈનતત્ત્વદર્શનનો અધ્યાત્મસંબંધ હોવાથી અત્ર તેમના તત્ત્વદર્શનના વિચારો પૂર્વે તેમના જીવનચરિતને આપવું યોગ્ય ગણ્યું છે.

## (૨) પાર્શ્વનાથ ( ઇ. સ. પૂ. ૮૦૦ )

ઐતિહાસિક જૈનધર્મની સ્થાપના અથવા લુપ્તધર્મનો પુનઃ રુદ્ધાર શ્રી પાર્શ્વનાથે કર્યો હતો. તેઓ મહાવીર સ્વામીના કૈવલ્ય પહેલાં બસો પચાસ વર્ષઉપર નિર્વાણ પામ્યા હતા અને તેઓ સો વર્ષ જીવ્યા હતા. ઇ. સ. પૂ. ૩૦૦ માં થયેલા જૈન યતિ ભદ્રબાહુના કલ્પસૂત્રમાં આપેલી માહિતી પ્રમાણે પાર્શ્વનાથ ક્ષત્રિય જાતિના હતા. તેમના પિતા કાશીના રાજા અશ્વસેન હતા, અને તેમની માતાનું નામ વામા હતું. પાર્શ્વનાથે ગૃહસ્થતરીકે ત્રીસ વર્ષ વૈભવી જીવન ગાળ્યું હતું; અને ત્યાર પછી સઘળો રાજવૈભવ ત્યજી ભિક્ષુકદશા સ્વીકારી હતી. તેમણે ૮૪ દિવસ સુધી ભારે તપ કર્યું અને કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી ૭૦ વર્ષ પર્યન્ત સિદ્ધજીવન ગાળ્યું હતું; અને સમેત પર્વતનાં શિખરઉપર નિર્વાણ પામ્યા હતા.

ભવિષ્યમાં થનાર મહાવીર સ્વામીના સિદ્ધાન્તો અને પાર્શ્વનાથના સિદ્ધાન્તોમાં ઘણો ભેદ ન હતો. પરંતુ ઐતિહાસિક અવલોકનથી સમજાશે કે જૈનોનાં પ્રથમનાં ચાર વ્રતો--અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહ પાર્શ્વનાથે વિધાન કર્યાં હતાં અને પાંચમું વ્રત-બ્રહ્મચર્ય તે શ્રી મહાવીરે ઉમેર્યું હતું અને તેના ઉપર તેમણે ભાર મુકયો હતો. બીજું શ્રી પાર્શ્વનાથે એક વસ્ત્ર અને બીજું ઉપવસ્ત્ર રાખવાની છૂટ આપી હતી. શ્રી મહાવીરે કેવળ વસ્ત્રવિના રહેવાના કર્કશ આચારને દાખલ કર્યો હતો. આ પાંચમાં



વ્રત અને કેવળ નગ્નતા-એ બે આચારના મુદ્દાઉપર મહાવીરના અનુયાયી ગૌતમ, અને પાર્શ્વના અનુયાયી કેશીવચ્ચે વાદવિવાદ થયાનું સૂત્રગ્રન્થોમાં સમજાય છે. તેથી પાર્શ્વ અને મહાવીરના અનુયાયીઓ વચ્ચે આચારમાં મતભેદ ઘણા જૂના જણાય છે, કદાચ ભવિષ્યમાં શ્વેતાંબર અને દિગંબર-એ બે તડા જૈનધર્મમાં પડયા છે, તેનાં મૂળ બીજ આ આદ્ય તકરારમાં હશે.

## (૩) શ્રી મહાવીર સ્વામી (ઈ. સ. પૂ. ૪૬૮ ) અને તેમના ધર્મનો ઇતિહાસ.

જૈનસંપ્રદાયપ્રમાણે ઇ. સ. પૂ. ૫૨૮ માં મહાવીર નિર્વાણ પામ્યા હતા પરંતુ હેમચંદ્ર આચાર્યનાં વાકયોઉપર અનુમાન કરનાર પ્રો. જેકોબીના અભિપ્રાયપ્રમાણે વિક્રમસંવત્સરના ઉદય પહેલાં ૨૫૫ વર્ષઉપર ચંદ્રગુપ્ત મૌર્ય રાજ્યારૂઢ થયા હતા, એટલે કે ઇ. સ. પૂ. ૩૧૩ માં ચંદ્રગુપ્તનો રાજ્યારંભ આવે. આ રાજ્યાભિષેક પહેલાં ૧૫૫ વર્ષઉપર મહાવીર સ્વામીનુ નિર્વાણ થયું હતું. એટલે કે ઇ. સ. પૂ. ૪૬૮ માં મહાવીર સ્વામીએ દેહ છોડયો હતો. ગૌતમ બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા તે વાત આ સમયસાથે બંધ બેસતી આવે છે.

ઇ. સ. પૂ. ૫૦૦ વર્ષઉપર વિદેહ રાજ્ય ઘણું સમૃદ્ધિવાળું હતું. તેની રાજધાની વૈશાલી હતી. આ નગર પાટલિપુત્ર (પટના)થી ઉત્તરમાં આવ્યું હતું. આ રાજ્ય ઘણે ભાગે પ્રજાસત્તાક હતું, અને લીચ્છવી જાતિના ક્ષત્રિય વંશના કુટુંબિયોના તાબામાં હતું, વૈશાલીના કુંદગ્રામ નામના પરામાં (બસકુંડ નામનું હાલનું ગામ) સિદ્ધાર્થ નામના જ્ઞાતૃક જાતિના એક ક્ષત્રિય પુરુષ હતા, લીચ્છવી જાતિના આગેવાન ચેટકનાં બહેન ત્રિશલાને સિદ્ધાર્થ પરણ્યા હતા. તે લગ્ન સંબંધથી બે પુત્ર અને એક પુત્રી થયાં. નાના પુત્રનું નામ વર્ધમાન પાડયું હતું જે પાછળથી મહાવીર થયા. સિદ્ધાર્થનાં ત્રિશલા સાથેના લગ્નસંબંધથી મગધ રાજ્યસાથે ગાઢ સગાઇસંબંધ થયો હતો. લીચ્છવી જાતિના આગેવાન ચેટકના બહેન જ્યારે સિદ્ધાર્થને પરણ્યાં હતાં, ત્યારે ચેટકનાં દીકરી ચેલ્લના મગધના બિંબિસાર રાજાને

પરણ્યાં હતાં. બિંબિસાર અને ચેલ્લનાના દીકરા અજાતશત્રુ, અને સિદ્ધાર્થ અને ત્રિશલાના દીકરા વર્ધમાન (મહાવીર). પરંતુ આ બે સંબંધથી વિલક્ષણ પરિણામો થયાં. બુદ્ધના નિર્વાણપહેલાં આઠ વર્ષઉપર અજાતશત્રુએ પોતાના પિતા બિંબિસારનો વધ કરી ભૌતિક રાજ્ય મેળવી રાજધર્મને અને લીચ્છવી જાતિના માતૃવંશને કલંકિત કર્યો, ત્યારે વર્ધમાને સર્વ વૈભવ ત્યજી અહિંસાધર્મનું શાસન પ્રવર્તાવી લોકધર્મ અને માતૃવંશને ઉજ્જવલ કર્યો.

જેવી રીતે બૌદ્ધો ગૌતમબુદ્ધના ઐતિહાસિક જન્મઉપર કલ્પનામય ધાર્મિક વાતાવરણ ઉભું કરે છે; જેવી રીતે કૃષ્ણજન્મ સંબંધમાં બ્રાહ્મણો અલૌકિક વાતાવરણ ઉભું કરે છે, તેવી રીતે જૈનો પણ જણાવે છે કે પુણ્યોત્તર સ્વર્ગમાંથી મહાવીર પોતાના પૂર્વજન્મમાંથી બ્રાહ્મણ ઋષભદત્તની સ્ત્રી દેવાનંદામાં ગર્ભભાવે ઉતર્યા, અને તે બ્રાહ્મણ અને બ્રાહ્મણી પણ કુંદગ્રામમાં રહેતાં હતાં; પરંતુ પ્રાચીન કલ્પોમાં તીર્થંકરો બ્રાહ્મણના વંશમાં અવતર્યા નથી, તેથી ઇન્દ્રે અથવા શક્રે દેવાનંદાનો ગર્ભ ક્ષત્રિયાણી ત્રિશલામાં સ્થાપ્યો, અને તે વર્ધમાન થયા, શ્વેતાંબરો આ વાર્તાને પ્રમાણભૂત માને છે. દિગંબરો માનતા નથી, સામાન્ય બુદ્ધિપ્રમાણે દિગંબર મતપ્રમાણે વર્ધમાન ક્ષત્રિયપુત્ર હતા તે સ્વીકારી શકાય છે.

ગૌતમ બુદ્ધની પેઠે વર્ધમાનનું જ્યોતિષ જોનારાએ તેમની યશસ્વી ધર્મભરી કીર્તિ ગાઈ હતી. વર્ધમાનને સર્વપ્રકારની લૌકિક અલૌકિક કેળવણી આપવામાં આવી હતી, તેમનું લગ્ન યશોદાસાથે થયું હતું, તેમની પુત્રી તે જમાલી ( જાબાલી ? ) વેરે પરણાવી હતી. આ જમાઈ ભવિષ્યમાં મહાવીરના ધર્મના વિરોધી થયા હતા. વર્ધમાન સંસારમાં રહ્યા છતાં વૈરાગ્યની વાસનાવાળા હતા. તેમનાં માતાપિતાના મરણ પછી પોતાના મોટાભાઈ નંદિવર્ધનની આજ્ઞા લઈ ઉંમરના ત્રીસમા વર્ષમાં ત્યાગી થયા. આચારાંગ સૂત્રની એક ગાથાઉપરથી સમજાય છે કે વર્ધમાને ભારે કષ્ટમય તપ કર્યું હતું. તેર મહિનાસુધી તો તેમના અંગઉપર જીવોએ વાસ કરી



દીધો હતો, પછી વસ્ત્રનો પણ ત્યાગ કરી નગ્ન દશામાં તે ફરતા હતા. ધ્યાનવડે, અખંડ બ્રહ્મચર્યવડે, અને યમ નિયમાદિ આચારોવડે તેમણે સર્વ ઈન્દ્રિયોનો જય કર્યો, અને કોઈ પણ જીવતા પ્રાણીને મન વાણી અને શરીરથી લગાર પણ અનર્થ થવા દીધો નહિ. આ પ્રકારના કષ્ટવ્રતના પાલનમાં જંગલી મનુષ્યોએ તેમને દુઃખ દીધું હતું; પરંતુ તે સર્વ શાન્ત ભાવથી સહન કર્યું હતું. ફરતા ફરતા તેઓ મગધ રાજ્યધાની રાજગૃહ આગળ આવ્યા હતા, અને ત્યાં તેમનું સારૂં સન્માન થયું હતું.

રાજગૃહના નાલંદા નામના પરામાં વસનાર ગોશાલ નામના સાધુનો સંબંધ થયો. આ સાધુ વર્ધમાન સાથે છ વર્ષ સ્નેહ બાંધી રહ્યો અને સમાન તપશ્ચરણ કર્યું. પરંતુ એક નજીવી બાબત ઉપરથી ગોશાલ છૂટો પડયો, અને તેણે એક નવો સંપ્રદાય ઉભો કર્યો, અને પોતાને તીર્થંકર કહેવડાવવા લાગ્યો. આ સંપ્રદાયનું નામ આજીવક હતું, એમ બૌદ્ધ ગ્રંથોથી સમજાય છે. તે સંપ્રદાયનું સાહિત્ય કંઇ રહ્યું હોય એમ જણાતું નથી. શ્રાવસ્તીની હાલાહલા નામની કુંભારણને ત્યાં ગોશાલે પોતાના સંપ્રદાયનું મથક કર્યું હતું.

વર્ધમાને આ ગોશાલનાં ક્ષુદ્ર વિરોધની અવગણના કરી અને બાર વર્ષ વધારે તપશ્ચર્યા અને ધ્યાનમાં ગાળ્યાં. ત્યાર પછી જેવી રીતે ગૌતમ બુદ્ધને બુદ્ધત્વ અશ્વત્થનીચે ધ્યાનયોગના પરિણામમાં મળ્યું, તેમ વર્ધમાનને કૈવલ્યપદ શાલવૃક્ષ નીચે પ્રાપ્ત થયું. જેમ શાક્યપુત્ર ગૌતમને બુદ્ધ સંજ્ઞા મળી, તેમ વર્ધમાનને જિન અથવા મહાવીર સંજ્ઞા મળી. તેમનું જ્ઞાન કેવલિ એટલે સર્વ વસ્તુને અનુભવનારૂં થયું. આ કૈવલ્ય પદ અથવા મહાવીરત્વ તેમના બેંતાલીસમા વર્ષમાં પ્રાપ્ત થયું; અને ત્યાર પછી તેઓએ નિર્ગ્રન્થસંજ્ઞાવાળા એટલે બંધન વિનાના ભિક્ષુકોના સંપ્રદાયનું સ્થાપન કર્યું. નિર્ગ્રન્થ સંજ્ઞા પાછળથી જૈન સંજ્ઞામાં પલટાઇ ગઇ છે. બંનેનો અર્થ તાત્પર્યમાં એક છે. ગ્રંથ વિનાના–બંધનવિનાના તે નિર્ગ્રન્થી; સર્વાંશે ઇંદ્રિયોનો જય કરનાર તે જૈન. બૌદ્ધ ગ્રંથોમાં “નિગ્ગંથનાથ પુત્ર

(નિર્ગ્રન્થો જ્ઞાતૃપુત્ર જ્ઞાતૃ જાતિના નિર્ગ્રન્થ સાધુ) સંજ્ઞા વડે જે ઉલ્લેખ આવે છે તે મહાવીરને લગતો છે, એમ પ્રો. જેકોબીનું માનવું છે.

કેવલ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછીનાં ત્રીસ વર્ષ મહાવીરે શી રીતે ગાળ્યાં. તેનું ઐતિહાસિક જ્ઞાન ઘણું થોડું મળી આવ્યું છે. તેઓએ બિહારના ઉત્તર તથા દક્ષિણ વિભાગમાં પ્રવાસ કર્યો હતો. તેઓ મગધ અને અંગદેશની રાજધાનીમાં જતા આવતા હતા. મગધની રાજધાની રાજગૃહ, અંગની રાજધાની ચંપા, વિદેહની રાજધાની મિથિલા તથા શ્રાવસ્તી, અને પોતાની નગરી વૈશાલી—એ સર્વમાં તેઓ થોડો થોડો સમય રહેતા હતા.

મગધ રાજ્યના તે સમયના રાજા બિંબિસાર અને તેનો પુત્ર અજાતશત્રુ અથવા કૂનીક અને તેમના સંબંધી રાજવંશીઓ સાથે શ્રી મહાવીરને મળવાનો પ્રસંગ થયો હતો. એ રાજવંશીઓ તેમનો સારો સત્કાર કરતા હતા. પરંતુ બુદ્ધનો અને તેના અનુયાયીઓનો પણ આ રજવાડા સાથે સંબંધ હતો,—જૈનોએ પોતાના સૂત્રગ્રંથો તથા ઇતર ગ્રંથોમાં બૌદ્ધ સંબંધમાં કંઇ પણ ઉલ્લેખ નથી કર્યો. પરંતુ બૌધોના પાલી ગ્રંથોમાં મહાવીરના અનુયાયીઓ અને બુદ્ધ વચ્ચે વાદવિવાદ થવાના પ્રસંગો છે. અજાતશત્રુના મનનું સમાધાન મહાવીર કરતાં બૌદ્ધે સારૂં કર્યું હતું એમ પાલી ગ્રન્થો જણાવે છે. પરંતુ વિશેષ વિચાર અને શોધ ઉપરથી સમજાય છે કે અજાતશત્રુ બૌદ્ધધર્મ કરતાં જૈનધર્મ તરફ વધારે વલણવાળો રાજા હતો.

મહાવીરનો રાજગૃહનો ઉપાલિ નામનો ગૃહસ્થ અનુયાયી થયો હતો. તેણે બુદ્ધ સાથે બૌદ્ધ સિદ્ધાન્તો ભ્રમવાળા છે એમ જણાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ આખરે ભગવાન્ બુદ્ધે તેના મનનું પરિવર્તન કર્યું હતું, અને ત્યાર પછી તે જૈન મતમાં માત્ર ઉદાસીન નહિં, પરંતુ વિરોધી થયો હતો.

શ્રી ગૌતમ બુદ્ધ અને શ્રી મહાવીરનાં સિદ્ધાન્તો પાયામાં ભેદવાળા છે. તેથી દયાધર્મમાં તેઓ સમાન છતાં તેમના અનુયાયીના આચારવિચારમાં ઘણો ભેદ છે. જૈન સિદ્ધાન્ત હિંદુઓની પ્રાચીન આત્મભાવનાને



સ્વીકાર કરે છે. સર્વ જગત્ ચૈતન્યમય–જીવત્વથી ભરપુર છે એવું શ્રીમહાવીરનું મંતવ્ય છે. જ્યારે બૌદ્ધો ક્ષણિકવાદી અને અનાત્મવાદી છે.

બીજું ગૌતમબુદ્ધે દેહદમન જો કે પુર્વાવસ્થામાં સાધ્યું હતું પરંતુ "બોધિ" પ્રાપ્ત થયા પછીનો તેમનો છેવટનો સિદ્ધાન્ત મધ્યમ માર્ગનો હતો, એટલે દેહનું પ્રાણદમન પણ કામનું નથી, તેમ વિષયોમાં આળોટવું પણ કામનું નથી–એવા ભાવનો ઘડાયો હતો. શ્રીમહાવીરે દેહદમનને ઘણુંજ પ્રાધાન્ય આપ્યું છે; અને તેમના અનુયાયીઓ કષ્ટવ્રત વડે ભારે તપ વડે–દેહાન્ત થાય તો તેમાં ધર્મનો મહિમા માને છે.

ત્રીજું જીવતાં પ્રાણીઓ પ્રતિ દયા દર્શાવવાનો આદેશ શ્રીગૌતમ બુદ્ધનો છે, પરંતુ શ્રીમહાવીરે તે દયાધર્મ ઉપર ઘણોજ ભાર મૂક્યો છે, અને તેથી મનુષ્ય પ્રાણીઓ પ્રતિ જેટલી અનુકંપા દર્શાવાય તેટલી અને પ્રસંગે તેથી પણ અધિક સ્થાવરાન્ત યોનિના જીવોપર્યંત દર્શાવવી એવો આગ્રહ જણાવ્યો છે.

પાયામાં ઉપર જણાવેલા ભેદવાળાં જૈન અને બુદ્ધદર્શનોને લીધે જો કે થોડો ઘણો વિગ્રહ જૈનો અને બૌદ્ધોમાં, મહાવીર અને ગૌતમના સમકાલમાં થયો હશે, તો પણ બન્નેની વિચારદિશા જૂદા પ્રકારની હોવાથી આરૂઢ દ્વેષના પ્રસંગો પાછળથી બંધ થયા છે. પરંતુ એકજ દર્શનમાં જૂજ બાબતોમાં જે મતભેદ બંધાય છે તેથી ધર્મવિગ્રહ જેવો ભારે થાય છે તેવો ભિન્ન દર્શનોવાળા વચ્ચે થતો નથી. આ નિયમ પ્રમાણે શ્રીમહાવીરનો જેટલો વિરોધી બૌદ્ધ સંપ્રદાય હતો તેના કરતાં જૈનસિદ્ધાન્તના એકદેશી ગોશાલનો સંપ્રદાય વધારે વિરોધી હતો. ગોશાલના અનુયાયીઓ શ્રાવસ્તીમાં ઘણા હતા એમ જૈનગ્રન્થો જણાવે છે. તેના સંબંધમાં જૈન ગ્રંથો ઘણા દોષોના આક્ષેપ કરે છે. આ બાબતમાં શ્રીમહાવીર પોતે ઘણે ભાગે ઉદાસીન રહેતા હતા, તોપણ તેમના અને ગોશાલના અનુયાયીઓમાં ભારે વિગ્રહ ચાલતો હતો. કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછીના શ્રીમહાવીરના જીવનના સોળમા વર્ષમાં શ્રાવસ્તીમાં મહાવીર સમક્ષ ગોશાલનો ભારે પરાજય થયો હતો, અને

ત્યાર પછી એક અઠવાડીઆમાં ગોશાલનો દેહ પડ્યો હતો. આ પ્રસંગ પિતાનું ખૂન કરનાર અજાતશત્રુના રાજ્યારોહણ પછી થોડા સમયમાં બન્યો હતો. ગોશાલના મરણ પછી શ્રીમહાવીર લગભગ સોળ વર્ષ પોતાના ધર્મનું પ્રસારણ કરી શક્યા હતા, અને તેમના જમાઇ જમાલી અને એક સાધુ "તિસ્સગુપ્ત" ના કેટલાક સાંપ્રદાયિક વિચારભેદો લગભગ તેમના જીવનકાળે શમી ગયા હતા. પિતાનું ખૂન કરનાર અજાતશત્રુ રાજાના પ્રતિ પણ અનુકંપા અને દયા દર્શાવનાર શ્રીમહાવીર રાજગૃહ પાસે પાવા ગામમાં બોતેર વર્ષે કૈવલ્યને પામ્યા. ઈ. સ. પૂ. ૪૬૮ માં આ પ્રસંગ બન્યો હતો.

શ્રીમહાવીરના અગીયાર ગણધરોમાં સુધર્મા જૈનસંઘના આગેવાન થયા હતા. શ્રીમહાવીરના કૈવલ્ય પછી લગભગ દોઢસો વર્ષપર્યન્ત જૈનસંપ્રદાય કેવી સ્થિતિમાં ચાલ્યો તેની ઐતિહાસિક માહિતી ઘણી થોડી છે. તોપણ સાંપ્રદાયિક વાર્તા ઉપરથી સમજાય છે કે અજાતશત્રુના મરણ પછી ઉદાયીએ જૈનધર્મનો સારો સત્કાર કર્યો હતો. ઉદાયીએ એક રાજાને પદભ્રષ્ટ કરેલો તેનું વેર તેના પુત્રે જૈનસંઘમાં સાધુરૂપે પ્રવેશ કરી ઉદાયીના ખૂનમાં વાળ્યું. અને આ પ્રસંગ શ્રીમહાવીરના કૈવલ્ય પછી સાઠમા વર્ષમાં બન્યો. ત્યાર પછી નંદવંશના રાજાઓ થયા. આ નવનંદના સમયમાં જૈનધર્મની ખાસ અવગણના થઇ જણાતી નથી, કારણ કે કલિંગના રાજા ખારવેલ જે જૈન હતા, તેમના એક શિલાલેખમાં નંદરાજાને આદિ જિનની મૂર્તિ સાથે સંબંધવાળી જણાવી છે. શ્રીમહાવીરના કૈવલ્ય પછી વીસ વર્ષે જૈનસંઘના અગ્રણી સુધર્મા ગુજરી ગયા અને જંબુ નામના સાધુને શિર સંઘની જવાબદારી ઉતરી. તેમણે ચુંમાળીસ વર્ષ વ્યવસ્થા રાખી. ત્યાર પછી ત્રણ સંઘવાહકો થઇ ગયા, અને છેલ્લા નંદરાજાના સમયમાં જૈનસંઘનો કારભાર સંભૂતવિજય અને ભદ્રબાહુ એ બે યતિઓના હાથમાં હતો. જૈનધર્મસાહિત્યના ચતુર્દશ "પૂર્વ" અથવા વિદ્યાસ્થાનની માહિતી આ બે યતિઓને છેલ્લી હતી. ચંદ્રગુપ્ત મૌર્ય મગધરાજ્યની ગાદી ઉપર આવ્યા તે જ સાલમાં સંભૂતવિજય ગુજરી ગયા. ત્યાર પછી બાર વર્ષનો ભારે દુષ્કાળ પડ્યો, અને બંગાળા દેશની તેથી પાયમાલી થઈ. ભદ્રબાહુએ આ સંકટના સમયમાં



સંઘના સખત નીતિનિયમોનો ભંગ થતો જોયો અને તેથી તેઓ પોતાના કેટલાક વિશ્વાસુ અને ધર્મનિષ્ઠ અનુયાયીઓને લઇ તે દેશથી નીકળી દક્ષિણમાં કર્ણાટક દેશમાં આવી વસ્યા. સંભૂતવિજયના શિષ્ય સ્થૂલભદ્રે જૈનસંપ્રદાયનું મગધમાં અને બીજાં સ્થાનોમાં રક્ષણ કર્યું. દુષ્કાળનો સમય વીત્યા પછી કર્ણાટકમાં ગયેલા જૈનો મગધમાં પાછા આવ્યા. ભદ્રબાહુ જૈનસંઘની જવાબદારી સ્થૂલભદ્રના હાથમાં રહેવા દઈ નેપાલમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા. ઇ. સ. પૂ. ૩૦૦ માં જૈનસંઘના બે તડ઼ા પડયા:—(૧) શ્વેતાંબર (૨) દિગંબર.

કર્ણાટકમાંથી દુષ્કાળના અન્તમાં પાછા આવેલા જૈનો, જેમણે ધર્મના સખત નિયમોનું પાલન કર્યું હતું તેઓને મગધમાં રહેલા સાધુઓનું જીવન, ધર્મના નિયમોમાં શિથિલ જણાયું, અને તેઓ મગધવાસી જૈનોને ધર્મભ્રષ્ટ માનવા લાગ્યા. પ્રાચીન ધર્મસાહિત્ય "પૂર્વ" લોપ પામતું જણાયું. પાટલિપુત્ર (પટના)માં મગધ રાજ્યના જૈનોએ પરિષદ્ ભરી અને ધર્મસાહિત્ય ભેગું કરવા પ્રયત્ન કર્યો, પરંતુ તે સંપૂર્ણ સાહિત્ય, જે ભદ્રબાહુને કંઠસ્થ હતું તે તેઓ નેપાલમાં જઇ વસ્યા હતા માટે તેમની પાસેથી મળી શકે તેમ હતું. સ્થૂલભદ્ર ગુરુ પાસે ગયા અને ચૌદ પૂર્વાંગનો તેમણે અભ્યાસ કર્યો. પરંતુ તેમણે માત્ર તેનાં પ્રથમનાં દશ અંગ કરતાં વધારે અંગો બીજાને ન શિખવવાનો શિષ્યને આદેશ કર્યો. તેથી જે ધર્મસાહિત્યનો સંગ્રહ થયો તે પૂર્ણ ન હતું. પરંતુ ખંડ સંહિતારૂપે રહ્યું; અને તેમાં કેટલુંક નવું પણ સાહિત્ય પેસવા પામ્યું. પરિષદ્માં સંગ્રહ થયેલું આ સાહિત્ય "શ્વેતાંબર"નું ધર્મ સાહિત્ય ગણાય છે. કર્ણાટકમાંથી પાછા આવનારા, જે દિગંબરોના પૂર્વજો ગણાય, તેમણે આ પરિષદ્માં ભાગ લીધો ન હતો અને તેઓ પ્રાચીન સાહિત્ય લોપ પામ્યું છે એમ ગણે છે. તેઓ એવું માને છે કે શ્વેતાંબરોનું ધર્મસાહિત્ય જે સિદ્ધાંત તરીકે રજુ થાય છે તે પાછળનું નવું સાહિત્ય છે, અને વલ્લભીના જિનાચાર્યે સંગ્રહ કરેલું છે.

આ જૈનધર્મના અન્તઃક્ષોભને લીધે તે ધર્મના બાહ્યપ્રસારણમાં જો કે વિઘ્ન આવ્યું તોપણ બ્રાહ્મણધર્મ અને બૌદ્ધધર્મના રાજ્યાશ્રયને લીધે થતા

પ્રબલ વેગ સામે તે ધર્મ શાન્ત અને ગુપ્ત રીતે આત્મરક્ષણ કરતો રહ્યો. મગધ અને બંગાળામાં તેમ કર્ણાટકમાં તે ધર્મનો પ્રસાર થયેલો તે ઉપરાંત ઘણા જૂના સમયથી પશ્ચિમ હિંદુસ્થાનમાં અને મુખ્યત્વે કરી ગુજરાતમાં તે ધર્મનાં પુણ્યબીજ રોપાયાં હતાં; અને તે દેશમાં તે ધર્મવૃક્ષ સારૂં ઉગી નીકળ્યું. જૈનસાહિત્યમાં બિંદુસારના દીકરા ચંદ્રગુપ્તનો તથા મહારાજા અશોકનો ઉલ્લેખ નહિ જેવો આવે છે, તથા ચાણક્યના અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રમાં સમાજનું બંધારણ બ્રાહ્મણધર્મને અનુસરતું ચીતર્યું છે, તેથી સહજ અનુમાન થાય છે કે ઇ. સ. પૂ. ત્રીજા સૈકામાં બૌદ્ધધર્મ અથવા બ્રાહ્મણધર્મ પ્રબળ વેગવાળો પૂર્વ હિંદુસ્થાનમાં જેવો હતો તેવો વેગવાળો જૈનધર્મ ત્યાં ન હતો. પરંતુ કિલંગ દેશમાં ખારવેલ રાજાના આશ્રય નીચે તે ધર્મની એક શાખા જીવતી હતી, અને પશ્ચિમમાં ઘણું કરીને ઉજ્જનમાં રાજ્ય કરતા અશોક મહારાજાના પૌત્ર સંપ્રતિના આશ્રય નીચે ગુજરાત વગેરે દેશમાં, તેની બીજી શાખા પ્રસરી હતી. જેવી રીતે બૌદ્ધોના આશ્રયદાતા અશોક મહારાજા હતા, તેમ જૈનોના આશ્રયદાતા તે મહારાજાના પૌત્ર સંપ્રતિ રાજા હતા.

જો કે ઇ. પૂ. ૩૦૦માં જૈનધર્મના બે વિભાગ થયા હતા. તોપણ સંપ્રદાયભેદ ઘણું કરીને ઇ. સ. પછી ૭૯ અથવા ૮૨ની સાલ પહેલાં થયો ન હતો. મથુરાંના ઘણા લેખો ઉપરથી સમજાય છે કે શ્વેતાંબરોનો સંઘ ઇ. સ. ૭૮માં સ્થપાઇ ચૂક્યો હતો, એટલુંજ નહિ પણ ઘણા પેટા વિભાગો અથવા ગચ્છો થયા હતા. આર્યાઓ અથવા સાધ્વીના ઉલ્લેખ તેમાં આવે છે, અને આ સ્ત્રીઓની સંસ્થા શ્વેતાંબરોમાં છે; દિગંબરોમાં નથી. ઇ. સ. પૂ. ૩૦૦માં મથુરાં કૃષ્ણભક્તિનું નિવાસસ્થાન હતું, પરંતુ ત્રણ સૈકામાં તે દેશ, જેમાં શૂરસેનોનું રાજ્ય હતું, ત્યાં શ્રી મહાવીરની તપની ભાવનાએ મનુષ્યોના હૃદયનું આકર્ષણ કર્યું હતું. જેવી રીતે બ્રાહ્મણોના વિષ્ણુના સંપ્રદાયના મૂળસ્થાનમાં એટલે મથુરામાં જૈનોએ પોતાના ધર્મનું રક્ષણ કર્યું હતું, તેવી રીતે બ્રાહ્મણોના પાશુપત અથવા શૈવ સંપ્રદાયના નિવાસભૂત ઉજ્જયિનીમાં પણ તેમણે સ્વધર્મનું રક્ષણ કર્યું હતું. કાલિકાચાર્યના કથાનક ઉપરથી એટલું તો સમજાય છે કે તે વાતમાં કંઇક ઐતિહાસિક સત્ય છે. જૈન સાધુ કાલિકાચાર્યનું



માળવાના રાજા ગર્ધભિષે (ગંર્ધવસેને) અપમાન કર્યું તેથી તે સાધુ "શાહાનુ શાહી" (રાજાના રાજા) શકદ્વીપના રાજ્ય તરફ ગયા. આ શાહાનુ–શાહી પદ સિક્કાઓ ઉપરથી કુશાન વંશના રાજાને લાગુ પડતું છે, અને તે રાજાઓની પંજાબ સિંધ વગેરે મુલક ઉપર સત્તા ઇ. સ. પૂર્વના પહેલા સૈકામાં હતી. આ શક જાતિના લોકોને બોલાવી લાવી ઉજ્જૈનમાં ગર્ધભિષના રાજ્યને કાલિકાચાર્યે ઉથલાવી નાંખ્યું એવું કથાનક છે. પરંતુ તેના પુત્ર વિક્રમાદિત્યે શકોને હરાવી હાંકી કાઢ્યા, અને પોતાના રાજ્યની પુનઃ પ્રતિષ્ઠા કરી. જૈનોનો ઉજ્જયિનીમાં સંબંધ હતો, તે કાલિકાચાર્યના કથાનકથી તથા તેઓ વિક્રમ સંવત્ પ્રમાણે ગણત્રી કરે છે તેથી સાબીત થાય છે.

ઇ. સ. ના પહેલા સૈકાથી પાંચમા સૈકા સુધીમાં જૈનધર્મના અને તેમના સંઘની પ્રવૃત્તિની ઐતિહાસિક માહિતી ઘણી થોડી છે. પરંતુ પાંચમા છઠ્ઠા સૈકામાં વલ્લભીમાં જૈનસંઘની પરિષદ્‌માં તેમના સિદ્ધાંતો સુગ્રથિત થયા.

જૈનધર્મના અનુયાયીઓની સંખ્યા ઓછી છતાં તેઓ પોતાના ધર્મનું પ્રસારણ બળાત્કારથી અથવા વાદવિવાદથી કરતા નથી; છતાં તે ધર્મ અવિચ્છિન્ન શાંત જીવન ગાળતો હિંદુસ્થાનમાં રહ્યો છે અને બુદ્ધધર્મ પોતાની જન્મભૂમિમાંથી લોપ પામ્યો તેનાં કારણોમાં મુખ્ય કારણ જૈનોની શાન્ત સંઘની વ્યવસ્થા છે; અને તે સાથે પોતાના પુરાણા સિદ્ધાંતો આચારો અને વિચારોને તેઓ આગ્રહપૂર્વક વળગી રહે છે. આજથી બે હજાર વર્ષો ઉપર જે પ્રકારે જૈનધર્મનું પાલન થતું હતું, તેવુંજ લગભગ તેમના યતિઓ પાળે છે. અને જો કે શ્રાવકોમાં ધર્મશૈથિલ્ય આ જમાનામાં છે, તો પણ ધર્મરક્ષણ કરવામાં તેમના યતિઓ અને આર્યાઓ બળવાન્ છે.

### (૪) જૈનધર્મના બે સંપ્રદાયઃ શ્વેતાંબર તથા દિગંબર.

ઉપર જૈનધર્મના બે સંપ્રદાય કેવા સંજોગોમાં શી રીતે થયા તે જણાવવામાં આવ્યું છે. જૈનસિદ્ધાન્તમાં આ બંને સંપ્રદાયો એક છતાં ચાર મુદ્દામાં વિચારભેદ જણાવે છેઃ (૧) દિગંબરોના અભિપ્રાય પ્રમાણે તીર્થંકરો અથવા કેવલી આહાર વિના જીવી શકે છે; શ્વેતાંબરો આહારનો સંભવ સ્વીકારે છે, (૨) શ્વેતાંબરો માને છે કે દેવનંદાના ગર્ભસ્થાનમાંથી મહાવીરનો

ર્ભ ત્રિશલામાં સ્થાપવામાં આવ્યો હતો, આ મંતવ્યને દિગંબરો માનતા ...ી. (૩) વસ્ત્ર તથા પરિગ્રહ કરનાર સાધુ કૈવલ્યને પામતો નથી એમ દિગંબરો માને છે. (૪) અને સ્ત્રીઓને મોક્ષનો અધિકાર નથી એમ દિગંબરો માને છે. બીજા મુદ્દા શિવાયના ત્રણ મુદ્દાઓમાં શ્વેતાંબરોના નિશ્ચયો સામાન્ય બુદ્ધિ સાથે બંધબેસતા છે, અને પરધર્મીઓ પણ સ્વીકારી શકે તેવા છે.

શ્વેતાંબરોના કહેવા પ્રમાણે દિગંબરોનો સંપ્રદાય શિવભૂતિથી (ઇ. સ. ૮૩ ) આરંભ પામ્યો, અને તે શ્વેતાંબરોના પ્રાચીન ધર્મમાં પ્રથમ સાત વાર વિગ્રહ થયેલો તે પૈકી છેલ્લા વિગ્રહનો પરિણામ છે. દિગંબરો કહે છે કે પ્રાચીન ધર્મસાહિત્ય સર્વલોપ પામ્યું છે, તોપણ દિગંબરોએ શ્રી મહાવીરના સિદ્ધાંત પ્રમાણે આચાર જાળવી જાણ્યો છે; વળી શ્રી મહાવીરથી આઠમા ગણધર ભદ્રબાહુના સમયમાં અર્ધફાલકની શાખા થઇ, તેમાંથી ધર્મશૈથિલ્યને લક્ષમાં લઈ શ્વેતાંબર મત ઈ. સ. ૮૦ માં સ્થપાયો. શ્વેતાંબરોના મૂલ ધર્મ-સાહિત્યને બાદ કરીએ તો દિગંબરોનું કેટલુંક સંસ્કૃત ભાષાનું સાહિત્ય ઘણું પુરાણું છે. શ્વેતાંબરોમાં પાછળથી લગભગ ૮૪ પેટાપંથ પડયા છે, અને તેને ગચ્છ નામ આપવામાં આવે છે. બંને સંપ્રદાયવાળાઓએ પોતાની ગુરુપરંપરા જાળવી રાખી છે. આ ગુરૂપરંપરાના લેખને સ્થવિરાવલી, પટ્ટાવલિ અથવા ગુર્વાવલિ એવું નામ આપવામાં આવે છે.

### (૫) જૈનદર્શનનું પ્રમાણસાહિત્ય.

જૈનદર્શનના પ્રમાણ ગ્રંથોને ચૌદ પૂર્વ અને અગીઆર **અંગ** કહે છે. ચૌદ પૂર્વ ઘણું કરીને ભદ્રબાહુથી અવિચ્છિન્ન ચાલ્યાં હતાં. પછીથી તેનો લોપ થયો જણાય છે. અગીઆર **અંગો** જે હાલ ઉપલબ્ધ છે, તે જૈનસાહિત્ય-નો જૂનામાં જૂનો ભાગ છે. આ અગીઆર અંગોના નામ નીચે પ્રમાણે છેઃ

(૧) આચાર (૨) સૂત્રકૃત (૩) સ્થાન (૪) સમવાય (૫) ભગવતી (૬) જ્ઞાતધર્મકથા (૭) ઉપાસકદશા (૮) અંતકૃત દશા (૯) અનુત્તર ઔપપત્તિક દશા (૧૦) પ્રશ્ન વ્યાકરણ (૧૧) વિપાક.



આ પ્રધાન અંગો ઉપરાંત બાર ઉપાંગો છેઃ—(૧) ઔપપત્તિક (૨) રાજપ્રશ્નીય (૩) જીવાભિગમ (૪) પ્રજ્ઞાપના (૫) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ (૭) સૂર્યપ્રજ્ઞપ્તિ (૮) નિરયાવલિ (૯) કલ્પાવતંસિકા (૧૦) પુષ્પિકા (૧૧) પુષ્પચૂલિકા (૧૨) વૃષ્ણિદશા.

આ અંગ અને ઉપાંગ ઉપરાંત દશ પ્રકીર્ણ[1], છ છેદસૂત્ર[2] નાન્દી, અનુયોગદ્વાર અને ચાર મૂલ સૂત્રો[3] છે.

આ અગીઆર અંગો, બાર ઉપાંગો, પ્રકીર્ણ છેદસૂત્રો વિગેરે ધર્મ-સાહિત્ય હાલ જે રૂપમાં ઉપલબ્ધ છે તે મૂલ નથી, અને તે મૂલ નામનું શ્વેતાંબરોએ ઉભું કરેલું છે. એવું દિગંબરો કહે છે આ સાહિત્યની મૂલ ભાષા અર્ધમાગધી હતી. હાલ આપણે તેને જૈનપ્રાકૃત સંજ્ઞા આપીએ અને ત્યાર પછીના ગ્રંથો જૈનમહારાષ્ટ્રીમાં છે.

આ મૂલ ધર્મસાહિત્ય ઉપર ટીકાઓની પરંપરા ચાલી છે. ઇતિહાસના ક્રમમાં જૈનદર્શનનું નવું સાહિત્ય નીચે પ્રમાણે ગોઠવી શકાય છેઃ—

(૧) ઉમાસ્વાતિનું "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" ( સને ૧ થી ૮૫ સુધીમાં)

(૨) સિદ્ધસેન દિવાકરનો " ન્યાયાવતાર " (ઈ. સ. ૫૩૩ )

(૩) હરિભદ્રનું ષડ્દર્શનસમુચ્ચય-જેમાં જૈનમતનું સવિસ્તર વર્ણન છે (ઇ સ. ના પાંચમા સૈકામાં )

(૪) નેમિચંદ્રનો " દ્રવ્યસંગ્રહ " (ઈ. સ. ૧૧૫૦ )

(૫) વિશેષાવશ્યક ભાષ્ય.

(૬) તર્કવાર્ત્તિક શાંત્યાચાર્યની ટીકાવાળું.

---

[1] (૧) ચતુઃશરણ, (૨) સંસ્તાર (૩) આતુરપ્રત્યાખ્યાન, (૪) ભકતાપરિજ્ઞા, (૫) તંદુલવૈયાલિ, (૬) ચંદાબીજ, (૭) દેવેન્દ્રસ્તવ, (૮) ગણિબીજ (૯) મહાપ્રત્યાખ્યાન (૧૦) વીરસ્તવ-એ દશ પ્રકીર્ણ છે.

[2] (૧) નિશીથ, (૨) મહાનિશીથ, (૩) વ્યવહાર, (૪) દશશ્રુતસ્કંધ, (૫) બૃહત્કલ્પ (૬) પંચકલ્પ-એ છ છેદસૂત્રો છે.

[3] (૧) ઉત્તરાધ્યયન, (૨) આવશ્યક, (૩) દશવૈકાલિક, (૪) પિંડનિર્યુકિત-એ ચાર મૂલ સૂત્રો છે.

(૭) અનંતવીર્યની પરીક્ષાસૂત્રલઘુવૃત્તિ (ઇ. સ. ૧૦૩૯)

(૮) હેમચંદ્રનું યોગશાસ્ત્ર (ઇ. સ. ૧૦૮૮—૧૧૭૨)

(૯) દેવસૂરિનો પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર (ઇ. સ. ૧૦૮૬-૧૧૬૯)

(૧૦) મલ્લિસેનની સ્યાદ્વાદમંજરી (ઇ. સ. ૧૨૯૨)

(૧૧) ગુણરત્નની તર્કરહસ્યદીપિકા (ષડ્દર્શન સમુચ્ચય ઉપર) (ઇ. સ. ચોદમા સૈકામાં)

કાવ્ય, અલંકાર, ન્યાય કથાનક ઇત્યાદિ વિષયોમાં જૈનસાહિત્ય ઘણું મોટું છે, પરંતુ જૈનતત્ત્વજ્ઞાન સાથે તેનો સંબંધ નહિ હોવાથી તે સંબંધી વિચાર કરવો ઉપયોગી નથી.

## (૬) જૈનદર્શનનાં ત્રણ રત્નો:-જ્ઞાન-શ્રદ્ધા-ચારિત્ર્ય.

જેવી રીતે બ્રાહ્મણોમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન, એ વૈદિક ધર્મના ક્રમશઃ નિઃશ્રેયસ્નાં સાધનો છે, જેવી રીતે બૌદ્ધોનાં શીલ, સમાધિ અને પ્રજ્ઞા એ ત્રણ નિર્વાણનાં સાધનો છે, તેવી રીતે જૈનોનાં જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય એ મોક્ષના સાધનો છે. આ ત્રણ સાધનોને ત્રણ રત્ન એવી સંજ્ઞા આપવામાં આવે છે. જૈનોના તત્ત્વદર્શનનો ઉદ્ભવ તેમના સિદ્ધાંત પ્રમાણે સર્વજ્ઞ તીર્થંકરોથી થયો છે. પરંતુ ઐતહાસિક દૃષ્ટિથી વૈદિકધર્મ સાથે તેનો સગાઇ સંબંધ ના કહી શકાય તેમ નથી. "આ સમગ્ર જગત્ હિરણ્યગર્ભના પ્રાણથી ભરેલું છે; આ સંસાર નામનું બ્રહ્મચક્ર "સર્વાજીવ" એટલે સર્વત્ર જીવત્વથી ભરપૂર છે; આ સંસારી જીવ વાળના અગ્ર ભાગના સોમા ભાગ જેવો ઝીણો છે; અને મુક્ત દશામાં અનન્ત થાય છે, તે જીવ પુરુષ સ્ત્રી અથવા નપુંસક જાતિનો નથી. પરંતુ જે જે શરીર ધારણ કરે છે તેવો તેવો થાય છે. તેની ઉત્પત્તિ અથવા જન્મ સંકલ્પવડે, સ્પર્શવડે, દૃષ્ટિના મોહવડે, વૃષ્ટિથી થતા અન્નના પરિપાકથી, તેના કર્મને અનુસાર જુદાંજુદાં રૂપમાં ભિન્ન સ્થાનોમાં થાય છે; તે સ્થૂલ અને સૂક્ષ્મ રૂપોને પોતાના સત્વાદિ ગુણોવડે ઢાંકે છે, તેના કેટલાક ગુણો કર્મજન્ય છે અને કેટલાક તેના સ્વભાના છે,"...વગેરે ભાવવાળાં શ્વેતાશ્વતર શાખાની મંત્રસંહિતાના વાક્યોમાં જીવનું સ્વરૂપ, તેની સંસારી અને મુક્ત અવસ્થા, તેનું મધ્યમ પરિમાણ, તેની ઉત્પત્તિનો ક્રમ, તેના કર્મસ્થાનો, તેનાં ગુણસ્થાનો; કર્મથી થતો લેપ ઇત્યાદિ



વિચારો જૈનતત્ત્વજ્ઞાન સાથે ઘણા મળતા છે. બ્રાહ્મણોએ પ્રાણ ધારણ કરનાર જીવ ઉપરાંત આત્મવસ્તુની શોધ કરી, ત્યારે જૈનોએ તે જીવની મુક્ત દશામાં તેનું ઉત્કૃષ્ટ રૂપ જોયું. બ્રાહ્મણોએ જીવત્વ મિથ્યા અથવા કલ્પિત ગણ્યું, અને આત્મત્વ સત્ય અને અકલ્પિત ઠરાવ્યું, ત્યારે જૈનોએ જીવત્વની જાતિમાં મુક્ત અને સંસારી એવા ભેદ માની નિર્વાહ કર્યો. બ્રાહ્મણોએ તત્ત્વજ્ઞાનવડે મિથ્યા જ્ઞાનની નિવૃત્તિ કરી જીવનું સ્વાભાવિક શિવત્વ અનુભવવા ઉપર ભાર મૂક્યો અને જીવન વાસ્તવરીતે કર્માદિ બંધ નથી એવી સમજણને પ્રગટ કરવા આગ્રહ ધર્યો, ત્યારે જૈનોએ બંધમોક્ષ સાચા માની ચારિત્ર્ય ઉપર તત્ત્વજ્ઞાન જેટલો જ ભાર મુક્યો, અને કર્મના લેપને દૂર કરવાની વાસ્તવિક અગત્ય છે તેવી વ્યવહાર ઉપયોગી સમજણ આપી.


## (૭) જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન.

જૈનસિદ્ધાન્ત પ્રમાણે તત્ત્વો બે મુખ્ય વિભાગમાં પડે છે. (૧) જીવતત્ત્વ (૨) અજીવતત્ત્વ. તે ઉપરાન્ત જીવનો અજીવ સાથે સંયોગ વિયોગ કરાવનાર તત્ત્વો તે સંયોગજન્યબંધ, અને વિયોગજન્ય મોક્ષ એ પ્રક્રિયામાં (૩) આસ્રવ, (૪) સંવર, (૫) નિર્જર, (૬) બંધ; અને (૭) મોક્ષ, એ તત્ત્વોનો સમાસ થાય છે. એકંદર આ સાત તત્ત્વોનો જેવો છે તેવો સામાન્ય અને વિશેષ બોધ થવો તેનું નામ સમ્યક્જ્ઞાન છે.

### (अ) જીવતત્ત્વ.

જૈન સિદ્ધાન્ત પ્રમાણે જીવો અનેક છે, આદિ તથા અંત વિનાના છે; સામાન્ય બોધ (દર્શન) અને વિશેષ બોધ (જ્ઞાન) તેમના સ્વભાવ ધર્મો છે; અને મુક્ત તથા સંસારી એવા બે મુખ્ય વર્ગમાં પડે છે. મુક્ત જીવો એક સ્વભાવવાળા, જન્માદિ ક્લેશ વિનાના, અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય અને અનંત આનંદવાળા છે. સંસારી જીવોનું વર્ગીકરણ નીચે પ્રમાણે થાય છે:—

## સંસારી જીવ






ઉપરનાં ચૌદ જીવસ્થાનો છે. જૈનસિદ્ધાંત પ્રમાણે પૃથ્વી, જલ, તેજ અને વાયુના પરમાણુઓ અને સમૂહો પણ સજીવ વર્ગનાં છે. તેમનામાં એક ઇન્દ્રિય તે દ્રવ્યના ગુણને પ્રકટ કરનારી હોય છે; પણ તે અવ્યક્ત દશામાં હોય છે. સ્થાવર વનસ્પતિ જે ખનિજ વર્ગ કરતાં ચઢીઆતી જાતિ છે અને જેને ઉદ્‌ભિજ્જ સંજ્ઞા અપાય છે તે પ્રત્યેક એટલે એક જીવના વાસવાળા અને સાધારણ એટલે અનેક જીવના સંવાદિ વાસવાળા હોય છે. પ્રત્યેક વનસ્પતિ એક અધ્યક્ષ જીવવાળું હોય છે. સાધારણ વનસ્પતિ સંઘમય અથવા ગણમય જીવનવાળું હોય છે.

ત્રસ જાતિમાં બે મુખ્ય વિભાગ છે. (૧) પર્યાપ્ત અને (૨) અપર્યાપ્ત. જે જીવનાં છ સાધનો પૂર્ણ હોય તે પર્યાપ્ત કહેવાય; જેમને છ સાધનો ખંડિત અથવા અપૂર્ણ હોય તે અપર્યાપ્ત વિભાગનાં ગણાય. આ છ સાધનો:—

(૧) દેહ, (૨) આહાર, (૩) ઇન્દ્રિયો, (૪) પ્રાણ, (૫) ભાષા, (૬) મન. તે તે જાતિનાં આ છ સાધનો પૂર્ણ અથવા અપૂર્ણ એમ સમજવાનું છે. એટલે કે બે ઇન્દ્રિયવાળા પર્યાપ્ત જીવોને સ્પર્શ તથા રસનું ભાન કરાવનારી ઇન્દ્રિયો હોય અને તે ઇંદ્રિયોને યોગ્ય દેહ, આહાર વિગેરે સાધનો હોય તે પર્યાપ્ત કહેવાય. તેમાં કંઇ ખામી હોય તો તે અપર્યાપ્ત કહેવાય. બે ઇન્દ્રિયવાળા જીવનાં ઉદાહરણો કૃમિ શંખ વિગેરે છે. ત્રણ ઇન્દ્રિયવાળી જીવજાતિનાં ઉદાહરણો લીખ, માંકણ વિગેરે છે; ચાર ઇન્દ્રિયવાળી જીવજાતિનાં ઉદાહરણો પતંગ, મક્ષિકા, ભ્રમર, વિગેરે છે. પાંચ ઇન્દ્રિયોવાળા જીવો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનું પ્રત્યક્ષ કરનારા બે પેટા જાતિમાં પડે છે. જેઓ શિક્ષા, ઉપદેશ, અને આલાપને સમજી જાણે છે એટલે કે જેઓના પ્રાણ અને મન વ્યક્ત થયાં છે, તેવા સંજ્ઞિ કહેવાય છે; જેઓને તેવી સંજ્ઞા એટલે બોધ અથવા સ્ફુરણ નથી તેઓ અસંજ્ઞિ કહેવાય છે; સર્વ જીવોને દેહ, આયુષ્, પ્રાણ તથા એકથી પાંચ સુધીની ઇન્દ્રિયો હોય છે; વિકલેન્દ્રિયોને (એટલે કે, બે, ત્રણ અને ચાર ઇન્દ્રિયોવાળાને); અને અંસજ્ઞિઓને અમુક ભાષા અથવા વાણીનું ભાન હોય છે; પર્ણેન્દ્રિયને ભાષા અને તેને ઉકેલવાનું મન પણ હોય છે.

સંજ્ઞિ જાતિનાં પ્રાણીઓ નારકી, માનવ અને દૈવ, એ ત્રણ યોનિમાં હોય છે. તેમાં દેવવર્ગ ઉપપાદથી ઉત્પન્ન થાય છે, એટલે કે સંકલ્પવડે પોતાને યોગ્ય દેવાદિનાં અણુઓ મેળવી જન્મ પ્રાપ્ત કરી શકે છે. નારકી યોનિ પણ તે તે લોકોને ઉચિત યાતના દેહ ગર્ભદ્વારથી મેળવી લે છે. મનુષ્ય જાતિનાં પ્રાણીઓ મૈથુન દ્વારા જરાયુજ થઇ જન્મે છે. યાતના દેહવાળા નારકી જીવો ઘણે ભાગે નપુંસક વર્ગના હોય છે. દેવોમાં સ્ત્રી પુરૂષના ભેદ હોય છે. તેમને પણ ત્રણ જાતની વેદના હોય છે.

આ સર્વ પ્રકારના જીવો વ્યવહારિ એટલે સંસાર પ્રવાહમાં ચાલતા અને અવ્યવહારિ એટલે ઘોર અંધકારમાં ડૂબેલા અને ભવિષ્યમાં જાગનારા હોય છે. આ અવ્યવહારિ જીવોને **નિગોદ** એવી સંજ્ઞા આપવામાં આવે છે. જૈનો ચૌદ જીવસ્થાનોમાં અનંત પેટા જાતિઓ સ્વીકારી જીવજાતિને ચોરાશી લાખમાં વહેંચે છે.

પ્રવાહ પતિત જીવોને "માર્ગણ" કહે છે અને તેઓના ઉદયનાં ગુણ-સ્થાનો ચૌદ છેઃ—(૧) મિથ્યાદૃષ્ટિ, (૨) આસ્વાદનવાળો સમ્યક્દૃષ્ટિ, (૩) મિશ્રદર્શન, (૪) અવિરત સમ્યક્દૃષ્ટિ, (૫) વિરતાવિરત, (૬) પ્રમત્ત-સંયત, (૭) અપ્રમત્તસંયત, (૮) નિવૃત્તબાદર, (૯) અનિવૃત્તબાદર, (૧૦) સૂક્ષ્મસંપરાય, (૧૧) પ્રશાન્તમોહ (૧૨) ક્ષીણમોહ, (૧૩) યોગવાન્, (૧૪) અયોગવાન્.

મિથ્યાદર્શનવાળો **મિથ્યાદૃષ્ટિ**; સત્યદર્શનની વાસના જાગે અને મિથ્યાત્વની શમે અને સત્યદર્શનમાં પ્રીતિવાળો થાય તે **સાસ્વાદન** કહેવાય. સત્યત્વ અને મિથ્યાત્વના યોગવાળું જેનું દર્શન છે તે **મિશ્રદર્શન** કહેવાય; જેની સાચી દૃષ્ટિ ઢંકાતી નથી તે **અવિરતસમ્યક્દૃષ્ટિ** કહેવાય; જેની સાચી દૃષ્ટિ ઉઘડે અને બંધ થાય તે **વિરતાવિરત** કહેવાય; સંયમ સિદ્ધ કર્યા પછી પ્રમાદી રહે તે **પ્રમત્તસંયત** કહેવાય; સંયમસિદ્ધ કર્યા પછી અ-પ્રમાદી રહે તે **અપ્રમત્તસંયત** કહેવાય. જેના રાગદ્વેષાદિ કષાયોના અણુઓ અથવા સ્થૂલલેપ જતા રહ્યા છે તે **નિવૃત્તબાદર** કહેવાય; જેમના તે પ્રતિ



બંધો દૂર થયા નથી તે **અનિવૃત્તબાદર** કહેવાય; જેમનો લોભ રૂપ સંપરાયનો લેપ અથવા ચિક્કણત્તા ખસવા માંડી છે તે **સૂક્ષ્મસંપરાય** કહેવાય. જેમનો મોહ શમતો ચાલ્યો છે તે **પ્રશાન્તમોહ** કહેવાય. જેનો મોહ ક્ષય પામ્યો છે તે **ક્ષીણમોહ** કહેવાય; જે કેવલિ ઉપર કરેલા ઘાતિકર્મના નાશ પછી યોગના આશ્રય સાથે જીવે તે **યોગવાન્** કહેવાય અને જે કેવલિને તેવા યોગની અપેક્ષા ન રહે તે **અયોગિકેવલિ** કહેવાય.

માર્ગણ એટલે સંસાર પ્રવાહમાં પડેલા જીવોનાં કર્મો ફલ આપવાને તત્પર થાય અને જીવ તે ભોગને યોગ્ય ગુણવાળો થાય ત્યારે **ઔદયિક** એટલે ઉદય દશાવાળો કહેવાય; જ્યારે પ્રયત્નવડે કર્મના સંસ્કારો વિદ્યમાન છતાં ફલ આપતાં અટકાવી શકે ત્યારે તે જીવ **ઔપશમિક** અથવા કર્મનું ફલ શમન કરનારો કહેવાય. જ્યારે કર્મસંસ્કારોને ફલ આપતાં અટ-કાવાય એટલુંજ નહિ પણ નાશ કરવામાં આવે ત્યારે તે જીવ **ક્ષયિક** અથવા **ક્ષપક** કહેવાય. કર્મસંસ્કારના ફલને ઉત્પન્ન કરનારી ઉદય દશા તેને અટ-કાવનારી શમ દશા, અને તેનો નાશ કરનારી ક્ષય દશા, ઉપરાન્ત ચોથી દશા સદ્ગુણવાળા જીવોની **ક્ષયોપશમિક** હોય છે. જેમાં નવાં શુભ કર્મોનાં સંસ્કારોનો ઉદય હોય છે કેટલાંક કર્મો પ્રતિબદ્ધ થાય છે અને કેટલાંક નાશ પામે છે.

## (ब) અજીવતત્વ

—o—

અજીવતત્વોઃ-ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ. જીવત્વ સાથે આ પાંચે તત્ત્વો મળી છ દ્રવ્ય કહેવાય છે. કાલને બાતલ કરી શેષ રહેલાં દ્રવ્યો દિગ્વ્યાપી એટલે નાનાં મોટાં થાય તેવાં છે. માત્ર જીવ દ્રવ્ય કર્તૃત્વ ધર્મવાળું ચૈતન્ય રૂપ છે; બીજાં દ્રવ્યો અકર્તૃ અને જડ છે. કાયવિનાનાં દ્રવ્યોને **અસ્તિકાય** એવું નામ આપવામાં આવે છે. **અસ્તિકાય** એટલે વસ્તુ છે (**अस्ति**) એવો જેના સંબંધમાં નિર્દેશ થાય અને જે પ્રદેશ રોકનારાં (**काय**) હોય તે. અસ્તિ કાય એટલે પદાર્થ કહીએ તો ચાલે. પુદ્ગલ અમૂર્ત; બાકીનાં દ્રવ્યો મૂર્ત છે એટલે સ્થૂલ આકૃતિવાળાં છે. આ સર્વ દ્રવ્યો ઉત્પત્તિ, સ્થિતિ અને લયવાળાં છે.

પુદ્‌ગલો રૂપ, રસ, ગંધ, સ્પર્શ, ધર્મવાળા છે, અને તેઓ પરમાણુ રૂપે અને સ્કંધરૂપે એટલે સંબદ્ધ અવયવી રૂપે રહે છે. અંધકાર, પ્રકાશ, વિદ્યુત, છાયા, ઇત્યાદિ જડ પ્રતીતિઓ, શરીર, મન, વાણી, કર્મ, ભાષા, ચેષ્ટા, જીવન, સુખ, દુઃખ, જન્મ, મરણ, વ્યાધિ, ઇત્યાદિ સચેતન પ્રતીતિઓ, આ પુદ્‌ગલોથી થાય છે. ઘનરચના વડે અથવા અવકાશવાળી રચના વડે અણુ પુદ્‌ગલો વિચિત્રરૂપ ધારણ કરે છે. વારંવાર જવાના અને આવવાના સ્વભાવથી આ તત્વને પુદ્‌ગલ કહે છે એટલે કે તે ગળે છે અને પુરાય છે.

પુદ્‌ગલોના જવા આવવાથી સ્કંધ અથવા અવયવીમાં જો કે પરિણામો અથવા ફેરફારો થાય છે, અને તેમાં કેટલાક ગુણો જાય છે અને કેટલાક નવા આવે છે, તોપણ સમાન રૂપતાને લીધે તે એક વ્યક્તિ રૂપે અનુભવાય છે. અવયવી અથવા સ્કંધ ચિત્તના વ્યાપારથી ઉભું થયેલું બૌદ્ધો માને છે તેવું માત્ર પરમાણુઓનું કલ્પિત રૂપ નથી; તેમ સાંખ્ય-યોગના અભિપ્રાય પ્રમાણે આડા તથા ઉભા અણુઓની રચના વિશેષ અથવા પરિણામજન્ય કાર્ય નથી. પરંતુ આ સમાન રૂપતા અથવા એક વ્યક્તિત્વ સમાન રૂપવાળાં પરમાણુઓના જવા આવવાથી ચાલુ રહેલું વસ્તુગત તિર્યક્ સામાન્ય છે. દેશગત વસ્તુનું એકત્વ જેવી રીતે તિર્યક્ સામાન્યથી જળવાય છે, તેમ કાળનું એકપણું ઉર્ધ્વ સામાન્યથી જળવાય છે. પુદ્‌ગલો પરિણામ અથવા પ્રચયવડે અને ગુણોના જવા આવવાથી બદલાય છે અને તે દૃષ્ટિ બિન્દુથી તેઓ વિનાશી છે, પરંતુ સમાન રૂપ ધર્મવાળા દ્રવ્ય તરીકે નિર્વિકાર અથવા અવિનાશી છે.*

સંસારી દશાવાળા જીવો જેમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય પામે છે તેને લોકાકાશ કહે છે, તેના ઉપરના આવરણને અલોકાકાશ કહે છે. લોકાકાશમાં ગતિ કરનાર દ્રવ્યને ધર્મ અસ્તિકાય કહે છે; અને તેમાં સ્થિતિ કરાવનાર દ્રવ્યને અધર્મ અસ્તિકાય કહે છે. ધર્મ અને અધર્મ જેવી રીતે બ્રાહ્મણોના દર્શનોમાં પુણ્ય અથવા પાપના વાચક છે. તેવો અર્થ જૈનોના આગમમાં નથી. જેમ મત્સ્યાદિ જલચર પ્રાણીઓને જલ કંઇ ગતિ અથવા સ્થિતિ કરાવતું નથી, પરંતુ ગતિ કરવાના વેગવાળાં

* આ જૈન સિદ્ધાન્ત સાથે સરખાવો અર્વાચીન Bactriology નો જીવાણુત્વ સિદ્ધાન્તો.



પ્રાણિને તે સહકારી દ્રવ્ય થાય છે. તે વિના જલચર પ્રાણી ગતિ કરી શકે નહિ. તેવી રીતે ગતિ કરનાર જીવોને અને પુદ્‌ગલોને જે સહકારી સાધન થાય છે તે દ્રવ્યનું નામ ધર્મ છે; તેવી રીતે સ્થિતિ કરનાર જીવોને અને પુદ્‌ગલોને બદ્ધ દશામાં સહકારી દ્રવ્ય તે અધર્મ છે. આ ધર્મ અને અધર્મ દ્રવ્યની સામગ્રી માત્ર લોકાકાશમાં છે; લોકાકાશમાંથી પરદેશમાં એટલે અલોકાકાશમાં ધર્મ અને અધર્મ બંને નથી તેથી ત્યાં મુક્ત જીવોનો વાસ છે. જીવોને, અજીવ પુદ્‌ગલોને, ધર્મને અને અધર્મને, પરસ્પર સંબંધમાં આવવા દેનાર એટલે અવકાશ આપનાર તત્ત્વને આકાશ કહે છે.

જેવી રીતે આકાશ પરિણામ અને પ્રચયમાં સહકારી છે, તેમ કાળ ગુણ વિપાકમાં સહકારી દ્રવ્ય છે. લોકાકાશમાં તે ખંડકાલ ભાવોનાં પરિવર્તનો કરે છે. વર્તમાન પદાર્થોને અતીત દશામાં, ભાવી પદાર્થોને વર્તમાન દશામાં અને અતીત પદાર્થોને નવા વર્તમાન રૂપમાં લાવી મૂકનાર દ્રવ્ય તે કાળની અદ્દ્ભુત ક્રીડા છે.

( **क. ख. ग.** ) આસ્ત્રવ ( બંધહેતુ ), સંવર-નિર્જર ( મોક્ષહેતુ )

જીવનાં મન, વાણી અને શરીરથી થતાં કર્મો બે પ્રકારનાં હોય છે. શુભ કર્મો સુખવેદનાને ઉત્પન્ન કરે છે. અશુભ કર્મો અશુભ વેદનાને ઉત્પન્ન કરે છે. આ કર્મજન્ય સંસ્કારો જીવને વળગે છે. જીવમાં કર્મની વર્ગણા (વળગણ), જે માર્ગથી પેસે છે, તે દ્વારને આસ્ત્રવ કહે છે. કર્મના સંસ્કારોના વાહક માર્ગો, અને કર્મના વિપાકજનક સંસ્કારો બન્ને આસ્ત્રવ કહેવાય છે. પ્રથમ માર્ગને ભાવાસ્ત્રવ કહે છે; બીજાને દ્રવ્યાસ્ત્રવ કહે છે. કર્મજન્ય દોષ ચિત્તની અમુક પ્રકારની સ્થિતિ અથવા ભાન હોય તો પેસવા પામે છે. અને દોષ લાવનાર મલનાં અણુઓ જીવમાં ક્રિયાવડે પ્રવેશ પામે છે. +

\+ ક્લેશ વડે કર્માશય વિપક્વ થાય છે એટલે ફળે છે; રાગ દ્વેષાદિ હોય તો મન વાણી અને શરીરની ક્રિયાઓ, જાતિ, આયુષ્ અને ભોગરૂપ વિપાકને પ્રકટ કરે છે; જેના ક્લેશો દગ્ધ થયા છે તેના કર્માશયો વિપાકને ઉત્પન્ન કરતા નથી—એવા પાતંજલયોગના સિદ્ધાન્ત સાથે આ ભાવાસ્ત્રવ અને દ્રવ્યાસ્ત્રવનો જૈન સિદ્ધાન્ત ઘણો મળતો છે.

ભાવાસ્રવો અથવા મન, વાણી અને શરીરના દોષો પાંચ પ્રકારના છે. (૧) મિથ્યાત્વ, (૨) અવિરતિ અથવા સંયમનો અભાવ, (૩) પ્રમાદ (૪) યોગ, (૫) કષાય એટલે કે રાગદ્વેષાદિ ચિત્તના આવેગો. મિથ્યાત્વ પુનઃ પાંચ પ્રકારનું છેઃ-(૧) એકાન્ત ખોટો નિશ્ચય, (૨) વિપરીત એટલે અવળો નિશ્ચય (૩) ખોટા નિશ્ચયને જાણ્યા છતાં દુરાગ્રહથી વળગી રહેવું (વિનય) અથવા ખોટી ટેવ (૪) સંશય એટલે ખરા ખોટાના નિર્ણય કરવાની અશક્તિ અને (૫) અજ્ઞાન એટલે બુદ્ધિની જડતાને લીધે કંઇ પણ ન માનવાનો સ્વભાવ.

અવિરતિ પણ હિંસા, અસત્ય, ચોરી, કામવાસના અને પરિગ્રહ અથવા લોભવાસના એમ પાંચ પ્રકારની છે. પ્રમાદ પણ પાંચ પ્રકારનો છેઃ-(૧) વિકથા અથવા મિથ્યા પ્રલાપ (૨) ક્રોધાદિ કષાયોને વશ થવું, (૩) પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ ન કરવો (૪) નિંદ્રા અને (૫) રાગ.

ઉપરના ભાવાસ્રવો વડે કર્મના સંસ્કારો જીવમાં પ્રવેશ પામે છે, પરંતુ જે પ્રકારનું દ્રવ્ય તે લાવે છે તે પ્રકાર ઉપરથી દ્રવ્યાસ્રવોનાં નામ પડે છે. આ દ્રવ્યાસ્રવ અથવા કર્મ સંસ્કારો (૧) જ્ઞાનનું આવરણ કરનાર **જ્ઞાનાવરણીય** (૨) દર્શનનું આવરણ કરનાર **દર્શનાવરણીય**, (૩) સુખાદિ વેદનાને ઉત્પન્ન કરનાર **વેદનીય** (૪) મોહને ઉત્પન્ન કરનાર **મોહનીય** (૫) આયુષને ઉત્પન્ન કરનાર **આયુષ્ય** (૬) અમુક પ્રકારની યોનિમાં અમુક નામવાળા દેહને ઉત્પન્ન કરનાર **નામ**, (૭) અમુક કુટુંબ અથવા જાતિમાં ઉત્પન્ન કરનાર **ગોત્રીય** અને (૮) પ્રતિબંધ ઉત્પન્ન કરનાર **અંતરાય.** આ આઠ પ્રકારનાં ઘાતિકર્મો જીવમાં મલિન પુદ્દગલોને એટલે મલિન સંસ્કારોને લાવી સ્થાપે છે. પરંતુ **ભાવબંધ** હોય એટલે કે ભાવની અશુદ્ધિ હોય તો જ આ દ્રવ્યાસ્રવ અથવા કર્મસંસ્કારો અથવા પુદ્દગલો જીવને વળગે છે નહિ તો વળગતા નથી. જ્યારે વળગે છે ત્યારે જીવમાં તે દ્રવ્યબંધ ઉત્પન્ન કરે છે. જેમ શરીર ઉપર તેલ ચોપડયું હોય તો રજકણો વળગે છે. નાહ તો શરીર દ્રવ્ય સાથે સંબંધમાં આવ્યા છતાં રજકણો ખરી જાય છે,



તેમ જીવમાં ભાવબંધ હોય એટલે ભાવ મલિન હોય તો કર્મ પુદ્દગલો વળગે છે નહિ તો ખરી જાય છે.

દ્રવ્યાસ્રવ અથવા પાપ-પુણ્યના સંસ્કારો અથવા પુદ્દગલો ઉપર કહેલાં આઠ પ્રકૃતિ રૂપ છે; એ પુદ્દગલો જેટલો કાળ વળગી રહે તે સ્થિતિ કહેવાય છે. જે વેગથી વળગી રહે તે અનુભાગ× કહેવાય છે, અને જેટલા અવયવને વળગે છે તેને પ્રદેશ કહે છે. જ્યારે દર્શનાવરણીયાદિ આઠ દ્રવ્યાસ્રવો પ્રકૃતિરૂપ છે, ત્યારે સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ તે આસ્રવોની વિકૃતિઓ છે.

### (ઘ) બંધતત્ત્વ

જીવની સ્વાભાવિક દર્શન, જ્ઞાન, વીર્ય અને સુખ સામગ્રીને પ્રતિબદ્ધ કરનાર આ ભાવાસ્રવો અને દ્રવ્યાસ્રવો મળી બંધહેતુઓ ઉભા થાય છે.

જેવા બંધહેતુઓ છે તેવા કર્મપાશમાંથી છૂટવાના હેતુઓ પણ છે. અને તેને સંવર અને નિર્જર એવાં બે નામ આપવામાં આવે છે. જેમ કર્મજન્ય પુદ્દગલોને જીવમાં જે પ્રવેશાવે છે તેને **આસ્રવ** કહે છે. તેમ તેવાં પુદ્દગલોને આવતાં અટકાવે તે **સંવર.** તે પાપ પ્રતિબંધક કર્મના પણ **ભાવસંવર** અને **દ્રવ્યસંવર** એવા બે પ્રકાર છે. પેઠેલા કર્મને કાઢનાર અથવા ગાળી નાખનાર કર્મને **નિર્જર** કહે છે અને તે પણ **ભાવનિર્જરા** અને **દ્રવ્ય-નિર્જરા** એમ બે પ્રકારનાં હોય છે.

### (ઙ) મોક્ષતત્ત્વ

બંધહેતુ આસ્રવોના અભાવે, ઘાતિ કર્મનો ક્ષય થયા પછી, અઘાતિ કર્મ અથવા સંવરનો અભ્યાસ કર્યા પછી, અને શેષ કર્માશયોનો નિર્જરા વડે ક્ષય થયા પછી જીવને જે સ્વભાવસિદ્ધ સુખ પ્રકટ થાય છે તેને મોક્ષ કહે છે.

× ઔપનિષદદર્શનના “ અનુશય ” સાથે સરખા ભાવનો “ અનુભાગ ” શબ્દ છે.

જૈનશાસ્ત્રનું ઉપર વર્ણન કરેલું તત્ત્વજ્ઞાન અથવા પ્રથમ રત્ન પાંચ પ્રકારનું ગણાય છેઃ-(૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યાયજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન. સંસારી જીવને ઇન્દ્રિયો વડે જે લૌકિકજ્ઞાન ઉત્પન્ન થાય તે મતિજ્ઞાન. જૈનશાસ્ત્રના પૂર્વ અંગ ઉપાંગ પ્રકીર્ણ વિગેરે ગ્રન્થોના અધ્યયનથી ઉત્પન્ન થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. દેવાદિ જાતિનું જન્મસિદ્ધિવાળું તપ સમાધિ વિગેરે ઉપાયોથી ઉત્પન્ન થતું ઘણા વિશેષોને જણાવનારૂં અવધિજ્ઞાન. પારકા ચિત્તના પ્રવાહનું પ્રત્યક્ષ જ્ઞાન તે મનઃપર્યાય જ્ઞાન, અને અશેષ દ્રવ્યોનું અક્રમ એટલે એક સમયે થતું અપરોક્ષ જ્ઞાન તે કેવલજ્ઞાન. છેલ્લું જ્ઞાન મોક્ષને પ્રગટ કરનાર છે એટલે કે તે વડે જીવના સ્વાભાવિક દર્શન, જ્ઞાન, વીર્ય, અને સુખ સર્વાંશ અભિવ્યક્ત થાય છે. સંસારી દશામાં નવાં પરમાણુ અને ગુણોની આવજા થાય છે તેથી તે દ્રવ્ય રૂપે જોકે પરિણામી નિત્ય છે તોપણ ગુણે કરીને અનિત્ય અને વિકારી હોય છે. મુક્ત દશામાં દ્રવ્યનિત્યતા અને ગુણનિત્યતાને અનુભવી શકે છે. જીવમાં રહેલું સ્વાભાવિક વીર્ય જો કે કર્મના આવરણથી મર્યાદિત થાય છે, તો પણ અગ્નિના તણખા જેવું યોગ્ય પ્રયત્ન વડે સંસ્કારવનને બાળવા સમર્થ થઇ શકે છે. આથી બંધ અને મોક્ષ જીવના પોતાના પ્રયત્નનાં ફલ છે.

## (૮) જૈન આગમનું બીજું રત્ન—શ્રદ્ધા

જૈનશાસ્ત્રનાં તત્ત્વોમાં વિશ્વાસ અથવા આસ્તિક્ય બુદ્ધિને શ્રદ્ધા કહે છે. કેટલાક જીવોમાં તે સ્વાભાવિક હોય છે, કેટલાકમાં તે ગુરૂના ઉપદેશથી ઉત્પન્ન થઇ શકે છે.

## (૯) જૈન આગમનું ત્રીજું રત્ન—ચારિત્ર્ય

જૈન આગમનાં સંવર અને નિર્જરા તત્ત્વોમાં ચારિત્ર્યનો પાયો છે. જૈનશાસ્ત્ર સર્વ સામાન્ય પાંચ સદ્ગુણોના પાલન ઉપર ભાર મૂકે છે. આ



પાંચ સદ્ગુણો જેને બ્રાહ્મણોના યોગ-દર્શનમાં યમ કહે છે તેને જૈનો મૂલ ગુણો કહે છેઃ- (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. આ પાંચ મૂલ ગુણોને પાંચ "સમિતિ" એટલે યોગ્ય ચેષ્ટાવડે અને ત્રણ ગુપ્તિ એટલે રક્ષણના ઉપાયો વડે જે ઉંચા પ્રકારના બનાવવા અને તેનું પાલન કરવું તેનું નામ સમ્યક્ચારિત્ર્ય છે.

પાંચ સમિતિ એટલે યોગ્ય ચેષ્ટાઃ-(૧) ગતિ (ઇર્યા) (૨) ભાષણ (૩) એષણા, (૪) આદાન નિક્ષેપ અને (૫) ઉત્સર્ગ—એમ પાંચ પ્રકારની છે. ઉદાહરણ તરીકે અહિંસાવ્રતની પાંચ સમિતિ આ પ્રમાણે સિદ્ધ થાયઃ—ચાલતી વેળાએ સૂર્યના પ્રકાશવાળા પ્રદેશમાં મુનિએ સાવધાનતાથી જીવની હિંસા ન થાય તેવી રીતે ગતિ કરવી; નિર્દોષ મિત વાણી પ્રિય અને હિતકર બોલવી; દોષવાળી ભિક્ષા લેવાની ઇચ્છા ન રાખવી; બેસવા ઉઠવાનાં સ્થાનો અને આસનોએ સંભાળીને બેસવું; આપણા શરીરનો મલ નિર્જન્તુ સ્થાનમાં પડવા દેવો.

મન વાણી અને શરીરના સંયમોને ગુપ્તિ કહે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ન કરવું—એટલે દુઃખની મનોજાલ, અને પારકાને અનર્થ કરવાની મનોજાલ રચવી નહિ; ચિત્તને સમ પરિણામમાં જવા દેવું; અને આત્મ સંબંધિ ધર્મ ધ્યાન કરવું-એ મનો ગુપ્તિ છે.

મુખ, નયન, ભ્રૂવિકાર, ચપટીઓ વગાડવી—વિગેરે સર્વ ચેષ્ટા વિરહિત વાણીનો સંયમ અથવા મૌનનું પાલન કરવું એ વાગ્ ગુપ્તિ છે. ઉપદ્રવ પ્રસંગે શીત ઉષ્ણાદિ સહન કરવા યોગ્ય શરીરને સ્થિર રાખવું અથવા આસન બદ્ધ થવું તે કાયગુપ્તિ છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વડે પાંચ મૂલ ગુણોની પાંચ પાંચ ભાવનાઓ વડે ઉત્કૃષ્ટતા સર્વાંશ સાધવી તેને મહાવ્રત કહે છે, અને તે યતિઓનો ધર્મ છે, તે મૂલગુણોનું અંશે કરી પાલન કરવું તેને અણુવ્રત કહે છે. ગૃહસ્થો અથવા શ્રાવકોને અર્થે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણ વ્રતો અને ચાર શિક્ષાવ્રતો મળી દ્વાદશાંગ ધર્મનું પાલન જૈન શાસનમાં ગૃહમેધિના ચારિત્ર્ય રૂપે વિહિત થયું છે.

દિગ્‌વિરતિ એટલે અમુક દેશની મર્યાદામાંજ પ્રવૃત્તિ કરીશ એટલે હિંસાદિ મર્યાદિત થશે તે પ્રથમ ગુણવ્રત; ભોગ ઉપભોગની સામગ્રીની મર્યાદા બાંધી પ્રવૃત્તિ કરવી તે બીજું ગુણવ્રત; અનર્થદંડવિરતિ–તે ત્રીજું ગુણવ્રત. અનર્થદંડ ચાર પ્રકારનો છે (૧) અપધ્યાન, (૨) પાપોપદેશ, (૩) હિંસામાં ઉપકાર કરનાર ચીજોનું દાન (૪) પ્રમાદાચરણ જેવાં કે નાચ રંગમાં ભાગ લેવો.

રૌદ્ર અને આર્તધ્યાનનો ત્યાગ કરી મુહૂર્ત સુધી સમતા જાળવવી એ સામાયિક નામનું પ્રથમ શિક્ષાવ્રત; દિવસે અથવા રાત્રે અમુક મર્યાદા અથવા નિયમથી આવશ્યક કર્મ કરવું તે દેશાવકાશિ બીજું શિક્ષાવ્રત; અને અમુક પર્વમાં ઉપવાસ કરવો એ ત્રીજું પોષધ નામનું શિક્ષાવ્રત; ચાર પ્રકારના આહારનું, પાત્રનું, આચ્છાદનનું અને એવા ધર્મના ઉપયોગી પદાર્થોનું સાધુજનોને દાન આપવું એ ચોથું શિક્ષાવ્રત કહેવાય છે.

ઉપરનાં બારવ્રતો–પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, અને ચાર શિક્ષાવ્રત–જો અતિચારવાળાં એટલે મલિનતાયુક્ત હોય તો તે નિરર્થક છે. ઉદાહરણ તરીકે પ્રથમના અહિંસા નામના અણુવ્રતના પાલનમાં ક્રોધ વડે સખત દોરડાથી કસીને પશુને બાંધીએ, પશુ ઉપર ગજા ઉપરાંત ભાર મૂકીએ, તેને પુષ્કળ મારીએ, અન્નપાન ન આપીએ, અથવા તેને વીંધીએ, તો તે અહિંસાના અણુવ્રતમાં પાંચ જાતનો અતિચાર કહેવાય. તેવી રીતે મિથ્યા ઉપદેશ કરવો, અથવા ખોટા લેખ લખવા, ગુપ્ત વાતને પ્રકટ કરવી, મંત્ર ભેદ કરવો વિગેરે સત્ય નામના અણુવ્રતના અતિચારો છે. ચોરીનો માલ રાખવો, ચોરોને ચોરીમાં પ્રેરવા, વિરોધી રાજ્યમાં અથવા પરહદમાં ચોરીનો માલ ખસેડી નાખવો, ખોટાં માપ અથવા કાટલાં વાપરવાં વિગેરે અસ્તેય નામના ગુણવ્રતના અતિચારો છે. વળી વેશ્યાગમન કરવું, એક કરતાં વધારે સ્ત્રીઓને પરણવું, સૃષ્ટિ વિરુદ્ધ વિષયો ભોગવવા વિગેરે બ્રહ્મચર્ય નામના ગુણવ્રતના અતિચારો છે. પ્રમાણ કરતાં જાદે ધન, ધાન્ય, સુવર્ણ રૂપું વિગેરે પદાર્થોનો સંચય કરી રાખવો એ અપરિગ્રહ નામના અણુવ્રતના અતિચારો છે. આ રીતે ગુણવ્રત અને શિક્ષાવ્રતના પણ અતિચારો હોય છે.



આ યતિજનોનાં મહાવ્રતો, અને ગૃહસ્થોનાં અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતો દિવ્યભાવનાઓવડે પ્રકાશિત અથવા તેજસ્વી બનાવવામાં આવે છે. સર્વ પદાર્થોની અનિત્યતાની ભાવના; પ્રાણીમાત્ર જન્મમરણાદિ ભોગવનાર હોવાથી તેમની અશરણતાની ભાવના; પ્રાણીમાત્ર ગુણકર્મને અનુસાર ભેદવાળાં ફળો ભોગવે છે એવી એકત્વ તથા અન્યત્વની ભાવના; દેહના વિકારોને લક્ષ્યમાં લઇ તેના અશુચિપણાની ભાવના, પાપકર્મથી બંધ દૃઢ થશે એવી આસ્રવભાવના; પાપકર્મના અવરોધથી બંધ શિથિલ થશે એવી સંવરભાવના; સંયમ સત્ય વિગેરે શુદ્ધ સદ્‌ગુણો વડે વિશ્વની વ્યવસ્થા જળવાય છે એવી ધર્મની સારી પ્રતિષ્ઠાની ભાવના; મૈત્રી આદિ ચિત્તનો પ્રસાદ લાવનારી ભાવના–વિગેરે ચારિત્ર્યની પદ્ધતિ જૈનોએ ઘણી સુંદર રચી છે, તેથી તેમના દર્શનમાં કેવળ અધ્યાત્મ વિચારો ઉપરાંત આચારનું અંગ વધારે ખેડાયલું જણાય છે.

## (૧૦) જૈનોનો એકાન્તવાદ અથવા સપ્તભંગી સ્યાદ્વાદ

——:o:——

જૈનદર્શન વસ્તુવાદમાં બૌદ્ધ અને વેદાન્તની વચલી કક્ષા સ્વીકારે છે. વસ્તુ પરમાર્થ સત્ એટલે ત્રણે કાળમાં અબાધિત નિર્વિકાર અને કૂટસ્થ નિત્ય છે, અને દેખાતું વિશ્વ એ માત્ર વ્યાવહારિક સત્ છે અને વસ્તુ દૃષ્ટિથી માયિક છે, એવો વેદાન્તનો નિશ્ચય છે. બૌદ્ધો કહે છે કે વસ્તુ ક્ષણ સત્તાવાળી છે, અને ધારાવાહી અથવા સંતાનના રૂપમાં મિથ્યા સત્ હોય એવી ભાસે છે, પછી તે સંતાન અણુઓની ધારા હોય કે ચિત્તના પરિણામોની ધારા હોય. પરમ સત્ અને પરમ અસત્–પરમાર્થ અને શૂન્ય–એ એ વેદાન્તના અને બૌદ્ધના એકાન્ત સિદ્ધાન્તને જૈનો વળગી રહેતા નથી. તેઓ વસ્તુ સ્વરૂપ વ્યવહાર દૃષ્ટિ અથવા લૌકિક બુદ્ધિ અથવા અનુભવવડે જેવું સમજાયછે તેવું સ્વીકારેછે. વ્યવહારમાં લૌકિક અનુભવથી આપણને સમજાયછે કે પ્રાણી પદાર્થો જેવાને તેવા અવિકૃત નિત્ય રહેતા નથી, તેમ એકદમ વિકારી થઇ અનિત્ય થતા નથી, તેમનામાં કેટલાક ગુણોનો વ્યય થાય છે, અને કેટલાકનો ઉત્પાદ

એટલે ઉત્પત્તિ થાય છે, અને કેટલાક સ્થિર અથવા ધ્રુવ રહે છે. પરંતુ સમાન રૂપમાં જળવાઈ રહેવાથી દ્રવ્ય વ્યવહાર દૃષ્ટિથી નિત્ય છે. જ્યારે વેદાન્તિઓ વસ્તુ નિર્ણયમાં એકાન્ત અદ્વૈત અથવા અભેદવાદી છે, અને બૌદ્ધો એકાન્ત દ્વૈત અથવા ભેદવાદી છે, ત્યારે જૈનો અનેકાન્ત વાદી છે. તેઓ વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃષ્ટિભેદને અનુસાર કરે છે. ઉદાહરણ તરીકે એક સોનાનો ઘટ લઇએ. તે ઘટ સુવર્ણ દ્રવ્યના પરમાણુઓથી રચાયેલો હોવાથી દ્રવ્ય છે એમ કહેવાય. પરંતુ તે આકાશાદિ દ્રવ્યથી જુદું છે તેથી સર્વાંશ દ્રવ્યત્વ તેમાં નથી. વળી તે "પરમાણુઓના સંઘાતરૂપ છે" એમ કહીએ તો તે ખરૂં છે, પરંતુ તે વાક્યનો અર્થ એવો નથી કે સર્વ જાતનાં પરમાણુઓનો તે બનેલો છે. વળી "પૃથ્વીનાં પરમાણુઓનો બનેલો પદાર્થ છે" એમ કહીએ તો તે ખોટું નથી, પરંતુ માટીના ઢેફા જેવો તે પરમાણુજન્ય પદાર્થ છે એમ નથી. "તે પૃથ્વીના ખનિજ પરમાણુઓનો બનેલો પદાર્થ છે" એમ કહીએ તો તે ખરૂં છે, પરંતુ તે સાથે ખાણમાંથી કાઢેલું સોનું તે નથી; વળી "તે પૃથ્વીના સુવર્ણ નામના ખનિજ પદાર્થના પરમાણુઓથી બનેલો પદાર્થ છે"—એ વાક્ય ખરૂં છે, પરંતુ યજ્ઞદત્તે ઘડેલો તે ઘડો તે ન હોય પરંતુ દેવદત્તે ઘડેલો છે....આ પ્રમાણે એક ઘટરૂપ પદાર્થના સંબંધમાં જે વાક્યાર્થ કહીએ તે અમુક દૃષ્ટિબિન્દુથી આપેક્ષિક સત્ય છે. પરંતુ બીજા દૃષ્ટિબિન્દુથી તે નિર્દેશ સત્ય નથી. આથી અનન્ત ધર્મવાળું વસ્તુનું સ્વરૂપ છે. અને તેના કેટલાક અંશો સંબંધમાંજ આપણે વિધાન કરીએ છીએ. "ગરીબ માણસ અકિંચન છે" એ વાક્યનો અર્થ સર્વશૂન્ય છે, એમ નથી, પણ પૈસાદારની સરખામણીમાં તે અકિંચન છે, પણ એક પશુની સરખામણીમાં તે અમુક વસ્ત્રાદિ સામગ્રીવાળો છે. વસ્તુના સંબંધમાં જે જે ગુણધર્મોનું આપણે વિધાન કરવા માગીએ તે તે ગુણધર્મના દૃષ્ટિબિન્દુને નય એવી પારિભાષિક સંજ્ઞા આપવામાં આવે છે.

પદાર્થોને આપણે મુખ્ય બે દૃષ્ટિબિન્દુથી જોઇએ છીએ. ઉદાહરણ તરીકે એક પુસ્તક રૂપ પદાર્થને આપણે જોઈએ, ત્યારે પુસ્તક અને તેના



ધર્મો જાણે એકજ વસ્તુ હોય એમ સમજી વ્યવહાર કરીએ છીએ, એટલે કે પુસ્તકમાંજ તેના લંબાઇ-પહોળાઇ-જાડાઇ-રંગ વિગેરે ધર્મોનો અંતર્ભાવ કરીએ છીએ. આ દૃષ્ટિબિંદુને દ્રવ્યનય અથવા દ્રવ્યપ્રધાન દૃષ્ટિબિન્દુ કહીએ. જ્યારે પુસ્તકની લંબાઇ-પહોળાઇ-જાડાઇ-રંગ વિગેરેનો જ વિચાર કરીએ ત્યારે દ્રવ્ય અથવા આધાર જાણે શૂન્ય હોય એમ સમજી તેના ગુણો અને ક્રિયાનોજ પૃથક્પણે વ્યવહાર કરીએ છીએ. આ દૃષ્ટિબિન્દુને પર્યાયનય એટલે ધર્મપ્રધાન દૃષ્ટિબિન્દુ કહે છે.

ગુણ અને ક્રિયાના ભેદના આધારભૂત વસ્તુ અથવા અર્થને આપણે દ્રવ્ય કહીએ છીએ. આ દ્રવ્ય અથવા વસ્તુને આપણે સામાન્ય બુદ્ધિ અથવા લૌકિક જનની દૃષ્ટિથી જોઇએ; ત્યારે તેના સંબંધી વિચારો આપણા સ્પષ્ટ હોતા નથી. ઉદાહરણ તરીકે પ્રથમ આપેલા પુસ્તક સંબંધમાં—મારા હાથમાં કાંઇ છે કે ખાલી?—એ પ્રશ્નના ઉત્તરમાં હું કહું કે "મારા હાથમાં કંઇક છે અથવા મારા હાથમાં પુસ્તક છે" એવો જવાબ આપવામાં "કંઇક છે" એ ઉત્તરમાં સર્વસાધારણદૃષ્ટિ જણાય છે, અને "પુસ્તક છે" એમ કહેવામાં કંઇ સવિશેષ દૃષ્ટિ છે. હું પુસ્તક વાંચું છું, એ વાક્યમાં જો કે પુસ્તકનું પાનું મારી નજર ઉપર છે, તોપણ આખા પુસ્તકનો હું ઉલ્લેખ કરૂં છું. પદાર્થોના સંબંધમાં આવું સર્વસામાન્ય ઝાંખું પ્રત્યક્ષ અથવા દૃષ્ટિને નિગમ અથવા નૈગમદૃષ્ટિ કહે છે. કેવલ સાધારણ દૃષ્ટિવડે આપણે કંઇક વસ્તુ છે એમ કહીએ છીએ: કેવલ અસાધારણ અથવા વિશેષ દૃષ્ટિથી આપણે પુસ્તક છે એવું સ્પષ્ટ નામ માત્ર કહીએ છીએ. કેવલ સામાન્ય અથવા કેવલ વિશેષ ઉપર ભાર મૂકી જોવાનો નય તે નૈગમનય. જગતનો અનુભવ ન્યાય તથા વૈશેષિક દર્શનવાળા આ નૈગમનયથી ઉકેલે છે.

વસ્તુ અથવા અર્થને કેવલ સત્તાની અથવા સત્વની પ્રધાનદૃષ્ટિથી જોવું તેને સંગ્રહનય કહે છે. સર્વ ભેદવાળા પદાર્થો સત્ છે, બ્રહ્મરૂપ છે, અને ભેદો નામરૂપાત્મક દેખાવા માત્ર છે—એ દૃષ્ટિને સંગ્રહદૃષ્ટિ કહે છે, અને તેનો આશ્રય વેદાન્તીઓ કરે છે.

કેવલ સત્તાપ્રધાન નહિ, તેમ કેવલ સામાન્ય અથવા વિશેષપણાના ભાનવાળી લૌકિક દૃષ્ટિ પણ નહિ, પરંતુ સામાન્ય અને વિશેષવાળી દૃષ્ટિ તે વ્યવહારનય છે. કારણ દ્રવ્યથી પૃથક્ નહિ અને તે સાથે કાર્યના ખાસ વિશેષ ગુણોવાળું પદાર્થોનું સ્વરૂપ સ્વીકારવું તે વ્યવહારનય. જ્યારે ન્યાય વૈશેષિકની કાર્યપ્રધાન દૃષ્ટિ ( નૈગમનય ) છે; જ્યારે વેદાન્તની કારણપ્રધાન દૃષ્ટિ ( સંગ્રહનય ) છે, ત્યારે સાંખ્યયોગની કાર્યકારણ દૃષ્ટિ ( વ્યવહારનય ) છે.

દ્રવ્યનું અથવા વસ્તુનું સત્વ સ્વીકારનારા ન્યાય વૈશેષિક વિચારકો, વેદાન્ત વિચારકો, અને સાંખ્ય–યોગના વિચારકોની આ ત્રિધા દૃષ્ટિને દ્રવ્યનય કહે છે.

વસ્તુનું પ્રતીતિ ઉપરાંતનું વાસ્તવ સત્ત્વ નહિ સ્વીકારનારા બૌદ્ધો ક્ષણિકવિજ્ઞાનની ધારા–એજ વસ્તુ સ્વરૂપ છે. પ્રતિક્ષણે બદલાતી વિજ્ઞાનની ધારા–એજ વસ્તુ આ પહેલો પર્યાયનય છે. આને ઋજુસૂત્ર અથવા સીધી સૂત્રમયી દૃષ્ટિ કહે છે.

ત્રણ પ્રકારના દ્રવ્યનય અને પહેલા પ્રકારનો ઋજુસૂત્ર પર્યાયનય પદાર્થના સ્વરૂપને સ્પર્શ કરતા છે. બીજા ત્રણ પર્યાય નયો–શબ્દનય, સમભિરુદ્ધનય, અને એવંભૂતનય એ માત્ર શબ્દશાસ્ત્રને લગતાં દૃષ્ટિ બિન્દુઓ છે. તેમનો વસ્તુતત્વના નિર્ણય સાથે સંબંધ નથી. જે દૃષ્ટિબિંદુથી અથવા નયથી વસ્તુનું સ્વરૂપ સમજાય તેજ પૂર્ણરૂપ છે એવું માનવું તે નયાભાસ છે.

વસ્તુનું સ્વરૂપ અમુક જ પ્રકારનું છે, એવો નિશ્ચય જણાવવો તે એકાન્તવાદ; દૃષ્ટિ ભેદને અનુસરતું વસ્તુનું સ્વરૂપ છે, એવો નિશ્ચય તે અનેકાન્તવાદ. આ ભિન્ન પર્યાયોનું એકજ વસ્તુ સંબંધમાં પ્રતિપાદન કરવું અને તે જણવનાર સંભવનો બોધક શબ્દ **स्यात्** "એમ પણ હોય"–વાપરવો તેને "સ્યાદ્વાદ" કહે છે. પદાર્થના સંબંધમાં સાત પ્રકારનું વિધાન **स्यात्** શબ્દના ઉપયોગ સાથે થઇ શકે છે તેથી આ **स्याद्वादनुं** બીજું નામ સપ્તભંગીનય પણ કહે છે. પદાર્થોના સંબંધમાં વિધાન અથવા પ્રતિપાદનના પ્રકારો સાત થઇ શકે છે.



"આ ઘડો છે"—એ વાક્યમાં ઘડાના સંબંધમાં સત્તાનું વિધાન છે. આ વાક્ય વ્યવહાર પૂરતું ખરૂં છે, પણ ખરી રીતે ઘડો અને સત્તા એ બે સરખી વ્યાપ્તિના પદાર્થો નથી; કારણકે સત્તાનું વિધાન માટી, ઝાડ, વિગેરે અનન્ત પદાર્થોના સંબંધમાં થઈ શકે છે, તેથી ખરી રીતે **घटःस्यादस्ति**–ઘડો હોઈ શકે, સંભવિત છે. એ પ્રકારનો શબ્દ પ્રયોગ જોઇએ.

વળી "ઘડો છે"–એ વાક્ય ઘડાથી જુદા સર્વ પદાર્થના ગુણો અથવા ધર્મોના સ્પર્શ વિનાનો–સર્વ વિજાતીય ભેદવાળો–તે છે એવું સમજીએ છીએ. એટલે કે ઘડા શિવાયના સર્વ પદાર્થોના ગુણ ધર્મો તેમાં નથી. એવો નિષેધ તેમાં અન્તર્ગત હોય છે. એટલે "ઘડો અમુક છે"—એવા પર્યાય ઉપરાંત "ઘડો અમુક નથી"–એવો અર્થ અન્તર્ગત થાય છે. આ પર્યાય **घटः स्यान्नास्ति**–એ રીતે વર્ણવાય છે. વળી ઘડો છે તે આ સ્થાનના સંબંધમાં ખરૂં છે, પણ તે સ્થાન સંબંધમાં ખોટું છે–આ પ્રમાણે ઘડો (અત્ર છે) ખરૂં છે, અને (ત્યાં) નથી તેથી તે **स्यादस्ति स्यान्नास्ति**–એવું ત્રીજું વિધાન થઇ શકે છે.

જ્યારે ઘડાનો સ્વપયાર્ય ઉપર ભાર મૂકીએ ત્યારે **स्यादस्ति** અને જ્યારે તેના પર પર્યાય સંબંધી ભેદ ઉપર ભાર મૂકીએ ત્યારે **स्यान्नास्ति.** જ્યારે તેના સત્વ અને અસત્વ ઉપર સમાન ભાર મૂકીએ ત્યારે **स्यादस्तिस्यान्नास्ति** કહેવાય; પરંતુ એક ઉપર ભાર મૂક્યા વિના તે પદાર્થ વાણી વડે વ્યક્ત થઈ શકે તેવો નથી તેથી **स्याद् अवक्तव्य**–કહેવાય. ઘટ માટીનો ખરો; મૃતિકા ન હોય; પરંતુ ઘટ માટીનો ખરો છતાં માટીથી જે વ્યવહાર થાય તે ઘટથી થતો નથી; ઘટથી થાય તે માટીથી થતો નથી, આવું કાર્ય કારણના ગુણધર્મોનું વિરોધીપણું તે આપણે **अवक्तव्य** એ શબ્દથી વર્ણવી શકીએ.

આ ચાર (૧) **स्यादस्ति**, (૨) **स्यान्नास्ति**, (૩) **स्यादस्तिस्यान्नास्ति** અને (૪) **स्याद्वक्तव्य** એ ચાર પર્યાયો અથવા નયનાં ત્રણ મિશ્રણ (૫) **स्यादस्ति स्यादवक्तव्य** (૬) **स्यान्नास्ति स्यादवक्तव्य** અને (૭) **स्यादस्ति च स्यान्नास्तिच स्यादवक्तव्य** થાય છે. જેમાં (૫) આ

પર્યાયમાં વસ્તુના અમુક પર્યાયોના હોવાપણા ઉપરાંત અમુક અંશમાં તેનું અનિર્વચનીય રૂપ હોય છે; તથા (૬)ઠ્ઠામાં વસ્તુ અમુક રૂપે નથી અને અમુક અંશમાં તે અનિર્વચનીય હોય છે; અને (૭)મામાં અમુક અંશમાં છે અમુક અંશમાં નથી અને અમુક અંશમાં અનિર્વચનીય છે.

જૈનોના સિદ્ધાન્ત પ્રમાણે વસ્તુનિર્ણય કરવામાં વિચારકો અમુક કોટિ ઉપર ભાર મૂકે છે, અને તેથી એકાન્ત નિર્ણયના દુરાગ્રહમાં પડે છે. પરંતુ વસ્તુનું નિરક્ષેપ-એકાન્તિક સ્વરૂપ નથી. પરંતુ સાપેક્ષ એકાન્તિક સ્વરૂપ છે, જેવી રીતે વસ્તુનું સત્વ તથા અસત્વ અનેકાન્તિક છે; તેમ તેનું નિત્યત્વ અને અનિત્યત્વ પણ અનૈકાન્તિક એટલે સાપેક્ષ છે; તેનું સામાન્યત્વ અને વિશેષત્વ પણ અનૈકાન્તિક છે; તેનું વાણીમાં સ્વરૂપ વર્ણન થઇ શકે તેવું, અને વર્ણન ન થઇ શકે તેવું પણ અનૈકાન્તિક છે. ટૂંકામાં સર્વ વસ્તુના સંબંધના નિર્ણયો સાપેક્ષ સત્ય છે. એવું સમજી જે પ્રતિપાદન થાય અને તે જે દૃષ્ટિબિન્દુથી થાય તે સાચો **નય** કહેવાય; પરંતુ અમુક નિર્ણય નિરપેક્ષ સત્ય છે એવું સમજી પદાર્થોના સ્વરૂપ નિર્ણયમાં લગાડવામાં આવે તો તે **નયાભાસ** છે.

ઘડો-એ સામાન્ય અનુભવનો પદાર્થ સત્વવાળો છે, પરંતુ મૃત્તિકાના પરમાણુ જેવો તે સત્ય નથી; તે પાર્થિવ પરમાણુનો છે તે ખરૂં છે, પરંતુ તે સાથે તેમાં બીજા ભૂતના પણ પરમાણુઓ છે અને તેથી પાર્થિવ નથી એ વાક્ય પણ ખરૂં છે; તે મૃત્તિકામય સામાન્ય દ્રવ્ય છતાં અમુક આકાર તથા અમુક ગુણવાળું વિશેષ દ્રવ્ય છે; તે કંઈ એકલી મૃત્તિકા જ નથી; તેની લંબાઇ-પહોળાઇ-ઉંચાઇ રંગ વિગેરે અમુક સ્વપર્યાયો અથવા ધર્મો આપણે જાણીએ છીએ, પરંતુ તેની ધાતુના ગુણદોષો, તે કોણે ઉત્પન્ન કર્યો ક્યાં ઉત્પન્ન થયો તે આપણા અનુભવ બહાર છે. તેથી તે પર્યાયો નથી વિજ્ઞાન દૃષ્ટિ વડે અમુક વિશેષો આપણને જણાય તોપણ વિશ્વના અનન્ત પદાર્થોથી તેના ભેદ કેવા પ્રકારના છે તે આપણી વાણી બહાર રહેવાના અને તેથી અવક્તવ્ય ગણાવાના.



## (૨૧) બ્રાહ્મણો અને જૈનોની એકવાક્યતા.

જેવી રીતે બ્રાહ્મણોના વેદાન્તના માયાવાદની અનિર્વચનીયખ્યાતિનું સ્વરૂપ કેટલાક જૈનોને નહિ સમજાયાથી જૈનદર્શનમાં વેદાન્તશાસ્ત્રનો "મુક્તિમાં ભ્રાંતિ, પ્રપંચ એટલે સંસારમાં ભ્રાંતિ, શાસ્ત્રમાં ભ્રાંતિ, પ્રવૃત્તિમાં ભ્રાંતિ,—એમ જેની મૂર્તિજ ભ્રાંતિમય છે તેવા વેદાન્તિને શામાં ભ્રાંતિ ન કહેવાય" એ રીતનો ઉપહાસ થયો છે, તેવીજ રીતે જૈનદર્શનનું અનૈકાન્તવાદ અને સ્યાદ્વાદનું સ્વરૂપ વિચારશીલ બ્રાહ્મણોને પણ સ્પષ્ટ નહિ થવાથી, જૈનોનું શાસ્ત્ર એકાન્તનિશ્ચય જણવનાર નહિ હોવાથી મત્તપ્રલાપ જેવું સ્વીકારવા યોગ્ય નથી-એવું ખોટું ખંડન કરવામાં આવ્યું છે. પરંતુ હરિભદ્રસૂરિ નામના જૈન વિચારકે પક્ષપાતરહિત બુદ્ધિથી બ્રાહ્મણોના દર્શનશાસ્ત્રનાં ભિન્ન ભિન્ન પ્રમેયો જેવી રીતે ઉકલ્યાં છે, તેવાજ દૃષ્ટિબિંદુથી જૈન તત્ત્વજ્ઞાનના મર્મો પણ સમજવાની જરૂર છે ચિરંતન વિચારકોએ કહ્યું છે કે:—

**श्रोतव्यः सौगतो धर्मः कर्तव्यः पुनरार्हतः**
**वैदिको व्यवहर्तव्यो ध्यातव्यः परमः शिवः ॥**

બૌદ્ધધર્મ શ્રવણ કરવા યોગ્ય છે; જૈનધર્મનું ચારિત્ર્ય સેવવા યોગ્ય છે; વેદધર્મ વ્યવહારમાં પાલન કરવા યોગ્ય છે; અને પરમશિવ અથવા પરમેશ્વર ધ્યાન કરવા યોગ્ય છે. દર્શનશાસ્ત્રો, પછી તે આસ્તિકમતનાં હોય કે નાસ્તિકમતનાં હોય, તે વસ્તુ સંબંધમાં ભિન્ન ભિન્ન વિચારો દર્શાવે છે, પરંતુ સર્વની એકવાક્યતા હિંદના તત્વજ્ઞોએ કરી છે, કારણ કે હિંદમાં તત્વજ્ઞાન કેવલ બુદ્ધિના વિનોદ અથવા સંતર્પણ અર્થે નથી, પરંતુ આપણા પોતાના આત્માની પરમ મોક્ષરૂપ સંપત્તિ મેળવવા અર્થે છે.

# ન્યાય–વૈશેષિક દર્શન

अतिविरसमसारं मानवार्ताविहीनम्
प्रविततबहुवेलप्रक्रियाजालदुःखम् ।
उदधिसममतन्त्रंतन्त्रमेतद्वदन्ति
प्रखलजडधियोयेतेऽनुकंथ्यन्त एते ॥

## ન્યાય–વૈશેષિક દર્શન

**(૧) આસ્તિક ત્રયીદર્શન અને નાસ્તિક બૌદ્ધ અને આર્હત-દર્શન વચ્ચે ન્યાય-વૈશેષિકનું સ્થાન.**

ત્રયીદર્શન અથવા બ્રાહ્મણોના વેદદ્વારા તત્ત્વજ્ઞાનની અધિભૂત, અધિદૈવ અને અધ્યાત્મ–એવી ત્રણ શાખાઓ ઉદય થવાનું આપણે પ્રથમ પ્રકરણમાં વિચારી ગયા. તેમાં પ્રધાનપણે અધિદૈવ–એટલે ઇન્દ્રિય દેવતાના પ્રાધાન્ય ઉપર ચાલવાથી જે શાખા પ્રકટ થઇ તે સાંખ્ય–યોગમાં જઇને વિરમી; તેના અધ્યાત્મ ભાગને અનુસરતી જે શાખા પ્રકટ થઇ તે મીમાંસા દર્શનમાં જઇ વિરમી. આ અધિદૈવ અને અધ્યાત્મ–અસ્થિર બુદ્ધિદૈવત ઉપર અને સ્થિર આત્મદૈવત ઉપર બંધાયેલી–એ કોટિ વચ્ચે વેદના પ્રામાણ્યને ન સ્વીકારવાથી, બ્રાહ્મણો જેને નાસ્તિક દર્શનના વર્ગમાં મૂકે છે તેવા એ બૌદ્ધ–દર્શનના અને આર્હત અથવા જૈનદર્શનના તત્ત્વજ્ઞાનની વિચારશ્રેણીઓ ઉદ્‌ભવી.

પરંતુ બ્રાહ્મણોએ અધિભૂત શાખાનાં પરસ્પર સંબદ્ધ બે દર્શનો ઉત્પન્ન કર્યાં છે. આ દર્શનોની દૃષ્ટિ નથી ક્ષણિક વિજ્ઞાનવાદની કે નથી સ્થિર સર્વગ્રાહી આત્મવાદની, પરંતુ વાસ્તવ આરંભવાદની છે. આ દૃશ્ય જગત્ કેવલ વિજ્ઞાનનો વિલાસ નથી, અથવા સ્થિર અથવા કૂટસ્થ આત્મરૂપ



વસ્તુ ઉપર રચાયેલી માયામય રચના નથી, પરંતુ સાચી પરમાણુઓ વડે રચાયેલી સૃષ્ટિ છે. સાંખ્ય–યોગના અભિપ્રાય પ્રમાણે આ જગત્ પ્રધાનનું અથવા પ્રકૃતિનું સંકોચ–વિકાસવાળું અને આવિર્ભાવ અને તિરોભાવ પામતું સિદ્ધ અથવા સત્કાર્યરૂપ નથી, તેમ ઉત્તરમીમાંસા દર્શનના અભિપ્રાય પ્રમાણે આત્મરૂપ પરમાર્થ વસ્તુ ઉપર ઉભું થયેલું કલ્પિત નાટ્ય અથવા વિવર્ત નથી; પરંતુ કારણદ્રવ્યમાં જે નહતું, કાર્ય–કારણના નિયમવડે નવા ગુણકર્મવાળું ઉત્પન્ન થતું, સાધ્ય એટલે નવું પ્રયત્ન વડે પ્રકટ થતું, સર્જન છે. વિશ્વસંબંધી આ ત્રણ ભાવનાઓ, પરિણામવાદની અથવા સત્કાર્યવાદની, આરંભવાદની અથવા અસત્કાર્યવાદની (ન હતું ને ઉદય થવું એવા વાદની), અને વિવર્તવાદની અથવા અજાતિવાદની–બ્રાહ્મણોના તત્ત્વજ્ઞાનના ત્રણ પ્રયત્નો રચે છે. પરિણામવાદની અથવા સત્કાર્યવાદની ભાવના ઉપર સાંખ્ય–યોગનું તત્ત્વજ્ઞાન ઘડાય છે, અને વિવર્તવાદ અથવા અજાતિવાદની ઉપર ઉત્તરમીમાંસા અથવા વેદાન્તદર્શન ઘડાય છે. વચલા આરંભવાદ ઉપર અથવા અસત્કર્મવાદ ઉપર ન્યાય વૈશેષિક દર્શન ઘડાય છે.

**(૨) ત્રયી દર્શન સાથે પ્રાચીન આન્વીક્ષિકી વિદ્યાનો સંબંધ. મીમાંસા સાથે ન્યાય સંબંધ.**

આ દૃશ્ય જગત્ બુદ્ધિનો માત્ર વિલાસ નથી અથવા આત્મવસ્તુ ઉપર ઉભી થયેલી કલ્પનાજાલ નથી, પરંતુ સાચા અનુભવના વિષય રૂપ છે. આ જગતના સાચાપણાની દૃષ્ટિનું ઘણું પ્રાચીન નામ **આન્વીક્ષિકી** છે. જે વસ્તુ જે પ્રકારની છે તે વસ્તુને શરણ થઇ તેને પગલે પગલે ચાલી તેના સ્વરૂપનું શોધન કરવું તેનું નામ આન્વીક્ષિકી. ગૌતમ ધર્મસૂત્રમાં રાજાના અભ્યાસના વિષયોમાં ત્રયી એટલે વેદ ઉપરાંત તર્ક વડે ન્યાયનિર્ણય કરાવવામાં સાહાય્ય આપનાર આન્વીક્ષિકીની ગણના છે. મહાભારતમાં આન્વીક્ષિકી વડે વેદવ્યાસે ઉપનિષદોની ગોઠવણી કરી એવું વર્ણન છે. રામાયણમાં, "હેતુવાદથી ભરેલી હોવાથી ધર્મશાસ્ત્રમાં અશ્રદ્ધા ઉત્પન્નકરનાર આન્વીક્ષિકી વિદ્યા છે"–એવી નિન્દા છે. મનુ, જો કે હેતુશાસ્ત્ર મનુષ્યોને

તર્કમાં ગુંચવે છે એવું જણાવે છે તો પણ રાજાએ " આન્વીક્ષિકી આત્મવિદ્યા જાણવી જોઇએ એમ વિધાન કરે છે. ત્રયીની આત્મવિદ્યા, શબ્દપ્રમાણ ઉપર ઘડાયેલી છે, ત્યારે " આન્વીક્ષિકી આત્મવિદ્યા " તર્કપ્રમાણ ઉપર ઘડાયેલી છે તેથી મનુ ભગવાન્ તે આત્મવિદ્યાને " આન્વીક્ષિકી " એવું વિશેષણ લગાડે છે.

વેદવાક્યોના નિર્ણય કરવાની પદ્ધતિનું પ્રાચીન નામ " ન્યાય " હતું તે ન્યાયપદ્ધતિ પ્રથમ વેદવાક્યોને લાગુ પાડી ધર્મ અને બ્રહ્મ—એ બે વસ્તુના નિર્ણયમાં લાગુ પાડવાથી જે શાસ્ત્રો ઉત્પન્ન થયાં તેનાં નામ (૧) પૂર્વમીમાંસા અથવા ધર્મમીમાંસા (૨) ઉત્તરમીમાંસા અથવા બ્રહ્મમીમાંસા એવાં પડ્યાં. હેતુવાદ ઉપર રચાયેલી સ્વતંત્ર આન્વીક્ષિકી વિદ્યા, જેનો આરંભમાં વ્યવહારમાં અથવા રાજધર્મમાં ઉપયોગ થતો હતો, તે કાળે કરી અદૃષ્ટ ધર્મ અને બ્રહ્મવસ્તુના નિર્ણયમાં વપરાવા લાગી, અને તેમાંથી બે દર્શનો ઉત્પન્ન થયાં:-(૧) પ્રમાણને લગતું પ્રધાન દર્શન તેનું સ્વતંત્ર નામ ન્યાયદર્શન પડ્યું. (૨) પ્રમેયને લગતું પ્રધાનદર્શન તેનું નામ વૈશેષિક પડ્યું. આ બન્ને દર્શનના વિચારો ગૌતમ બુદ્ધ પહેલાંના હતા, જો કે શાસ્ત્રનું રૂપ તેમનું પાછળથી ઘડાયું છે. જૂના પાલી ગ્રન્થમાં તક્કી ( તર્કી ), વિમંશી ( વિમર્શી ) એવા શબ્દો હેતુવાદીને લગતા વપરાય છે. વળી " કથાવત્થુ પ્રકરણ " માં પ્રતિજ્ઞા, ઉપનય, નિગ્રહ વિગેરે ન્યાયના પારિભાષિક શબ્દોનો ઉપયોગ આવે છે. વળી કનિષ્કના સમયમાં વૈશેષિક મતના અનુયાયીઓ વિદ્યમાન હતા. એવું બૌદ્ધોનું સાંપ્રદાયિક મન્તવ્ય છે.

ઇ. સ. ના પહેલા સૈકામાં થયેલી ચરક સંહિતામાં વૈશેષિક સૂત્રો પૈકી એક સૂત્રનો ઉલ્લેખ થયો છે, અને સૂત્રસ્થાન (૧-૩૫-૩૮) જોતાં જણાય છે કે ગુણોનું વર્ગીકરણ વૈશેષિક સૂત્રને અનુસરતું છે. એકંદર વિચાર કરતાં સમજાય છે કે પૂર્વમીમાંસામાંથી વૈશેષિક દર્શન મૂળ રૂપે ઉભું થયું હતું અને તેમાં ધર્મનું શુદ્ધ સ્વરૂપ શું એ જાણવાનું પ્રયોજન દાખલ થયું. પાછળથી પદાર્થશાસ્ત્ર સાથે ન્યાય અને વિચારણા (આન્વીક્ષિકી) જોડાવાથી તે સ્વતંત્ર દર્શન રૂપે પ્રકાશ્યું.



## (૩) ન્યાય-વૈશેષિકના આદ્ય પ્રવર્તકો ગૌતમ અને કણાદ મહર્ષિઓ

ન્યાય દર્શનના આદ્ય પ્રવર્તક ગૌતમ મુનિ ક્યારે થયા તેની ખાત્રી લાયક હકીકત મળી આવતી નથી. તેમનું નામ અક્ષપાદ હતું, અને ગૌતમ કદાચ ગોત્ર નામ હશે. અક્ષપાદ નામ ઉપર એવી કલ્પના થઇ છે કે તે પોતાના પગ તરફ નીચી નજર નાંખી ફરતા હતા. તેવી રીતે વૈશેષિક દર્શનના આદ્યપ્રવર્તક કણાદ અથવા કણભુક્ કહેવાય છે. તેઓનું ગોત્રનામ કાશ્યપ હતું. તેમના દર્શનનું બીજું નામ ઔલુક્ય દર્શન છે, તે ઉપર કલ્પના થઇ છે કે શિવજીએ ઉલૂક એટલે ઘુવડનું રૂપ ધરી તેમને પરમાણુવાદ જણાવ્યો તેથી તેનું નામ ઔલુક્ય દર્શન કહે છે. *

ઇતિહાસ ક્રમથી વિચાર કરતાં વૈશેષિક સૂત્રોની રચના ન્યાયદર્શનનાં સૂત્રો પહેલાં થયેલી હશે એમ અનુમાન થાય છે.

---

* કણાદ મુનિ ઘણું કરીને શિવધર્મી અથવા પાશુપત હતા. તેમના પિતાનું નામ ઉલૂક ઋષિ હતું, તેમના ગુરૂનું નામ સોમશર્મા હતું. કાઠીઆવાડના પ્રભાસ પાટણના તેઓ વતની * હતા. વાયુપુરાણના પૂર્વાર્ધના ૨૩મા અધ્યાય ઉપરથી પરંપરાગત માનવું એવું છે કે વારાહકલ્પના સત્તાવીસમા દ્વાપરમાં જ્યારે વિષ્ણુના અંશથી જાતૂકર્ણ્ય વ્યાસ થયા ત્યારે શિવના અંશથી સોમશર્મા પ્રભાસ ક્ષેત્રમાં જન્મ્યા હતા. તે સોમશર્માના ચાર શિષ્યો, અક્ષપાદ, કણાદ, ઉલૂક અને વત્સ હતા. અઠ્ઠાવીસમા દ્વાપરમાં કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ વિષ્ણુના અંશાવતાર થયા ત્યારે કાયારોહણ ક્ષેત્રમાં નકુલી ( અથવા લકુલીશ ) શિવના અંશાવતાર થયા. ભૃગુક્ષેત્રમાં કાયારોહણ તીર્થ તે હાલના વડોદરા રાજ્યના ડભોઇ તાલુકાનું કારવણ ગામ છે; અને તે પશ્ચિમના પાશુમતના પ્રવર્તક લકુલીશનું જન્મસ્થાન છે.

* જુઓ પંડિત વિંધ્યેશ્વરી પ્રસાદની " કંદલી " ઉપરની પ્રસ્તાવના ( પૃષ્ઠ ૭-૭૦ )

## (૪) વૈશેષિક સૂત્રના પ્રતિપાદ્ય વિષયો

વૈશેષિક દર્શનમાં પ્રતિપાદ્ય વિષયો નીચે પ્રમાણે છેઃ-

| અધ્યાય | આહ્નિક | વિષય |
|---|---|---|
| ૧ | ૧ | વેદમૂલ ધર્મસ્વરૂપ. તેના અર્થે છ પદાર્થોની પરીક્ષા આવશ્યક ગણી **દ્રવ્ય,** ગુણ અને **કર્મ** એ ત્રણ પદાર્થોનું નિરૂપણ. |
| ,, | ૨ | દ્રવ્ય, ગુણ અને કર્મમાં કાર્યકારણ ભાવની વ્યવસ્થા. |
| ૨ | ૧ | દ્રવ્ય વિભાગ. નવદ્રવ્યનાં લક્ષણો ઇશ્વર અને આકાશની સિદ્ધિ. |
| ,, | ૨ | ગંધાદિ ગુણોના બે વર્ગ-સ્વાભાવિક અને ઔપાધિક |
| ૩ | ૧ | આત્મલક્ષણ, આત્મતત્ત્વ પરીક્ષા. |
| ,, | ૨ | મનલક્ષણ-મનસ્તત્ત્વ પરીક્ષા હેતુ અને હેત્વાભાસનાં લક્ષણ. |
| ૪ | ૧ | શરીર અને તેને ઉપયોગી વસ્તુનું વિવેચન. પરમાણુઓનું મૂલ કારણત્વ; પ્રકૃતિની મૂલ કારણતાનો નિરાસ. |
| ,, | ૨ | કાર્ય દ્રવ્ય વિભાગ. |
| ૫ | ૧ | કર્મપરીક્ષા. પ્રયત્નજન્ય કર્મ પરીક્ષા. ઉત્ક્ષેપણ, અપ્રયત્ન ઉત્ક્ષેપણ-પુણ્ય હેતુ કર્મ; પુણ્યકર્મ; પાપકર્મ ઉદાસીન કર્મ |
| ,, | ૨ | પ્રેરણાદિ જન્ય કર્મ. |
| ૬ | ૧ | શ્રૌતધર્મ પરીક્ષા. સંસારના મૂલભૂત ધર્મ અને અધર્મની પરીક્ષા. ધર્મમૂલ વેદના પ્રામાણ્યની સ્થાપના અર્થે ધર્મમાં ગુણજન્યત્વનું પ્રતિપાદન, |
| ,, | ૨ | ધર્મની વિશેષ પરીક્ષા અર્થે દૃષ્ટ અને અદૃષ્ટ કર્મોનાં ફલનું વિવેચન. |
| ૭ | ૧ | ગુણ અને સમવાયનું પ્રતિપાદન. ગુણોનો ઉદ્દેશ અને લક્ષણ- |



| અધ્યાય | આહ્નિક | વિષય |
|---|---|---|
| | | નિત્યગુણ પરીક્ષા, અનિત્યગુણ પરીક્ષા-પાકજ ગુણપરીક્ષા સંખ્યાદિ અનેકમાં વર્તનારા ગુણોની પરીક્ષા-પરિણામ પરીક્ષા. |
| " | ૨ | એકવૃત્તિ એટલે એકમાં વસનાર ગુણોની પરીક્ષા, અનેક વૃત્તિ એટલે બહુમાં વસનાર ગુણોની પરીક્ષા-કેવળ અનેક વૃત્તિગુણો કયા ?-શબ્દાર્થ સંબંધ પરીક્ષા-વિશેષગુણ વિનાના વિભુસંયોગ સમવાયી કારણમાં વસનાર એકવૃત્તિ ગુણ પરીક્ષા-સમવાય પરીક્ષા. |
| ૮ | ૧ | જ્ઞાનોત્પત્તિ અને જ્ઞાન કારણનું પ્રકરણ, બુદ્ધિપરીક્ષા, લૌકિક સંનિકર્ષ જન્ય સવિકલ્પ બુદ્ધિ (જ્ઞાન) અને નિર્વિકલ્પ બુદ્ધિ (જ્ઞાન)ની ઉત્પત્તિ. |
| ,, | ૨ | સંનિકર્ષજન્ય લૌકિક વિશિષ્ટ અને વૈશિષ્ટ્યવાળા પ્રત્યક્ષ જ્ઞાનનું નિરૂપણ. |
| ૯ | ૧ | બુદ્ધિવિશેષ અને જ્ઞાનવિશેષનું પ્રતિપાદન. પ્રત્યાસત્તિજન્ય લૌકિક અને અલૌકિક પ્રત્યક્ષનું નિરૂપણ. |
| ,, | ૨ | અનુમાન ખંડ |
| ૧૦ | ૧ | આત્મગુણોનું કારણવડે ભેદ નિરૂપણ. સુખદુઃખ પરીક્ષા. |
| ,, | ૨ | સમવાયી, અસમવાયી અને નિમિત્ત કારણોનું નિરૂપણ. |

## (૫) ન્યાયસૂત્રના પ્રતિપાદ્ય વિષયો

ન્યાય દર્શનના પ્રતિપાદ્ય વિષયો નીચે પ્રમાણે છેઃ-

| અધ્યાય | આહ્નિક | પ્રકરણ |
|---|---|---|
| ૧ | ૧ | (૧) પ્રયોજન સહિત ષોડશ પદાર્થ ઉદ્દેશ, (૨) પ્રમા લક્ષણ, (૩) પ્રમેય લક્ષણ, (૪) ન્યાયપૂર્વાંગ, (૫) ન્યાયસિદ્ધાન્ત, (૬) ન્યાયસ્વરૂપ, (૭) ન્યાયઉત્તર. |
| ,, | ૨ | (૧) કથા, (૨) હેત્વાભાસ, (૩) છલ, (૪) દોષનાં લક્ષણ. |

| | | |
|---|---|---|
| ૨ | ૧ | (૧) સંશય, (૨) પ્રમાણસામાન્ય, (૩) પ્રત્યક્ષ, (૪) અવયવ (૫) અનુમાન, (૬) વર્તમાન (૭) શબ્દસામાન્ય, (૮) શબ્દ વિશેષની પરીક્ષા. |
| ,, | ૨ | (૧) પ્રમાણ ચતુષ્ટય, (૨) શબ્દનું અનિત્યત્વ, (૩) શબ્દ-પરિણામ. (૪) શબ્દપરીક્ષા. |
| ૩ | ૧ | (૧) ઇન્દ્રિયભેદ, (૨) દેહભેદ, (૩) ચક્ષુરદ્વૈત, (૪) મનોભેદ, (૫) અનાદિનિધન (૬) શરીરપરીક્ષા, (૭) ઇન્દ્રિયપરીક્ષા, (૮) ઇન્દ્રિયનાનાત્વ (૯) અર્થપરીક્ષા. |
| ,, | ૨ | (૧) બુદ્ધિનિત્યતા, (૨) ક્ષણભંગ, (૩) બુદ્ધિનું આત્મગુણત્વ (૪) બુદ્ધિનું ઉત્પન્ન થતું અપવર્ગિત્વ, (૫) બુદ્ધિશરીરગુણભેદ (૬) મન પરીક્ષા, (૭) દૃષ્ટ અને અદૃષ્ટ વડે શરીરની ઉત્પત્તિ, |
| ૪ | ૧ | (૧) પ્રવૃત્તિ દોષની સામાન્ય પરીક્ષા, (૨) દોષ પરીક્ષા, (૩) પ્રેત્યભાવ પરીક્ષા (૪) શૂન્યતાનું ઉપાદાન બની શકે નહિં, (૫) ઇશ્વરોપાદાનતાનું નિરાકરણ (૬) આકસ્મિકત્વ નિરાકરણ (૭) સર્વ અનિત્ય નિરાકરણ (૮) સર્વ નિત્યત્વનિરાકરણ, (૯) સર્વપૃથક્કત્વ નિરાકરણ (૧૦) સર્વ નિરાકરણ (૧૧) સર્વ શૂન્યતા નિરાકરણ (૧૨) ફલપરીક્ષા (૧૩) દુઃખ પરીક્ષા (૧૪) અપવર્ગ પરીક્ષા. |
| ,, | ૨ | (૧) તત્ત્વજ્ઞાન ઉત્પત્તિ પ્રકરણ (૨) અવયવી પ્રકરણ (૩) નિરવયવ પ્રકરણ (૪) બાહ્યાર્થભંગ નિરાકરણ (૫) તત્ત્વજ્ઞાન વિવૃદ્ધિ, (૬) તત્ત્વજ્ઞાન પરિપાલન. |
| ૫ | ૧ | જાતિષટ્ક નિરૂપણ વિગેરે ૧૭ પ્રકરણો. |
| ,, | ૨ | (૧) ન્યાયાશ્રિત નિગ્રહ પંચક (૨) અભિમત વાક્યાર્થ અપ્રતિપાદક ચાર નિગ્રહસ્થાનો (૩) પોતાના સિદ્ધાન્તને અનુરૂપ પ્રયોગાભાસવાળાં ત્રણ નિગ્રહસ્થાન, (૪) નિગ્રહ-સ્થાનાવિશેષ. |



## (૬) વૈશેષિક તથા ન્યાયના સૂત્ર પછીના સાહિત્યના પ્રવર્તકો-પ્રાચીન નૈયાયિકો.

**પ્રશસ્તપાદ** વૈશેષિક સૂત્રના સમર્થ ભાષ્યકાર થઇ ગયા છે, અને સ્વતંત્ર વિચારક જણાય છે, ઇ. સનના સાતમા સૈકામાં ઉદ્યોતકાર તેમનો પરમાણુ કારણવાદમાં અને ન્યાયમાં ઉલ્લેખ કરે છે. વળી શંકરાચાર્ય બ્રહ્મસૂત્રભાષ્યમાં પરમાણુ કારણવાદના ખંડનમાં જો કે સ્પષ્ટ નામ દઇ પ્રશસ્તપાદનું વર્ણન કરતા નથી તોપણ પૂર્વપક્ષ શ્રેણી પ્રશસ્તપાદને અનુસરતી ઘટે છે. તેથી પ્રશસ્તપાદ સાતમા સૈકા પહેલાં થઈ ગયા જણાય છે. પ્રશસ્તપાદ બૌદ્ધન્યાયવિદ્ દિઙ્નાગ જેઓ ચોથા સૈકામાં થઇ ગયા તેના મૂલ વિચારોનો ઉલ્લેખ કરે છે. તેથી પ્રશસ્તપાદ પાંચમા સૈકામાં થઈ ગયાનું અનુમાન થાય છે. પ્રશસ્તપાદના પણ પૂર્વભાવી વૈશેષિક વિચારકો હશે, કારણકે દિઙ્નાગ પ્રમાણસમુચ્ચયમાં કેટલાક ઉતારા આપે છે. પ્રશસ્તપાદ (ઇ. સ. ૫૦૦) અને શંકરાચાર્ય (૭૮૮-૮૨૦) વચ્ચે એક "રાવણ ભાષ્ય" થઇ ગયું જણાય છે. પરંતુ તે કણાદસૂત્ર ઉપરની ટીકા હતી કે પ્રશસ્તપાદના ભાષ્ય ઉપરની ટીકા હતી તે નક્કી થઇ શકતું નથી. પરંતુ ઉદયને કિરણાવલિમાં તેનો ઉપયોગ કર્યો છે એમ પદ્મનાભ પોતાના કિરણાવલિ પ્રકાશમાં કહે છે તે ઉપરથી એ ગ્રન્થ વૈશેષિક સંપ્રદાયાનેઅનુસરી હતો એમ અનુમાન થાય છે. સૂત્રકાર કણાદ કરતાં પ્રશસ્તપાદે નીચેના મુદ્દામાં સ્વતંત્ર વિચારો જણાવ્યા છે; (૧) કણાદના ૧૭ ગુણોને બદલે તેમણે ૨૪ ગુણોનું પ્રતિપાદન કર્યું છે, (૨) સામાન્ય, વિશેષ, અને સમવાય એ પદાર્થો ઉપર તેમણે અધિક પ્રકાશ નાખ્યો છે, (૩) સૃષ્ટિ સંબંધમાં ઇશ્વરના કર્તૃત્વ ઉપર અપૂર્વ સંભાવના કરી છે, અને (૪) હેતુ અને હેત્વાભાસનાં રૂપો સ્પષ્ટ કર્યાં છે.

**વાત્સાયન** ન્યાયસૂત્રના ભાષ્યકાર થયા છે. તેમનું બીજું નામ પક્ષિલસ્વામી હતું. પ્રશસ્તપાદના વૈશેષિક સૂત્ર ઉપરના સ્વતંત્ર ગ્રન્થ જેવું તેમનું ન્યાયદર્શન ઉપર ભાષ્ય નથી. તેમની ટીકા ઘણે ભાગે સૂત્રને વળગેલી

છે, અને નવા વિચારો તેમાં પ્રવેશ પામ્યા નથી. ઘણું કરીને વાત્સાયન ઇ. સ. ના ચોથા સૈકામાં થયેલા જણાય છે. અને તેમના ઉપર દિઙ્નાગે (બૌદ્ધન્યાયવિદ્) બલવાન ન્યાય સંબંધી આક્ષેપો "પ્રમાણ સમુચ્ચયમાં" કર્યા જણાય છે. આ આક્ષેપોને લઇ પ્રશસ્તપાદે (ઇ. સ. ૫૦૦માં) પોતાના વિચારોમાં નૂતનતા આણી જણાય છે, અને આક્ષેપોનું ખંડન **ઉદ્યોતકારે** (૭૦૦) માં ન્યાયવાર્તિકમાં કર્યું જણાય છે. બૌદ્ધન્યાયવિદ્ ધર્મકીર્તિ (ઇ. સ. ૬૩૦) ના વાદન્યાય અને વિનીત દેવની વાદન્યાય ટીકામાંથી ઉદ્યોતકાર ઘણાં વાકયોનો ઉતારો કરે છે; અને તે સાથે ધર્મકીર્તિ પોતાના ન્યાયબિન્દુ, જેમાં દિઙ્નાગને અનુસરતી ન્યાયપદ્ધતિ ઘડી છે, તે ગ્રંથમાં લગભગ સ્પષ્ટ ઉલ્લેખ ઉદ્યોતકારનો કરે છે. આથી ધર્મકીર્તિ અને ઉદ્યોતકાર લગભગ સમકાલીન હતા એવું અનુમાન થાય છે. વળી સુબંધુ (સાતમા સૈકાના) પોતાની વાસવદત્તામાં ઉદ્યોતકારે ન્યાયધ્રટના બૌદ્ધ સામે કરી એવું જણાવે છે. એ આ અનુમાનને ટેકો આપે છે. ઉદ્યોતકારના ન્યાયવાર્તિકમાં સુઘ્નનું નામ આવે છે. તેથી શ્રી હર્ષવર્ધન (૬૦૮-૬૪૮) ના રાજ્યના સમયમાં થોણુસર (સ્થાણ્વીશ્વર)માં તેનો નિવાસ હતો એવું અનુમાન પણ નીકળે છે, જોકે સંપ્રદાયને અનુસરતું મંતવ્ય એવું છે કે માળવામાં આવેલા પદ્માવતી (હાલનું નરવર) નગર તેમનું જન્મસ્થાન હતું. આ સ્થાન એક શતક પછી ન્યાયવિદ્યાના પ્રસારનું કેન્દ્રસ્થાન બન્યું હતું.

ઉદ્યોતકાર પછી લગભગ બે સૈકા સુધી ન્યાય દર્શન ઉપર નવા લેખકો થયા જણાતા નથી. નવમા સૈકાના મધ્ય ભાગમાં ઉદ્યોતકારના ન્યાય વાર્તિક ઉપર તાત્પર્યટીકા **વાચસ્પતિમિશ્રે** લખી છે. વળી તેજ પંડિતવરે ગૌતમના સૂત્ર ઉપર ન્યાયસૂચિનિબંધ, અને ન્યાયસૂત્રોદ્ધાર નામના ગ્રંથો લખ્યા છે. સાંખ્ય-યોગમાં વાચસ્પતિમિશ્રના સંબંધી વર્ણન આવી ગયું છે. આ લેખક સર્વદર્શનમાં નિપુણ હતા. તેમના ન્યાય ઉપર ગ્રન્થો છે. એટલું જ નહિ પણ પૂર્વ અને ઉત્તર મીમાંસા ઉપર પણ ગ્રંથો છે. નૃગરાજાના સમયમાં મિથિલાના આ બ્રાહ્મણે ન્યાયસૂચિનિબંધ સંવત્ ૮૯૮માં રચેલો



હતો. આ સંવત વિક્રમનો છે. એવું બીજાં પ્રમાણોથી સાબીત થયું છે. તેથી ઇ. સ. ૮૪૧માં વાચસ્પતિમિશ્રે ન્યાયદર્શન ઉપર તે ગ્રંથ લખેલો સ્પષ્ટ થાય છે. આ સમય શ્રી શંકરાચાર્ય (૭૮૮-૮૨૦) ના બ્રહ્મસૂત્ર ભાષ્ય ઉપરની ભામતી ટીકા વાચસ્પતિમિશ્રે કરી હતી તે સાથે બંધ બેસતો આવે છે.

વાચસ્પતિમિશ્ર પછી દસમા સૈકાના આદ્યભાગમાં **ન્યાયસારના કર્તા ભાસર્વજ્ઞ** થઇ ગયા જણાયછે. ભાસર્વજ્ઞ ઉપર વૈશેષિક તેમ બૌદ્ધવિચારકોની અસર જણાય છે. પરંતુ તેના ઉપર પાશુપતમતની અથવા શૈવધર્મની ઉંડી અસર તરવરતી જણાય છે. ભાસર્વજ્ઞનો ગણકારિકા નામનો પાશુપત સંપ્રદાયનો ગ્રન્થ "ગાયકવાડ ઓરીયેન્ટલ સીરીઝમાં પ્રસિદ્ધ થયો છે.

ન્યાય-વૈશેષિક ઉપર અધિક પ્રકાશ નાંખનાર **ઉદયનાચાર્ય** (ઇ. સ. ૯૮૪ માં થઇ ગયા છે. તેમણે (૧) લક્ષણાવલિ, (૨) કિરણાવલિ; પ્રશસ્તપાદના ભાષ્ય ઉપરની (ટીકા) (૩) ન્યાય વાર્તિક તાત્પર્ય પરિશુદ્ધિ (ઉદ્યોતકારના ન્યાયવાર્તિક ઉપરની વાચસ્પતિની તાત્પર્યટીકા ઉપરની ટીકા), (૪) કુસુમાંજલિ અને (૫) ન્યાય પરિશિષ્ટ નામના ગ્રન્થ લખ્યા છે. તે સર્વમાં **કુસુમાંજલિ** નિબંધ ન્યાય દર્શનમાં ઇશ્વરસિદ્ધિનો અપૂર્વ ગ્રન્થ છે, અને વિશ્વસૃષ્ટિ સંબંધમાં વૈશેષિક મતને અનુસરતો છે. ઉપરના પાંચ મંડનાત્મક ગ્રન્થો ઉપરાંત બૌદ્ધો અને જૈનોના અનીશ્વરવાદના નિરાસ રૂપે છઠ્ઠો "આત્મતત્ત્વ વિવેક" અથવા "બૌદ્ધાધિકાર" નામનો ખંડનાત્મક ગ્રન્થ પણ તેમણે લખ્યો છે. તેમના પ્રથમના ત્રણ ગ્રંથ ઉપર ગંગેશ નૈયાયિકના પુત્ર વર્ધમાનની ટીકાઓ છે, અને "નુદીઆ" (નવીન ન્યાય) વિચારકોએ પણ ટીકાઓ લખી છે.

ઉદયન પછી પ્રશસ્તપાદના ભાષ્ય ઉપર "ન્યાય કંદલી" નામની ટીકા લખનાર **શ્રીધર** ઇ. સ. ૯૯૧માં થઇ ગયા છે. રાજશેખરના અભિપ્રાય પ્રમાણે પ્રશસ્તપાદના ભાષ્ય ઉપર ક્રમશ, ટીકાઓ (૧) વ્યોમશિવની વ્યોમવતી, (૨) શ્રીધરની ન્યાયકંદલી (૩) ઉદયનની કિરણાવલિ (૪) શ્રી વત્સાચાર્યની લીલાવતી, એમ થયેલી છે. જોકે કિરણાવલિ ન્યાયકંદલી પહેલાં

થયેલી ખરી રીતે જણાય છે. તો પણ વ્યોમવતી ઉદનાચાર્ય પહેલાં રચાયેલી હતી એમ વર્ધમાન ઇ. સ. (૧૨૨૫) પોતાના "ન્યાયનિબંધપ્રકાશ" જે કુસુમાંજલિ ઉપર ટીકા છે. તેમાં જણાવે છે. આ વ્યોમવતીના કર્તા વ્યોમશિવ અને સપ્તપદાર્થીના કર્તા શિવાદિત્ય એકજ વ્યક્તિ છે કે ભિન્ન પુરુષ તે વિવાદનો વિષય છે. ઉદયનની કુસુમાંજલિ ઉપર વર્ધમાનના "પ્રકાશ" ઉપરાંત રુચિદત્ત (ઇ. સ. ૧૨૭૫)ની "મકરંદ" નામની ટીકા છે.

પ્રાચીન ન્યાય પરંપરામાં છેલ્લું નામ ન્યાયમંજરી અને ન્યાયકલિકાના કર્તા **જયંતભટ્ટ** (ઇ. સ. ૮૮૦)નું આવે છે. તે ઘણું કરી કાશ્મીરના વતની હતા. તેઓ વાચસ્પતિમિશ્રનો ઉલ્લેખ કરે છે, અને તેમનો ઉલ્લેખ દેવસૂરિ (ઇ. સ. ૧૦૮૮-૧૧૬૯) કરે છે. ન્યાય મંજરી ઘણો સરલ અને વ્યાપક છે.

## (૭) નવદ્વીપના (બંગાળાના) નવ્ય નૈયાયિકો

——:૦:——

ઉદયનાચાર્ય અને શિવાદિત્ય પછી બે સૈકામાં ન્યાયસંપ્રદાય પુનઃ નવા રૂપમાં પ્રકટ થયો છે. તે નવા સંપ્રદાયના પ્રવર્તક **ગંગેશ** અથવા **ગંગેશ્વર** પૂર્વબંગાળાના વતની હતા. તેઓના "તત્ત્વચિંતામણિ" નામના ગ્રંથ ઉપર ટીકા કરનાર જયદેવ સને ૧૨૦૦માં થયા છે. આ જયદેવ "પ્રત્યક્ષાલોકના "કર્તા અને" પ્રસન્ન રાઘવના કર્તા હતા. "પ્રત્યક્ષાલોક" તત્ત્વચિંતામણિ ઉપરની ટીકા છે. ગંગેશ ભટ્ટ ઘણું કરીને ૧૧૫૦-૧૨૦૦માં થઇ ગયા. તેમનો તત્ત્વચિંતામણિ નામનો નિબંધ સ્વતંત્ર ગ્રંથ છે. તેમાં સૂત્રના વિવાદવાળા ભાગનો ત્યાગ કરી પ્રમાણ ચતુષ્ટય ઉપર ચર્ચા કરી છે; અને જ્ઞાન નિષ્પત્તિ પ્રકરણની ઘટના એવી કરી છે કે બૌદ્ધ અને જૈન આક્ષેપો સાથે નૈયાયિકો ટક્કર ઝીલી શકે. આ ગ્રંથે એવી અસર કરી કે સૂત્ર ગ્રંથનું અધ્યયન અટકી પડયા જેવું થયું, અને તત્ત્વચિંતામણિ ગ્રન્થ ઉપર ગંગેશના અભિપ્રાયનું સમર્થન કરતી ઘણી ટીકાઓની પરંપરા ચાલી.



ગંગેશના પુત્ર વર્ધમાને પોતાના પિતાના ગ્રન્થ ઉપર ટીકા લખી અને તેણે "ન્યાય પ્રકાશનિબંધ" નામની, ઉદયનાચાર્યની ન્યાયવાર્તિકતાત્પર્ય પરિશુદ્ધિ નામના ગ્રંથ ઉપર જે ટીકા લખી છે તેમાં પોતાના પિતાના વિચારોને ઉદયનથી ચઢીઆતા પ્રતિપાદન કરે છે.

ત્યારપછી હરિમિશ્ર અલ્પ સમયમાં થયા. તેમના ભત્રીજા જયદેવે તત્ત્વચિંતામણિ ઉપર આલોક (અથવા પ્રત્યક્ષાવલોક) લખ્યો. જયદેવના શિષ્ય રુચિદત્તે "કુસુમાંજલિ પ્રકાશ મકરંદ" નામની ટીકા વર્ધમાનની કુસુમાંજલિ ઉપરની ટીકા ઉપર ટીકા લખી.

તત્ત્વચિંતામણિ ઉપરની વ્યાખ્યા રચનાર વાસુદેવ સાર્વભૌમ જયદેવના સમકાલીન હતા. વાસુદેવના ચાર ઉત્તમ શિષ્યો હતા. (૧) ચૈતન્ય જેઓ બંગાળાના વૈષ્ણવ સંપ્રદાયના પ્રવર્તક થયા, (૨) બીજા કૃષ્ણાનંદ જેઓ સ્વતંત્ર તાંત્રિક થયા, (૩) રઘુનંદન જેઓ સમર્થ ધર્મશાસ્ત્રી થયા, અને (૪) રઘુનાથ જેઓ અપૂર્વ નૈયાયિક થયા.

રઘુનાથે તત્ત્વચિંતામણિ ઉપર દીધિતિ લખી, અને વૈશેષિક મતના પદાર્થોનું ખંડન કરનારો અને ન્યાયસૂત્રના પદાર્થોનું પ્રતિપાદન કરનારો "પદાર્થખંડન" નામનો ગ્રન્થ લખ્યો. રઘુનાથના શિષ્ય મથુરાનાથ થયા, જેમણે પોતાના ગુરૂના તથા પરમેષ્ઠિ ગુરૂ ગંગેશભટ્ટના તત્ત્વચિંતામણિ ગ્રંથ ઉપર વિચારથી ભરપુર ટીકાઓ લખી. મથુરાનાથના શિષ્ય રઘુદેવ થયા ગણાય છે. આ હકીકત ખરી હોય તો તે હરિહર તર્કાલંકારના સમકાલીન હતા કારણકે રઘુદેવ અને ગદાધરના હરિહર પ્રસિદ્ધ ગુરૂ હતા. આ ત્રણ પંડિતોએ નવ્યન્યાયને અત્યન્ત ઝીણવટથી છીણ્યું છે. અને તેમાંનો તત્ત્વસાર સામાન્ય જનોને ઉપયોગી નથી. આ પંડિતોના ગ્રંથોમાં ન્યાયશાસ્ત્ર તર્કજાલમાં એટલું બધું તો ગુંચાયુ કે તેમાંથી બહાર નીકળી ખુલ્લી હવા લેવા શ્રી શંકરમિશ્રે મૂલ વૈશેષિક સૂત્ર ઉપર આવી "ઉપસ્કાર" નામની સ્વતંત્ર ટીકા કરી અને ઇ. સ. ૧૬૦૦માં આ મૂલ સૂત્ર તરફ વળવાનો ક્રમ શરૂ થયો, અને તેના પરિણામમાં ગૌતમનાં ન્યાયસૂત્ર ઉપર વિશ્વનાથની સ્વતંત્ર ટીકા થઇ. શંકરમિશ્રે કણાદરહસ્ય નામનો સ્વતંત્ર નિબંધ પણ લખ્યો છે.

## (૮) પ્રાચીન અને નવ્ય ન્યાયનો યોગ–ન્યાય અને વૈશેષિક દર્શનનું મિશ્ર સાહિત્ય

ન્યાયદર્શન અને વૈશેષિક દર્શનની સરિતાઓ એક તન્ત્ર રૂપે થયેલી પ્રથમ શિવાદિત્યના "સપ્તપદાર્થી" નામના ગ્રંથમાં જણાય છે. આ શિવાદિત્ય અને વ્યોમશિવ તે એક જ કે ભિન્ન વ્યક્તિઓ તેનો નિર્ણય થઇ શક્યો નથી. શિવાદિત્યનો બીજો ગ્રન્થ "લક્ષણમાલા" છે. સપ્તપદાર્થી ઉપર જિનવર્ધન સૂરિની (ઇ. સ. ૧૪૧૫) માધવસરસ્વતીની (ઇ. સ. ૧૫૨૩) અને શેષાનંતની (ઇ. સ. ૧૬૦૮ પહેલાં) ની પ્રસિદ્ધ ટીકાઓ છે.

ન્યાય–વૈશેષિક દર્શનનો બીજો એકતન્ત્રાત્મક ગ્રન્થ કેશવમિશ્રની "તર્કભાષા છે." આ ગ્રન્થ ઉપરનો ટીકાકાર ચિન્નભટ્ટ વિજયનગર રાજ્યના વીરબુક્ક બીજાના ભાઈ હરિહરના આશ્રિત પંડિત હતા, એટલે કે ચિન્નંભટ્ટ ચૌદમા સૈકાના પહેલા અર્ધમાં થયા જણાય છે, એટલે કેશવમિશ્ર ઇ. સ. ૧૩૦૦ પહેલાં થયેલા એવું અનુમાન થાય છે. તર્કભાષા ઉપર ગોવર્ધન ગૌરીકાન્ત અને માધવદેવની ટીકાઓ ઇ. સ. ૧૫૭૮થી ૧૬૮૧ના વચલા ગાળામાં થયેલી છે.

એકતન્ત્રાત્મક ત્રીજો ગ્રન્થ લૌગાક્ષિભાસ્કરનો તર્કકૌમુદી નામનો છે. તે રુદ્રકવિના પૌત્ર અને મુદ્‌ગલના પુત્ર હતા. તેઓ કાશીના શૂલપાણિમિશ્રનો ઉલ્લેખ કરે છે. તેમણે વૈશેષિક અને મીમાંસા દર્શન ઉપર પણ ગ્રન્થ લખ્યા છે.

ચોથો ગ્રન્થ આ સાહિત્યમાં જગદીશનો તર્કામૃત નામનો છે. તેઓ ઘણું કરીને ઇ. સ. ૧૬૦૦માં થયા હશે. કારણકે તેમનો એક શિષ્ય ઇ. સ. ૧૬૪૯માં હયાત હતો. વિશ્વનાથ પંડિતે (ઇ. સ. ૧૬૩૪) ન્યાયસૂત્ર ઉપર ટીકા લખી છે, તે ઉપરાંત ન્યાય–વૈશેષિકના મિશ્ર સાહિત્ય તરીકે "ભાષા પરિચ્છેદ" લખ્યો છે. આ ગ્રન્થ કારિકા રૂપે લખ્યો છે અને તેના ઉપર વિવરણ રૂપે સિદ્ધાન્તસૂત્રાવલિ પણ તેમણે જ લખી છે.



છેવટનો આ મિશ્રસાહિત્યનો અગત્યનો ગ્રન્થ અન્નંભટ્ટનો "તર્કસંગ્રહ" અને તેના ઉપરની તેમની પોતાની તર્કસંગ્રહ દીપિકા છે. તેમણે રઘુનાથની દીધિતિનો ઉપયોગ કર્યો છે. તેઓ ગદાધરની માહિતીવાળા હતા, અને તેથી ઇ, સ. ૧૬૦૦ પહેલાંના તે નથી. અન્નંભટ્ટના ગ્રન્થ ઉપરની ટીકાઓમાં ગોવર્ધનની "ન્યાયબોધની" કૃષ્ણધૂર્જટિનો "સિદ્ધાન્તચન્દ્રોદય", નીલકંઠની "નીલકંઠી". અને લક્ષ્મીનૃસિંહનો "ભાસ્કરોદય" જાણવા યોગ્ય ગ્રન્થો છે. નીલકંઠનો ગ્રન્થ ઇ. સ, ૧૮૪૦માં થયો છે.

## (૯) સામાન્ય સપ્તપદાર્થ વિજ્ઞાન

કણાદમુનિના અભિપ્રાય પ્રમાણે જગતનું પૃથક્કરણ કરતાં છ પદાર્થોમાં સઘળું ભાવ રૂપ વિશ્વ સમાઇ જાય છે તે પદાર્થોના સાધર્મ્ય અને વૈધર્મ્ય વડે જે આત્માનું તત્ત્વજ્ઞાન પ્રકટ થવું તે મોક્ષનું કારણ થાય છે. આ તત્ત્વજ્ઞાન કેવળ બુદ્ધિના વિલાસ રૂપ નહિ, પરંતુ ધર્મવિશેષ વડે, એટલે નિવૃત્તિરૂપ ધર્મ વડે, જે ઇશ્વરપ્રસાદ ઉત્પન્ન થાય તેથી ચિત્ત વીતરાગ બને અને તેમ થયા પછી વસ્તુનું સત્યજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેજ જીવાત્માને મોક્ષ આપે છે. કેવળ તત્ત્વજ્ઞાન અને ઇશ્વરપ્રસાદજન્ય તત્ત્વજ્ઞાન એ બેમાં પાયામાં ભેદ છે. એક કેવલ તર્કજન્યજ્ઞાન ઉત્પન્ન કરે છે, પરંતુ બંધનાં કારણોનો ઉચ્છેદ કરતું નથી; બીજું ઇશ્વરના અનુગ્રહ વડે બંધકારણોની પરંપરાનો ઉચ્છેદ કરે છે.

કણાદમુનિ પોતે "અર્થ" શબ્દ વડે દ્રવ્ય, ગુણ, અને કર્મ એ ત્રણ વસ્તુનો ઉલ્લેખ કરે છે; અને સામાન્ય અને વિશેષ એ બુદ્ધિથી ઉત્પન્ન થયેલા પદાર્થો છે અને સમવાય પણ એવોજ બૌદ્ધ પદાર્થ છે, એવું માને છે. આથી વસ્તુભૂત પદાર્થો એટલે સ્વતંત્ર અસ્તિત્વવાળા પદાર્થો દ્રવ્ય, ગુણ, કર્મ છે, અને બુદ્ધિ વડે ઉપસ્થિત થનારા પદાર્થો સામાન્ય, વિશેષ અને સમવાય છે. પરંતુ પાછળથી સામાન્ય, વિશેષ અને સમવાય

એ સ્વતંત્ર બાહ્યાર્થ છે એવો સિદ્ધાન્ત દાખલ થયો છે. વળી કણાદમુનિ માત્ર છ પદાર્થોનો નિર્દેશ કરે છે. અને પાછળથી સાતમો અભાવ પદાર્થ તેમના દર્શનમાં પ્રવેશ થયો છે. વિશ્વના સઘળા પદાર્થો કાર્યરૂપ હોય અથવા કારણ રૂપ હોય તે સર્વ આ સાત પદાર્થોમાં અન્તર્ગત થાય છે.

જે પદાર્થ ગુણવાળો અને ક્રિયાવાળો હોય અથવા જે સમવાયિકારણ અથવા ઉપાદાન કારણ થઇ શકે તે **દ્રવ્ય.** જે પદાર્થ દ્રવ્યમાં આશ્રિત થઇ રહે, સંયોગ અને વિભાગનું કારણ બને નહિ, અને બીજા ગુણને ધારણ કરે નહિ તેનું નામ ગુણ. જે પદાર્થ એકજ દ્રવ્યમાં આશ્રય પામી રહે, પોતે ગુણ વિનાનો હોય, અને સંયોગ તથા વિભાગમાં પોતે પ્રત્યક્ષ કારણ થાય તે **કર્મ.** ગુણમાં અને કર્મમાં બે ભેદક હેતુઓ જણાય છે. સંયોગ તથા વિભાગમાં ગુણ કારણ થતું નથી, ત્યારે કર્મ કારણ બને છે. ગુણ, દ્રવ્યમાં સદા આશ્રિત હોય છે, કર્મ, નિત્ય આશ્રિત હોતું નથી.

દ્રવ્યત્વ, ગુણત્વ, અને કર્મત્વ, એ ત્રણ સામાન્ય સમૂહને પરમ સત્તા અથવા પરજાતિ કહે છે. દ્રવ્યના, ગુણના અને કર્મના પેટા વિભાગને અપર જાતિ કહે છે.

દ્રવ્યના પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિક્, આત્મા અને
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
મન એવા નવ ભેદ છે. તેમાં પ્રથમ ચાર પરમાણુ રૂપ છે અને મન પણ
૯
પરમાણુ રૂપ છે. આકાશ, કાલ, દિક્, અને આત્મા વિભુ દ્રવ્યો છે.

કણાદ મુનિના સૂત્રમાં ગુણોની સંખ્યા સત્તર આપી છે:—

(૧) રૂપ, (૨) રસ, (૩) ગંધ, (૪) સ્પર્શ, (૫) સંખ્યા, (૬) પરિણામ, (૭) પૃથકત્વ, (૮) સંયોગ, (૯) વિભાગ, (૧૦) પરત્વ, (૧૧) અપરત્વ, (૧૨) બુદ્ધિ, (૧૩) સુખ (૧૪) દુઃખ, (૧૫) ઇચ્છા (૧૬) દ્વેષ (૧૭) પ્રયત્ન. આ સત્તર ગુણોમાં સાત ગુણો પાછળથી ઉમેરવામાં આવ્યા છે અને તે (૧) ગુરૂત્વ, (૨) દ્રવત્વ, (૩) સ્નેહ, (૪) શબ્દ, (૫) ધર્મ, (૬) અધર્મ, અને (૭) સંસ્કાર.



આ ગુણોનું વર્ગીકરણ સામાન્ય અને વિશેષ ભાવે પણ થઈ શકે છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, અનુક્રમે પાંચ પૃથ્વી આદિ દ્રવ્યોના અસાધારણ વિશેષ ગુણો છે. સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, —એ પાંચ સર્વ દ્રવ્યોના સાધારણ ગુણો છે. પરત્વ, અપરત્વ, એ ગુણો દિક્ અને કાલને લીધે ઉત્પન્ન થાય છે. અને મૂર્તદ્રવ્યમાં રહી શકે છે. બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, ધર્મ, અધર્મ, પ્રયત્ન અને ભાવના રૂપ સંસ્કાર એ નવ આત્માના વિશેષ ગુણો છે; ગુરૂત્વ પૃથિવી અને જલમાં છે. દ્રવત્વ અને સ્નેહ માત્ર જલના ધર્મો છે. આ પ્રમાણે ચોવીસ ગુણોની સામાન્ય સમજણ છે.

કર્મ પદાર્થ પાંચ પ્રકારનો છે. ઉત્ક્ષેપણ એટલે ઉંચી ગતિ, અપક્ષેપણ અથવા નીચી ગતિ, આકુંચન, પ્રસારણ, અને ગમન.

સામાન્ય એટલે અનેક વસ્તુમાં પ્રવર્તતો સામાન્ય ધર્મ ઉપર કહ્યા પ્રમાણે પર અને અપર એમ બે પ્રકારનો છે. પરસામાન્ય અથવા પર જાતિ તે સત્તા કહેવાય છે, અને તેમાં સર્વ દ્રવ્ય, ગુણ અને કર્મનો સમાસ થાય છે. અપર સામાન્ય દ્રવ્ય, ગુણ અને કર્મના વિભાગોને લગતું છે.

નિત્ય દ્રવ્ય એટલે પૃથ્વી, જલ, તેજ, વાયુનાં પરમાણુઓ, આકાશ, કાલ, દિક, આત્મા અને મનનો પ્રત્યેકનો સ્વતંત્ર ભેદક ધર્મ તે વિશેષ અને તે અનંત છે.

અભાવ બે પ્રકારનો છે; (૧) અન્યોન્યાભાવ. (૨) સંસર્ગાભાવ. ઘડો તે વસ્ત્ર નહિ. એ અન્યોન્યા ભાવ-અને તેથી જુદો અભાવ તે સંસર્ગાભાવ. આ બીજો અભાવ ત્રણ પ્રકારનો હોઇ શકે છે. ઘડાની ઉત્પત્તિ પૂર્વે ઘડાનો અભાવ તે પ્રાગભાવ કહેવાય; તેનો વિનાશ થયા પછી જે અભાવ રહે તે પ્રધ્વંસાભાવ કહેવાય; અને ત્રણે કાલમાં પદાર્થનો સંભવ નથી એવું જણાવનારો અભાવ તે અત્યન્તાભાવ.

## (૧૦) પરમાણુ કારણવાદ

ન્યાય-વૈશેષિક દર્શનમાં હિન્દુસ્થાનના ભૌતિકશાસ્ત્રનો પ્રથમ પાયો નંખાયો એમ કહીએ તો ચાલે. તે દર્શનના ઉદય પહેલાં કાર્ય કારણની આરંભવાદની પ્રક્રિયા સ્પષ્ટ ન હતી, તેમ પરમાણુ કારણવાદની પ્રક્રિયા પણ આરંભવાદને બંધ બેસે તેવી ન હતી. બૌદ્ધ દર્શનના સર્વાસ્તિવાદમાં ભૂત ભૌતિક રૂપ બાહ્યાર્થ અને ચિત્ત-ચૈત્તરૂપ આંતર અર્થનો સ્વીકાર છે, અને પંચ સ્કંધરૂપ સંઘાત અથવા શરીરના ઘટક અવયવોમાં રૂપ સ્કંધમાં પરમાણુની પ્રક્રિયા* આવે છે. જૈન દર્શનમાં પણ અજીવતત્ત્વના વર્ગમાં પુદ્ગલો રૂપ, રસ, ગંધ અને સ્પર્શ ધર્મવાળા છે. અને તે પરમાણુરૂપ અને સંઘાતરૂપ હોય છે, એવું પ્રતિપાદન+ છે. વળી સાંખ્યયોગ દર્શનમાં દ્રવ્ય સામાન્ય-વિશેષ રૂપવાળું સ્વીકાર્યું છે, અને ગુણ-ગુણીનો અભેદ સ્વીકાર્યો છે; તેમાં જ્યારે પ્રધાન અથવા પ્રકૃતિનું દ્રવ્ય ક્રમશઃ અલિંગ, લિંગ, અને અવિશેષ કલાથી નીચે ઉતરી કેવળ વિશેષ કલાવાળું થાય છે ત્યારે પરમાણુનું અને પરમાણુઓના સમૂહનું રૂપ પકડે છે, એવું પ્રતિપાદન છે. પરંતુ આ ત્રણે દર્શનોમાં જગતની ઉત્પત્તિ પરમાણુઓ વડે થાય છે એવો સિદ્ધાન્ત નથી. કારણ દ્રવ્ય કાર્યાકાર થયા પછી તેમાં પ્રથમ ન હતા એવા ગુણો જાગે છે. આ અસત્કાર્યવાદ અથવા આરંભવાદમાં ન્યાય વૈશેષિકને પરમાણુકારણવાદની આવશ્યકતા જણાઇ છે.

ઉપરના નવમા અંશમાં આપણે વિચારી ગયા છીએ કે દ્રવ્યો નવ પ્રકારનાં છે, અને તેમાં પૃથ્વી, જલ, તેજ અને વાયુ કાર્ય એટલે અવયવી અને કારણ એટલે અવયવરૂપે વિદ્યમાન હોય છે. આકાશ, કાલ, દિક્ અને આત્મા એ ચાર, વિભુ દ્રવ્યો છે. મન એ કેવલ પરમાણુરૂપ છે. આ

* જુઓ બૌદ્ધદર્શનના સર્વાસ્તિવાદી વિચારકોનો ( ૧૪ ) મો અંશ. પૃ. ૧૫૪

\+ જુઓ જૈન દર્શન. પૃ. ૨૦૬



પ્રક્રિયામાં પરિમાણની બે કોટિઓ એક અણુ અને બીજી મહત્ પરમ મહત પરિમાણવાળાં દ્રવ્યો આકાશાદિ ચાર અને પરમ અણુ પરિમાણવાળાં દ્રવ્યો તે પરમાણુઓ જેનું પારિભાષિક નામ "પરિમંડળ" છે. આ બે વચલાં પરિમાણો તે દીર્ઘ અને હ્રસ્વ. કોઇ પણ અવયવી પદાર્થનો વિભાગ કરતાં છેવટનું અવિભાજ્ય મૂર્તરૂપ રહે તેનું નામ પરમાણુ. આ નિત્ય દ્રવ્ય કહેવાય છે, અને તે પૃથ્વી, જલ, તેજ અને વાયુનાં જુદાં જુદાં હોય છે.

સંહારકાળે આ સઘળાં ચાર ભૂતોનાં પરમાણુઓ શી રીતે સંયુક્ત થઇ સૃષ્ટિનો આરંભ થાય છે તે બાબતમાં મૂળ સૂત્રકાર કણાદનો સ્પષ્ટ અભિપ્રાય જણાતો નથી. હાલના પરમાણુ કારણવાદમાં આદ્યશક્તિ સૃષ્ટિનો આરંભ કરનારી સ્વતઃ જાગે છે, અને તેને Natural એટલે નૈસર્ગિક સૃષ્ટિક્રમ કરે છે, બીજી પ્રક્રિયા Spiritual Creation એટલે ઇશ્વર સંકલ્પથી સૃષ્ટિ થાય છે એવી છે. નૈસર્ગિક સૃષ્ટિ અને ઇશ્વરેચ્છાજન્ય સૃષ્ટિ-એ બન્ને પ્રક્રિયામાં ન્યાય-વૈશેષિક દર્શનમાં બીજો મત સ્વીકારાયેલો જણાય છે. જુનામાં જુના પ્રશસ્તપાદ ભાષ્યમાં વિદ્યમાન કાર્યકારણ સૃષ્ટિનો સર્જન અથવા સંહાર ક્રમ નીચે પ્રમાણે વર્ણવ્યો છે.

બ્રહ્માના શતવર્ષના અન્તમાં તેમના મોક્ષ સમયે સંસારમાં વહેતા અને ખેદ પામેલા સર્વ પ્રાણીઓના વિશ્રામ અર્થે સકળ ભુવનના અધિપતિ મહેશ્વરની, સંહારની ઇચ્છાનો, સમકાલે ઉદય થાય છે. તે સમયે શરીર, ઇન્દ્રિયો અને બાહ્યવિષય રૂપ મહાભૂતોના સંયોગ કરનારા ધર્મ અને અધર્મરૂપ અદૃષ્ટો, જે તે તે પ્રાણીઓના આત્મામાં સમવાય સંબંધથી રહેલાં હોય છે, તેની શક્તિનો પ્રતિબંધ થાય છે, અને મહેશ્વરની ઇચ્છા વડે તે તે આત્માઓના અણુઓ સાથેના સંયોગો છૂટી જાય છે, અને તે વડે તે તે પ્રાણીઓના શરીર તથા ઇન્દ્રિયોના ઘટક અણુઓનો પરમાણુ પર્યન્ત વિભાગ થઇ જાય છે; તેવીજ રીતે પૃથિવ્યાદિ ચાર મહાભૂતના વિષયો પણ વિભક્ત થઇ પરમાણુ

પર્યન્ત જઇ અટકે છે. આ સંહાર કાલમાં શરીર ઇન્દ્રિય અને વિષયોનાં પરમાણુઓ રહે છે, અને તે તે આત્માઓના ધર્માધર્મ અને સંસ્કારો તે તે આત્મામાં વસેલા રહે છે. આ પ્રમાણે પૃથિવ્યાદિ ચાર મહાભૂતના પરમાણુઓ, આકાશ, કાલ, દિક્, ધર્માધર્મ સંસ્કારવાળા આત્માઓ, અને તેમનાં પરમાણુરૂપ મનો–એ નિત્ય દ્રવ્ય વર્ગ સંહાર સમયે સુપ્તવત્ રહે છે. આ કાલના અવધિએ તે તે પ્રાણીઓના ભોગના સંસ્કારોનો પરિપાક થવાથી મહેશ્વરમાં સર્જન ઇચ્છા થાય છે: અને તે ઇચ્છા અથવા સંકલ્પવડે સર્વ જીવાત્માઓનાં અદૃષ્ટો જાગે છે, અને તે અદૃષ્ટવડે સંયોગમાં રહેલાં વાયુનાં પરમાણુઓનો પ્રથમ ક્ષોભ થાય છે; અને તે ક્ષોભવડે તે તે પરમાણુઓ સંબંધમાં આવી બે પરમાણુવડે એક દ્વ્યણુક, ત્રણ દ્વ્યણુકવડે એક ત્ર્યણુક અને એ ક્રમથી ચતુરણુકવડે ઉત્પન્ન થયેલો મહાવાયુ આકાશમાં જાગે છે. તે મહાવાયુ મંડળમાં ઉપર કહેલા ક્રમવડે જલ સમૂહ જાગે છે, તે જલ મંડલમાં તેજ ક્રમથી મહા પૃથ્વીમંડળ જાગે છે. ત્યાર પછી આ વાયુમંડળ, જલમંડળ, અને પૃથ્વીમંડળના મહાસમુદ્રમાં ઉપરના ક્રમથી મોટો તેજો રાશિ જાગે છે: અને આ તેજો રાશિનાં પરમાણુઓવડે મહેશ્વરની ઇચ્છા માત્રથી તે મહાભૂતોનો સમુંદ્ર પાકે છે, અને તેમાંથી એક મોટું અંડ ઉત્પન્ન થાય છે. તે બ્રહ્માંડમાં સર્વ લોકના પિતામહ બ્રહ્મા આદિ પુરૂષ તરીકે ઉત્પન્ન થાય છે, અને તેને સર્ગ ક્રિયામાં મહેશ્વર પ્રેરે છે. આ આદ્ય પ્રજાપતિ પરમેશ્વરના સંકલ્પને અનુસરી પોતાના જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યના અતિશયથી પ્રાણીઓનાં અદૃષ્ટ કર્મોના વિપાકને જાણી કર્મને અનુસરી જ્ઞાન, ભોગ અને આયુષવાળા પ્રથમ પોતાના માનસ પુત્રો તરીકે દક્ષાદિ પ્રજાપતિઓને, સ્વયંભુવાદિ મનુઓને, આદિત્યાદિ દેવોને, ગૌતમાદિ ઋષિઓને, કવ્યવાહનાદિ પિતૃઓને ઉત્પન્ન કરે છે. ત્યાર પછી પોતાનાં મુખ, બાહુ, ઉરુ અને પાદરૂપ અવયવમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જાતિનાં પ્રાણિવર્ગને, અને તિર્યક્ અને નારકિ વર્ગને–અને એમ ઉંચાં નીચાં પ્રાણીવર્ગને તે તે આત્માના કર્મ



અને જ્ઞાનની વાસનાને અનુસરતા વેગવાળા ધર્મ જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્યની કલાઓથી યુક્ત પ્રકટ કરે છે.

આ સૃષ્ટિ અને સંહારની પ્રક્રિયામાં ઇશ્વરાત્મા અથવા મહેશ્વરની ઇચ્છાને પ્રેરક હેતુ માનવામાં આવે છે, અને સૃષ્ટિનું ઉપાદાન અથવા સમવાયિ કારણ પૃથિવ્યાદિનાં પરમાણુઓ માનવામાં આવે છે.

આ પરમાણુકારણવાદની પ્રક્રિયામાં જીવોનાં અદૃષ્ટ એટલે ધર્મ અને અધર્મ તથા સંસ્કારોનાં નિમિત્ત–એ પૂર્વમીમાંસા દર્શનની અપૂર્વ અથવા અદૃષ્ટની છાયા છે. પરમાણુઓ સ્વતઃ જડ હોવાથી અને આરંભ-વાદ સ્વીકારેલો હોવાથી સાંખ્યની પ્રકૃતિની પેઠે પોતાની મેળે પ્રવૃત્ત થવાનો સંભવ નહિ હોવાથી પરમેશ્વરની ઇચ્છાને અથવા સંકલ્પને પ્રેરક માની વ્યવસ્થા કરવામાં ઉત્તરમીમાંસાના પૂર્વભાવી ઔપનિષદ દર્શનની છાયા છે. પરમાણુઓ વડે આરંભ થવામાં બૌદ્ધના રૂપસ્કંધ, અને જૈનોના પુદ્ગલોના સિદ્ધાન્તોનું સામ્ય છે. પરંતુ ન્યાય–વૈશેષિકના દર્શનમાં ઇશ્વરનું કેવલ નિમિત્ત કારણપણું છે, ત્યારે શ્રોત ધર્મમાં પરમેશ્વરનું અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણપણું છે, એટલે પરમેશ્વરના પોતાના સ્વરૂપનોજ આ જગત્ કાર્યાકાર વિલાસ છે એવું મન્તવ્ય છે.

ત્રણ દ્વ્યણુકથી ઘડાયેલો અથવા છ પરમાણુઓથી રચાએલો અવયવી તે ત્ર્યણુક, અને તે જાળીમાં થઇ આવતા સૂર્ય કિરણમાં તરવરતો રજકણ દેખાય તેના જેવો હોય છે. ત્ર્યણુક સામાન્ય ચક્ષુર્ગ્રાહ્ય હોય છે, પરંતુ તેના ઘટક દ્વ્યણુક દૃષ્ટિગોચર નથી. દ્વ્યણુકના ઘટક પરમાણુઓ અતીન્દ્રિય હોય છે. પરંતુ તેના સદ્ભાવમાં શંકા થઇ શકે તેમ નથી. જો આ છેવટનો ઘટક અવયવ ન હોય તો મેરૂ અને સર્ષવનો દાણો સમાન અનવધિ અથવા અનંત અવયવોથી રચાયેલા હોઇ સમાન પરિમાણવાળા થાય, જે અસંભાવ્ય સ્થિતિ છે. જેથી છેવટનાં પરમાણુઓ સ્વીકારવાં પડે છે. પરમાણુનું પરિમંડળ અથવા છેવટનું અણુ પરિમાણ કહેવાય છે; દ્વ્યણુકનું હ્રસ્વ, એમ ત્ર્યણુકનું મહત્ અને ચતુરણુક વિગેરેનું દીર્ઘ કહે-

થાય છે. પરિમાણ સંખ્યાજન્ય હોય, પરિણામજન્ય હોય, અથવા પ્રચય એટલે શિથિલ સમૂહવડે ઉત્પન્ન થાય છે. દ્વયણુકનું પરિમાણ પરમાણુની બે સંખ્યાવડે એટલે દ્વિત્વવડે ઉત્પન્ન થાય છે, ત્ર્યણુકનું પરિમાણ દ્વયણુકની ત્રણ સંખ્યાવડે ઉત્પન્ન થાય છે; ચતુરણુક વિગેરેનું પરિમાણ ત્ર્યણુકના મહત્ પરિમાણવડે ઉત્પન્ન થાય છે, અને રૂના મોટા ઢગલાનું પરિમાણ પ્રચયવડે ઉત્પન્ન થાય છે. તે તે દ્રવ્યનાં પરમાણુઓ સમાન ગુણવાળાં છતાં તેના અંતર્ગત વિશેષવડે ભિન્ન હોય છે.

## (૧૧) પરમાણુ કારણવાદના ઉદયનાં ઐતિહાસિક કારણો

જો કે પરમાણુઓનો સદ્ભાવ સાંખ્યયોગમાં પણ છે; જૈનોમાં પણ છે; અને બૌદ્ધોના સર્વાસ્તિવાદના મતમાં પણ છે, છતાં ન્યાય-વૈશેષિક દર્શનમાં પરમાણુઓ વડે બાહ્ય જગત્-શરીર, ઇન્દ્રિય અને વિષયોરૂપ-ઉત્પન્ન થયું છે એવી વિશિષ્ટ પ્રક્રિયા શાથી ઉદય થવા પામી એ સંબંધમાં કેટલાક વિચાર કરવા યોગ્ય છે. જૈનોના આગમમાં પરમાણુઓનો સ્વીકાર છે, પરંતુ તેને ભૂતનાં સ્વતંત્ર પરમાણુઓ બાબત ખાસ પ્રક્રિયા નથી; સાંખ્ય-યોગના વિચારકોમાં દ્રવ્યની અવિશેષ કલામાંથી વિશેષ કલારૂપે પરમાણુંઓ પ્રકટે છે એવો સ્વીકાર છે, પરંતુ મૂલ દ્રવ્ય એકજ છે એવો સાથે સાથે સ્વીકાર છે. પૃથિવ્યાદિ ચાર ભૂતો સ્વતંત્ર પરમાણુઓ રૂપ દ્રવ્ય છે, એ પ્રક્રિયા ન્યાય વૈશેષક અને તેમાં મુખ્યત્વે કરીને વૈશેષિક દર્શનની સ્વતંત્ર છે. મને લાગે છે કે પદાર્થોના વિકાસના ક્રમમાં કંઇક કંઇક ઐતિહાસિક સત્ય છે. જ્યારે જૂનામાં જૂના શ્રૌત અથવા ઔપનિષદ દર્શનમાં એક અદ્વિતીય બ્રહ્મવડે વિશ્વ વ્યવસ્થા થઇ હતી; ત્યારે સાંખ્યમાં પુરૂષ અને પ્રકૃતિએ બે પદાર્થોવડે વ્યવસ્થા કરવામાં આવી હતી. યોગમાં ઇશ્વર રૂપ તત્ત્વનો સ્વીકારે છે, પરંતુ તે સ્વતંત્ર પદાર્થ નથી. પરંતુ "પુરૂષ વિશેષ" એટલે એક જાતિનો પુરૂષ છે એવો સ્વીકાર હોવાથી તે દર્શન પદાર્થ ત્રયને સ્વીકારતું નથી, પણ બે પદાર્થવાદી છે. વેદના કર્મ કાંડની



પ્રાચીન મીમાંસાની યજ્ઞક્રિયામાં દ્રવ્ય, ગુણ અને કર્મનો સ્વીકાર થયો છે, અને કર્તા ચેતનનો પણ સ્વીકાર છે. એટલે કે જડ પદાર્થો ત્રણ વ્યૂહમાં અને અજડ પદાર્થ એક આત્મા નામના વ્યૂહમાં પડે છે, અને આ કર્મ મીમાંસામાંથી ઉદય પામેલી "આન્વીક્ષિકી" અથવા ન્યાય જેમાંથી પાછળનું ષોડશ પદાર્થવાદી ગૌતમનું ન્યાયદર્શન ઉદય પામ્યું, તેમાં ખરી રીતે પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય એ ત્રણ તત્ત્વોનો સ્વીકાર છે. આ ત્રણમાં કર્તા, કરણ અને કાર્યમાં સઘળો ભેદરાશિ દાખલ કરી ત્રણ પદાર્થોવડે જગદ્વ્યવસ્થા થઇ શકે છે. પરંતુ આ બહુ કર્તાઓ, બહુ કરણો, અને બહુ કાર્યમાં એકપણું દેખાડનાર પદાર્થનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ ન હોતું, તેથી "સામાન્ય" નામનો, ભેદોમાં અભેદ બુદ્ધિ ઉત્પન્ન કરનાર ચોથો પદાર્થ સ્વીકારવામાં આવ્યો. સાંખ્યશાસ્ત્રમાં મૂલ પ્રકૃતિદ્રવ્ય સત્ત્વ રજસ્ અને તમસ્ નામના ત્રણ ગુણો વડે ઘડાયેલું છતાં પ્રકૃતિ અથવા "પ્રધાન" એક છે.-એ ભાવનામાં "સામાન્ય" પદાર્થનો સ્વીકાર થયો. આખરે તે તે પદાર્થોના ગુણવડે અને કર્મવડે ભેદ થયા છતાં અને તે તે દ્રવ્યને, ગુણને, અને કર્મને સામાન્યવડે એટલે પૃથિવ્યાદિ જાતિવડે અભેદભાવે ઓળખ્યા છતાં પરમાણુઓ, આકાશ, કાલ, દિક્, આત્મા અને મન વિગેરે નિત્યવર્ગમાં ભેદક હેતુ શો એના નિવારણ અર્થે "વિશેષ" નામનો પાંચમો પદાર્થ પેઠો, અને તે વિશેષો અને નિત્ય દ્રવ્યોનો કદી ન ભેદાય તેવો એટલે અયુતસિદ્ધ સંબંધ દર્શાવનાર "સમવાય" નામનો છઠ્ઠો પદાર્થ સ્વીકારવો પડ્યો. આ ષટ્પદાર્થનો બ્રાહ્મણોના ધર્મમાં ઉદય થયો, તે કાળક્રમમાં બૌદ્ધોએ બ્રાહ્મણ વિચારકોના સ્થિર ચૈતન્યરૂપ આત્મવાદને અને અવિભાજ્ય નિત્ય જડ પરમાણુવાદને ડગાવી મૂક્યો. બૌદ્ધોએ એક તરફ આંતરનિત્ય વસ્તુ આત્માને "શૂન્ય" કર્યો, બાહ્ય નિત્ય વસ્તુને ક્ષણિક "વિજ્ઞાન" અથવા બુદ્ધિના ચણગારારૂપ બનાવી દીધી. બૌદ્ધોની શૂન્ય કોટિ અથવા ક્ષણિકવિજ્ઞાનની કોટિ વચ્ચે જગતના સઘળા વ્યવહાર ખોટા છે એવી અવિશ્વાસવાળી, પરીક્ષકોએ ઉભી કરેલી, માનસડોલાવાળી સ્થિતિને સામાન્ય બુદ્ધિએ સ્વી-

કારી નહિ. સામાન્ય બુદ્ધિ વ્યવહારની સાબીતી કરનાર કોઇ સ્થિર ( પછી તે ભલે આપેક્ષિક સ્થિર હોય ) પદાર્થની જરૂર માને છે. જૈનોના સ્યાદ્વાદ અથવા અનેકાન્તિકવાદમાં સમાયેલી આપેક્ષિક સત્યતાની બુદ્ધિ વિચારકોને રમણીય લાગી, પરંતુ વ્યવહાર ઉપર ભરોંસો ઉત્પન્ન કરવાને તે સમર્થ ન થઇ. વ્યવહાર દૃષ્ટિવાળી માતને આ જગત્‌ની પીઠમાં જડ પરમાણુઓની નિત્યતા અને તેના પ્રેરક પરમેશ્વરનો સદ્‌ભાવ બંધબેસતો લાગ્યો અને તેથી આ વૈશેષિક મત બળવાન્ વૈનાશિક મતનો પ્રતિપક્ષી ઉભો થયો. આ મતમાં અર્ધવૈનાશિકપણું છે એટલે બૌદ્ધમત અને વેદાન્તમત વચલે પ્રદેશ તેને સ્વીકૃત છે, એવું શ્રી શંકરાચાર્યના બ્રહ્મસૂત્ર ભાષ્ય ઉપરથી આપણે પાછળથી જોઇ શકીએ છીએ. ગમે તેમ હોય તોપણ વૈશેષિક દર્શનના આદ્ય સંસ્થાપક કણાદ મુનિના મત ઉપર એકતરફ પતંજલિના યોગશાસ્ત્રમાં પ્રતિપાદિત થયેલા પરમેશ્વરના સ્વીકારની અને બીજી તરફ બૌદ્ધોના ક્ષણિક વિજ્ઞાનવાદવાળા યોગાચારમતની ઉંડી અસર હતી તેવું શ્રી પ્રશસ્તપાદના ભાષ્યનો અંતિમ શ્લોક સાબીત કરે છેઃ-

**योगाचारविभूत्या यस्तोषयित्वा महेश्वरम् ।**
**चक्रे वैशेषिकं शास्त्रं तस्मै कणभुजे नमः ॥**

યોગાચારની વિભૂતિથી જેણે મહેશ્વરને પ્રસન્ન કરી વૈશેષિકશાસ્ત્ર રચ્યું તે કણાદ મુનિને નમસ્કાર.

આ શ્લોકમાં સમાયેલા "યોગાચાર" શબ્દ ઉપર મારૂં ખાસ લક્ષ ગયું છે, અને તે ઉપરથી એવા અનુમાન ઉપર આવી શકાય છે કે વૈશેષિક સૂત્રોનો જન્મ ઘણે ભાગે યોગાચાર મત પછી થયો હોવો જોઇએ. પછી આ યોગાચાર, તે ઇ. સ. ના પાંચમા સૈકામાં રચેલા બૌદ્ધ સંપ્રદાયી અસંગના "યોગાચાર ભૂમિશાસ્ત્ર"માં સમાયેલો, કે પાશુપતોનો યોગ અને ચર્યાકાંડનો, તે સ્પષ્ટ થઇ શકે તેવાં સાધનો નથી. કદાચ પાશુપતદર્શન જેમાં કાર્ય ( પશુ,) કારણ (પશુપતિ ) યોગ, વિધિ અને દુઃખાન્ત એ પંચ પદાર્થોનો સ્વીકાર છે તેવા ઇશ્વરવાદનો સ્વીકાર કરી પરમાણુ કારણવાદ કણાદ મુનિએ સ્વતંત્રશાસ્ત્ર રૂપે ઘડયો હોય, અથવા વિજ્ઞાનવાદી બૌદ્ધના યોગાચારમતનો ઉપયોગી અંશ સ્વીકારી વૈશેષિક શાસ્ત્ર ઇશ્વરવાદને અવલંબી ઘડ્યું હોય. વળી કણાદે પાશુપતમતના પાંચ પદાર્થમાં "વિશેષ"પણું ઉમેરી ષટ્ પદાર્થી તન્ત્ર ઘડયું હોય, અને યોગનો આચાર જે બ્રાહ્મણો, બૌદ્ધો અને જૈનો ત્રણ ધર્મના અનુયાયીઓને સ્વીકૃત છે તેનો ખાસ ઉપયોગ કર્યો હોય એ પણ સંભવિત છે.



## (૧૨) ન્યાય-વૈશેષિકમતમાં આકાશ સ્વરૂપ

શ્રૌતદર્શનમાં જ્યારે આત્મતત્ત્વમાંથી પ્રથમ આકાશ* તત્ત્વની ઉત્પત્તિ માની છે, જ્યારે સાંખ્ય-યોગમાં ભૂતાદિ અહંકાર[1] દ્રવ્યના શબ્દતન્માત્રામાંથી આકાશનો જન્મ માન્યો છે; જ્યારે બૌદ્ધ મતમાં[2] આકાશનો "અસંસ્કૃત ધર્મ" તરીકે એટલે વિજ્ઞાનના પ્રસવમાં અન્તરાય ન લાવે તેવા અભાવ પદાર્થ રૂપે સ્વીકાર છે; અને જૈનમતમાં[3] અન્તરાયના અભાવ રૂપે અથવા પરિણામ અને પ્રચયમાં સહકારી દ્રવ્ય રૂપે આકાશનો સ્વીકાર છે, ત્યારે ન્યાય-વૈશેષિકમાં તેનું સ્વરૂપ કંઇક વિલક્ષણ સ્વીકાર્યું છે, તે કાર્ય પૃથ્વી વિગેરે જેવું જન્યદ્રવ્ય નથી, તેમ પરમાણુઓથી રચાયેલું પણ નથી. તેમાં શબ્દ નામનો ગુણ આશ્રિત થઇ રહે છે, પણ શબ્દ તેનો વિશેષ ગુણ નથી; તે સર્વ મૂર્ત દ્રવ્યો એટલે ક્રિયાવાળાં મર્યાદિત પરમાણુ આદિ દ્રવ્યોના સંયોગમાં આવવા છતાં નિષ્ક્રિય વિભુદ્રવ્ય છે. અને તે સાથે જ્યારે કર્ણેન્દ્રિયથી અવચ્છિન્ન થાય છે ત્યારે શબ્દનું પ્રત્યક્ષ કરાવી શકે છે. પૃથ્વી, જલ, તેજ અને વાયુનાં પરમાણુઓ ક્રમશઃ ગંધ, રસ, રૂપ, અને સ્પર્શ નામના ખાસ વિશેષ ગુણોવાળાં છે, અને તેની ગ્રાહક ઇન્દ્રિયો પણ તે તે દ્રવ્યનાં પરમાણુઓથી ઘડાયેલી છે, ત્યારે આકાશ દ્રવ્ય કર્ણની મર્યાદાવડે

* જુઓ તૈત્તિરીયોપનિષદ્ બીજી વલ્લી, અનુવાક ૧. જુઓ સાંખ્ય-યોગ પૃ. ૬૦-૬૧. ૨. જુઓ બૌદ્ધદર્શન પૃ. ૧૫૮ ૩. જુઓ જૈનદર્શન પૃ; ૨૦૬-૨૦૭

અવચ્છિન્ન થતાં પૃથિવ્યાદિથી ઉત્પન્ન થતા શબ્દનો આશ્રય બને છે, અને મન સાથે સંબંધમાં આવી, તે મનનો આત્મા સાથે સંબંધ કરાવી શબ્દ-જ્ઞાનમાં સહકારી થાય છે. આકાશ પોતે અતીન્દ્રિય છે તોપણ તે સઘળાં મૂર્તદ્રવ્યોની ગતિવડે ઉત્પન્ન થતા શબ્દ ગુણનો આશ્રય થઈ કર્ણેન્દ્રિય રૂપ અવચ્છિન્ન પ્રદેશમાં શબ્દ પ્રત્યક્ષ કરાવી શકે છે. તે વિભુ હોઇ નિત્ય છે, જ્યારે પૃથિવ્યાદિ ચાર પરમાણુ રૂપે નિત્ય છે. જ્યારે પૃથિવ્યાદિ દ્રવ્યો કર્મનાં આશ્રય બને છે, ત્યારે આકાશ કર્મના આશ્રયભૂત બનતું નથી. આ પ્રકારનું સર્વ મૂર્તદ્રવ્યો સાથે સ્થિર સંબંધમાં રહેનાર ઉપરની શબ્દ-પ્રતીતિ કરાવવામાં ઉપકારક, નિત્ય, વિભુ, અને નિષ્ક્રિય દ્રવ્ય તે આકાશ છે. અર્વાચીન પદાર્થ વિજ્ઞાનશાસ્ત્રમાં જ્યારે મૂલતત્ત્વો ઘણાં સાબીત થયાં છે, અને તેમનું ગુરુત્વાદિ સાબીત થયું છે, ત્યારે આપણાં પ્રાચીન દર્શ-નોમાં અને મુખ્યત્વે કરીને ન્યાય–વૈશેષિકમાં આ પાંચ ભૂતોમાં સર્વ દ્રવ્યોનો સદ્‌ભાવ કેમ સ્વીકાર્યો હશે, અને તેમાં અપૂર્ણતા ઉઘાડી છે એવી શંકા અર્વાચીન સંસ્કૃતિવાળાને થાય તેમ છે. પરંતુ પ્રાચીનોની આ ભૂત સંબંધી ભાવના સ્પષ્ટ ન રહેવાથી આ ભ્રમ ઉત્પન્ન થાયછે. અર્વાચીન પદાર્થવિજ્ઞાનશાસ્ત્રમાં પણ રાસાયનિક તત્ત્વો તે મુળ તત્ત્વો નથી પરંતુ આકાશ (ઇથર) તત્ત્વમાંથી મૂર્તભાવે પ્રકટ થયેલાં છે, અને તે તે દ્રવ્યનાં પરમાણુઓ પણ વિદ્યુત્ શક્તિવડે વિભાગને પામી તત્ત્વાન્તર અથવા દ્રવ્યાન્તર પરિણામને પ્રકટાવે છે, એવું સાબીત થયું છે. ત્યારે પ્રાચીનોએ સઘળાં નામ અને રૂપને વહન કરતા આકાશ નામના વિભુ અને સર્વ મૂર્તદ્રવ્યના સંયોગમાં રહેનાર અને શબ્દબોધક તત્ત્વનો સ્વીકાર કરી અર્વાચીન “ઇથર”ની સંભાવનાને પ્રતિભાવડે ઉદય કરી છે. આ આકાશ દ્રવ્યમાં જે અવિભાજ્ય ગણાતાં પરમાણુઓ ગતિવાળાં થઇ શબ્દને ઉત્પન્ન કરે તેને તે વિભુ આકાશ ધારણ કરે છે; અને જ્યાં જ્યાં યોગ્ય એટલે ઉપલબ્ધિ કરાવે તેવાં અદૃષ્ટથી યુક્ત કર્ણેન્દ્રિયથી મર્યાદિત આકાશ હોય ત્યાં ત્યાં તે તે શબ્દનું ભાન કરાવે છે. શબ્દ ન્યાય–વૈશેષિકમાં પ્રમાણજન્ય અને તેથી અનિત્ય છે, અને મીમાંસામાં તે નિત્ય મનાય છે, પરંતુ આ અવાન્તર ભેદ બાજુ ઉપર મૂકીએ તોપણ



જન્ય વા અજન્ય, અનિત્ય વા નિત્ય, શબ્દનું ધારણ કરનાર દ્રવ્ય નિત્ય અને વિભુ આકાશ છે, અને તેથી દૂરશ્રવણાદિ શક્તિ આપણી સંભવી શકે છે. તેની આ પ્રક્રિયામાં સાબીતી છે. જે પરમાણુઓ કાર્યક્રમમાં દ્વ્યણુકાદિ વડે સ્પર્શજ્ઞાનને ઉત્પન્ન કરે તે વાયુ પરમાણુઓ કહેવાય; જે રૂપજ્ઞાનને ઉત્પન્ન કરે તે તેજનાં પરમાણુઓ કહેવાય; જે રસજ્ઞાનને ઉત્પન્ન કરે તે જલનાં પરમાણુઓ કહેવાય; અને જે ગંધજ્ઞાનને ઉત્પન્ન કરે તે પૃથ્વીનાં પરમાણુ કહેવાય. આ ચાર વિશેષ ગુણોને ગ્રહણ કરનાર ઇન્દ્રિયો પણ તે તે દ્રવ્યની બનેલી સ્વીકારવામાં આવે છે, પરંતુ ગંધાદિ ગુણો મનના નથી, તેમ બુદ્ધિના એટલે જ્ઞાનના પણ નથી, તેમ આત્માના નથી, પરંતુ પૃથિવ્યાદિ દ્રવ્યમાં રહેલા છે, એટલે બાહ્ય સ્વતંત્ર વસ્તુમાં રહેલા છે, એ સિદ્ધાન્તમાં વસ્તુવાદનો (Realism) નો પાયો છે, અને તેને લીધે વિજ્ઞાનવાદ ( Idealism ) નો આ સિદ્ધાન્ત પ્રતિપક્ષી છે. સારાંશ અર્વાચીન રાસાયનિક તત્ત્વો બાબત પ્રાચીન વિચારકો એવી સમ-જણ આપે છે કે જે દ્રવ્ય–પછી તે ઘન હોય, પ્રવાહી હોય કે વાયુરૂપમાં હોય–ગંધજ્ઞાનજનક હોય તે પૃથ્વીમાં પડે છે, જે રસજ્ઞાનજનક હોય તે જલમાં પડે, જે રૂપજ્ઞાનજનક હોય તે તેજમાં પડે છે, જે સ્પર્શજ્ઞાન જનક હોય તે વાયુમાં પડે, અને જે શબ્દબોધક હોય તે કર્ણેન્દ્રિયથી મર્યાદિત આકાશમાં હોય, આ કારણથી પ્રાચીનો દ્રવ્ય વિભાજક નિમિત્ત તેની જ્ઞાનજનક સામગ્રી ગણે છે. હાલની વિજ્ઞાન પદ્ધતિ પ્રમાણે જલ એ મિશ્રતત્ત્વ છે તેમાં પ્રાચીનોને વિરોધ નથી.

## (૧૩) આત્મ–સ્વરૂપ–જીવાત્મ વર્ણન.

સર્વ આસ્તિક દર્શનો આત્મપદાર્થનો સ્વીકાર કરી પ્રવૃત્ત થાય છે. આપણે સામાન્ય રીતે આત્મપદાર્થને ત્રણ રૂપવાળો સમજીએ છીએ. (૧) કર્તા, (૨) ભોક્તા, અને (૩) દ્રષ્ટા. ન્યાય વૈશેષિક દર્શનમાં આત્મા આ ત્રણ ધર્મવાળો સ્વીકારાયો છે; સાંખ્ય યોગમાં કર્તૃત્વ પ્રકૃતિના ધર્મ ગણી આત્માને ફળનો ભોક્તા સ્વીકારી દૃષ્ટૃત્વ તેનો સ્વભાવસિદ્ધ ધર્મ

માનવામાં આવ્યો છે; અને વેદાન્ત દર્શનમાં તેના કર્તૃત્વ અને ભોક્તૃત્વના ધર્મોને અંતઃકરણાદિ ઉપાધિમાં નાંખી આત્માનું સ્વયં જ્ઞાનસ્વરૂપ સ્વીકારવામાં આવ્યું છે. આવું આત્માનું શુદ્ધ જ્ઞાનસ્વરૂપ નિર્ણય થયા પછી આત્માના ભેદની સિદ્ધિ ટકી શકતી નથી. તેથી વેદાન્ત દર્શનમાં એકજ શુદ્ધ આત્મરૂપ સત્ય પદાર્થરૂપે સ્વીકારી ભેદવાળા સચેતન જીવો ( વિજ્ઞાનમય ) વ્યવહાર ભૂમિકામાં ઔપાધિક સ્વીકારવામાં આવે છે.

ન્યાય વૈશેષિકની દૃષ્ટિ લોકાયત મતની દૃષ્ટિ કરતાં ચઢીયાતી છે, અને સામાન્ય લૌકિક બુદ્ધિ શરીર, ઇન્દ્રિય અને મનથી ભિન્ન કોઇ આત્મરૂપ પદાર્થ નથી એવું માને છે તેનું મિથ્યાપણું સાબીત કરે છે. “ હું છું ” —એ પ્રકારનો અહપ્રત્યય અથવા પોતાના હોવાપણાનું જ્ઞાન કોને વિષય કરે છે ? શરીર, ઇન્દ્રિયો અને મન—પોતે જડ હોવાથી પોતાનું ભાન કરી શકે તેમ નથી. હું છું—એ પ્રકારનું જ્ઞાન ગુણ છે અને તેથી આશ્રયની પણ અપેક્ષા રાખે છે. આ જ્ઞાન ધર્મ અથવા બુદ્ધિરૂપ ગુણ શરીરનો ધર્મ નથી આપણું જ્ઞાન વિષયોને સ્પર્શ કરે છે, અને તે સાથે આશ્રયને પણ સ્પર્શ કરે છે. બાહ્ય પદાર્થોને પ્રકાશિત કરે છે, અને તે સાથે તે પદાર્થોના અસ્તિત્વનું ભાન પ્રકટ કરે છે. આ ચૈતન્ય ધર્મ પૃથિવ્યાદિ ભૂતોથી ઘડાયેલા દેહનો ધર્મ નથી, કેમકે મૂલ પરમાણુઓમાં આવો ચેતન ધર્મ નથી. કદાચ એમ કહેવામાં આવે કે આરંભવાદના નિયમ પ્રમાણે કારણમાં જે ધર્મ ન હોય તે કાર્યમાં નવો ઉત્પન્ન થાય છે, જેમકે કાથો અને ચૂનો ભેગો થવાથી લાલ રંગ થાય છે; જેમ માદક પદાર્થોને કહોવડાવવાથી મદશક્તિ જાગે છે; તેમ દેહનાં પરમાણુઓ સતત જડ છતાં અમુક રચનામાં ગોઠવાય છે ત્યારે તેમાં ચૈતન્ય ધર્મ જાગે છે; એટલે કે ચૈતન્યશક્તિ જેમાં જાગી છે તેવો દેહ એજ આત્મા છે. તે દેહથી ભિન્ન કોઇ સ્થિર આત્મપદાર્થ નથી. આના ઉત્તરમાં જણાવવાનું કે શરીરનો વિશેષ ગુણ ચૈતન્ય હોય તો ગુણો યાવદ્ દ્રવ્ય ભાવિ હોવાથી એટલે જ્યાં સુધી દ્રવ્ય હોય ત્યાં સુધી ગુણ તેમાં આશ્રિત રહે છે તેથી દેહ પ્રતીતિ રહે ત્યાં સુધી જેમ



રૂપ ગુણનું પ્રત્યક્ષ થાય છે તેમ ચૈતન્ય પણ અનુભવાવું જોઇએ. પરંતુ મૃત શરીરમાં રૂપાદિ ગુણો જણાય છે, પરંતુ ચૈતન્ય જણાતું નથી. આથી રૂપાદિ જેવો ચૈતન્ય દેહધર્મ નથી. ચૈતન્ય અથવા જ્ઞાન એવો વિલક્ષણ ધર્મ છે કે તે ભૂત અને ભૌતિક પદાર્થોને વિષય રૂપે પકડે છે, અને રૂપાદિ ધર્મો પોતાને અથવા પર પદાર્થને વિષય રૂપે પકડતા નથી. ચૈતન્યવડે પદાર્થોના ભાવ અને અભાવ સમજાય છે. અને તેથી તે સ્વતંત્ર વિશેષ ગુણ છે અને તે જેમાં આશ્રિત થઇ રહે છે તે દ્રવ્યને આત્મા કહે છે. વળી આવશ્યક સાધનોવડે સમજાતાં સાધ્યો સાધન રૂપ નથી. જેમ પ્રદીપ વડે પદાર્થો પ્રકટ થાય છે તેથી પ્રદીપ અને પદાર્થ એક નથી, તેમ દેહના સબંધ વડે ભાન થાય છે તેથી દેહ અને ભાન એકજ પદાર્થ ગણાય નહિ વળી દેહનું અત્યંત અભાન છતાં સ્વપ્નમાં નાના પ્રકારનું ભાન આપણને થાય છે તેથી દેહના સદ્‌ભાવેજ જ્ઞાન થાય છે, એ નિયમ નિતાન્ત સત્ય નથી.

વળી એમ કહેવામાં આવે કે દેહ× ઇન્દ્રિયો × મન-એ ત્રણે સંયુક્ત થઇ ચેતન ગુણને પ્રકટ કરે છે. હાલના શારીરશાસ્ત્રના નિયમ પ્રમાણે ચૈતન્ય-ધર્મ મગજ અને મજ્જાવ્યૂહનો પરિણામ છે એમ માનવામાં શો બાધ છે ? આના ઉત્તરમાં પણ જણાવવાનું કે ચૈતન્ય શાથી પ્રકટ થાય છે એ પ્રશ્ન નથી. પરંતુ તે ધર્મ કોનો છે અર્થાત્ તેનો આશ્રયી અથવા અધ્યક્ષ કોણ ? ઉપકરણમાં અને સ્વામીમાં ઘણો ફેર છે. આપણાં નેત્ર સારાં હોય ત્યારે જોઇ શકે છે, અને આંખો આવી હોય ત્યારે જોઇ શકાતું નથી તેથી દૃષ્ટિ શું નેત્રનો સ્વધર્મ ગણાય ? તેવીજ રીતે મગજ અથવા મજ્જાવ્યૂહ સારાં હોય ત્યારે આપણું જ્ઞાન વિશદ અથવા સ્પષ્ટ હોય, તે બગડેલાં હોય ત્યારે આપણું જ્ઞાન ઝાંખું અથવા અસ્પષ્ટ હોય તેથી જ્ઞાન શું મગજના માલકીનો ગુણ કહેવાય ?

આથી ચૈતન્ય અથવા જ્ઞાનનું આધારભૂત દ્રવ્ય તે આત્મા છે. તે ચૈતન્ય અથવા જ્ઞાનનું એકીકરણ કરે છે, અનુસંધાન કરે છે, ભૂતકાલની સ્મૃતિ કરે છે, અને ભાવિની કલ્પના કરે છે, શરીર, ઇન્દ્રિય અને મનના

વિકારો અને ગતિ આગતિને તે સાથે તે ત્રણ સાધનોને તે સ્વેચ્છાથી પ્રેરે છે અને સ્વચ્છાથી તેને નિવૃત્ત કરે છે. પોતાની બુદ્ધિ, અથવા ચેતન ધર્મવડે તે હિત શું અને અહિત શું તે જાણે છે. તે હિત સાધન વડે સુખને પોતામાં પ્રકટ કરે છે, અને અહિત સાધનથી ઉત્પન્ન થતા દુઃખથી બચવા નિવૃત્ત થાય છે. તે સુખને ઇચ્છે છે અને દુઃખનો દ્વેષ કરે છે. સુખની ઇચ્છા કરી તે મેળવવા પ્રયત્ન કરે છે; દુઃખથી ત્રાસી તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન વડે થતાં શરીર, ઇન્દ્રિય અને મનનાં કર્મવડે તે ધર્મ અને અધર્મને પ્રાપ્ત કરે છે; અને તે ધર્માધર્મ વડે સુખ અને દુઃખના ભાવિસાધનોનો સંચય કરે છે. આ ધર્માધર્મ વડે સંચિત થયેલાં કર્માશયો એકજ દેહમા ભોગવાતાં નથી, તેથી જન્મ મરણાદિ પરંપરામાં (પ્રેત્ય-ભાવમાં) તે ગુંચાય છે, અને ભાવના નામના સંસ્કારને ધારણ કરી, જ્ઞાનની તેમ ક્લેશની સ્મૃતિ કરી શકે છે. આ સંસારી આત્માના આ પ્રમાણે (૧) બુદ્ધિ, (૨) સુખ, (૩, દુઃખ (૪) ઇચ્છા, (૫) દ્વેષ, (૬) પ્રયત્ન (૭) ધર્મ, (૮) અધર્મ અને (૯) સંસ્કાર-એવા ખાસ નવ વિશેષ ગુણો છે, સંખ્યા, પરિમાણ,, પૃથક્ત્વ, સંયોગ અને વિભાગ-એ પાંચ ગુણો બીજા દ્રવ્યો સાથે સમાન હોઇ શકે છે.

આત્માના નવ વિશેષ ધર્મોનું આપણે પૃથક્કરણ કરીએ તો તે ત્રણ કોટિમાં પડે છે:—

(૧) ભોક્તૃત્વમાં-સુખ અને દુઃખ; (૨) કર્તૃત્વમાં-ઇચ્છા દ્વેષ અને પ્રયત્ન (૩) જ્ઞાતૃત્વમાં બુદ્ધિ, ધર્મ અધર્મ અને સંસ્કાર; અથવા હાલના વિજ્ઞાન શાસ્ત્રની પરિભાષામાં કહીએ તો (૧) Feeling or Emotion, (૨) Will or Volition (૩) Thought or Knowledge.—આ ત્રણ વ્યૂહમાં આપણું આત્મસ્વરૂપ રહેલું છે.

સાંખ્ય-યોગનું પ્રકરણ પાછળનું સ્મૃતિમાં લાવતાં સમજાશે કે તે શાસ્ત્રમાં આત્મા અથવા પુરુષને કેવળ ચિતિસ્વરૂપ એટલે જ્ઞાતા માન્યો છે; અને તે સાથે તેના સ્વભૂત એટલે તેની માલકીના ચિત્તના પ્રદેશમાં ઉપરના



કર્તૃત્વ અને ભોક્તૃત્વ કોટિના ધર્મો રહેલા માન્યા છે, પરંતુ તે સાથે તે ચિત્ત સ્વયં જડ હોવાથી સુખ દુઃખનો સાક્ષાત્કાર પુરૂષમાં ફલરૂપે અર્પાય છે એવો સ્વીકાર છે અને આ ચિત્તનો અને તેના સ્વામીનો સંબંધ ભોગ અર્થે અને અપવર્ગ અર્થે છે. ભોગ અવિદ્યાના બંધનથી છે, અને અપવર્ગ વિદ્યાના ઉદયથી છે.

જ્યારે ન્યાય-વૈશેષિકમાં કર્તા-ભોક્તા અને જ્ઞાતા આત્માનું સંસરણ છે, ત્યારે સાંખ્ય-યોગમાં ચિત્તનું સંસરણ છે, અને તે વડે પુરુષમાં સંસરણનો અનાદિ અવિદ્યાજન્ય સત્યવત્ થઇ ગયેલો આભાસ છે.

ન્યાય વૈશેષિકમાં આત્માનું કર્તા, ભોક્તા અને જ્ઞાતાપણાનું સ્વરૂપ સ્વીકારાયેલું હોવાથી એ ત્રણ પદનો જે અનુભવ કરે, તેમાં તેના સંસ્કાર રહે, અને તેનેજ એ ત્રણ પદની સ્મૃતિ રહે એ નિયમ સ્થાપવો પડ્યો છે. સારાંશ અનુભવ-સંસ્કાર-સ્મૃતિ પુનઃ નવો અનુભવ-સંસ્કાર-સ્મૃતિ એ રીતે વિશેષ ચમત્કૃતિવાળું આત્મદ્રવ્ય હોય છે અને આવાં અનંત વિશેષોવાળી એક આત્મરૂપ વ્યક્તિ બીજાથી જૂદી છે એ સિદ્ધાન્ત સ્વીકારવો પડ્યો છે. સંસારી અને મુક્ત એ ભેદવ્યવસ્થા સારૂ, ઇશ્વર અને અનીશ્વર પદની વ્યવસ્થા સારૂ, અને સુખ દુઃખની વ્યવસ્થા સારૂ ન્યાય-વૈશેષિકમાં આત્મભેદ વાયાનો સિદ્ધાન્ત છે.

## (૧૪) આત્મ-સ્વરૂપ-પરમાત્મ વર્ણન.

સામાન્યવિશેષવાળા જ્ઞાનાદિ ધર્મવાળા આત્મદ્રવ્યના મુખ્ય બે ભેદ પડે છે;—એક ક્ષેત્રજ્ઞ, અને બીજો સર્વજ્ઞ. ક્ષેત્રજ્ઞ એટલે પિંડનો અભિમાની જીવાત્મા, અને સર્વજ્ઞ એટલે સર્વ જગતના જ્ઞાનવાળા પરમેશ્વર—જીવાત્મા અનંત છે, ત્યારે પરમાત્મા અથવા પરમેશ્વર એક છે.

પરમેશ્વરના સદ્ભાવનાં સ્થાપક અનુમાનો ત્રણ વ્યૂહમાં પડે છે:-(૧) કાર્યલિંગક અનુમાન, (૨) જ્ઞાનલિંગક અનુમાન, (૩) ફળલિંગક અનુમાન. આ પૃથિવ્યાદિ જગત્ કાર્ય છે; જે જે કાર્ય છે તે તે કર્તૃત્વજન્ય છે માટે પૃથિવ્યાદિનો કર્તા કોઇક છે. આ કર્તા તે પરમેશ્વર છે. વળી આ જગત્

નિયત પ્રવૃત્તિવાળું છે. દેવ ગંધર્વ યક્ષ રાક્ષસ પિતૃપિશાચાદિ અનંત પ્રાણીવર્ગથી ભરપૂર છે; પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોકના અદ્ભુત પદાર્થોથી ભરપૂર છે; તે તે પ્રાણીપદાર્થો નિયતભોક્તા અને ભોગ્ય સંબંધથી જોડાયેલાં છે; તે તે પ્રાણીઓના કર્મો નિયતદેશ, નિયતકાલ, અને નિયત નિમિત્તથી ફળે છે; આવું જગતરૂપ કાર્ય અનંત ભોક્તાઓનાં કર્મનાં કયાં અને કેવી રીતે ફળ આપવાં એવી સર્વજ્ઞ વ્યવસ્થાપક બુદ્ધિ વિના ઉત્પન્ન થઇ શકતું નથી. કર્તા આત્મા ઉપરાંત ફળપ્રવર્તક આત્મા ચઢીઆતી બુદ્ધિ શક્તિવાળો અને વધારે સ્વતંત્ર હોય છે. આવી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિની પરાકાષ્ઠા જ્યાં જઇ અટકે છે તેવા આત્માને પરમાત્મા અથવા પરમેશ્વર એવી સંજ્ઞા આપવામાં આવે છે.

એકલાં પ્રાણીનાં કરેલાં કર્મ વડે ફળપ્રવૃત્તિની વ્યવસ્થા બનતી નથી. પ્રાણીઓ પોતાનાં શરીર, ઇન્દ્રિય અને મન વડે કર્મ કરી નિવૃત્ત થાય છે, અને ફળ ભિન્ન દેશમાં અને ભિન્ન કાળમાં મળેછે. કર્મ પોતે જડ હોવાથી કર્તાને યોગ્ય દેશકાળમાં પોતાનું ફળ પ્રવર્તાવશે એ અનુમાન ટકી શકે એમ નથી. કર્તા પોતે કર્મ કરી તે કર્મના ફળને પ્રવર્તાવશે—એવી કલ્પના પણ આધાર વિનાની છે, કારણ કે કર્તા પુરુષ યોગ્ય દેશકાલની સામગ્રીના યથાર્થજ્ઞાન વિનાનો ઘણે ભાગે હોય છે, અને કદાચ ન્યૂનાધિક અંશે જાણતો હોય તો તે કદી અનિષ્ટફળનો પ્રયોક્તા થાય નહિ. વળી કર્મ જ્યારે પોતાની મેળે ફળતું નથી, અને કર્તા પુરુષમાં રહી યોગ્ય દેશકાળમાં ફળે એ વિચાર બંધબેસતો નથી, ત્યારે આ બાહ્યવિશ્વમાં પૃથિવ્યાદિ ભુતોમાં તે સંસ્કાર રૂપે રહી કુદરતી રીતે અથવા સ્વભાવબળથી જેમ વૃક્ષો ફળે છે એમ ફળતું હશે? આ સ્વભાવપ્રકૃતિવાદ અથવા પ્રકૃતિપ્રસવવાદ તત્કાળ ફળતાં કર્મમાં કદાચ બંધ બેસે; પરંતુ ભાવિમાં ફળનારાં કર્મોના સંબંધમાં બંધબેસતો નથી; આપણી ક્રિયાઓ દૃષ્ટફળા અને અદૃષ્ટફળા એમ બે પ્રકારની હોય છે. તેમાં જેમ ખોરાક ખાધા પછી તરત તૃપ્તિ થાય; અમુક સ્થાને ગયા પછી તે સ્થાનની તરત પ્રાપ્તિ થાય, એવી ક્રિયાઓ દૃષ્ટફળવાળી ગણાય છે. પરંતુ ખેતી અથવા સેવા જેવી ક્રિયાઓ પોતે કર્તા



પુરુષથી પૂરી થઈ જાય છે, અને તે ભિન્ન કાળમાં અને ભિન્ન રીતે ફળે છે. આ ક્રિયાઓના ફળમાં તારતમ્ય હોય છે. આ તારતમ્યનો ખુલાસો અને ભાવિફળ મળશે, એ વિશ્વાસનો ખુલાસો. કર્તા પુરુષોનાં કર્મ અને તેનાં ફળને કયાં કેવી રીતે પ્રેરવાં તેના નિયમોને જાણનાર પ્રેરક આત્માથી જ થઇ શકે છે. આથી પ્રકૃતિમાં પડેલા કર્મોના સંસ્કારો પણ આ પ્રેરક પરમેશ્વરની બુદ્ધિને ક્ષોભ આપી તેના સિદ્ધ નિયમોને અધીન રહેનાર અનંત નિમિત્તો વડે સુખદુઃખાદિ ભોગને ઉત્પન્ન કરે છે. આ નિમિત્તો સચેતન હોય અથવા અચેતન હોય. પરમેશ્વરના ફળપ્રવૃત્તિના નિયમને જાણીને પ્રવૃત્ત થતા હોય કે વગર જાણ્યે પ્રવૃત્ત થતા હોય, ગમે તેમ હોય તોપણ તે સર્વજ્ઞ પરમેશ્વરની ગુપ્ત ફળપ્રવર્તક સત્તાને વશવર્તી પ્રાણીઓ પોતાનાં શુભાશુભ કર્મનાં ફળને યોગ્ય દેશકાલમાં મેળવે છે.

આ સર્વજ્ઞ અને સર્વકર્તા અને સર્વ ફળપ્રવર્તક પરમાત્મા જીવાત્માથી જ્ઞાનના પ્રકારભેદથી, શક્તિના ભેદથી, કર્મના ભેદથી, ઉપાસ્ય ઉપાસક ભાવભેદથી, શુદ્ધિ અશુદ્ધિ ભેદથી, મુક્ત અને અમુક્તભેદથી, અત્યંત ભિન્ન છે, એવું આ શાસ્ત્રનું મંતવ્ય છે. ઈશ્વરનું જ્ઞાન જ્યારે નિત્ય અને સર્વ વિષયને લગતું સવિતા જેવું હોય છે, ત્યારે જીવનું જ્ઞાન અનિત્ય અને અલ્પવિષયને લગતું આગીઆ કીડાના ચળકાટ જેવું હોય છે; ઇશ્વરની શક્તિ સર્વ પ્રાણી પદાર્થોના ગુણધર્મને પ્રકટ કરનારી, ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારી હોય છે ત્યારે જીવની શક્તિ ઘણી ક્ષુદ્ર બળવાળી હોય છે; પરમેશ્વર સંકલ્પમાત્રથી કાર્ય કરી શકે છે, ત્યારે જીવને ઘણાં સાધનોનો આશ્રય લેવો પડે છે: પરમેશ્વર સર્વોત્તમ ગુરુ અથવા રાજાની પેઠે ઉપાસના કરવા યોગ્ય છે, ત્યારે જીવ સેવક થવા યોગ્ય છે; પરમેશ્વર જ્યારે નિત્ય શુદ્ધ છે, ત્યારે જીવ પાપપુણ્ય વડે પાપી અને પુણ્યવાન્ થએલો હોય છે; પરમેશ્વર જ્યારે નિત્ય મુક્ત છે, ત્યારે જીવ સંસારી અથવા બદ્ધ હોય છે, અને જ્ઞાને કરીને મુક્ત થાય છે. આ પ્રમાણે જ્ઞાનાદિ ભેદો વડે પરમેશ્વર જીવોથી ભિન્ન છે. આ જીવ અને ઇશ્વરભેદનો સિદ્ધાન્ત વ્યવહાર ભૂમિકામાં

વેદાન્તશાસ્ત્રને પણ માન્ય છે; માત્ર પરમાર્થ ભૂમિકામાં એક સત્ય ઇશ્વરાનન્દમાનો સ્વીકાર છે એવું વિશેષ મંતવ્ય તે શાસ્ત્રનું છે.

## (૧૫) આત્મદૃષ્ટિભેદ.

ઔપનિષદ દર્શનથી માંડી ન્યાય વૈશેષિક દર્શન સુધીમાં હિન્દુસ્થાનના તત્ત્વજ્ઞાનના ઇતિહાસની સર્વ આત્મભાવનાઓ ખપી જાય છે. આત્માનું સામાન્ય સ્મૃતિઓમાં આપેલું લક્ષણ આ સર્વ ભાવનાથી ભરપૂર છેઃ-

**यच्चाप्नोति यदादत्ते यच्चात्ति विषयानिह**
**यच्चास्य संततोभावस्तस्मादात्मेति कीर्त्यते ॥**

જે પદાર્થ પોતાથી ભિન્ન વસ્તુને મેળવે છે, જે તેને પકડે છે, જે તે વિષયોનો પોતામાં હોમ કરે છે અથવા ખાઈ જાય છે; અને જે અખંડ રૂપે દેખાય છે તેનું નામ **આત્મા.**

આ લક્ષણમાં ભૂતાત્મા અથવા શારીરાત્મા, વિજ્ઞાનાત્મા અથવા માનસાત્મા, અને શુદ્ધાત્મા અથવા પરમાત્મા એ ત્રણે ભાવોનો સમાસ થાય છે. અન્નમય અથવા દેહમય આત્મા પણ અન્નાદિને મેળવે છે, તેને પકડે છે, તેને ખાય છે, અને તેના પરિણામરૂપ દેહનો સંતતભાવ અથવા જીવન પ્રકટ કરે છે; વિજ્ઞાનમય આત્મા પણ શબ્દાદિ વિષયોને ઇન્દ્રિયોના દ્વારથી મેળવે છે, મનવડે પકડે છે, બુદ્ધિમાં એકરસ કરે છે, અને “ હું તે તે વિષયોને જાણું છું, મેં જે અનુભવ કર્યો તેજ હું સ્મરણમાં લાવું છું. ”-એ પ્રકારનું પોતાનું અખંડપણું અભિમાન વડે જણાવે છે; તેવીજ રીતે શુદ્ધાત્મા પણ શારીરાત્મા અને માનસાત્માના સર્વ ભોગના અને અનુભવના સંસ્કારને પોતાના જ્ઞાનાગ્નિમાં શમાવી ચિત્તની જ્ઞાત અને અજ્ઞાત અવસ્થાઓનો કાયમનો જ્ઞાતા અથવા સાક્ષી થઈ ઉભો રહે છે.

વિષયોને મેળવવાની, તેને પકડવાની, તેનો ભોગ કરવાની, અને તેને એકરસ બનાવવાની શક્તિમાં આત્માનું આત્મત્વ રહેલું છે. પરંતુ આ સામાન્ય આત્મલક્ષણ લૌકિકજનોને અર્થે છે, તેનું તાત્ત્વિક લક્ષણ સિદ્ધ કરવા પરીક્ષકો મથે છે. આત્મસ્વરૂપ સંબંધી તાત્ત્વિક ભાવના આપણા દેશમાં તેમ પશ્ચિમના વિચારકોમાં ત્રણ પ્રકારની ઘડાઇ છેઃ-



(अ) જ્ઞાનાદિગુણોના અધિકરણરૂપ આત્મભાવના.
( Spiritualistic Theory. )

(ब) જ્ઞાનાદિધર્મોના સંતાનરૂપ ભાવના.
( Associationist Theory. )

(क) સ્થિરજ્ઞાન સ્વરૂપની ભાવના.
( Transcendental Theory. )

આત્મા કોઇ દ્રવ્ય છે, અને તેમાં જ્ઞાનાદિધર્મો અથવા ગુણો ઉત્પન્ન થાય છે, અને આત્મા તેના ઉપર સ્વામિત્વ ધરાવે છે, એ પ્રકારની ભાવના ન્યાય-વૈશેષિકની છે. આ ભાવના દેહમય અથવા પ્રાણમય આત્માની લૌકિક ભાવના કરતાં ચઢીયાતી છે. પશ્ચિમના Plato અને Aristotle આ આત્મતત્ત્વની જ્ઞાનગુણના અધિકરણની ભાવના સ્વીકારે છે. Hobbes, Descartes, Locke, Leibnitz, Wolf, Berkeley વિગેરે સર્વ પશ્ચિમના તત્ત્વચિંતકો દ્વૈતવાદનો આશ્રય કરનારા જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા શક્તિ અને તેના પરિણામોનો આત્મા આશ્રય છે એવું માની પ્રવૃત્ત થાય છે. કણાદ અને ગૌતમ મુનિ પણ આ જ્ઞાનાધિકરણ આત્માનો સ્વીકાર કરી જગત્ વ્યવસ્થા પોતાના દર્શનમાં કરે છે.

જ્ઞાનાદિ ગુણો ક્ષણભંગુર છતાં તેના તણખા ગમે ત્યારે અને ગમે તેવી રીતે ઉડતા નથી, પરંતુ તેના ઉદય અને અસ્તની વિશિષ્ટ રચના હોય છે. જેમ સામાન્ય સળગતા અગ્નિના તણખામાં અને દારૂખાનાના તણખાની રચના અને વ્યૂહમાં ફેર હોય છે તેમ વિજ્ઞાનના તણખામાં પણ ફેર હોય છે. પંચસ્કંધી રૂપ એક ધારા અથવા પ્રવાહ રૂપે જે જણાય તે એક વ્યાક્ત અથવા આત્મા કહવાય, અને જે સંઘાતમાં ન રહે તે વિષય વિજ્ઞાન કહેવાય છે. બૌદ્ધો સ્થિર દ્રવ્યરૂપ એટલે જ્ઞાનાદિ ગુણોના આધાર રૂપ આત્માને માનતા નથી પરંતુ વિજ્ઞાન સંતાનમા જે છેવટનો સંતાની તે પાછલા સર્વ સંતાનનો વારસો લઇ “હું છું ”-એ પ્રકારે સદા વર્તમાન ઉભો રહે છે, અને તેને ભ્રાંતિથી આપણે સ્થિર આત્મા માનીએ છીએ. અર્વાચીન James વિગેરે માનસશાસ્ત્રીઓની વિચારશ્રેણી આ પ્રકારના આત્માના અસ્તિત્વને સ્વીકારે છે જ્યારે બૌદ્ધોના અભિપ્રાય પ્રમાણે આ

સંતાન નિર્વાણ પર્યંત ચાલુ રહે છે. અને નવા નવા પંચ સ્કંધને ઉત્પન્ન કરે છે એટલે સંસારધારા ચાલે છે, ત્યારે અર્વાચીન માનસશાસ્ત્રીઓએ જન્માન્તર પરિણામ બાબત ઉંડો વિચાર કર્યો નથી; પરંતુ એક સંતાનનો જ્ઞાનાદિનો વારસો તેના મરણ પછી આ સૃષ્ટિની મનુષ્યત્વાદિ જાતિમાં લીન થાય છે, અને તે જાતિનો ઉત્કર્ષ અથવા અપકર્ષ કરે છે. આ વિજ્ઞાન સંતાન કેવી રીતે ઉત્પન્ન થાય છે, કેવી રીતે લીન થાય છે, જાતિમાં તે શો ઉપકાર અથવા અપકાર કરે છે—એ પ્રશ્નો અનુભવ મર્યાદાનું અતિક્રમણ કરતા હોવાથી જેવી રીતે મહાત્મા ગૌતમ બુદ્ધ આત્મ સંબંધમાં મૂક ભાવ સેવે છે, તેમ હાલના માનસ વિજ્ઞાનવાદીઓ પણ મૌન સેવે છે. પ્રોફેસર જેમ્સ કહે છે કેઃ—

"આ ક્રમપૂર્વક વહેતી "હુંપણા" ની ધારા પોતાના સર્વ પૂર્વજોનો વારસો કેમ મેળવે છે, અથવા "હુંપણાનું ભાન" અને મગજની અમુક પ્રકારની સ્થિતિ શા કારણથી સમનિયમમાં વર્તે છે તેનો ખુલાસો હું આપતો નથી એમ કોઇ આક્ષેપ કરે તો તેનું સમાધાન એ છે કે આ પ્રશ્નનું ઉત્તર આ વિશ્વના સમગ્ર સત્તાનું પ્રયોજન અથવા હેતુ જેમાં ગુપ્ત રહ્યાં છે તેમાં સમાયેલું છે. આવો હેતુ અથવા પ્રયોજન જે વસ્તુમાં રહેલાં હશે (અને આવું હોવામા મને શ્રદ્ધા છે) તે વસ્તુજ મગજની અમુક પ્રકારની સ્થિતિ અને વિજ્ઞાનનો અમુક પ્રકારનો પ્રવાહ શા સારૂ ઉત્પન્ન થાય છે તેનો ખુલાસો કરી શકે, માનસશાસ્ત્રની નૈસર્ગિક વિજ્ઞાનપદ્ધતિ જ્ઞાનોદય કેવી રીતે થાય છે એટલામાં પરિસમાપ્ત થવી જોઇએ. જો પ્રત્યક્ષ અનુભવાતો અહંપ્રત્યય અથવા હુંપણાનો અનુભવ સાક્ષાત્કાર રૂપ હોય, અને સર્વ વિચારકો આ સાક્ષાત્ અહંપ્રત્યય અથવા હુંપણાનું ભાન પોતેજ વિજ્ઞાતા છે એનો સ્વીકાર કરી વિરમે છે, તો માનસ શાસ્ત્રે પણ ત્યાંજ અટકવું જોઇએ. આ વિજ્ઞાતા—અભિમાના કરતાં ચઢીઆતો સાક્ષી આત્મા છે એવું સ્વીકારવામાં "અહંપ્રત્યય"—એ માત્ર કલ્પના છે અને પ્રત્યક્ષ અનુભવ નથી એવું માનવું પડે એમ છે. આ પ્રત્યક્ષ વિજ્ઞાતાનો જાણનારો કોણ—એ માનસશાસ્ત્રનો વિષય નથી, પરંતુ અધ્યાત્મશાસ્ત્રનો વિષય છે."



વિષય અને વિષયીનું એકપણું જેમાં સમાય છે એવા અભિમાની અથવા "હુંપણાના" અનુભવમાં સાંખ્ય-યોગને સમાધાન થતું નથી. તેઓ સઘળા "મમ" પણાનો વારસો ચિત્તમાં અથવા સત્તર તત્ત્વોથી ઉત્પન્ન થયેલા લિંગાત્મામાં મૂકે છે અને તેની પીઠમાં એક સ્થિર સ્વામી દ્રષ્ટા તરીકે રહે છે, અને તેની છાયા ચિત્તમાં અને ચિત્તના વિકારોની છાયા તે પીઠમાં પડે છે અને તેથી આ સંસારભ્રમ "સીનેમા" જેવો જણાય છે. જેટલા જેટલા અંશમાં હું પોતાને વિષય રૂપે ઓળખું છું, તેટલા તેટલા અંશમાં "હું" લિંગાત્મા અથવા ચિત્તનો પક્ષપાતી છું, અને સર્વ વિશિષ્ટ દૃષ્ટિના અવધિએ જે ચૈતન્ય બાકી રહે છે, તે મારૂં સત્ય સ્વરૂપ છે, તેને "હું" એ શબ્દથી ઓળખાવવામાં આવે છે. "હું" વડે તેનો જે વાચ્યાર્થ થાય છે, તે સંસારી છે, "હું" વડે તેનો જે લક્ષ્યાર્થ છે તે અસંસારી મુક્ત રૂપ છે. જ્યાં સુધી ચિત્તનો અને તેના અધ્યક્ષ પુરુષનો સ્વ-સ્વામીભાવ સંબંધ છે ત્યાં સુધી સંસાર છે. જ્યારે તે સંબંધ છૂટે છે ત્યારે હું શુદ્ધ દૃશિરૂપે સ્થિત થાય છે; અને તેનું નામ મોક્ષ અથવા નિઃશ્રેયસ્ છે. આ સાંખ્ય મતમાં આત્મા સ્વયંદૃષ્ટિ અથવા સ્વયંપ્રભ જ્ઞાનસ્વરૂપ છે. તેની ક્રિયા અને ઇચ્છાશક્તિ અને તેના વિશેષ ગુણો સુખદુઃખ, ઈચ્છા દ્વેષ, પ્રયત્ન, ધર્માધર્મ, સંસ્કાર.—એ સર્વ ચિત્તમાં અથવા 'લિંગાત્મામાં' પડે છે, અને ન્યાય-વૈશેષિકનો. આત્માનો જ્ઞાન અથવા બુદ્ધિરૂપ ખાસ ગુણ આત્માનો સ્વભાવ મનાય છે.

આત્મામાંથી આ સર્વ વિશેષ ગુણો ક્રિયા અને ઇચ્છાશક્તિના મંડળના કાઢી લેતાં, અને કેવલ જ્ઞાનગુણને સ્વભાવધર્મ માની આત્માનું દૃશિ સ્વરૂપ તારવવામાં ઔપનિષદ દર્શન આત્મભેદને તિલાંજલિ આપે છે, અને જણાવે છે કે આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં अ,ब,क-ઇત્યાદિ ભિન્ન વ્યક્તિઓનો ભાવ સાબીત થઇ શકે તેમ નથી. સુખદુઃખાદિ વિશેષ ધર્મો જેવી રીતે લિંગાત્મામાં નાંખી સાંખ્ય, દ્રષ્ટા આત્માને, છુટો પાડે છે, તેવી રીતે વ્યક્તિપણાના અભિમાનવાળા દ્રષ્ટૃત્વને પણ ઉપાધિની કોટિમાં નાખી શકાય તેમ છે. તે ભેદભાનવાળા વિજ્ઞાનમયની પીઠમાં ગર્ભરૂપે અભેદભાવે રહેલો શુદ્ધ ઇશ્વરાત્મા

છે, અને તેજ સત્ય આત્મા છે; અને તે એકાત્મ પ્રત્યયના સારરૂપ છે. Synthetic unity of apperception સર્વ પ્રત્યક્ષ અનુભવના અભિમાનનું-અનુવ્યવસાયનું જ્યાં એકીકરણ થાય છે તે પદ તે શુદ્ધાત્મા છે અને તે અદ્વૈત અને અખંડ એકરસ છે. તેમાં આ ભેદભાવવાળી ભિન્ન ભિન્ન અભિમાનીની વિજ્ઞાનમય મૂર્તિઓ પ્રતિબિંબ રૂપે ઝળકે છે, અને તે સંસારીજીવ છે. આ ઔપનિષદ દૃષ્ટિ આત્મ સંબંધની છે, અને તેનું સ્પષ્ટીકરણ વેદાન્ત દર્શન કરે છે. પશ્ચિમમાં આ દૃષ્ટિ ઉપર Kant ની અને તેના અનુયાયીઓની તત્ત્વવિદ્યાની પદ્ધતિ રચાઇ છે. આ દૃષ્ટિમાં પરમાર્થ આત્મા અને વ્યાવહારિક આત્માનો વિવેક છે; અને વ્યાવહારિક આત્મા તે કેવલ બુદ્ધિનો પ્રતિભાસ નહિ, પરંતુ યોગ્ય અર્થક્રિયા કરનારો, જેવું જગત સત્ય છે તેવી સત્યતાવાળો જીવાત્મા.

## (૧૬) જ્ઞાનોત્પત્તિ અને જ્ઞાનપ્રકાર.

ન્યાય વૈશેષિક દર્શનમાં ઉપર કહ્યા પ્રમાણે જ્ઞાન-બુદ્ધિ-પ્રત્યય-બોધ વિગેરે શબ્દથી સમજાતો ધર્મ આત્મામાં ઉદય પામે છે. એટલે કે આત્મા-ગુણી છે, અને જ્ઞાન ગુણ છે એવો સ્વીકાર છે. આ વિચાર સામાન્ય લૌકિક અનુભવને અનુસરતો છે. જ્ઞાન અનેક પ્રકારનું ઉત્પન્ન થાય છે કારણ કે જેટલા અર્થો છે તેટલાં જ્ઞાન છે, અને પ્રત્યેક અર્થને લગતું જ્ઞાન જુદા જુદા પ્રકારનું હોય છે. આ પ્રમાણે જ્ઞાન જો કે અનંત પ્રકારનું છે તો પણ તેના બે મુખ્યભેદ પ્રાચીન આચાર્યો માને છે.:- (૧) વિદ્યા એટલે સત્યજ્ઞાન અને (૨) અવિદ્યા એટલે મિથ્યાજ્ઞાન. આ બે શબ્દો સૂચવે છે કે પ્રાચીન વૈશેષિકો ઇશાવાસ્યાદિ ઉપનિષદ્‌ની પરિભાષાને અનુસરે છે. તે ઉપનિષદ્‌માં અવિદ્યા એટલે કર્મ અને વિદ્યા એટલે ઉપાસના, એવો રૂઢ અર્થ વેદાન્તના આચાર્યોએ પાછળથી દાખલ કર્યો છે. પદાર્થોને તથા આત્મદેવને લગતું સાચું જ્ઞાન તે વિદ્યા; અને પદાર્થોને લગતું અવળું જ્ઞાન તે અવિદ્યા, એવો ભાવ તે મૂલનો છે. યથાર્થ જ્ઞાન તે વિદ્યા અને અયથાર્થ જ્ઞાન તે અવિદ્યા, એવા બહોળા અર્થમાં શ્રી પ્રશસ્તપાદ બુદ્ધિના વિભાગ કરે છે. અવિદ્યા



(૧) સંશય, (૨) વિપર્યય (અવળું જ્ઞાન) (૩) અનધ્યવસાય. (અનિશ્ચય), (૪) સ્વપ્ન. એમ ચાર પ્રકારની છે. ત્યાં ઘણા વિશેષોવાળા પદાર્થોમાં સાદૃશ્ય દર્શનવડે આ કે તે એવા ભાવનું દોલાયમાન જ્ઞાન તે સંશય. તે જ્ઞાતાના ધર્મને લગતો હોય ત્યારે અંતઃસંશય, અને જ્ઞેયને લગતો હોય ત્યારે બહિઃ સંશય. "હું આ દેખું છું તે ખરૂં છે કે ખોટું."-એ પોતાના જ્ઞાતૃત્વને લગતો સંશય તે અંતઃસંશય. આ થાંભલો છે કે પુરુષ.-એવો જ્ઞેયને લગતો સંશય તે બહિઃસંશય. વિપર્યય એટલે શંખ પીળો છે એ પ્રકારનું ઇન્દ્રિયદોષથી ઉત્પન્ન થતું અવળું જ્ઞાન. વળી અપ્રત્યક્ષ પદાર્થમાં પ્રત્યક્ષ અભિમાન ઉત્પન્ન થવું તે પણ વિપર્યય છે. જેમકે અપ્રત્યક્ષ આકાશ તે કાળું છે એવું ભાન થવું તે પણ વિપર્યય અથવા ભ્રમ છે. આ વિપર્યય પ્રત્યક્ષ જ્ઞાનને લગતું હોય છે એટલુંજ નહિ, પરંતુ અનુમાન જન્ય જ્ઞાન પણ વિપરીત હોય છે; અને શાબ્દજ્ઞાન પણ વિપરીત હોય છે. શરીર, ઇન્દ્રિય અને મનમાં આત્મપણાનું ભાન પણ વિપર્યય છે. અનિત્યમાં નિત્યબુદ્ધિ, કારણ વિના કાર્યની ઉત્પત્તિનું જ્ઞાન, હિત જણવનાર વાકયમાં અહિતપણાનું ભાન-આ સર્વ વિપર્યયનાં દ્રષ્ટાંતો છે.

પ્રત્યક્ષ વિષયમાં આ કંઇક છે એટલુંજ માત્ર જ્ઞાન તે અનધ્યવસાય. તદ્દન નવી જાતનું પ્રાણી જોઈ તેની સંજ્ઞા વિગેરેનો નિર્ણય ન કરી શકાય તેવું પ્રાથમિક જ્ઞાન તે અનધ્યવસાય. આ મિથ્યાજ્ઞાન સંશયથી જુદું છે. કારણ કે સંશયમાં બે કોટિનું ભાન ઉભું થાય છે અને નિર્ણય થતો નથી કે, આ કે તે.

ઇન્દ્રિયો અર્થથી છૂટી પડયા પછી અને મનનો સ્વપ્નવહા નાડીમાં લય થયા પછી, ઇન્દ્રિયદ્વારથી જ માનસ અનુભવ થવો તે સ્વપ્ન નામની અવિદ્યા છે. આ સ્વપ્ન નામનું મિથ્યાજ્ઞાન પ્રસંગે સંસ્કારની તીવ્રતાથી થાય છે. પ્રસંગે શરીરના ધાતુના દોષ વડે થાય છે, અને પ્રસંગે ધર્માધર્મ રૂપ અદૃષ્ટથી થાય છે. અત્યંત કામાસક્ત પુરુષ અથવા ક્રોધાવિષ્ટ પુરુષ કામ

અને ક્રોધના સંસ્કારનીપટુતાને લીધે ઇષ્ટકામિનીને અથવા અનિષ્ટ શત્રુને પ્રત્યક્ષ જોઇ વ્યવહાર કરે તે સંસ્કારતીવ્રતાજન્ય સ્વપ્ન છે. વાતના દોષવડે આકાશાદિ ગમનનાં સ્વપ્ન આવે; પિત્તદોષ વડે અગ્નિ પ્રવેશ સુવર્ણ પર્વતાદિનાં દર્શન થાય; કફદોષવડે નદીમાં સમુદ્રમાં તરતો પોતાને અનુભવે, અથવા હિમ પર્વતમાં પોતાને ફરતો જુએ. પ્રાચીન જન્મના ધર્માધર્મના સંસ્કાર બલ વડે ભાવિ શુભને જણાવનાર અથવા ભાવિ અશુભને જણાવનાર સ્વપ્ન આવે તે અદૃષ્ટજન્ય સૂચક સ્વપ્નો છે.

વિદ્યાના પણ પ્રત્યક્ષ, (૨) અનુમાન (લૈંગિક), (૩) સ્મૃતિ, અને (૪) આર્ષ–એવા ચાર પ્રકાર છે.

તે તે ઇન્દ્રિયો પ્રતિ જઇ જે જે જ્ઞાન ઉત્પન્ન થાય તે પ્રત્યક્ષ. ચક્ષુ, શ્રોત્ર, ત્વક્, જીહ્વા ઘ્રાણ અને મન–એવી છ ઇન્દ્રિયો વડે છ પ્રકારનાં પ્રત્યક્ષ થાય છે, અને તે ઇન્દ્રિય અને અર્થનાં સંન્નિકર્ષવડે ઉત્પન્ન થાય છે, અને તે સામાન્ય અને વિશેષ ઉભયને સ્પર્શ કરે છે. આ જ્ઞાન ધર્મની ઉત્પત્તિનો પ્રકાર એવો છે કે:—અર્થ પ્રથમ ઇંદ્રિય સાથે સંબંધમાં આવે છે. ઇન્દ્રિય મન સાથે સંબંધમાં આવે છે, અને મન આત્મા સાથે સંબંધમાં આવે છે ત્યારે પ્રત્યક્ષ જ્ઞાનનો ઉદય થાય છે. આ ઇન્દ્રિયાર્થ સંનિકર્ષ બે પ્રકારનો છે. (૧) લૌકિક અને (૨) અલૌકિક. તેમાં લૌકિક સંનિકર્ષ (૧) સંયોગ, (૨) સંયુક્ત સમવાય, (૩) સંયુક્ત સમવેત સમવાય, (૪) સમવાય, (૫) સમવેત સમવાય, અને (૬) વિશેષણ વિશેષ્ય ભાવ–એમ છ પ્રકારનો છે. સંયોગ વડે દ્રવ્યોનું ભાન થાય છે; સંયુક્ત સમવાય વડે દ્રવ્યગત જાતિનું એટલે પૃથિવ્યાદિનું, ગુણોનું અને કર્મનું જ્ઞાન થાય છે. સંયુક્ત સમવેત સમવાય વડે ગુણ અને કર્મની જાતિનું એટલે રૂપત્વાદિ અથવા કર્મત્વનું ભાન થાય છે; સમવાય વડે શબ્દનું જ્ઞાન થાય છે; સમવેત સમવાય વડે શબ્દત્વનું અથવા કત્વ ગત્વ ઇત્યાદિ વર્ણ જાતિનું ભાન થાય છે. અને વિશેષણ વિશેષ્યભાવવડે અભાવનું ભાન થાય છે. અલૌકિક સંનિકર્ષ ત્રણ પ્રકારનો છે. (૧) સામાન્યલક્ષણ



એટલે કે ઘટત્વના જ્ઞાન વડે સર્વ ઘટનું સામાન્ય માનસ પ્રત્યક્ષ થાય તે (૨) જ્ઞાનલક્ષણ એટલે કવિજનોનું સર્વ વિષયોના સંસર્ગનું માનસ પ્રત્યક્ષ જે આંતર આલોચન વડે થાય છે તે, અને (૩) યોગજ ધર્મ એટલે યોગ બલ વડે જે યોગિજનોનું પરમાણુ પર્યંતનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તે.

ધૂમાદિ લિંગ વડે અગ્નિના સહ્ભાવનું ભાન થવું તેને અનુમિતિ અથવા લૈંગિકી વિદ્યા કહે છે. આ અનુમિતિને લગતું સઘળું પ્રકરણ કેવલ ન્યાયશાસ્ત્રનો વિષય હોવાથી તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં ખાસ વિચારવા યોગ્ય નથી.

સંસ્કારજન્ય જ્ઞાન તે સ્મૃતિ નામની વિદ્યા છે. આ સ્મૃતિ પ્રત્યક્ષ સંસ્કાર વડે, અથવા ધૂમાદિ લિંગ સંસ્કાર વડે આત્મા અને મનનો સંયોગ–વિશેષ થાય છે તેથી ઉત્પન્ન થાય છે; અને તેમાં અભ્યાસ, આદર વિગેરે ઉત્કર્ષક હેતુઓ હોય છે. આ સ્મૃતિ, દૃષ્ટ, શ્રુત અથવા અનુભૂત વિષયને લગતી હોય છે.

શાસ્ત્ર પ્રણેતા એટલે આમ્નાયને રચનારા ઋષિઓનું, જે ધર્માદિ અતીન્દ્રિય પદાર્થો છે તેના સંબંધનું, ભૂત, ભાવિ અને વર્તમાન અવસ્થાનું, આત્મા અને મનના ધર્મ વિશેષવડે ઉત્પન્ન થતા વિલક્ષણ સંયોગોથી ઉત્પન્ન થતું પ્રતિભામય જ્ઞાન તે આર્ષવિદ્યા છે. આ આર્ષદર્શન કેટલીક વખતે સરળ અને નિષ્કપટ હૃદયવાળાં લૌકિકજનોને અને બાલકોને પણ પ્રતિભામાં થાય છે.

## પૂર્વાર્દ્ધ સમાપ્ત.

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩ | ૧૫ | આડા | આડાં |
| ૫ | ૯ | ગ્રાહ | ગ્રાહિ |
| ,, | ૧૬ | આગનનાં | અગ્નિનાં |
| ૭ | ૨૧ | તેના | તેનાં |
| ૧૦ | ૧૭ | માહમા | મહિમા |
| ૧૩ | ૨૪ | અથર્વવેદ | યજુર્વેદ |
| ૧૪ | ૨૨ | નૃાસંહ | નૃસિંહ |
| ૧૫ | ૧૩ | ગણાવા | ગણાવાં |
| ૨૬ | ૨૧ | કાકા | મામા |
| ૩૦ | ૬ | याज्ञवल्क्ये । | याज्ञवल्क्यो |
| ૩૦ | ૭ | र्वह्म | ब्रह्म |
| ૩૨ | ૪ | ઉપાનષદ્ | ઉપનિષદ્ |
| ૩૬ | ૪ | रवि | रपि |
| ,, | ૫ | पस्पति | पश्यति |
| ૩૮ | ૧૩ | सत्य | सत्त्व |
| ૪૩થી૧૧૩ | ૧ | "ઔતકાલનો" | આ શબ્દ કાઢી નાખવો |
| ૪૫ | ૪ | માયર | માઠર |
| ,, | ૫ | માયર | માઠર |
| ૪૭ | ૭,૨૩,૨૪ | કારણ | કરણ |
| ,, | ૨૭ | અચિંત્ય | ચિંત્ય, |
| ૫૦ | ૭ | બંને | બને |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ,, | ૨૨ | પામે | પામી |
| ૫૩ | ૧૭ | પૂર્વ | પૂર્વે |
| ૫૫ | ૩ | ૧૦૦ | ૪૦૦ |
| ૫૬ | ૪ | દ્વેશ | દ્વેષ |
| ,, | ૮ | ઘટિ | ઘડી |
| ,, | ૨૭ | અંતર્ગત્ | અંતર્ગત |
| ૫૯ | ૨૨ | ભાવિષ્ય | ભવિષ્ય |
| ૬૦ | ૨ | માત્રઓ | માત્રાઓ |
| ૬૪ | ૧૦ | વૈદો | વેદોમાં |
| ,, | ૧૪ | દર્પણુમા | દર્પણુમાં |
| ,, | ૧૫ | દ્રવ્યોનાં | દ્રવ્યોમાં |
| ,, | ૧૯ | ચણમારા | ચણગારા |
| ,, | ૨૨ | વિવે | વિવેક |
| ,, | ૨૪ | પરિણામોનાં | પરિણામોમાં |
| ,, | ૨૫ | પુરુઝ | પુરુષ |
| ૬૫ | ૧૯ | પરીણામ | પરિણામ |
| ૭૧ | ૮ | તંદાકાર | તદાકાર |
| ૭૨ | ૮ | બ્રહ્મ | ભ્રમ |
| ૭૫ | ૫ | પ્રતિકા | પ્રતીક |
| ,, | ૧૩ | વગ | વેગ |
| ૮૩ | ૩ | આયતનથી | આયતનમાં |
| ૮૪ | ૨૦ | ઉત્ક્રમ | ઉત્ક્રમણ |
| ૮૭ | ૧૯ | દ્વૈષી | દ્વેષી |
| ૯૨ | ૧૯ | વોર્દ્ | વોદૃ |
| ૯૩ | ૭ | શતિ | શાંતિ |
| ,, | ૧૭ | કાપિલ્ને | કપિલને |



| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૪ | ૨ | " આસુરી " પછી | "તથા પંચશિખ" એટલા શબ્દો ઉમેરવા |
| ,, | ૧૫ | પ્રવૃત્તિ | પ્રવૃત્તિ |
| ૯૫ | ૧૫ | तम्य | द्न्य |
| ૯૬ | ૧૬ | ૪૫૦ | ૪૦૦ |
| ૯૮ | ૨૭ | થવાથી | અદ્યાપિ |
| ૧૦૬ | ૧૨ | તત્ત્વ | વત્ત્વ |
| ૧૧૦ | ૪ | ધરાન | ધરાય |
| ૧૧૨ | ૪ | પહેલાનો | પહેલાંનો |
| ૧૧૫ | ૧૦ | सय | सदय |
| ,, | ૧૪ | વાઙ્ભય | વાઙ્મય |
| ૧૧૮ | ૫ | વેદાન્ત | વેદાંત. |
| ,, | ૨૪ | જીવનને | જીવને |
| ૧૧૯ | ૧ | બૌધ | બૌદ્ધ |
| ૧૨૦ | ૧૪ | શાંક્ય | શાક્ય |
| ૧૨૧ | ૧૬ | " બાધવ " કે | " બોધિ " વડે |
| ,, | ૨૧ | પરિષદ્ | એ શબ્દ કાઢી નાંખવો |
| ૧૨૩ | ૬ | બુદ્ધઘોષ તેમણે | બુદ્ધઘોષે |
| ,, | ૧૧ | મહાંયાન | મહાયાન |
| ૧૨૪ | ૯ | यग्ना | भग्ना |
| ૧૨૭ | ૨૧ | ઘટે | ઘડે |
| ૧૩૧ | ૮ | અભજ્ઞાન | અભિજ્ઞાન |
| ૧૩૩ | ૨ | સ્યાયિ | સ્થાયિ |
| ,, | ૧૪ | ભવચક | ભવચક્ર |
| ૧૪૪ | ૬ | નિવૃત્તિ | નિવૃત્તિ |
| ૧૪૮ | ૧૯ | ભૌદ્ધ | બૌદ્ધ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫૦ | ૧૨ | સૌકા | સૈકા |
| ૧૫૨ | ૪ | વસુબંધ | વસુબંધુ |
| ૧૬૭ | ૨૩ | વિકાસ | વિકાસને |
| ,, | ૨૭ | પ્રવૃતિ | પ્રવૃત્તિ |
| ૧૮૬ | ૭ | "જૈનદર્શન" શબ્દ ઉપર | "પ્રકરણ ચોથું" એ શબ્દ ઉમેરવા |
| ૧૮૯ | ૧ | જેનદર્શન | જૈનદર્શન |
| ,, | ૨૬ | ચેટકના | ચેટકનાં |
| ૧૯૨ | ૨૭ | ભાતનાને | ભાવનાનો |
| ૨૦૧ | ૮ | જીવન | જીવને |
| ૨૦૬ | ૨૯ | Bactrioloyg | Bacterology |
| ૨૧૩ | ૧૪ | એકાનીવાદ | અનૈકાન્તિવાદ |
| ૨૧૯ | ૧૩ | મર્યો | મર્મો |
| ૨૨૦ | ૨ | ... | "પ્રકરણ પાંચમું" એટલા શબ્દો ઉમેરવા |
| ૨૨૩ | ૧૬ | પૂર્વાધ | પૂર્વાર્ધ |
| ૨૨૭ | ૧૮ | સંપ્રદયા | સંપ્રદાય |
| ૨૩૦ | ૧૮ | " " | આ ચિન્હો "પ્રત્યક્ષાલોક" શબ્દ ઉપર મૂકવાં અને "કર્તા અને" ને લગતાં કાઢી નાખવાં |
| ૨૩૫ | ૨૧ | અન્યોન્યા ભાવ | અન્યોન્યાભાવ |
| ૨૩૮ | ૧૭ | સમુંદ્ર | સમુદ્ર |
| ૨૪૦ | ૨ | પરિણામ | પરિમાણ |
| ૨૪૨ | ૬ | માત | મતિ |

This book may be kept a fortnight.

B
130.7
.M3-1

મહેતા, ભ. દે.
હિંદ તત્વજ્ઞાનનો
ઇતિહાસ

Signature | Issue

B
130.7
.M3-1

BK-3097

3097